સંપત્તિના સંગ્રહ
વિનાના ગૃહસ્થની હાલત
જો દયનીય જ હોય છે
તો
જિનવચનોના સંગ્રહ
વિનાના સાધકની હાલત
પણ દયનીય જ હોય છે.
અલબત્ત,
સંગૃહિત થતા જિનવચનોને
કંઠસ્થ, હૃદયસ્થ યાવત્
જીવનસ્થ બનાવવા પ્રયત્નશીલ
જરૂર બનવાનું છે
પણ પાયામાં
જિનવચનોની સમજ તો
હોવી જ જોઈએ ને?
મહેસાણા-રૂપનગર સંઘમાં
ચાતુર્માસ દરમ્યાન અપાયેલ
પ્રવચનોને અહીં શબ્દદેહ
આપવાનો મુનિ શ્રી
ભવ્યસુંદરવિજયજીએ સુંદર
અને સમ્યક્ પ્રયાસ કર્યો છે.
એ જિનવચનોને વાગોળતા
રહીને સ્વ-જીવનમાં અમલી
બનાવવા સહુ યથાશક્ય પ્રયાસો
કરી આત્મહિતને અકબંધ કરે
એ જ અંતરના
આશીર્વાદ સાથે..

લિ.. રત્નસુંદરસૂરિના ધર્મલાભ
[illegible].વ.૧૦
[illegible]

JSBN CODE
SPARI0017

page4

સમકિતનું મૂલ જાણીએ જી...

પં.ભવ્યસુંદરવિ.

સમકિતનું મૂલ જાણીએ જી...

પં.ભવ્યસુંદરવિ.

page1

શ્રમણોપાસક પરિવાર દ્વારા આયોજિત

સુકૃત-નિધિ

રાજપ્રતિબોધક પૂ.આ.ભ.શ્રીમદ્ વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.ના
શિષ્ય પૂજ્ય મુનિરાજ શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.ના માર્ગદર્શનથી થતા સુકૃતોમાં

લાભ લેવાનો સુવર્ણ અવસર

યોજનાઓ

૧. સાધુ-સાધ્વીજી ભગવંતોને અભ્યાસમાં ઉપયોગી ગ્રંથોનું હસ્તલિખિત પ્રતોમાંથી શુદ્ધ સંપાદન, અનુવાદ, વિવેચન, સંસ્કૃત ટિપ્પણો સાથે મુદ્રણ
૨. પૂજ્યશ્રી દ્વારા લિખિત-સંપાદિત સાહિત્યનું પ્રકાશન (મહદંશે વાચકોને વિના મૂલ્યે જ આપવામાં આવે છે.)
૩. પૂજ્યશ્રીની નિશ્રામાં બાળકોના સંસ્કરણના આયોજનો (શિબિર, સામાયિક, સૂત્રો ગોખવા વગેરે યોજનાઓ)
૪. પૂજ્યશ્રીના માર્ગદર્શનથી થતા જ્ઞાનભંડારોના કાર્યો (જ્ઞાનભંડારોને ઉપયોગી સોફ્ટવેર, વેબસાઈટ, જ્ઞાનભંડારોના લિસ્ટનું કમ્પ્યુટરાઈઝેશન વગેરે.)
૫. ઉપાશ્રયોમાં સાધુ-સાધ્વી ભગવંતોને ઉપયોગી ઉપકરણો (ટેબલ, ઘોડા, પાણી ઠારવાની સામગ્રી વગેરે...)
૬. પૂજ્યશ્રીની નિશ્રામાં/માર્ગદર્શનથી થતા અન્ય સુકૃતો

એક વર્ષ દરમિયાન થનારા આ બધાનો લાભ આ સુકૃત નિધિમાં
સંપત્તિના સદ્વ્યય દ્વારા લઈ શકાય છે.

વાર્ષિક દાન યોજનાઓ

રૂા.૧ લાખ – વાર્ષિક સુકૃત રત્નસ્તંભ
રૂા.૫૦ હજાર – વાર્ષિક સુકૃત સુવર્ણ સ્તંભ
રૂા.૨૫ હજાર – વાર્ષિક સુકૃત રજત સ્તંભ
રૂા.૧૧ હજાર – વાર્ષિક સુકૃત સ્તંભ
રૂા.૫ હજાર – વાર્ષિક સહભાગી

સંપર્ક : કિશોરભાઈ : મો. 098691 48094

નોંધ :

૧) કાર્ય નં.૧ અને ૪ મુખ્યત્વે જ્ઞાનદ્રવ્યથી થાય છે. આંશિકપણે શુદ્ધ દ્રવ્યની જરૂર પડે છે.
૨) આ ફંડ પ્રાયઃ ૧ (કે વધુમાં વધુ ૨) વર્ષમાં વપરાઈ જશે. દર વર્ષે નવું ફંડ કરવામાં આવશે. એક વર્ષે લાભ લેનારે દર વર્ષે લાભ લેવો તેવું જરૂરી નથી. અનુકૂળતા - ભાવના પ્રમાણે લાભ લઈ શકાશે.
૩) બાળકોના સંસ્કરણ વગેરેના આયોજન સમયે તે આયોજન ગુરુભક્ત પરિવારો તરફથી કરાવવામાં આવે છે, તેવી જાહેરાત થશે અને વર્ષ દરમિયાન છપાતા પુસ્તકોમાં દાતાના નામ છાપવામાં આવશે.

BANK DETAILS

Account Name : Shramanopasak Parivar
Saving A/c No. : 0226101104979
IFS Code : CNRB0000226
Bank Name : Canara Bank
Branch : Mulund (West), Mumbai - 400 080.

www.shramanopasak.in/donation
પર જઈને ઓનલાઈન દાન કરી શકાશે...

page3

પૂ.મુ.શ્રી ભવ્યસુંદરવિ. મ.સા.
લિખિત/સંપાદિત સાહિત્ય

૧.અહો! જિનશાસનમ્
જિનશાસનની અજોડ વિશેષતાઓ

૨.જૈન ફૂડ રેડી રેકનર
ભક્ષ્યાભક્ષ્યની સંક્ષિપ્ત જાણકારી
(ગુજરાતી અને હિંદીમાં ઉપલબ્ધ)

૩.સુપાત્રદાન
ગોચરી વહોરાવવા સંબંધી વિધિ-વિવેક
(ગુજરાતી અને હિંદીમાં ઉપલબ્ધ)

૪.પચ્ચક્ખાણ
પચ્ચક્ખાણ સંબંધી સરળ વિસ્તૃત સમજણ

૫.પાઠશાળા-સંચાલન
પાઠશાળાના સંચાલન માટે સુંદર માર્ગદર્શન

૬.પાઠશાળા
વિધિ-સ્તવન-સ્તુતિ-પદાર્થ વગેરેનો સંગ્રહ

૭.પંચ પ્રતિક્રમણ-નવસ્મરણ કિંમત રૂા. ૫૦/-
રોમન (અંગ્રેજી) અને દેવનાગરી (હિંદી) લિપિમાં

page2

સમકિતનું મૂલ
જાણીએ જી...

મહેસાણા ઉપનગર જૈન સંઘમાં સં. ૨૦૬૪ના ચાતુર્માસમાં
થયેલા પ્રવચનોના પદાર્થોનો સંગ્રહ

પ્રવચનકાર - સંગ્રાહક

વર્ધમાન તપોનિધિ પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન સંયમૈકલક્ષી
પ. પૂ. મુ. શ્રી **દેવસુંદરવિજયજી મહારાજ સાહેબના** શિષ્યરત્ન
શાસન પ્રભાવક, વિપુલ સાહિત્યસર્જક પ. પૂ. આ. ભ.
શ્રીમદ્વિજય **રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબના** શિષ્ય
મુનિશ્રી **ભવ્યસુંદરવિજયજી મહારાજ સાહેબ**

સંશોધક

તર્કસમ્રાટ પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય **જયસુંદરસૂરીશ્વરજી**
મહારાજ સાહેબના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય
પ. પૂ. મુ. શ્રી **પ્રેમસુંદરવિજયજી મહારાજ સાહેબ**

પ્રકાશક

શ્રમણોપાસક પરિવાર

નામ : સમકિતનું મૂળ જાણીએ જી

લેખક : પૂ. મુ. શ્રી ભવ્યસુંદરવિજયજી મ.સા.

સંશોધક : પૂ. પં. શ્રી પ્રેમસુંદરવિજયજી મ.સા.

પ્રકાશક : શ્રમણોપાસક પરિવાર
books@shramanopasak.in

ભાષા : ગુજરાતી

વિષય : સમ્યક્ત્વ

મૂલ્ય : પઠન

આવૃત્તિ : વિ.સં. ૨૦૭૬

પ્રાપ્તિસ્થાન : ભાવેશભાઈ (હિંમતનગર) મો. ૯૪૨૮૮૩૨૬૬૦

ISBN : SPARI 0017

© શ્રમણપ્રધાન શ્વે. મૂ. પૂ. (તપા.) જૈન સંઘ

સમર્પણ

જેઓશ્રીએ પ્રવજ્યાપ્રદાન કરીને
સંસાર સાગરમાંથી મને તાર્યો...
જેઓશ્રીએ ગ્રહણશિક્ષા આપીને
જ્ઞાનનો પ્રકાશ આપ્યો...
જેઓશ્રીએ અનેક શાસ્ત્રોનો અભ્યાસ કરાવીને
જિનવચનોનો મર્મ સમજાવ્યો...
જેઓશ્રીએ વાચનાઓ અને હિતશિક્ષાઓ આપીને
મને માર્ગમાં સ્થિર કર્યો/રાખ્યો...
જેઓશ્રીના પ્રવચનોના પદાર્થો જ
મારા પ્રવચનમાં પ્રાણ પૂરે છે...
જેઓશ્રીના આશીર્વાદથી જ પ્રસ્તુત ચાતુર્માસના પ્રવચનો,
અનેક ભવ્યજીવોને આરાધનામાં જોડી શક્યા...
જેઓશ્રીના વચને જ
મને આ લખાણ કરવા પ્રેર્યો...

એવા ભવોદધિતારક, અનંતોપકારી ગુરુદેવ;
પરમ શાસન પ્રભાવક, વિપુલ સાહિત્ય સર્જક
પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્વિજય
રત્નસુંદરસૂરીશ્વરજી મ. સા.ના ચરણોમાં
કૃતજ્ઞતાભાવે આ સંગ્રહ
સમર્પિત કરું છું...

દ.
ભવ્યસુંદરવિજય...

પ્રાસ્તાવિકમ્...

॥ નમો અરિહંતાણં ॥

સિદ્ધાંત દિવાકર ગચ્છાધિપતિ પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબ અને ભવોદધિતારક ગુરુદેવશ્રી શાસનપ્રભાવક પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય રત્નસુંદર-સૂરીશ્વરજી મહારાજ સાહેબની આજ્ઞા અને આશીર્વાદથી, સં. ૨૦૬૪નું ચાતુર્માસ મહેસાણા ઉપનગર જૈન સંઘમાં થયું...

આચાર્ય જિનલાભસૂરિ મ. વિરચિત 'આત્મ પ્રબોધ' ગ્રંથ ઉપર પ્રવચનો થયા... પ્રવચનના મુખ્ય મુદ્દાઓ રોજ બોર્ડ ઉપર લખાતા હતા...

કેટલાક શ્રાવકોએ ભાવના વ્યક્ત કરી કે આ મુદ્દાઓ પુસ્તક રૂપે ઉપલબ્ધ થાય, તો તેનો પુનઃ પુનઃ સ્વાધ્યાય થઈ શકે...

શ્રી સંઘના ટ્રસ્ટીવર્યો તથા કારોબારી સમિતિના સભ્યો, દિલ્હી મુકામે વિરાજિત ભવોદધિતારક ગુરુદેવશ્રીને વંદનાર્થે ગયા હતા, ત્યારે પુસ્તક છપાવવાની રજા આપવા વિનંતી કરી... પૂજ્યપાદ ગુરુદેવશ્રીએ રજા આપવા સાથે તે માટે સહયોગ આપવાની મને ભલામણ કરી...

તદનુસારે, એ જ મુદ્દાઓ ઉપર ટૂંકું વિવેચન લખીને મેં શ્રીસંઘને સુપરત કર્યું...

અજ્ઞાનતા અને છદ્મસ્થતાવશાત્ જિનાજ્ઞાવિરુદ્ધ પ્રરૂપણા થઈ ન જાય, તે માટે તર્કસમ્રાટ પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન પૂ. મુ. શ્રી પ્રેમસુંદરવિજયજી મહારાજ સાહેબને સંશોધન કરી આપવા વિનંતી કરી... નાદુરસ્ત સ્વાસ્થ્ય અને અધ્યાપનાદિ અનેક કાર્યોની વ્યસ્તતા વચ્ચે પણ તેમણે એ વિનંતી સ્વીકારી... અને ખૂબ કાળજીપૂર્વક સંશોધન કરીને મારી ભૂલો સુધારી, અનેક સુંદર-ઉપયોગી સૂચનો કર્યા - મારો ઉત્સાહ વધાર્યો - એ માટે તેઓશ્રીનો અત્યંત ઋણી છું. તે પૂર્વે, લખાયેલા મુદ્દાઓના પર્યુષણ સુધીના ભાગને, પરમ શાસનપ્રભાવક પ. પૂ. પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી મહારાજ સાહેબના

શિષ્યરત્ન પ. પૂ. મુ. શ્રી ગુણહંસવિજયજી મહારાજ સાહેબે તપાસીને અનેક ભૂલો સુધારી હતી - અને ઉપયોગી સૂચનો કર્યા હતા, તે માટે તેમનો પણ ઋણી છું...

પ્રવચન અને લેખન દરમિયાન, સદા મારી સહાયમાં તત્પર રહેનાર ગુરુભ્રાતા પૂ. મુ. શ્રી મૃદુસુંદરવિજયજી મહારાજ સાહેબ તથા વિનેય શિષ્ય પૂ. મુ. શ્રી મોક્ષસુંદરવિજયજી મહારાજ સાહેબનો ઉપકાર પણ શી રીતે ભૂલાય ?

જે લખાયું છે, તે મહદ્ અંશે ભવોદધિતારક પૂ. ગુરુદેવશ્રી તથા અન્ય વડીલ પૂજ્યોના પ્રવચનો/વાચનાઓ/હિતશિક્ષાઓ/ પુસ્તકો દ્વારા પ્રાપ્ત થયું છે... કિંચિત્ શાસ્ત્રોના અભ્યાસમાંથી મળ્યું છે.

એટલે અહીં જે કંઈ સુંદર-હિતકર છે, તેનો યશ, તે શાસ્ત્રકાર પૂર્વમહાપુરુષો, પૂ. ગુરુદેવશ્રી અને અન્ય વડીલ પ્રવચનકાર/લેખક પૂજ્યોને છે.

જે કંઈ ક્ષતિ છે, તે મારી છે... એટલે જિનાજ્ઞાવિરુદ્ધ કંઈપણ પ્રરૂપણા થઈ હોય, તો તે માટે અંતઃકરણપૂર્વક ક્ષમાયાચના કરું છું, અને ગીતાર્થ બહુશ્રુત પૂજ્યોને મારી ક્ષતિઓને સંમાર્જિત કરવા પ્રાર્થના કરું છું...

દ.
ભવ્યસુંદરવિજય
પોષ સુદ-૧, સંવત ૨૦૬૫
જૈન સોસાયટી, પાલડી, અમદાવાદ.

❖ ❖ ❖ ❖ ❖

પુનર્મુદ્રણ પ્રસંગે પ્રકાશકનું નિવેદન...

પૂર્વેની આવૃત્તિને સુંદર પ્રતિસાદ મળ્યા પછી પણ માંગણી ચાલુ રહેતાં, નવી આવૃત્તિ પ્રકાશિત કરતાં અમે આનંદ અનુભવીએ છીએ...

લિ.
પ્રકાશક

અનુક્રમણિકા

ક્રમ	નામ	પા.નં.
૧.	પ્રભુનાં ઉપકારો	૧
૨.	મનુષ્ય જન્મની દુર્લભતા	૧
૩.	ધર્મની દુર્લભતા	૭
૪.	મનુષ્યભવની સફળતા	૯
૫.	પરમાત્મ નમસ્કાર	૧૧
	● ભાવ નમસ્કાર	૧૧
૬.	અરિહંત પરમાત્મા	૧૪
	● અતિશયો	૧૫
	● પ્રભુના ગુણો	૧૮
	● ક્ષમાપના	૧૯
	● પ્રભુનો શ્રેષ્ઠ ઉપકાર - માર્ગદાન	૨૨
૭.	પ્રભુભક્તિ	૨૪
	● ભાવભક્તિ શી રીતે બને ?	૨૬
	● આશાતના નિવારીએ...	૨૮
૮.	ગુરુભક્તિ	૩૦
	● ગુરુવંદનનો મહિમા	૩૧
	● વસતિ દાન	૩૬
	● સાધુનાં મહાવ્રતો સમજીએ	૩૮
૯.	જિનવાણી	૪૧
	● શ્રવણવિધિ	૪૪
૧૦.	અંતરાય	૪૬
	● સહાયક બનીએ...	૪૭
	● સુકૃતનું અખંડ ફળ મેળવવું છે ?	૫૦
	● 'પ્રશંસા' લપસણું પગથિયું	૫૪
૧૧.	પ્રયોજન	૫૬
	● પરોપકાર	૫૭
	● આપણને ખરેખર મોક્ષ જોઈએ છે ?	૫૯
	● ઈચ્છા એ જ દુઃખ	૬૨

૧૨. સંબંધ ૬૪
● ઉત્સૂત્ર ભાષણ સૌથી મોટું પાપ ૬૪
● ગુરુપારતંત્ર્ય ૬૬
૧૩. વિષય ૬૮
૧૪. અધિકારી ૭૦
૧૫. સમ્યક્ત્વ ૭૧
● પ્રભુની સર્વજ્ઞતાનાં પુરાવા ૭૪
૧૬. મિથ્યાત્વ ૮૦
● બાળજીવો માટે આકર્ષણો જરૂરી ૮૧
● ભાવ વિનાની ક્રિયા પણ હિતકર છે ૮૨
● પરંપરા બળવાન્ ૮૫
● आणाए धम्मो ૮૬
● દેવ-દેવીની ભક્તિ કરણીય ? ૮૯
● સુગુરુ કોણ ? ૯૦
● અનાભોગિક મિથ્યાત્વ ૯૩
● અનાભિગ્રહિક મિથ્યાત્વ ૯૩
● આભિગ્રહિક મિથ્યાત્વ ૯૩
● અનેકાંતવાદ શું છે ? ૯૪
● સાંશયિક અને આભિનિવેશિક મિથ્યાત્વ ૯૫
૧૭. રોચક, કારક, દીપક સમ્યક્ત્વ ૯૬
૧૮. ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ૯૮
૧૯. પાપભીરુતા ૯૯
● પાપ ખરેખર ડંખે છે ? ૧૦૧
● અંગ્રેજી માધ્યમ ૧૦૨
● સાચા મા-બાપ બનીએ ૧૦૩
૨૦. સમ્યક્ત્વની વિશેષતા ૧૦૩
● સંઘના દર્શને આનંદ ૧૦૩
● આરાધના વૃદ્ધિમાં આનંદ ૧૦૪
૨૧. સમ્યક્ત્વનાં પાંચ લક્ષણ ૧૦૫
● આસ્તિક્ય ૧૦૫
● અનુકંપા ૧૦૫

- નિર્વેદ ૧૦૮
- સંવેગ ૧૦૯
- શમ ૧૧૦
- કડવા ફળ છે ક્રોધનાં ૧૧૧

૨૨. સમ્યક્ત્વના ત્રણ લિંગ ૧૧૪
- શુશ્રૂષા ૧૧૪
- સંયમધર્મનો અનુરાગ ૧૧૫
- દીક્ષા લેવી છે ? ૧૧૬
- દેવ-ગુરુની ભક્તિ ૧૧૯
- દેવદ્રવ્ય ભક્ષણથી બચીએ ૧૨૦

૨૩. સમ્યક્ત્વનાં પાંચ દૂષણ ૧૨૩
- પ્રભુ પાસે માંગણી ૧૨૪
- વિચિકિત્સા ૧૨૬
- ધર્મનું ફળ કેમ મળતું નથી ? ૧૨૮
- વિધિનું મહત્ત્વ ૧૨૮
- પાપીઓ સુખી ? ૧૩૧
- સુખ ધર્મથી જ મળવાનું છે ૧૩૪
- ભરોસો પુણ્ય પર કે પૈસા પર ? ૧૩૬
- મિથ્યાત્વીની જાહેરમાં પ્રશંસા થાય ? ૧૩૯
- સંગ તેવો રંગ ૧૩૯

૨૪. સમ્યક્ત્વના આઠ આચાર ૧૪૩
- નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સા ૧૪૩
- અમૂઢદૃષ્ટિ ૧૪૩
- ઉપબૃંહણા ૧૪૪
- સ્થિરીકરણ ૧૪૫
- વાત્સલ્ય, પ્રભાવના ૧૪૭

૨૫. ઔચિત્ય ૧૪૮
- ઉચિતાનુષ્ઠાન એ જ યોગ ૧૪૯
- શાસનસેવા કર્તવ્ય ૧૫૦

❖

॥ નમોઽસ્તુ તસ્મૈ તવ શાસનાય ॥
॥ શ્રી પ્રેમ-ભુવનભાનુ-રત્નસુંદરસૂરીશ્વરેભ્યો નમઃ ॥
॥ ऐँ નમઃ ॥

પ્રભુના પરમ ઉપકારો

- ચાર જ્ઞાનના ધણી એવા પરમાત્મા, ભૂલથી પણ ખોટું ન બોલાઈ જાય કે કોઈનું અહિત ન થઈ જાય, એ માટે દીક્ષા લીધા પછી કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી પ્રાયઃ મૌન રહે છે ! **– અધ્યાત્મ કલ્પદ્રુમ, ૧૪/૯**
- કેવળજ્ઞાન પામ્યા પછી પ્રભુ રોજ સવાર-સાંજ ૧-૧ પ્રહર (૩-૩ કલાક) દેશના આપે છે. પ્રભુ વીરે છેલ્લી દેશના સળંગ ૧૬ પ્રહર (૪૮ કલાક) સુધી આપી.
- કેવળજ્ઞાન પામ્યા પૂર્વે પ્રભુ આપણા ઉપરની કરુણાને કારણે જ બોલતાં નથી, મૌન રહે છે. અને કેવળજ્ઞાન પામ્યા પછી આપણા ઉપરની કરુણાને કારણે જ સતત દેશના આપે છે !
- જ્યાં સુધી આપણને કોઈ ક્ષેત્રનું અધિકૃત જ્ઞાન ન હોય, ત્યાં સુધી તે વિષય પર બોલવાનો, જેને તેને ઉપદેશ આપવાનો અધિકાર નથી. તેવું કરવા જતાં, આપણે અજ્ઞાનના કારણે તેનું અહિત કરી બેસીએ તેવી પૂરી શક્યતા છે, અને તેમ કરવા જતાં આપણું પણ પરમ-અહિત જ થઈ જશે, એ નિશ્ચિત છે !

  તેમ આત્મકલ્યાણકર જે જ્ઞાન આપણને મળ્યું છે, તે યોગ્ય-પાત્ર વ્યક્તિઓને વહેંચતા રહેવું. કારણકે સમ્યગ્જ્ઞાનના દાન જેવો કોઈ શ્રેષ્ઠ ઉપકાર નથી, અને તેનાથી આપણને પણ વિશિષ્ટ પુણ્યબંધનો લાભ થાય છે.

મનુષ્ય જન્મની દુર્લભતા

- જેને મેળવવા ઘણી કિંમત ચૂકવવી પડે, ઘણો પુરુષાર્થ કરવો પડે, ઘણો સમય લાગે, તે દુર્લભ.
- સુલભ અને દુર્લભ એવી બે વસ્તુઓમાંથી એકની પસંદગી કરવાની આવે, ત્યારે સુલભ વસ્તુને છોડીને દુર્લભને ગ્રહણ કરે, તે ડહાપણ

ગણાય. જેમ ગોળ અને ઘેબર, બેમાંથી એક જ ખાવાનું હોય તો ડાહ્યો માણસ રોજ મળતા ગોળને છોડીને ઘેબર જ ખાય.

- તમને કદાચ સંપત્તિ, સામગ્રી, સુખના સાધનો દુર્લભ લાગતા હશે, પણ પ્રભુએ જગતમાં ચાર વસ્તુ દુર્લભ બતાવી છે.
  (૧) મનુષ્ય જન્મ (૨) ધર્મ (જિનવચન)નું શ્રવણ (૩) જિનવચન પર શ્રદ્ધા (૪) સંયમ. -ઉત્તરાધ્યયન સૂત્ર, ૩/૧
  ચક્રવર્તી કે ઈન્દ્રોના સુખોને પણ પ્રભુ દુર્લભ ગણાવતા નથી.
- પરમાત્માએ જેને દુર્લભ કહ્યો, તેવો મહામૂલ્યવાન મનુષ્યજન્મ આપણને મળ્યો છે, પણ આપણે તેને વેડફી નાખીએ છીએ, કારણ કે આપણને તેની કિંમત સમજાઈ જ નથી.
  ૧૦૦૦ રૂા.ની નોટની કિંમત ન સમજતો નાદાન બાળક તેને કાગળ સમજીને ફાડી નાખે/ડૂચા કરે, તેવું નાદાન કૃત્ય મૂલ્યવાન મનુષ્યભવને મામૂલી વિષયસામગ્રી પાછળ વેડફી નાખનારો કરી રહ્યો છે.
  જેને ૧૦૦૦ રૂા.ની નોટની કિંમત ખબર છે તેવા યુવાનને, તેને સાચવવાનો ઉપદેશ આપવો પડતો નથી, પોતાની મેળે જ તે તેની કાળજી કરે છે. તેમ જો મનુષ્યભવની ખરી કિંમત આપણને સમજાઈ જાય, તો પછી ધર્મના ઉપદેશની બહુ જરૂર જ નહીં રહે. આપણે સ્વયં જ તેનો સદુપયોગ કરવા પ્રયત્ન કરીશું.
- ભરવાડના છોકરાને જંગલમાંથી કીમતી રત્ન મળી ગયું. તેને તો એ રંગીન કાચનો ટૂકડો જ લાગે છે, એને રમાડતો રમાડતો આવી રહ્યો છે.

  કોઈ શેઠે તેના હાથમાં આ રત્ન જોયું અને થયું કે પડાવી લેવાની ઠીક તક છે. છોકરાને પૂછ્યું, ‘‘અલ્યા, આ કાચનો ટૂકડો વેચવો છે ? બોલ કેટલામાં આપીશ ?’’
  છોકરાએ કહ્યું, ‘‘શેઠ, ૧૦ રૂા. આપો તો આપી દઉં.’’
  શેઠ કંજૂસ હતા. અતિલોભમાં પડ્યા. એને થયું કે ૧૦ રૂા. વધુ પડતા કહેવાય. છોકરાને કહ્યું, ‘‘૨ રૂા.માં આપવો હોય તો આપ.’’ છોકરો ના પાડીને ચાલતો થયો.
  આગળ બીજા શેઠ મળ્યા. એમણે પણ રત્ન જોયું, અને એ જ પ્રશ્ન કર્યો. છોકરાએ જેવી ૧૦ રૂા.ની કિંમત કહી કે તરત જ રોકડા ૧૦ રૂા. આપીને

લઈ લીધું.

આ બધું જ પહેલા શેઠ જોઈ રહ્યા હતા. તે તો દોડતા દોડતા છોકરા પાસે આવ્યા અને કહ્યું, “મૂરખ, તેં શું કર્યું, ખબર છે ? ૧ લાખ રૂ.નું રત્ન ૧૦ રૂ.માં વેચી માર્યું !”

છોકરાએ જવાબ આપ્યો. “શેઠ, મેં તો કાચનો ટૂકડો માનીને અજાણતાં ૧૦ રૂ.માં વેચી નાખ્યો. પણ તમે તો લાખ રૂ.ની કિંમતનું રત્ન છે, એ જાણવા છતાં ૮ રૂ. ખાતર ન લીધું. મૂરખ કોણ, હું કે તમે ?”

મનુષ્યભવની સાચી કિંમત જેમને સમજાઈ જ નથી, એવા આ જગતના કરોડો-અબજો મનુષ્યો, તેને વેડફી નાખે, તે કદાચ મૂર્ખાઈ છે. પણ પ્રભુના વચનો મળ્યા પછી, મનુષ્યભવની સાચી કિંમત સમજાયા પછી પણ જો આપણે તેને વેડફી નાખીએ, તો તે મહામૂર્ખાઈ નથી ?

- મનુષ્યભવની ૧ ક્ષણની કિંમત, કરોડો રત્નો કરતાં પણ અધિક છે. એવું શાસ્ત્રકારો કહે છે.

  અનંતાનંત પુણ્યરાશિ ખર્ચાય ત્યારે મનુષ્યનો જન્મ મળે છે એટલે તેની કિંમત રત્નો કરતાં ઘણી વધુ છે. વળી ઈન્દ્રો, મનુષ્યભવ મળતો હોય તો પોતાની બધી સંપત્તિ આપી દેવા તૈયાર થાય, છતાં મનુષ્યભવની ૧ ક્ષણ પણ તે રીતે મેળવી શકતા નથી. અબજો રૂપિયાની સંપત્તિના બદલામાં પણ મનુષ્યભવનું આયુષ્ય ૧ ક્ષણ વધારી શકાતું નથી. એ બતાવે છે કે મનુષ્યભવની ૧ ક્ષણ ઘણી કિંમતી છે.

- અમેરિકન ધનવાને એવી તિજોરી બનાવેલી જે પોતે જ ખોલી શકે. એકવાર તિજોરીની અંદર ગયા પછી અચાનક તે બંધ થઈ ગઈ. તેને ખોલવાનો કોઈ ઉપાય ન રહ્યો. દિવસો સુધી અંદર ભૂખ્યો-તરસ્યો પૂરાઈ રહ્યો. છેલ્લે પ્રાણ કંઠે આવી ગયા, ત્યારે તેણે ચિઠ્ઠીમાં લખ્યું કે “હમણાં મને કોઈ ૧ ગ્લાસ પાણી આપે, તો મારી અડધી સંપત્તિ આપી દઉં.” એટલે અબજો રૂપિયાની કિંમત, પાણીના ૧ ગ્લાસ જેટલી થઈ !

  બધી જ સંપત્તિ ત્યાં સુધી જ મૂલ્યવાન છે, જ્યાં સુધી તમે જીવો છો. મૃત્યુ પછી તમારા માટે એ બધી વસ્તુનું કોઈ મૂલ્ય નથી. એટલે જ જીવનની કિંમત, બધા કરતાં વધુ છે.

- મનુષ્યભવની દુર્લભતાને સમજાવવા શાસ્ત્રકાર ભગવંતોએ દશ દૃષ્ટાંત બતાવ્યા છે.

તે સમજવા માટે આપણે એક કલ્પના કરીએ.

ભારતના પશ્ચિમ કિનારે મુંબઈ બંદર છે. ત્યાંના દરિયામાં-અરબી સમુદ્રમાં કોઈ એક કાણાવાળું લાકડું નાખે. ભારતના પૂર્વ કિનારે કોલકતા બંદર છે, ત્યાંના દરિયામાં-બંગાળના ઉપસાગરમાં તે જ કાણામાં ફીટ થઈ શકે એવું બીજું લાકડું કોઈ નાખે.

હવે તમને પૂછવામાં આવે કે, સમુદ્રમાં તરતાં-તરતાં એ બંને લાકડા ભેગા થઈ જાય, અને પહેલા લાકડાના કાણામાં બીજું લાકડું ફીટ થઈ જાય, એવું ક્યારે બનશે ? તમે કદાચ જવાબ આપશો કે "હજારો-લાખો વર્ષો પછી પણ કદાચ એવું નહીં બને !"

શાસ્ત્રકારો કહે છે, સ્વયંભૂરમણ સમુદ્ર, જે અસંખ્ય યોજન પહોળો છે. (૧ યોજન=૩૨૦૦ માઈલ), તેના એક કિનારે ગાડાનું આડું લાકડું નાખવામાં આવે અને બીજા કિનારે તેમાં ફીટ થતું ઊભું લાકડું નાખવામાં આવે, અને બે ભેગા થઈને એકબીજામાં ફીટ થઈ જાય તેવું ક્યારે બનશે ?

તમે કહેશો, "અસંભવ છે. થાય જ નહીં !"

શાસ્ત્રકારો કહે છે કે 'કદાચ એ ક્યારેક થઈ જાય. પરંતુ, એકવાર મળેલો મનુષ્યજન્મ, જો ધર્મની સાધના કર્યા વિના નિષ્ફળ જવા દીધો; તો તે અનંતકાળે પણ ફરી મળવો મુશ્કેલ છે. એ તો પેલા લાકડાના ભેગા થવા કરતાં પણ વધુ કઠિન-દુર્લભ છે !!!' **- અધ્યાત્મ કલ્પદ્રુમ ટીકા, ૭/૧૯**

- એક યુવાન અમેરિકા જઈને પાછો આવ્યો.
  મિત્રોએ પૂછ્યું, "તું શું ખરીદી કરી આવ્યો ?"
  અને તેણે ગર્વથી 'બાસમતી ચોખા' બતાવ્યા. મિત્રે કહ્યું- "યાર ! અમેરિકાથી લાવવું હોય તો અહીંયા ન મળતી વસ્તુ – કૉમ્પ્યુટર કે તેવું કંઈ લાવે, તો બરાબર છે, પણ ભારતમાં સહેલાઈથી ઠેર ઠેર મળતાં બાસમતી ચોખા લઈને આવે, તે તો મૂર્ખાઈ જ કહેવાય !"
  તેમ મનુષ્યજન્મ મળ્યા પછી, અન્ય જન્મોમાં ન થઈ શકતી, ધર્મસાધના કરવી તે ડહાપણ છે. પરંતુ જે દરેક જન્મોમાં પણ સહેલાઈથી મળી શકે છે, તેવા વિષય-સુખો પાછળ જ મનુષ્યભવ પૂરો કરવો, એ કેવી મૂર્ખાઈ ?
- ખાવું-પીવું-ઘર બનાવવું; પરિવારનું પોષણ કરવું... આ બધા કામ તો

પશુ-પક્ષી પણ કરે છે.

મનુષ્યભવમાં પણ એ જ કામ કરવામાં આવે, તો પછી મનુષ્યભવની વિશેષતા શું ?

ભર્તૃહરિએ મનુષ્ય બનીને પણ વિષયસુખોમાં આળોટતા જીવોને, માનવના ખોળિયામાં રહેલા પશુ જ કહ્યા છે. 'मनुष्यरुपेण मृगाश्चरन्ति।'

- અમારા ભવોદધિતારક ગુરુદેવશ્રીએ, સરસ વાત કરેલી. ખિસ્સામાંથી ભૂલથી ૫૦ રૂા.ની નોટ પડી જાય તો તમે અફસોસ કરો છો.
  જિંદગીના ૫૦ વર્ષ કશી પરભવની કમાણી કર્યા વિના ચાલ્યા ગયા, તેનો કોઈ અફસોસ છે ખરો ?

- એકેન્દ્રિય સિવાયના બધા જીવોને ભેગાં કરતાં જે સંખ્યા આવે તેના કરતાં એકેન્દ્રિયના જીવો અનંતગણા છે.

  વળી એક વાર એકેન્દ્રિયમાં ગયા પછી, ત્યાંથી બહાર નીકળવું બહુ મુશ્કેલ છે. અસંખ્ય પુદ્ગલ પરાવર્ત કાળ સુધી જીવ એકેન્દ્રિયમાંથી બહાર જ નીકળી ન શકે, એવું પણ બને છે.
  ૧ પુદ્ગલ પરાવર્તમાં અનંતા કાળચક્ર જાય છે.
  ૧ કાળચક્ર, ૨૦ કોટાકોટિ સાગરોપમનું હોય છે, જેની અંદર ભરતક્ષેત્રમાં ૨ વાર ચોવીસ તીર્થંકરો થઈ જાય છે.
  ૧ સાગરોપમ ૧૦ કોટાકોટિ (૧૦ કરોડ x ૧કરોડ) પલ્યોપમનો બને છે.
  ૧ પલ્યોપમ અસંખ્ય વર્ષનો હોય છે, જેમાં મહાવિદેહ ક્ષેત્રમાં અસંખ્ય તીર્થંકરો થઈ જાય છે.
  એટલે કલ્પના કરો કે એકેન્દ્રિયપણામાં કેટલો બધો કાળ જીવ રહી જાય છે !
  એટલે પૂર્વે કહ્યું કે એકવાર મળેલો મનુષ્યભવ ગુમાવ્યા પછી ફરી મનુષ્યભવ મેળવતા અનંતકાળ વહી જાય, એ વાતમાં જરાય અતિશયોક્તિ નથી.

- આપણને બધાને દેવગતિનું ઘણું આકર્ષણ હોય છે. દેવગતિ મળવાનું સ્વપ્ન પણ આનંદિત કરી દે, પણ શાસ્ત્રકારો કહે છે કે દેવગતિ મળવી એટલી દુર્લભ નથી, જેટલી મનુષ્યગતિ મળવી દુર્લભ છે ! તેનું કારણ એ છે કે કુલ દેવો અસંખ્ય છે, જયારે મનુષ્યોની કુલ સંખ્યા સંખ્યાત જ

છે, દેવોની સંખ્યા કરતાં અસંખ્યાતમા ભાગે છે.

- રોજ સવારે રાઈ પ્રતિક્રમણમાં 'સકલ તીર્થ વંદું કરજોડ' માં બોલીએ છીએ, 'પહેલે સ્વર્ગે લાખ બત્રીસ, બીજે લાખ અઠ્ઠાવીશ....' આ ૩૨ લાખ, ૨૮ લાખ શું છે ? તે-તે દેવલોકમાં રહેલા વિમાનોમાં રહેલા દેરાસરોની સંખ્યા છે.

  તેમાં રહેલી શાશ્વત જિનપ્રતિમાઓને નમસ્કાર કરવાનો છે.

  આગળ જીવવિજયજી મહારાજ સાહેબ કહે છે, "વ્યંતર-જ્યોતિષીમાં વળી જેહ, શાશ્વતા જિન વંદું તેહ." અહીં વ્યંતર-જ્યોતિષ દેવલોકમાં રહેલ પ્રતિમાઓની સંખ્યા બતાવી નથી. 'જેટલી પ્રતિમા છે, તેને વંદન કરું છું' એમ સામાન્યથી જ કહી દીધું છે. તેનું શું કારણ ? શાસ્ત્રકારને એ સંખ્યા ખબર નથી, તેવું નથી.

  વાસ્તવિકતા એ છે કે વ્યંતરના આવાસો અને જ્યોતિષના વિમાનો અસંખ્ય છે. એટલે તેમાં રહેલ જિનપ્રતિમા પણ અસંખ્ય છે, એટલે જ તેની સંખ્યા નથી બતાવી.

  જો વિમાનો-પ્રતિમાઓ અસંખ્ય છે, તો દેવો તો કેટલા હશે ? એ તો માત્ર કલ્પના જ કરવાની રહી !

  (દેવલોક ચાર પ્રકારના છે. ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ અને વૈમાનિક. પહેલે સ્વર્ગે વિ. જે કહ્યું છે, તે વૈમાનિક દેવલોક માટે છે, તેમાં ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર આવે છે વિ. સ્વરૂપ અન્ય ગ્રંથો-ગુરુ ભગવંતો પાસેથી જાણવું.)

- દેવો ત્રણે લોકમાં છે. ભવનપતિ-દેવો અધોલોકમાં (નીચે) છે, વ્યંતર દેવો તિર્ચ્છાલોકમાં (આપણી નીચે), જ્યોતિષ દેવો તિર્ચ્છાલોકમાં (આપણી ઉપર) છે અને વૈમાનિક દેવો ઉર્ધ્વલોકમાં છે.

  જ્યારે મનુષ્યો માત્ર તિર્ચ્છાલોકમાં, તેમાંય માત્ર અઢી દ્વીપમાં છે. તિર્ચ્છાલોકમાં એક-એકથી મોટા અસંખ્ય દ્વીપ-સમુદ્રો છે. તેમાંથી માત્ર જંબૂદ્વીપ, ધાતકી ખંડ અને અડધા પુષ્કરવર દ્વીપ રૂપી અઢી દ્વીપમાં જ મનુષ્ય હોય છે. કદાચ કોઈ દેવ તેને બહાર લઈ જાય, તોય તેના જન્મ-મરણ તો અઢી દ્વીપની અંદર જ થાય, એવો નિયમ છે. - લોકપ્રકાશ, ૭/૪૦

- એક તો મનુષ્યોની સંખ્યા ઘણી ઓછી છે. વળી ચારે ગતિના જીવો મરીને મનુષ્ય થઈ શકે છે. અગ્નિકાય, વાયુકાય, ૭મી નરક અને યુગલિક

તિર્યંચ-મનુષ્યોને છોડીને કોઈપણ જીવ મરીને મનુષ્ય થઈ શકે છે. એટલે મનુષ્યગતિમાં આવવા માટે અનંતા ઉમેદવારો છે.

- પ્રવચન સારોદ્ધાર, ૧૩૮૫

દેવોની સંખ્યા ઘણી છે, અને તેમાં આવવા માટેના ઉમેદવાર ઓછા છે. માત્ર મનુષ્ય અને તિર્યંચ જ મરીને દેવ થઈ શકે છે. મોટે ભાગે અકામ નિર્જરા દ્વારા અસંખ્ય તિર્યંચો મરીને દેવગતિમાં જાય છે.

(૭મી નરકના જીવો મરીને તિર્યંચગતિમાં જ જાય તેવો નિયમ છે. યુગલિક મનુષ્ય-તિર્યંચો, મરીને દેવગતિમાં જ જાય, એવો નિયમ છે. અગ્નિકાય અને વાયુકાયના જીવો મરીને મનુષ્ય થઈ શકતા નથી.)

ધર્મની દુર્લભતા

- મનુષ્યજન્મ મળ્યા પછી પણ, જૈન ધર્મ મળવો તેનાથી ય વધુ દુર્લભ છે. અબજો મનુષ્યોને 'ધર્મ' નામની વસ્તુ જ મળતી નથી. સામ્યવાદી દેશોમાં ધર્મ ઉપર પ્રતિબંધ હોય છે.
  કરોડો લોકોને ધર્મને નામે નરી જંગાલિયત જ શીખવવામાં આવે છે. બીજાને મારી-કાપી નાખવો તે જ ધર્મના નામે શીખવાડાય છે.
  આ બધાની વચ્ચે જૈન ધર્મ મળવો ઘણો દુષ્કર છે.
- ગૃહસ્થપણામાં એન્જિનિયરીંગ કોલેજમાં બનેલ એક પ્રસંગ હજુ યાદ છે. 'ફાઉન્ડ્રી'નો પિરિયડ હતો, જેમાં લુહારીકામ કરવાનું હોય. તેમાં અમે ૫-૬ મિત્રો લોઢાના સળિયાને ગરમ કરી, તેને ટીપીને તેમાંથી '8' આવો આકાર બનાવી, તેને ઠારવા માટે બહાર બગીચા પાસે ઊભા ઊભા વાતો કરતા હતા. ત્યાં એક વિદ્યાર્થીએ બગીચામાંથી સૂકું પાંદડું લઈને ધગધગતા લોખંડના સળિયાને અડાડ્યું. પાંદડું સળગવા માંડ્યું. સળગતું પાંદડું લઈને બાજુમાંથી જઈ રહેલી કીડીની લાઈન પર ફેરવી દીધું !
  નિરપરાધી-નિર્દોષ જીવોને નિષ્કારણ મારી નાખવાની કેવી ક્રૂર લેશ્યા ! આપણે એનાથી બચી ગયા છીએ, તે શ્રાવિકા માતાની કૂખે મળેલા જન્મનો પ્રભાવ છે.
  આપણા લોહીમાં જીવદયાના સંસ્કાર છે કે અજાણતાં પણ કીડી મરી જાય તો અરેરાટી થાય. આ જૈન ધર્મ મળ્યાની ફળશ્રુતિ છે, આપણું મહાન સદ્ભાગ્ય છે.

દુનિયાના ૯૯%થી વધુ મનુષ્યોને આવા સંસ્કાર જ મળ્યા નથી.

- ધર્મ મળ્યા પછી તેના પર શ્રદ્ધા થવી દુર્લભ છે. અને શ્રદ્ધા થયા પછી પણ તેનું આચરણ તો ઘણું જ કઠિન છે !
- જેને સંયમ દુર્લભ જણાય, તે સંયમને મેળવવા માટે સંસાર છોડી દે, કારણ કે સંસાર તો સુલભ છે, દરેક ભવમાં મળે છે !
- જંગલ એને કહેવાય, જેમાંથી બહાર નીકળવાનો કોઈ જ રસ્તો ન જડે. શાસ્ત્રકારોએ સંસારને જંગલની ઉપમા આપી છે, તે પણ બહુ સૂચક છે.
- જેને સંયમ ગમતું પણ નથી, તેને શ્રાવક બનવાને પણ હજી વાર છે. શ્રાવક કદાચ સંયમ લઈ ન શકે, પણ તેને ગમે તો ખરા જ.
- 'રાત્રિભોજન કરવા જેવું નથી' એ પરમાત્માનું વચન જેને ગમે, તે પછી શોખથી રાત્રિભોજન કરે ?

  જેને બજાર/ધંધાના કારણે જ રાત્રિભોજન કરવું પડતું હોય, તે રજાના દિવસે રાત્રિભોજન કરે ?

  વાસ્તવમાં 'રાત્રિભોજન કરવા જેવું નથી' એ પ્રભુવચન, હજી જોઈએ તેવું જામ્યું જ નથી.
- તમને જિનવચન ગમે છે ?

  સભા : એટલેસ્તો વ્યાખ્યાનમાં આવીએ છીએ.

  વ્યાખ્યાનમાં આવે એટલે જરૂરી નથી કે જિનવચન ગમતું જ હોય. પ્રભુના જન્માભિષેકમાં અસંખ્ય દેવો જાય છે, પણ બધા કંઈ પ્રભુ પ્રત્યેની પ્રીતિ કે ભક્તિથી જ જાય છે, તેવું નથી.

  સ્નાત્રમાં પૂ. વીરવિજયજી મહારાજ સાહેબે કહ્યું છે –

  "કેટલાક દેવો પોતાની ભક્તિના કારણે જાય છે. (આતમભક્તિ) કેટલાક દેવો મિત્રોની પાછળ પાછળ જાય છે. (મિત્તનુજાઈ) કેટલાક દેવો દેવીના ધકેલવાથી જાય છે. (નારી પ્રેર્યા)

  કેટલાક દેવો માત્ર પોતાનો કુલાચાર હોવાથી જાય છે. (નિજ કુલવટ)"

  તમે વ્યાખ્યાનમાં શેનાથી પ્રેરાઈને આવો છો ?

  કેટલાક ખરેખર પ્રભુવચન સાંભળવાના રસથી આવે છે. કેટલાકને મિત્રો ખેંચી લાવે છે. કેટલાકને પત્ની ધકેલે છે. કેટલાક માત્ર સમાજમાં દેખાડવા માટે પણ આવે છે. એટલે, પ્રભુવચન ગમવાની કોઈ ખાતરી

નથી. જેને જિનવચન ગમે, તે જિનવાણી સાંભળવા કેવો તલપાપડ હોય, તે આપણે આગળ 'શુશ્રૂષા' નામના સમ્યક્ત્વના લિંગમાં જોઈશું.

મનુષ્યભવની સફળતા

- સોનાના પાત્રમાં અમૃત પીવાય, અમૃત ન મળે તો દૂધ પીવાય, પણ દારૂ પીવાની મૂર્ખાઈ તો ન જ કરાય.
  મનુષ્યજન્મ જ્ઞાન-દર્શન-ચારિત્રની આરાધના માટે મળ્યો છે, તેમાં પાપ કરવા, એ સોનાના પ્યાલામાં દારૂ પીવા જેવી મૂર્ખાઈ છે.
- દુકાન ખોલ્યા પછી ૧ વર્ષ ખોટ કરે, બીજા વર્ષે પણ ખોટ કરે, એમ સતત પાંચ-દસ વર્ષ સુધી ખોટ જ કરે, તો ડાહ્યો વેપારી દુકાન બંધ કરીને બીજો ધંધો કરે.
  અનંતાનંત ભવોથી સામગ્રીમાં સુખ મેળવવાની કોશિશ તમે કરી રહ્યા છો, છતાં સુખ મળ્યું જ નથી. તો પછી નથી લાગતું કે એ દિશાના પ્રયત્નો બંધ કરીને બીજી દિશામાં પ્રયત્ન શરૂ કરવા જોઈએ ?
- અમદાવાદથી મહેસાણા જવા નીકળ્યો હોય, ખબર હોય કે ૨ કલાકનો રસ્તો છે. ૨ કલાક વીતે, ૨।। કલાક થાય, ૩ કલાક થાય છતાં મહેસાણા ન આવે, તો તપાસ કરે કે હું રસ્તો ભૂલ્યો તો નથી ને ?
  સુખની શોધમાં આટલા વર્ષોથી નીકળ્યા છો, હજી સુખ મળ્યું નથી. નથી લાગતું કે તમે રસ્તો જ ભૂલ્યા છો ?
- લાખ પ્રયત્ને પણ દરિયાની રેતીમાંથી ઘડો ન જ બને. તેમ અનંતકાળે પણ સંસારમાં સુખ નહીં જ મળે.
- આ જગતનું એક પણ સુખ એવું નથી, જે આપણે ભોગવ્યું ના હોય, છતાં આપણને હજુ તૃપ્તિ થઈ નથી. **– ઇન્દ્રિય પરાજય શતક - ૧૩**
  અને છતાં, આ ભવમાં તૃપ્ત થવાની આશા લઈને બેઠા છો !
- કૂતરો હાડકાને બટકું ભરે છે. લોહી તેના પોતાના મોઢામાંથી નીકળે છે. તેનો સ્વાદ લેવામાં સુખ અનુભવે છે. તેને ભ્રમ થાય છે કે હાડકામાંથી લોહી નીકળી રહ્યું છે. તેથી વધુ ને વધુ બટકા ભરે છે અને વધુ લોહી પોતાના મોઢામાંથી નીકળે છે.
  સામગ્રીમાંથી સુખ મેળવવાની કોશિશ કરતાં બધાની હાલત આવી કૂતરા

જેવી જ છે. — ઈન્દ્રિય પરાજય શતક, ૩૩.૩૪

- તમે જે ધન કમાવ છો, તે તમારો પરિવાર-પુત્ર-પત્ની-મિત્રો ભોગવે છે. અને ધન કમાવા માટે તમે જે પાપ કરો છો, તેનું ફળ તમારે એકલાએ જ ભોગવવાનું છે. — અધ્યાત્મ કલ્પદ્રુમ, ૪/૬
- ઘઉંની જ રોટલી ખાઈ શકાય છે. સોનાની રોટલી કોઈ ખાઈ શકતું નથી. એક સાથે એક જોડથી વધુ કપડા કોઈ પહેરી શકતું નથી અને ૬ ફૂટ x ૩ ફૂટથી વધુ જગ્યામાં કોઈ સૂઈ શકતું નથી. એટલે એનાથી વધારાની બધી જ સંપત્તિ નકામી છે છતાં એની પાછળની દોટમાં જ જિંદગી પૂરી થઈ જાય છે.
- ઘીવાળું ગરમ ભોજન, કાણાં વિનાના કપડા અને બીજાની નોકરી નહીં. આનાથી વધારાની સંપત્તિ માણસનું અધઃપતન કરાવે છે.
  — ધર્મબિંદુ ટીકા, ૩/૬૫
- જેને પોતાના આત્મા માટે સમય મળતો નથી, એના જેવો દરિદ્ર આ જગતમાં બીજો કોઈ નથી.
- જેના પુણ્યપ્રભાવે આવતા ભવે મનુષ્યનો જન્મ અને જૈનશાસન મળે, એવા સુકૃતો તમારા જીવનમાં છે ખરા ?
  જો એટલી મૂડી પણ આપણી પાસે નહીં હોય, તો પછી દુર્ગતિ અને દુઃખોની પરંપરા માટે તૈયાર રહ્યા વિના છૂટકો નથી.
- દર વર્ષે આવક-જાવકનું સરવૈયું બનાવો છો, પણ મારા આત્મા માટે મેં શું કર્યું ? તેનું સરવૈયું જીવનમાં એકે વાર બનાવ્યું છે ખરું ? એવું સરવૈયું બનાવો, તો કયું પલ્લુ નમશે ? જમા બાજુનું કે ઉધાર બાજુનું ?
- ગમે તેટલું દાન કરનાર કે છ મહિનાના તપ કરનાર શ્રાવકને સાધુ જેવો નથી કહ્યો પણ ૧ સામાયિક કરનાર શ્રાવકને સાધુ જેવો કહ્યો છે, તે જ બતાવે છે કે સામાયિક શ્રાવકને માટે શ્રેષ્ઠ ધર્મ છે.
- આવતા ભવે જેને ચારિત્ર મેળવવું છે, તેણે આ ભવમાં વધુમાં વધુ સામાયિક કરવી જ જોઈએ. સામાયિક કરવાથી ચારિત્ર મોહનીય કર્મ તૂટશે અને ભવાંતરમાં ચારિત્ર મળશે.

પરમાત્મ નમસ્કાર

- પ્રારંભ કરેલ કાર્ય (ગ્રંથરચના) નિર્વિઘ્ને પૂર્ણ થાય, તેના માટે ગ્રંથકાર પ્રારંભમાં પરમાત્માને નમસ્કાર કરે છે.
- કાર્યમાં વિઘ્ન આવે છે પાપકર્મ (અંતરાયકર્મ)ના ઉદયથી અને પરમાત્માને કરેલો નમસ્કાર એ પાપકર્મનો નાશ કરવા દ્વારા વિઘ્નનો નાશ કરે છે.
- અંતરાયકર્મ બંધાવાનું એક કારણ છે, અહંકાર... જેનું પણ અભિમાન કરવામાં આવે, તેનાથી કર્મસત્તા આપણને દૂર ફેંકી દે છે... પ્રભુવીરે ત્રીજા મરીચિના ભવમાં ઉચ્ચ કુળનું અભિમાન કર્યું, તો કર્મસત્તાએ છેક છેલ્લા ભવમાં ય પ્રભુને નીચકુળમાં ઉતારી દીધા - ઉચ્ચકુળથી દૂર રાખ્યા.
- પાપકર્મનો નાશ તો તપશ્ચર્યા વિગેરેથી પણ થઈ શકે, પણ તેનાથી અહંકારનો પણ નાશ થાય જ, એવું નથી... નમસ્કાર એવું મંગળ છે, જેનાથી પાપનો નાશ તો થાય જ છે પણ તેના કારણરૂપ અહંકારનો પણ નાશ થાય છે.
- હાથ જોડવા, માથું નમાવવું વિગેરે દ્રવ્ય નમસ્કાર છે. જેને નમસ્કાર કરાઈ રહ્યો છે, તે મારાથી ઘણા ઊંચા છે, હું તેનાથી ઘણો નીચો છું, એવી બુદ્ધિ, તે ભાવ નમસ્કાર છે. **- વિશેષાવશ્યક ભાષ્ય ટીકા-૨૮૪૦**
  આપણે જ્યારે પરમાત્માને નમસ્કાર કરીએ છીએ, ત્યાં હું અધમ છું, નીચ છું, રાંક છું, દુષ્ટ છું... આવી બુદ્ધિ આવે છે ખરી ?
  જો પ્રભુને નમસ્કાર કરતી વખતે પણ "હું ટ્રસ્ટી છું, શેઠ છું, શ્રીમંત છું, વિદ્વાન છું..." વગેરે પોતાની મોટાઈ જ યાદ આવતી હોય, તો ભાવ નમસ્કાર તો થતો જ નથી... અહંકારનો નાશ કરવા માટે નમસ્કાર કરવાનો છે, એ નમસ્કાર કરતી વખતે પણ જો અહંકાર જ સળવળતો હોય, તો નમસ્કાર કેવો કહીશું ?
- 'હું' અને 'મારું' એ મોહરાજાના બે મંત્રો છે, જે આખા જગતને આંધળું કરી દે છે. **– જ્ઞાનસાર ૪/૧**
  મોહને જીતવા માટે 'હું' અને 'મારું' એ બેને ભૂલી જવા પડશે...
- પરમાત્માને નમસ્કાર કરીને શરૂ કરેલું કાર્ય, સફળતાપૂર્વક પૂર્ણ થાય, તો પણ, 'મેં કર્યું' એવો અહંકાર નથી થતો, પણ "પરમાત્માની કૃપાથી

જ થયું'' એવી શ્રદ્ધા ઉત્પન્ન થાય છે, એ પણ નમસ્કાર કરવાનો મહાન લાભ છે.

- જેમને કોઈ જ વિઘ્ન આવવાની સંભાવતા નથી. (કારણ કે અંતરાય કર્મનો સર્વથા ક્ષય થઈ ગયો છે) તેવા અરિહંત પરમાત્મા પણ સમવસરણમાં દેશના આપતાં પહેલાં, 'નમો તિત્થસ્સ' કહીને તીર્થને નમસ્કાર કરીને મંગળ કરે છે. તેનું કારણ એ છે કે સજ્જનોની એ પરંપરા છે કે દરેક કાર્યના આરંભમાં મંગળ કરવું જ, અને તેથી પ્રભુ પણ મંગળ કરે છે.
  એનો સાર એ, કે ઘણીવાર પરંપરાથી જે કરાતું આવ્યું હોય, તેનું કોઈ પ્રયોજન ન હોય – તેનાથી કોઈ કાર્ય ન થવાનું હોય તો પણ તેને છોડી ન દેવાય.
- અનંત લબ્ધિના ધારક, અસંખ્ય કાળનું જ્ઞાન ધરાવનારા ચૌદ પૂર્વધરો, મહાબુદ્ધિમાન પૂર્વાચાર્યો પણ પોતાના ગ્રંથના આરંભમાં મંગળ કરે છે, તે બતાવે છે કે તેમને પણ પોતાની બુદ્ધિ કરતાં પરમાત્માને કરેલા નમસ્કારની શક્તિ પર વધુ શ્રદ્ધા હતી.
- સંસારના કાર્યોના પ્રારંભમાં પણ પ્રભુને નમસ્કાર કર્યો હોય, તો એ નમસ્કારની તાકાત છે કે દુર્બુદ્ધિ પેદા ન થવા દે.
- તમે કોઈ તીર્થમાં ગયા હો, ઉપાશ્રયમાં મુનિ ભગવંત બિરાજમાન છે, એની ખબર પડે, તમે વંદન કર્યા.
  ધર્મશાળાની રૂમ પર પાછા આવ્યા પછી બીજા કોઈ યાત્રિક દ્વારા તમને સમાચાર મળે કે ''એ મુનિ ભગવંત મહાતપસ્વી છે. અઢ્ઢમને પારણે અઢ્ઢમ કરે છે - પારણામાં પણ નિર્દોષ ગોચરીથી એકાસણું કરે છે. અથવા મહાવિદ્વાન છે. સંસ્કૃતમાં હજારો શ્લોક પ્રમાણ નવું સર્જન કર્યું છે. અથવા પ્રખર પ્રવચનકાર છે. તેમની શિબિરમાં ૪-૫ હજારની મેદની થાય છે.''
  આવા સમાચાર મળ્યા પછી તમે ફરી વંદન કરવા ગયા. હવેના વંદન અને પૂર્વેના વંદનના ભાવમાં કોઈ ફરક પડશે ?
  સભા : આસમાન–જમીનનો.
  એનો અર્થ એ છે કે જેમ વ્યક્તિના ગુણોની ઓળખ થાય, તેમ તેને કરેલો નમસ્કાર વધુ ભાવવાળો બને.

પરમાત્મા એ જગતમાં સર્વોત્કૃષ્ટ ગુણવાન છે, એટલે પરમાત્માને કરેલો નમસ્કાર સૌથી વધુ ભાવવાળો બની શકે છે, અને એટલે જ એની તાકાત સૌથી વધુ છે. એટલે જ ગ્રંથકાર પ્રથમ પરમાત્માને નમસ્કાર કરે છે. એ નમસ્કારને ભાવવાળો બનાવવા માટે પહેલા આપણે પરમાત્માને ઓળખવા પડશે.

- બીજા કોઈને નમસ્કાર કરતી વખતે ''આ મારા કરતાં દરેક રીતે ઊંચા છે, હું નીચો છું.'' એવો ભાવ ન પણ આવે. બની શકે કે કોઈ મુનિ ભગવંત સંયમી હોવા છતાં શરીરની ક્ષમતા ન હોવાના કારણે તપ બિલકુલ ન કરી શકતા હોય કે જ્ઞાનાવરણનો તીવ્ર ઉદય હોવાના કારણે ભણી ન શકતા હોય.

  આવા મુનિવરને વંદન કરતી વખતે, શક્ય છે કે એમનામાં તપ કે જ્ઞાનગુણ નથી, એ પણ યાદ આવે અને તો તમારો નમસ્કાર નબળો પડી જાય. 'કેટલીક બાબતમાં હું તેમનાથી ઊંચો છું.' એવો વિપરીતભાવ પણ આવી જાય.

  પરમાત્મા સર્વગુણસંપન્ન છે. આપણામાં એવો એક પણ ગુણ નથી, જે પરમાત્મામાં ન હોય. એટલે, પરમાત્માને નમસ્કાર કરતી વખતે, ''અમુક બાબતમાં હું પરમાત્મા કરતાં ઊંચો છું.'' એવો વિચાર પણ આવી શકતો નથી. તેથી પરમાત્મ-નમસ્કાર સૌથી વધુ બળવાન બની શકે છે.

- પરમાત્માને કરેલો એક પણ નમસ્કાર, સર્વ પાપોનો નાશ કરી શકે છે, આપણને સંસારથી તારી શકે છે.

  શરત એ છે કે, એ માત્ર દ્રવ્યનમસ્કાર ન ચાલે, ભાવનમસ્કાર જોઈએ - અર્થાત્ પરમાત્મા પ્રત્યેના ભક્તિભાવથી છલોછલ જોઈએ.

- બંદૂકમાંથી છૂટેલી ગોળી શરીરને વીંધીને આરપાર નીકળી જાય છે. અને હાથેથી ફેંકેલી ગોળીની કોઈ લાંબી તાકાત હોતી નથી...

  અર્થ એ કે તાકાત ગોળીમાં નથી, પરંતુ બંદૂકે આપેલી ગતિ-ઝડપની છે.

  તેમ એકલી સાધનાની તાકાત નથી હોતી, ભાવના સાથેની સાધનાની જ તાકાત હોય છે. **-ષોડશક ટીકા, ૭/૧૨**

- લાખ રૂપિયાનો નફો થવાની શક્યતા હોય એવા સોદામાં બસો-પાંચસો રૂા.નો નફો કરે, તો પણ નુકસાન કર્યું એમ જ કહેવાય.
  સર્વ કર્મનો ક્ષય કરવાની તાકાત ધરાવતા નમસ્કારથી, માત્ર મામૂલી પુણ્યબંધ થાય, તો ય નુકસાન કર્યું, એમ જ કહેવાય ને?
- નમસ્કારનું પૂર્ણફળ પ્રાપ્ત કરવા, નમસ્કાર ભાવપૂર્ણ બનાવવો પડે, અને તે માટે પ્રભુને ઓળખવા પડે.
- "લલિતવિસ્તરા" ગ્રંથમાં હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે લખ્યું છે કે ચૈત્યવંદન કરતી વખતે સમ્યક્ત્વીની આંખમાંથી આનંદના આંસુની ધારા ચાલે. "આવા પ્રભુ મને મળ્યા ! મારો પ્રચંડ પુણ્યોદય !"
  સંસારમાં કોઈ સિદ્ધિ મળે તેનો આનંદ થાય છે, પણ આવા પ્રભુ - પ્રભુવચન - સદ્‌ગુરુ મળી ગયા છે, તે તમારું પ્રચંડ સદ્‌ભાગ્ય છે, તેનો કોઈ દિવસ આનંદ થયો છે ?
- ગ્રંથકાર માત્ર પોતાના મનથી નમસ્કાર કરત, તો પણ મંગળ થઈ જાત, તેમની કાર્યસિદ્ધિ થઈ જાત. પરંતુ તેમણે નમસ્કાર ગ્રંથમાં લખ્યો. તેનું કારણ એ છે કે,
  (૧) તેમ કરવાથી વાચકોને પણ સહજ રીતે નમસ્કારરૂપી મંગળ ગ્રંથના પ્રારંભમાં જ થઈ જાય, તેમના પણ કર્મોનો ક્ષય થાય અને ગ્રંથવાંચન નિર્વિઘ્ને પૂર્ણ થાય.
  (૨) પોતાના શિષ્યોને ખ્યાલ આવે કે "અમારા ગુરુદેવ ગ્રંથના આરંભમાં નમસ્કાર કરતા હતા. એટલે અમારે પણ કરવો જોઈએ."

અરિહંત પરમાત્મા

- અરિહંત શબ્દ મૂળ અર્હન્‌માંથી બન્યો છે, જેનો અર્થ છે, અષ્ટ મહાપ્રાતિહાર્ય વગેરેની પૂજાને યોગ્ય. અશોકવૃક્ષ, પુષ્પવૃષ્ટિ, દિવ્યધ્વનિ, ચામર, સિંહાસન, ભામંડલ, દેવદુંદુભિ, છત્રત્રયી... આ ૮ પ્રાતિહાર્યો (સેવકો) પ્રભુની સેવા કરે છે. 'પ્રતિહાર' દેવો આ પ્રાતિહાર્યોની રચના કરે છે.
- અરિહંતનો એવો પણ અર્થ કરાય છે કે અરિ એટલે આંતરશત્રુઓને અને હંત એટલે હણનાર.
  અહીં એ સમજવાનું છે કે રાગ-દ્વેષરૂપી આંતરશત્રુઓને તો સામાન્ય

કેવલિ ભગવંતો પણ હણે છે. પરંતુ તેઓ અરિહંત નથી હોતા. અરિહંત તો પૂર્વના ત્રીજા ભવે જેમણે તીર્થંકરનામકર્મ નિકાચિત કર્યું હોય, તેના પ્રભાવે કેવળજ્ઞાન પામ્યા પછી તીર્થની સ્થાપના કરે, અષ્ટ મહાપ્રાતિહાર્યો તેમની સેવા કરે, તેને જ કહેવાય છે.

- દરિયો અફાટ છે, છતાં બાળકને પૂછવામાં આવે કે, "દરિયો કેવડો મોટો ?" તો બે હાથ પહોળા કરીને જવાબ આપે. "આટલો." દરિયો એનાથી ઘણો મોટો હોવા છતાં તેની બુદ્ધિશક્તિ મુજબ જવાબ આપે છે.
  તેમ પરમાત્માના ગુણો અનંત છે. એક હજાર જીભથી તેમના ગુણોનું વર્ણન કરીએ તો પણ આખી જિંદગીમાં પૂર્ણ ન થાય; છતાં આપણે તેમના ગુણોને ગાવાનો પ્રયત્ન કરીએ, તે પેલી બાળચેષ્ટા જેવું છે.

- પરમાત્માની દેશના માટે રચાતા સમવસરણની ચારે બાજુ દેવો છએ ઋતુના, પાંચે વર્ણના સુગંધીદાર દિવ્ય પુષ્પોની વૃષ્ટિ કરે છે.
  સામાન્યથી ફૂલ નીચે નાખો તો પાંખડી નીચે જાય, ડીંટીયું ઉપર રહે પણ પ્રભુના પુણ્યપ્રભાવે આ બધા પુષ્પોના ડીંટીયા નીચે જાય છે અને પાંખડી ઉપર આવે છે, જેથી ચાલનારા કોઈને વાગે નહીં.
  એટલા બધા પુષ્પો દેવો વરસાવે છે, તેનો એવો ઢગલો થાય છે કે ચાલતા માણસનો ઢીંચણ સુધીનો પગ તેમાં ખૂંપી જાય.
  આ પુષ્પો પરથી કરોડો દેવો, મનુષ્યો ચાલીને જાય છે. 'પ્રવચન સારોદ્ધાર' નામના ગ્રંથમાં ગ્રંથકારે પ્રશ્ન કર્યો કે આટલા બધા સચિત્ત પુષ્પો હોય તો, સાધુ-સાધ્વીજી ભગવંતો તેના પર ચાલીને પ્રભુની દેશનામાં શી રીતે જાય ? કારણ કે સાધુ-સાધ્વી તો સચિત્ત ફૂલનો સ્પર્શ પણ ન કરે, તો તેના પર પગ શી રીતે મૂકે ?
  (આ ફૂલો દેવોએ વિકુર્વેલા નથી હોતા, સાચા ફૂલો હોય છે.)
  પછી તેનો ગ્રંથકારે જ જવાબ આપ્યો છે કે પ્રભુનો એવો અતિશય છે - પુણ્યપ્રભાવ છે કે કરોડો દેવો-મનુષ્યો આ પુષ્પો પરથી ચાલીને જાય, તો પણ પુષ્પના જીવોને કિલામણા નથી થતી, ઊલટું અમૃતનું સિંચન કર્યું હોય તેવો આનંદ થાય છે. અને એટલે સાધુ-સાધ્વી ભગવંતો તેના ઉપર ચાલીને પ્રભુની દેશનામાં જાય, તેમાં કોઈ વાંધો નથી !

  -પ્રવ. સારો. ટીકા, ૪૪૦

- શતાવધાન કરનારાઓ એક સાથે પૂછાયેલા સો પ્રશ્નોનો ક્રમસર જવાબ

આપે છે. સંતિકરંના રચયિતા પૂ.આ. ભગવંત મુનિસુંદરસૂરિ સહસ્રાવધાની હતા, એટલે કે એમને એક સાથે ૧ હજાર પ્રશ્નો પૂછાય તેનો જવાબ ક્રમસર આપી શકે.

પ્રભુની વાણીનો અતિશય એવો છે કે પ્રભુને ગમે તેટલા જુદા જુદા પ્રશ્નો પૂછાય, તેનો જવાબ પ્રભુ ક્રમથી નહીં પણ એક જ વાક્યમાં આપે છે. પ્રભુ એવું વાક્ય બોલે કે જેમાંથી સૌને પોતાનો જવાબ મળી જાય. આપણને આ આશ્ચર્યજનક - અસંભવિત લાગે, પણ આ શક્ય છે, એ હકીકત છે.

એ જ પ્રભુનો અતિશય-પ્રભાવ છે.

અકબરના દરબારમાં આ વાત કરવામાં આવી ત્યારે અકબરને પણ આ અસંભવ લાગ્યું હતું. ત્યારે સમયસુંદર ઉપાધ્યાયે "**राजा नो ददते सौख्यम्**" આ એક જ વાક્યના જુદા જુદા ૮ લાખ અર્થો કરીને બતાવ્યા હતા, અને સિદ્ધ કરી આપ્યું હતું કે ૧ વાક્યના અનેક અર્થો નીકળી શકે છે, અને એ રીતે પ્રભુ જવાબ આપી શકે કે જેનાથી બધા પ્રશ્નોનો ઉત્તર એક સાથે બધાને મળી જાય. પૂ. સમયસુંદરજીએ જે ૮ લાખ અર્થો કરીને બતાવ્યા હતા, તેનો ગ્રંથ આજે પણ વિદ્યમાન છે.

આ વાત સમજાવવા શાસ્ત્રમાં ૧ કથા આવે છે. ૧ ભીલ જંગલમાં પોતાની પત્નીઓ સાથે જઈ રહ્યો હતો ત્યારે તેની પત્નીઓએ જુદા જુદા પ્રશ્નો કર્યા. ૧ પત્નીએ કહ્યું, "મને તરસ લાગી છે. પાણી લાવી આપો."

બીજીએ કહ્યું, "મને ગીત સાંભળવાનું મન થયું છે, કોઈ ગીત સંભળાવો."

ત્રીજીએ કહ્યું, "મારે માંસ ખાવું છે, મને માંસ લાવી આપો."

આ બધાને ભીલે એક જ વાક્યમાં જવાબ આપ્યો. '**सरो नत्थि।**' તેનો અર્થ આ રીતે →

પહેલી પત્નીને પાણી જોઈતું હતું - તેણીને કહ્યું, "**सरो नत्थि** - અહીં સરોવર નથી. પાણી ક્યાંથી લાવું ?"

બીજી પત્નીને ગીત સાંભળવું હતું - તેણીને કહ્યું, "**सरो नत्थि** - મારા ગળામાં સ્વર નથી. ગીત ક્યાંથી સંભળાવું ?"

ત્રીજી પત્નીને માંસ ખાવું હતું. તેણીને કહ્યું, "**सरो नत्थि** - બાણ નથી - શિકાર શી રીતે કરું ?"

આમ એક જ વાક્યમાં બધાના જવાબ આપ્યા.

- પરમાત્માનું રૂપ એટલું તેજસ્વી હોય છે કે નરી આંખે જોઈ ન શકાય. એટલે દેવો પ્રભુની પાછળ ભામંડલની રચના કરે છે, જે સૂર્ય કરતાં બાર ગણું તેજસ્વી હોય છે. તે પ્રભુના તેજને સંહરી લે છે, જેના કારણે પ્રભુનું રૂપ જોઈ શકાય છે.

  પ્રભુના રૂપનું વર્ણન કરતાં શાસ્ત્રકારો લખે છે કે સર્વ દેવોનું સર્વ રૂપ ભેગું કરીને એક અંગુઠા જેટલા ક્ષેત્રમાં કેન્દ્રિત કરવામાં આવે, તો પણ પ્રભુના રૂપની સામે કાળા કોલસા જેવું લાગે !

  દેવોનું રૂપ કેવું હોય તે જાણવા → મનુષ્યોમાં અરિહંત-ગણધરને બાદ કરતાં શ્રેષ્ઠ રૂપ ચક્રવર્તીનું હોય છે, તેવા ભરત ચક્રવર્તીની પ્રાર્થનાથી ઈન્દ્રએ તેમને માત્ર એક આંગળી જ દેખાડી, તેનાથી ભરત મહારાજા એટલા અંજાઈ ગયા કે, તેની ખુશીમાં ૮ દિવસ ઈન્દ્ર મહોત્સવ કર્યો !!
- સમવસરણમાં પ્રભુ પૂર્વાભિમુખ બેસે છે. બાકીની ત્રણ દિશામાં દેવો પ્રભુની આબેહૂબ પ્રતિકૃતિની રચના કરે છે. જોનાર સહુને એવું જ લાગે કે, પ્રભુ મારી સામે જ બેઠા છે.

  પણ દેવો પોતાની તાકાતથી પ્રભુની પ્રતિકૃતિ બનાવી શકતા નથી. પ્રભુના પુણ્યપ્રભાવથી જ તે શક્ય બને છે.
- પ્રભુએ જે તીર્થંકર નામકર્મ બાંધ્યું છે, તેનો ઉદય તો કેવળજ્ઞાન થયા પછી થાય છે, પરંતુ જન્મથી જ પ્રભુનું પુણ્ય એટલું પ્રચંડ હોય છે કે જન્મ થતાં જ ચોસઠે ઈન્દ્રોના સિંહાસન કંપાયમાન થાય છે, તેઓ મેરુ પર્વત પર પ્રભુનો જન્માભિષેક કરે છે.
- પાંચે ભરત અને પાંચે ઐરવતમાં એક સાથે જ પ્રભુનો જન્મ થાય છે. એટલે દશે પરમાત્માનો જન્માભિષેક પણ સાથે જ થાય છે !! મેરુપર્વત પાંચ છે, દરેક મેરુ ઉપર પ્રભુના અભિષેક માટે છ-છ સિંહાસન છે. ૪ મહાવિદેહના તીર્થંકરો માટે, ૧ ભરતક્ષેત્રના તીર્થંકર માટે અને ૧ ઐરવત ક્ષેત્રના તીર્થંકર માટે...

  જ્યારે ભરત-ઐરવતમાં રાત હોય ત્યારે મહાવિદેહમાં દિવસ હોય અને પ્રભુનો જન્મ મધ્યરાત્રિએ જ થાય, એવો નિયમ છે. એટલે જ્યારે ભરત-ઐરવતમાં જન્મ થાય, ત્યારે મહાવિદેહમાં જન્મ થઈ શકતો નથી.
- પ્રભુનો અભિષેક ૧ કરોડ ૬૦ લાખ કળશોથી થાય છે. અને તે દરેક કળશનું નાળચું ૧ યોજન (૮ માઈલ) લાંબું હોય છે. કેટલાં પાણીનો ધોધ

વહેતો હશે, તેની માત્ર કલ્પના જ કરી શકાય !

- પ્રભુનું પુણ્ય અજબગજબનું છે તે ચોંત્રીસ અતિશયો, વાણીના પાંત્રીસ અતિશયો જાણીએ તો સમજી શકાય. ચોમાસીના દેવવંદનમાં બોલાતા શ્રી ઋષભદેવ ભગવાન, શ્રી શાંતિનાથ ભગવાન, શ્રી નેમિનાથ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન અને શ્રી મહાવીરસ્વામી ભગવાનના સ્તવનોમાં આ ચોત્રીસ અતિશયોનું વર્ણન ખૂબ સરળ ગુજરાતી ભાષામાં કરેલું છે. તેમ અરિહંત વંદનાવલીમાં પણ ટૂંકમાં સુંદર વર્ણન છે. એ બધા સ્તવનો/સ્તુતિઓ ભણીને કે કોઈપણ રીતે પ્રભુના પુણ્યની પ્રકૃષ્ટતા જાણીએ, તો પ્રભુ પ્રત્યેનો આપણો બહુમાનભાવ અપાર વધી જશે.
- પ્રભુ માત્ર સર્વોત્કૃષ્ટ પુણ્યના જ સ્વામી નથી, સર્વોત્કૃષ્ટ ગુણોના પણ માલિક છે, અને વાસ્તવિક મહાનતા, ગુણના સ્વામિત્વથી છે.
- પ્રભુનો સર્વોત્કૃષ્ટ ગુણ છે, કરુણા. પૂર્વના ત્રીજા ભવે, જગતના સર્વ જીવોને સંસારથી તારવાની, સર્વ દુઃખોથી મુક્ત કરવાની, શાશ્વતકાળ માટે સુખી કરી દેવાની પ્રકૃષ્ટ કરુણા ભાવના પ્રભુ ભાવે છે, જે તેમને તીર્થંકર નામકર્મની ભેટ ધરે છે.
- પરમાત્માના કાનમાં ખીલા ઠોકાણાં, તોયે પ્રભુએ જરાપણ ગુસ્સો નથી કર્યો. આપણા કાનમાં બે-ચાર કટુ વચનો પડે, તો પણ આપણે ગુસ્સાથી રાતાપીળા થઈ જઈએ છીએ, ક્યાં પ્રભુ અને ક્યાં આપણે ?
- જ્યાં સુધી જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ હૃદયમાં સ્થાપિત થતો નથી, ત્યાં સુધી કોઈપણ આરાધના, ધર્મ બનતી નથી.

  – ધર્મબિંદુ, ૧/૩

  એક જીવ પ્રત્યે પણ તિરસ્કાર/વૈર હૃદયમાં ભરેલો હશે, તો આપણી આરાધના સફળ નહીં થાય.
- આપણા ગમે તેટલા દુશ્મન હોય, તેનાથી આપણો મોક્ષ અટકતો નથી, પણ આપણા હૃદયમાં એક જીવ પ્રત્યે પણ જો દુશ્મનાવટ હશે, તો આપણો મોક્ષ થવાનો નથી, એ નિશ્ચિત છે.
- પ્રભુના કાનમાં ખીલા ઠોકાણાં કારણકે અઢારમા ભવે પ્રભુએ શય્યાપાલકના કાનમાં સીસું રેડેલું... આ વાત આપણને સરળતાથી સમજાય છે, પણ આપણા જીવનમાં દુઃખ આવે, કોઈ આપણને હેરાન કરે, ત્યારે આપણે

પૂર્વભવોમાં કોઈને દુઃખ આપ્યું હશે/કોઈને હેરાન કર્યા હશે, તેથી જ આપણને ફળ મળી રહ્યું છે, એ આપણને યાદ નથી આવતું ! અને આપણે તરત જ અકળાઈ જઈએ છીએ, ગુસ્સે પણ થઈ જઈએ છીએ !

- તર્કથી કદાચ સામી વ્યક્તિની ભૂલ સિદ્ધ થઈ શકતી હોય તોપણ, આપણને જે કંઈ ભોગવવું પડ્યું હોય, તેનું મૂળ કારણ તો આપણું પોતાનું જ પૂર્વભવનું કર્મ, આપણી જ ભૂલ કારણ છે, એ નિશ્ચિતપણે સમજી રાખો. કોઈએ ખરેખર તમને છેતર્યા હોય ત્યારે તમે કહો છો, ''સાહેબ, એણે મને છેતર્યો, એટલે એના પર ગુસ્સો આવે જ ને !''
અમે તમને એ પૂછીએ છીએ, કે એને બીજા કોઈને છેતરવાનું મન ન થયું ને તમને જ છેતરવાનું મન કેમ થયું ? એનું કારણ તમારું જ પૂર્વભવનું કર્મ છે. એટલે ખરેખર તો ભૂલ તમારી જ છે.
- તમે સંવત્સરીને દિવસે 'મિચ્છા મિ દુક્કડમ્' બોલીને ક્ષમા માંગો છો... 'મિચ્છા મિ દુક્કડમ્'નો અર્થ છે, મારા પાપ (દુષ્કૃત) મિથ્યા થાઓ. હવે જ્યાં સુધી 'મેં પાપ કર્યું છે' એવું તમારું હૃદય સ્વીકારે જ નહીં, ત્યાં સુધી 'મિચ્છા મિ દુક્કડમ્' માંગવાનો અર્થ શો ?
એટલે પહેલા એ સ્વીકારવું પડે કે 'મેં જ પાપ કર્યું છે' ***(દેખીતી રીતે સામાની ભૂલ હોય તો ય ઉપર જણાવ્યું તેમ, આપણી પૂર્વભવની ભૂલ જ મુખ્ય કારણ-પાપ છે.)*** પછી જ 'મિચ્છા મિ દુક્કડમ્' સાચું કહેવાય. બાકી 'મિચ્છા મિ દુક્કડમ્' આપ્યા પછી પણ જો તમે એમ જ માનતા હો કે ભૂલ તો એની જ છે/હતી. તો તમારું મિચ્છા મિ દુક્કડમ્ એ માત્ર દ્રવ્યક્રિયા છે, સાચી ક્ષમાપના નથી.
- સામાની ભૂલને સંપૂર્ણપણે ભૂલી જઈએ, તે જ સાચી ક્ષમાપના છે.
- કોઈની પણ સાથે દુશ્મનાવટ રાખવાની નથી, તેમાં ય સંઘ કે સંઘના સભ્યોની સાથેની દુશ્મનાવટ એ ભવાંતરમાં સંઘની પ્રાપ્તિ દુર્લભ કરાવનાર છે.
- ગુસ્સો છોડવા આટલું વિચારો →
દારૂ પીધેલો માણસ ગમે તેમ બોલે તોયે તમે ગુસ્સે નથી થતા, કારણકે

તમે જાણો છો કે આ માણસ નથી બોલતો, દારૂ બોલી રહ્યો છે. તેમ કોઈપણ વ્યક્તિ કદાચ પ્રતિકૂળ વર્તન કરે, ત્યારે વિચારવું કે એ વ્યક્તિ નથી કરતી, તેનું મોહનીય કર્મ તેની પાસે પ્રતિકૂળ વર્તન કરાવે છે, તો ગુસ્સો નહીં આવે !

- આપણને ૧ રાતમાં ૧ મચ્છર, ૨૦ વાર કરડે તો પણ એના પ્રત્યે ક્ષમા રાખવી/મૈત્રી ટકાવવી/કરુણા ભાવવી મુશ્કેલ છે - લગભગ અશક્ય છે. પ્રભુની ઉપર સંગમે ૧ જ રાતમાં ૨૦ મહાભયાનક ઉપસર્ગો કર્યા તો પણ પ્રભુની સંગમ પ્રત્યેની કરુણામાં સ્હેજ પણ ઓટ આવી નથી.
- કદાચ કોઈની એક-બે ભૂલ આપણે માફ કરીએ, તોયે એકની એક ભૂલ ત્રીજી-ચોથી વાર કરે, તો આપણે ઉશ્કેરાઈ જઈએ.
  આપણે અનંતવાર ભૂલ કરી, પ્રભુએ તેને અનંતવાર માફ કરી છતાં આપણે સુધર્યા નથી. અને છતાં પ્રભુની આપણા પ્રત્યેની કરુણામાં જરાય ઘટાડો થયો નથી !
- પ્રભુનો ઉત્કૃષ્ટકક્ષાનો ગુણ છે, અપ્રમત્તતા...
  પ્રભુવીર ૧૨ા વર્ષના સાધનાકાળમાં એકે વાર પલાંઠી વાળીને બેઠાં પણ નથી. લાંબા થઈને સૂવાની તો કોઈ વાત જ નહીં. સતત કાયોત્સર્ગ ધ્યાનમાં જ રહેવાનું !
  કાઉસ્સગ્ગમાં ઊભા ઊભા થાકથી ઝોકું આવી ગયું હોય તેવો પ્રભુનો નિદ્રાકાળ ૧૨ા વર્ષમાં કુલ ૧ અંતર્મુહૂર્તનો (૪૮ મિનિટથી ઓછો) છે.
  ઋષભદેવ ભગવાનના ૧૦૦૦ વર્ષના છદ્મસ્થકાળમાં પ્રમાદકાળ ૧ અહોરાત્ર (૨૪ કલાક)નો છે. એટલે કે ૧ વર્ષમાં દોઢ મિનિટ જેટલો થાય.
- જેની પાછળ બિલાડી પડી હોય, તેવો ઉંદરડો એક ક્ષણ પણ આરામ કરે નહીં.
  દરિયાને તરવા નીકળેલો માણસ વચ્ચે ૧ ક્ષણ પણ થાક ખાવા ઊભો રહે નહીં,
  તો જેની પાછળ ઘડપણ, રોગ અને મૃત્યુ પડ્યા છે, સંસારરૂપી અફાટ સાગરને જેણે તરવો છે, તેવા આપણે આરાધનામાં એક ક્ષણનો પણ પ્રમાદ શી રીતે કરી શકીએ ?

- પ્રભુનું ગાંભીર્ય પણ કેવું છે ?

  જન્મથી ત્રણ જ્ઞાનના ધણી છે, મહાજ્ઞાની છે, છતાં માતા-પિતા તેમને નિશાળે મૂકે, ત્યારે પ્રભુ કહેતાં નથી કે, મને બધું આવડે છે, મારે ભણવાની જરૂર નથી !

  અને આપણી અગંભીરતા કેટલી ? આપણને ખબર હોય, તેવી કોઈ વાત કરવાનું ગુરુદેવ શરૂ કરે, તો તરત જ આપણે કહી દઈએ - 'આ તો મને ખબર છે !'

  સંપૂર્ણ શ્રુતજ્ઞાની, ચૌદ પૂર્વધર, દ્વાદશાંગીના રચયિતા, પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામી પણ, પ્રભુ જે દેશના આપે છે, તે બધું જાણતા હોવા છતાં, વિસ્મિત ચિત્ત સાથે - જાણે પહેલીવાર સાંભળ્યું હોય તે રીતે - સાંભળે છે !

  પ્રભુ પર અનુરાગ હોય તો જાણેલી વાત ફરી સાંભળવામાં પણ આનંદ આવે.

  સંસારમાં એકનું એક પિક્ચર ફરીવાર જોનારા ઘણા હોય છે. ક્રિકેટ મેચનું 'Replay' પણ જોવાય છે.

  નાનો બાબો ૨ વર્ષનો થાય - બોલતા શીખે ત્યારે કશું આવડતું નથી. "બા-બા" બોલે છે, છતાં માને કેટલો આનંદ થાય છે ? કારણકે બાળક પર રાગ છે ! તેમ આપણને પ્રભુ પર અનુરાગ હોય તો, પ્રભુનું વચન વારંવાર સાંભળવું ગમે.

- પ્રભુના શરીરમાં એવી પ્રચંડ તાકાત છે કે, ૧ લાખ યોજન (૩૨ કરોડ માઈલ) ઊંચા મેરુપર્વતને દાંડો બનાવીને આખી તિર્ચ્છાલોકની પૃથ્વી (જે અસંખ્ય યોજન લાંબી પહોળી અને ૧ લાખ ૮૦ હજાર યોજન જાડી છે)ને છત્રી બનાવીને ઊંધી કરી શકે !!

  આવા પરમાત્માએ સંગમને ફૂંક મારી હોત તો પણ ક્યાંય જઈને પડ્યો હોત ! છતાં પ્રભુએ માત્ર સહન કરવા માટે જ, કર્મની નિર્જરા કરવા માટે જ, સંગમના બધા જ ઉપસર્ગો સહન કર્યા છે !

  આપણી પૂરેપૂરી શક્તિ હોય કે આવેલા ઉપસર્ગને દૂર કરી શકીએ, અને છતાં આપણે માત્ર કર્મનિર્જરા કરવા માટે જ એ ઉપસર્ગ સહન કર્યા હોય, તેવા પ્રસંગ કેટલા ?

- પ્રભુના હાથે જે વરસીદાન લે, તે પણ ભવ્ય છે, તેવું નક્કી થઈ જાય.

પ્રભુની પ્રતિમા પર જે ફૂલ ચડે, તે પણ ભવ્ય જીવ છે, તેવું નિશ્ચિત થઈ જાય છે.

વિહરમાન પ્રભુને જે ભાવથી વહોરાવે, તેનો ત્રીજે ભવે મોક્ષ નિશ્ચિત થઈ જાય.

આવો પ્રભુનો પ્રભાવ છે.

- પ્રભુની માતાને પ્રસૂતિની કોઈ વેદના ન થાય.

  પ્રભુ જન્મ વખતે રડે નહીં !

  તમે અને હું બધા જ રડેલા, ન રડે તો રડાવે. જ્યારે પ્રભુનો જન્મ પણ આનંદમય છે !

  પ્રભુને કોઈ રોગ ઉત્પન્ન ન થાય.

  પ્રભુ જ્યાં વિચરે ત્યાં પણ સવાસો યોજન ક્ષેત્રમાં કોઈને રોગ થયો હોય તે પણ નાશ પામી જાય ! આવો પ્રભુનો અતિશય છે !

- જેમ પ્રભુનું પુણ્ય પ્રચંડ છે, પ્રભુના ગુણો ઉત્કૃષ્ટ છે, તેમ પ્રભુના આપણા પરના ઉપકારો પણ અતિ મહાન છે.

- પરમાત્માનો સર્વશ્રેષ્ઠ ઉપકાર એ છે કે શુદ્ધ મોક્ષમાર્ગનું દાન પરમાત્માએ આપણને કર્યું.

  ઘણાં ધર્મના સ્થાપકોને મોક્ષ એટલે શું એ જ ખબર નથી.

  ઘણાં મોક્ષનો માર્ગ બતાવવામાં થાપ ખાઈ ગયા છે. બૌદ્ધો કહે છે - ‘‘ખાઓ, પીઓ, મજા કરો. મોક્ષ થઈ જશે !’’

  જો આપણને પ્રભુએ સાચો મોક્ષમાર્ગ ન બતાવ્યો હોત, તો આપણે અનંતકાળ સુધી સંસારમાં રખડ્યા જ કરત... ક્યારેય તેમાંથી આપણો મોક્ષ જ ન થાત. પ્રભુએ કેવો સુંદર-સચોટ-સાચો મોક્ષમાર્ગ બતાવ્યો છે, તે તો જાણીએ ત્યારે આપણે આફરીન પોકારી જઈએ !

- પ્રભુએ દરેક જીવને તેની કક્ષા મુજબ મોક્ષમાર્ગ બતાવ્યો છે. જે બીજા ધર્મોમાં જોવા મળતો નથી.

  જેની જે પણ યોગ્યતા-શક્તિ હોય. તે મુજબનો માર્ગ પ્રભુશાસનમાં છે જ.

  માર્ગાનુસારિતાની કક્ષામાં સાત વ્યસન ત્યાગ વિ. બતાવ્યા.

  શ્રાવકની કક્ષામાં બાર વ્રત વિ. બતાવ્યા.

  સાધુની કક્ષામાં મહાવ્રત, મૂળ-ઉત્તરગુણો વિ. બતાવ્યા.

આમ દરેકને આગળ વધવાનો માર્ગ બતાવ્યો છે. વંકચૂલને માત્ર રાજાની રાણી સાથે પરસ્ત્રીગમન નહીં, કાગડાનું માંસ ખાવું નહીં. જેવી પ્રતિજ્ઞાઓ પણ ગુરુભગવંતે આપી, તેમાંથી પણ મોક્ષમાર્ગ પર ચડી ગયા.

- પરમાત્મા, આપણને મળતાં કોઈપણ સુખના મુખ્ય કારણ છે- (સર્વસંપત્તિહેતુઃ). કારણકે સુખ પુણ્યથી જ મળે છે, પુણ્ય ધર્મથી જ બંધાય છે, અને ધર્મનું ઉદ્‌ગમસ્થાન પરમાત્મા છે.

  જો પરમાત્માએ ધર્મની સ્થાપના ન કરી હોત, તો આપણે ધર્મનું આચરણ શી રીતે કરત ? અને તો પુણ્ય પણ ન બંધાત અને સુખ પણ ન મળત. પરમાત્માની કૃપા ન મળે, તો સાચો શુભભાવ ક્યારેય ઉત્પન્ન થઈ શકતો જ નથી.

- પ્રભુએ માત્ર 'નિષ્પાપ જીવન જીવવું' એટલો જ ઉપદેશ નથી આપ્યો, પણ નિષ્પાપ જીવન શી રીતે જીવી શકાય, તેની વ્યવસ્થિત રૂપરેખા પણ બનાવી આપી છે. સાધુજીવનના આચારોનું વર્ણન શાસ્ત્રમાં વાંચીએ, ત્યારે ખબર પડે કે એક પણ પ્રકારનું પાપ લાગી ન જાય, તે માટે કેટલી સૂક્ષ્મ કાળજી દરેકે દરેક વાતમાં શાસ્ત્રકારોએ બતાવી છે !

- પ્રભુ માત્ર ઉત્સર્ગમાર્ગ બતાવીને અટકી નથી ગયા, ઉત્સર્ગનું પાલન ન થઈ શકે, ત્યારે અપવાદમાર્ગ આચરવાની છૂટ આપી. એટલું જ નહીં, અપવાદ શી રીતે આચરવો, તેની વિધિ પણ ઝીણામાં ઝીણી વિગતો સાથે બતાવી છે. ઉત્સર્ગ-અપવાદ બંનેની દેશના, માત્ર પ્રભુના શાસનમાં જ છે !

  દા.ત. સાધુને ઉત્સર્ગથી રોજ એકાસણું કરવાનું વિધાન કર્યું છે, પણ અસહિષ્ણુ હોય તો નવકારશી કરવાની છૂટ આપી, એટલું જ નહીં, નવકારશી માટે ક્યારે-શી રીતે-શું વહોરવું, કેટલું-શું-કેવી રીતે વાપરવું, તે બધું જ બતાવેલું છે.

  આ બધું જાણીએ ત્યારે પ્રભુની સર્વજ્ઞતામાં શંકા ન રહે. પ્રભુની કરુણા માટે ગદ્‌ગદ થઈ જવાય અને પ્રભુના આ પરમ ઉપકાર માટે આપણું શિર ઝૂકી જાય...!

પ્રભુભક્તિ

- માર્ગનો ઉપદેશ એ પ્રભુનો પ્રત્યક્ષ ઉપકાર છે, તો પ્રભુની ભક્તિથી જે કંઈ ફળ મળે છે, તે પ્રભુનો પરોક્ષ ઉપકાર છે, કારણકે તેમાં પ્રભુ સાક્ષાત્ કશું કરતા નથી, પણ પ્રભુના આલંબને આપણને શુભ ભાવ જાગે છે, પુણ્ય બંધાય છે, અને તેનાથી ફળ મળે છે. તેમાં પ્રભુ મહત્ત્વનું નિમિત્ત બનતા હોવાથી, એ પણ પ્રભુનો જ ઉપકાર છે.
- મહાજ્ઞાની, ન્યાયવિશારદ, બુદ્ધિના ખાં કહી શકાય તેવા, કદાચ કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્ય પછી ૯૦૦ વર્ષમાં જેના જેવા વિદ્વાન જૈન શાસનમાં નહીં થયા હોય, તેવા મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા (૩૨-૩૨) ગ્રંથમાં લખ્યું છે →
  "શ્રુતજ્ઞાન રૂપી સમુદ્રનું મંથન કરીને મને આ જ સાર પ્રાપ્ત થયો કે, પ્રભુની ભક્તિ એ જ મોક્ષનું કારણ છે." — **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા, ૪/૩૨**
- ભારેખમ લાકડાને ઘણા માણસો ભેગા થઈને પણ ન ઘસડી શકે. અને એ જ લાકડાની નીચે પાણી આવી જાય, તો નાનો બાળક પણ તેને ધક્કો મારીને તરાવી શકે. તેમ મોક્ષમાર્ગની સાધના અતિકઠિન છે, આપણા માટે તે દુઃશક્ય છે, પરંતુ પ્રભુભક્તિરૂપી પાણી જો આવી જાય, તો તે સાધના ઘણી સરળ બની જાય !
- ધર્મમાર્ગમાં પ્રવેશ થાય, ત્યારે જીવનું સૌથી પહેલું સુકૃત હોય છે, અરિહંત પરમાત્માને ભાવપૂર્ણ નમસ્કાર...

  – યોગદૃષ્ટિ સમુચ્ચય, ૨૩
- પ્રભુભક્તિ ગમે તેવા કર્મોને ખપાવી દેવાની તાકાત ધરાવે છે. ભક્તામરના રચયિતા માનતુંગસૂરિ મહારાજ સાહેબની બેડીઓ પ્રભુની સ્તુતિ કરતાં કરતાં તૂટતી ગઈ...

  કદાચ નિકાચિત કર્મો, પ્રભુની ભક્તિથી ન તૂટે, તો પણ પ્રભુની ભક્તિથી એવા સત્ત્વ-શક્તિ પેદા થઈ જાય છે કે, નિકાચિત કર્મના ઉદયે, પ્રતિકૂળ પરિસ્થિતિ પેદા થાય, તો પણ મન ખળભળતું નથી... સ્વસ્થતા/સમાધિ ટકી રહે છે !
- પરમાત્મા આપણને શરણ આપવા, આપણું રક્ષણ કરવા તૈયાર છે, પણ તેની શરત એ છે કે પહેલાં આપણે જેનું શરણ લીધું છે, તે બધા પૈસા-

પરિવાર વિ.ને છોડવા પડે.
अन्यथा शरणं नास्ति, એ પહેલાં બોલવાનું છે,
त्वमेव शरणं मम, એ પછી બોલવાનું છે...
તમારી મુશ્કેલી એ છે કે તમારે પૈસા વિ. છોડવા નથી અને છતાં પરમાત્મા તમને શરણ આપે, તેવું ઇચ્છો છો !
જીવનમાં આપત્તિ આવે ત્યારે પણ પહેલાં તો પૈસા-પુત્રાદિ સ્વજનો દ્વારા જ એ આપત્તિ દૂર કરવાનો પ્રયત્ન કરો છો, બધા જ નિષ્ફળ જાય, ત્યારે છેલ્લે પરમાત્માને યાદ કરો છો !

'ઉપમિતિ ભવપ્રપંચાકથા' નામના ગ્રંથમાં ગ્રંથકાર સિદ્ધર્ષિ ગણિએ ખૂબ સુંદર રીતે આ વાત જણાવી છે. ભિખારીને ચપ્પણિયામાં એંઠવાડ મળ્યો છે. ધર્મબોધકર ગુર તેને કહે છે કે "એંઠવાડ ફેંકી દે તો અમૃત આપું." પણ ભિખારીને શ્રદ્ધા નથી. તે કહે છે "એંઠવાડ તો મારા પ્રાણ છે. તેના વિના હું ખાઈશ શું ? જીવીશ શી રીતે ? હું એંઠવાડ ફેંકી દઉં, પછી તમે અમૃત ન આપો તો ? અથવા અમૃત મને ન ફાવે તો ? એટલે એંઠવાડ હું નહીં ફેંકું. તમારે અમૃત આપવું હોય તો આ એંઠવાડની અંદર આપો."

આ ભિખારી જેવી જ કરુણ હાલત તમારી પણ છે ! સંસારની સામગ્રી રૂપી એંઠવાડ, જીવતર રૂપી ચપ્પણિયામાં તમને મળ્યો છે. અમે કહીએ છીએ, આ એંઠવાડ ફેંકી દો, તો સર્વવિરતિ રૂપી અમૃત આપીએ... પણ તમે એંઠવાડને તમારો પ્રાણ માનો છો. તેના વિના જીવી ન શકાય, તેવું માનો છો. અને એટલે તેને ફેંકવા તૈયાર થતા નથી. અને સર્વવિરતિરૂપી અમૃત પર તમને શ્રદ્ધા નથી. "મને ન ફાવ્યું તો ?" એવી શંકા થાય છે, એટલે તમે અમને કહો છો, "અમે પૈસા-પુત્ર-પત્ની-પરિવાર છોડવાના નથી. તમારે ધર્મ આપવો હોય તો એની ભેગો આપો !" એટલે એંઠવાડમાં અમારે અમૃત ભેગું આપવું પડે છે - દેશવિરતિ - નાના નાના નિયમો રૂપી ધર્મ આપીએ છીએ...

કરુણતા તો આગળ સર્જાય છે. પેલો ભિખારી એંઠવાડ ભેગું આપેલું અમૃત ખાય છે. એનાથી એને સ્વાદ આવે છે, રોગો કેટલાક નાશ પામે છે, કેટલાક ઘટે છે, કંઈક સ્વસ્થતા આવે છે. સુખનો અનુભવ થાય છે. આ બધો પ્રભાવ છે તો - અમૃતનો, પણ પેલા ભિખારીને લાગે છે કે એ

બધો એંઠવાડનો પ્રભાવ છે !... એટલે વધુ એંઠવાડ ખાય છે.

તમારી હાલત પણ એવી જ છે ! તમને સંસારમાં જે કંઈ સુખ મળે છે, તે વાસ્તવમાં પૂર્વે કરેલા ધર્મનો જ પ્રભાવ છે. પણ તમને લાગે છે કે સંસારની સામગ્રીમાંથી સુખ મળે છે. એટલે વધુ સામગ્રી ભેગી કરો છો ! કેવી કરુણ કથની !

- પ્રભુભક્તિનો શ્રેષ્ઠ લાભ ત્યારે જ પ્રાપ્ત થઈ શકે, જ્યારે પ્રભુ પ્રત્યે આંતરિક પ્રીતિ-બહુમાન છલોછલ હોય. અને જેને પ્રભુ પ્રત્યે છલોછલ ભક્તિ હોય તે પ્રભુભક્તિમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ દ્રવ્યોનો જ ઉપયોગ કરે ! તમારા ઘરે મોંઘેરા મહેમાન આવ્યા હોય, તો તમે સારામાં સારી વસ્તુ જ જમાડો. ભાત પણ બાસમતી ચોખાના કરો, થાળી-વાટકા-આસન પણ કબાટમાંથી નવા કાઢો છો.

  જો પ્રભુ મળ્યાની કિંમત સમજાતી હોય, તો પ્રભુની ભક્તિ પણ શ્રેષ્ઠતમ દ્રવ્યોથી જ થાય.

  જેમ દ્રવ્ય ઊંચું, તેમ ભાવ પણ ઊંચા... એ તો અનુભવસિદ્ધ હકીકત છે.

  મહેમાનને રોટલી-દાળ જમાડવામાં જે ભાવ આવે, તેના કરતાં શ્રીખંડ-પુરી જમાડવામાં વધુ ભાવ આવે, એ તો સીધી સાદી વાત છે.

  તો પ્રભુની ભક્તિમાં દ્રવ્યો જેટલા ઊંચા, તેટલો ભાવ પણ ઊંચકાશે. સાદા ફૂલ ચડાવવા કરતાં મઘમઘાયમાન થતાં સુગંધી, વિવિધ વર્ણના ફૂલો હોય તો સહેજે ભાવ વધી જાય.

  સંસારની શક્તિસંપન્ન વ્યક્તિને મળવાનું હોય, તો સારામાં સારી ભેટ લઈને જ જતા હો છો, તેમ પ્રભુને મળવા જઈએ ત્યારે શ્રેષ્ઠતમ દ્રવ્યો લઈને જ જવાય..........

- દેરાસરમાં જેને પથ્થર દેખાય, તે નાસ્તિક છે.
  દેરાસરમાં જેને પ્રભુની પ્રતિમા દેખાય, તે આસ્તિક છે.
  દેરાસરમાં જેને સાક્ષાત્ પરમાત્મા દેખાય, તે ખરો પ્રભુભક્ત છે.

  સાક્ષાત્ પરમાત્માના દર્શનના સ્વપ્નથી પણ રોમાંચ ખડા થઈ જાય, તો જેને દેરાસરમાં સાક્ષાત્ પરમાત્મા દેખાય તેનું હૃદય ભક્તિથી કેવું ઉછાળા મારે ?

- પરમાત્માની પ્રતિમાને સ્પર્શ કરવાનો અધિકાર આબાલગોપાલ સહુને મળતો હોય, એવું માત્ર જૈન ધર્મમાં છે.
  કેટલાક ધર્મો મૂર્તિમાં જ નથી માનતા.
  કેટલાક ધર્મો મૂર્તિમાં માને છે, પણ મૂર્તિપૂજામાં નથી માનતા. કેટલાક ધર્મો મૂર્તિપૂજામાં માને છે, પણ ત્યાં મૂર્તિની પૂજાનો અધિકાર - monopoly કેટલાક પંડાઓ-પૂજારીઓને જ અપાયેલો છે.
  જૈન દર્શન માત્ર એવું છે, જ્યાં સહુ કોઈ પ્રભુની પૂજા કરી શકે. આવું સદ્‌ભાગ્ય તમને મળ્યું છે, પછી પણ પ્રભુપૂજામાં જો આળસ કરો, તો તમે સુવર્ણ તકને વેડફી નાંખો છો !
- પ્રભુની પૂજાનું તમારે મન મૂલ્ય કેટલું ?
  પાંચ-પચીસ હજારના સોદા માટે, પ્રભુપૂજાના સમયમાં ઘટાડો ન જ કરો ને ?
  લાખ-બે લાખ મળતા હોય, તો પણ જ્યાં પ્રભુનું દેરાસર ન હોય, પ્રભુની પૂજા વિના રહેવું પડે, એવા સ્થળે ધંધા માટે ન જ જાવ ને ?
  કરોડો રૂપિયાની કમાણી થતી હોય તો યે જ્યાં મહિનાઓ/વર્ષો સુધી પ્રભુપૂજા વિના રહેવું પડે, તેવા વિદેશમાં ન જ જાવ ને ?...
  પ્રભુની પૂજાની કિંમત જેને મન કરોડો રૂપિયાથી અધિક હોય, તે આવું ન જ કરે...
  પ્રભુની પૂજા, કેવું પુણ્ય બંધાવે છે ?
  ૧૮ ફૂલની પૂજા, કુમારપાળને ૧૮ દેશનું રાજ્ય અપાવે... એવી પૂજાને બે-પાંચ લાખ રૂપિયા માટે છોડો, તે સોદો નુકસાનનો કે નફાનો ?
- પ્રભુ પોતાની ભક્તિ કરનારને પોતાની જેવા જ બનાવી દે છે ! પ્રભુ વીરના શાસનમાં શ્રેણિક, સુલસા, રેવતી વિ. ૯ શ્રાવક-શ્રાવિકાઓએ તીર્થંકર નામકર્મ બાંધ્યું છે.
  દુનિયાના કોઈ ધર્મમાં એવી વાત નથી કે પ્રભુની ભક્તિ કરતાં કરતાં તમે જ પ્રભુ બની જાવ ! વધુમાં વધુ સ્વર્ગની વાત કરે. માત્ર જૈનધર્મમાં કહ્યું છે- "જિનની ભક્તિ કરતાં કરતાં જિન બની જશો."
- પ્રભુની અષ્ટપ્રકારી પૂજારૂપી ભક્તિ તમે જાતે જ કરો ને ? જે પ્રભુને ભરાવવાના-પ્રતિષ્ઠા કરવાના-ધજાના ચડાવા લાખો-કરોડો રૂપિયામાં તમે લો, એ જ પ્રભુની પ્રતિષ્ઠા થયા પછી એ પૂજારીને સોંપી દો; એની

વ્યવસ્થિત પૂજા કરવાનો સમય શ્રાવકને ન હોય, એ કેટલી કરુણતા છે !

આજે કેટલાક શ્રાવકો(?) એવા છે કે જેને અષ્ટપ્રકારી પૂજા-અંગલૂછણાં કેમ કરાય તે પણ આવડતું નથી.

પ્રભુના અંગલૂછણાં પૂજારી કરતો હોય ત્યારે પ્રક્ષાલ/કેસરપૂજાના હજારો-લાખો રૂા.ના ચડાવા બોલનાર બેઠાં બેઠાં જોયા કરતાં હોય એ દૃશ્ય જોઈને દુઃખ ઉપજે છે. જેવો પૂજાનો લાભ છે તેવો જ અંગલૂછણાંનો પણ લાભ છે, તે લાભ લેવાનું - મફતમાં મળતો હોવા છતાં - કેમ કોઈને મન નહીં થતું હોય ?

પૂજારી પેટ માટે પૂજા કરે છે. તેને ભગવાન પ્રત્યે કેટલો આદર-કેટલો પ્રેમ હોય, એ પ્રશ્ન છે. મોટે ભાગે વેઠ જ ઊતરતી હોય એવા દૃશ્યો જોવા મળે છે.

એ બધી આશાતનાનું મૂળ કારણ શ્રાવકોની નિષ્ક્રિયતા છે. જો શ્રાવકો પોતે જ પૂજાનું કાર્ય સંભાળી લે, તો આવો સમય ન આવે.

કેટલાય દેરાસરો એવા છે જ, જ્યાં સંપૂર્ણ પૂજાવિધિ શ્રાવકો કરે છે !

- ત્રણ લોકના નાથ એવા પ્રભુના અંગલૂછણાં પીળાં પડી ગયા હોય-ફાટેલાં હોય... સુખડના બદલે લાકડું ઘસીને જ પૂજા થતી હોય, ધૂપના સ્થાને ધૂમાડો થતો હોય, એ લાખો-કરોડોપતિ શ્રાવકોને માટે શરમની વાત ગણાય. દરેક ગામ/શહેરમાં એક-એક શ્રાવક, એક-એક વસ્તુનો ખર્ચો ઉપાડી લે, તો કોઈ ફંડફાળા કરવાનો વારો જ ન આવે.

  પણ કોને ખબર કેમ ? પ્રતિષ્ઠાદિ રૂપે પ્રભુભક્તિમાં કરોડો રૂપિયા ખર્ચનારાને પણ, આ પ્રકારની ભક્તિમાં લાભ લેવાનું મન થતું નથી!

  દરેક શ્રાવક એવું વિચારે કે આ પ્રભુ 'મારા' છે. અને તેની ભક્તિ મારે કરવાની છે, તો આ સમસ્યા આજે જ ઉકેલાઈ જાય.

- પ્રભુભક્તિ માટે થતાં પૂજનોમાં ઘણીવાર 'ફારસ' થતું હોય છે. પ્રભુની ભક્તિ/પૂજાના દ્રવ્યોની ઉપેક્ષા થાય, પૂજનમાં બેસનારા કોઈ ન હોય... અને જમણવારની પૂરેપૂરી કાળજી રખાય, મહેમાનોની સરભરા વ્યવસ્થિત થાય. જમણમાં માણસ પણ ઘણું હોય... એવું લાગે કે જમણવાર જ મુખ્ય આયોજન હોય, પૂજન તો નામનું જ હોય.

  ખર્ચો પણ જમણવારમાં, પૂજન કરતાં દસ-વીસ ગણો હોય !

આને જિનભક્તિ મહોત્સવ કહેવો કે જનભક્તિ મહોત્સવ ? આવા મહોત્સવથી પુણ્ય બંધાય, કે પ્રભુની થતી ઘોર ઉપેક્ષા-અવહેલના રૂપ આશાતનાથી પાપ બંધાય, એ તો પ્રભુ જ જાણે...

દરેક શ્રાવકે એટલું તો નક્કી કરવું જ જોઈએ કે તે પોતે જો પૂજન ભણાવશે, તો મહેમાનોની ભક્તિ કરતાં પ્રભુની ભક્તિને જ પ્રાધાન્ય આપશે. તેમાં શ્રેષ્ઠ દ્રવ્યો લાવશે, પૂરો સમય હાજરી આપશે.

તેમ બીજા દ્વારા ભણાવાતા પૂજનમાં જાય તો પણ પોતાની સરભરાની અપેક્ષા નહીં રાખે, પણ પ્રભુની ભક્તિ શ્રેષ્ઠ રીતે થાય, એનો જ આગ્રહ રાખશે.

- કોઈ કન્યાના વિવાહ થયા હોય, અને ભાવિ પતિ, ઘરે જમવા આવ્યો હોય.તે વખતે તેને બજારમાંથી લાવેલી સારામાં સારી મીઠાઈ જમાડે; તેમાં વધુ ભાવ હોય કે પોતે બનાવેલી સાદી પૂરણપોળી જમાડે. તેમાં?

સભા : પોતે બનાવેલી પૂરણપોળીમાં જ.

બસ, આ જ ન્યાય પ્રભુભક્તિમાં લાગે છે. લગભગ બધાની ફરિયાદ છે, કે "સાહેબ, અમે પ્રભુની ભક્તિ તો કરીએ છીએ, પણ તેમાં ભાવ આવતો નથી. તેનું એક મુખ્ય કારણ એ છે કે રેડીમેડ દ્રવ્યોથી જ તમે પૂજા કરો છો, તેથી ભાવ આવતો નથી. જો પ્રભુપૂજાના દ્રવ્યો બધા જાતે જ તૈયાર કરો-કેસર જાતે ઘસો-દીવાની વાટ પણ જાતે બનાવો... વિ. તો એ બધા સમયે મનમાં એવો ભાવ જાગતો રહેશે કે "આ મારા પ્રભુ માટે છે." અને એના કારણે તમારો ભાવ ઉછળતો જશે. જેમ પતિ માટે રસોઈ બનાવતી કન્યાના મનમાં કે દીકરા માટે સ્વેટર ગૂંથતી માતાના મનમાં સતત ભાવ રમતો હોય છે કે "આ મારા પતિ માટે છે; આ મારા દીકરા માટે છે."

પ્રભુની પૂજાનો વિધિ સ્નાનથી શરૂ થાય છે. સ્નાન કરતી વખતથી જ મનમાં પ્રભુના ગુણોનું ગાન, પ્રભુની અદ્ભુત શક્તિ, કઠોર સાધના વિ.નું રટણ શરૂ થાય, તો પ્રભુની પૂજા કરતી વખતે ભાવોલ્લાસ ઘણા બધા વધુ ઉછળશે, એ નિશ્ચિત છે.

- પ્રભુની ભક્તિમાં મહાપુરુષોના રચેલા સ્તવન વિ. તો આપણે બોલીએ છીએ. એ સારું જ છે. પણ મુશ્કેલી એ છે કે તમને એના અર્થ લગભગ ખબર નથી અને એટલે એનો ભાવ તમને સ્પર્શતો નથી. પ્રભુની સાથે

તન્મય થવું હોય, તો રોજ તમારા પોતાના શબ્દોમાં - જેવા આવડે તેવા - પ્રભુની સાથે વાત કરો. પ્રભુની મહાનતા-આપણી અધમતાની સરખામણી કરો. પ્રભુ પાસે ગુણોની ભીખ માંગો, દોષનાશની પ્રાર્થના કરો... તમને કંઈક નવો જ અનુભવ થશે.

- સાક્ષાત્ પરમાત્મા આપણને ન મળ્યા, તે આપણું દુર્ભાગ્ય. પણ પ્રભુની પ્રતિમા આપણને મળી, તે આપણું પરમ સૌભાગ્ય છે ! એ સૌભાગ્યને છોડીને સંપત્તિ ખાતર દેશાવર જતાં માણસો દયાને પાત્ર છે !
- જે સુખના સમયમાં પરમાત્માનું સ્મરણ કરતો નથી તેને દુઃખના સમયમાં પરમાત્માનું સ્મરણ ગમે, એ બહુ કઠિન છે.

ગુરુભક્તિ

- પરમાત્માને નમસ્કારરૂપી પ્રથમ મંગળ કર્યા પછી, પોતાના ગુરુદેવને નમસ્કારરૂપી બીજું મંગળ શાસ્ત્રકાર કરે છે.
- પરમાત્માનો ઉપકાર અનન્ય છે, પણ પરોક્ષ છે. ગુરુ ભગવંતનો આપણા ઉપર સાક્ષાત્ ઉપકાર છે, પ્રભુની વાણીને આપણા સુધી પહોંચાડનાર ગુરુ ભગવંત છે. પ્રભુએ સ્થાપેલ શાસન આપણા સુધી પહોંચ્યું, તે ઉપકાર પણ ગુરુ ભગવંતનો જ છે ! ગણધર ભગવંતોના અર્થગંભીર શાસ્ત્રોને સરળ ભાષામાં આપણને સમજાવનાર ગુરુ ભગવંત છે. એટલે જ, ગુરુદેવ પણ, પરમાત્મા જેટલા જ આપણા ઉપકારી છે.
- પ્રભુની ભક્તિ પ્રચુર કર્મનિર્જરા કરાવે એ સાચું. પણ પ્રભુ મૌન છે. સ્થાપના નિક્ષેપે મળ્યા છે. અને એટલે આપણા દોષો તરફ આંગળી ચીંધે, આપણને હાથ પકડીને સાચા માર્ગે વાળે, એવું બનતું નથી... ગુરુ ભગવંત જીવંત છે, સાક્ષાત્ છે... એટલે આપણા દોષોને સુધારી શકે છે, આપણું જીવન પરિવર્તન કરી શકે છે. એ અપેક્ષાએ ગુરુદેવનો સત્સંગ પણ જરૂરી છે.
- અપેક્ષાએ, પ્રભુપ્રતિમાના દર્શન સુલભ છે, પણ પંચમહાવ્રતધારી સાધુના દર્શન દુર્લભ છે. કારણકે ૧૪ રાજલોકમાં પ્રભુ પ્રતિમા અસંખ્ય છે, જ્યારે સાધુ-સાધ્વી ભગવંતો ૨૦૦૦ કરોડ જ છે ! ભારતવર્ષમાં પ્રભુપ્રતિમાઓ લાખોની સંખ્યામાં હશે, જ્યારે સાધુ ભગવંતો ૧૦-૧૫

હજાર જ હશે ! એટલે પ્રભુભક્તિના અવસર કરતાં પણ, ગુરુભક્તિનો અવસર દુર્લભ છે.

પ્રભુના દર્શન-પૂજા તમે ઇચ્છો ત્યારે કરી શકો, રોજ કરી શકો, પણ ગુરુદેવની ભક્તિનો લાભ, તમારી ઇચ્છા મુજબ મળી શકતો નથી. મુંબઈની વાલકેશ્વરની બહુમાળી ઇમારતોમાં, ઉપરના માળે રહેનારાઓને ગુરુભક્તિનો લાભ ક્યારેય મળતો નથી, એટલે નીચેના માળેના ફ્લેટોના ભાવ વધુ બોલાતા હોય છે !

- ચારિત્ર લીધા વિના મોક્ષ થવાનો નથી. અને ચારિત્ર માટેનું સત્ત્વ-ઉલ્લાસ પેદા કરવા માટે, ચારિત્રધર સાધુ-સાધ્વીજી ભગવંતો પ્રત્યે અપાર ભક્તિ અને બહુમાન અનિવાર્ય છે.
- ૧૮,૦૦૦ સાધુ ભગવંતને વંદન કરવાથી કૃષ્ણ મહારાજાની ૪ નરક ટળી - ૭મી નરકના બદલે ૩જી નરક થઈ. એટલે નરકના ૨૬ સાગરોપમના દુઃખ ટળી ગયા. જો ગણિત કરો તો ખબર પડશે કે ૧ ગુરુવંદનથી લગભગ દોઢ લાખ કરોડ પલ્યોપમના નરકના દુઃખો ટળ્યા... એટલી તાકાત એક ગુરુવંદનની છે.

  (૧ પલ્યોપમ=અસંખ્ય વર્ષ)

  આવું ગુરુવંદન કરવાનો નિયમ કેટલાને ?

  પરમાત્માની દર્શન-પૂજાનો નિયમ ઘણાને હોય છે, એ બહુ આનંદની વાત છે, પણ દેરાસરને અડીને જ ઉપાશ્રય હોય, ઉપાશ્રયમાં સાધુ ભગવંત બિરાજમાન હોય, તેની ખબર પણ હોય, છતાં દર્શન કરવા આવનારામાંથી ૧૦% લોકો પણ લગભગ ગુરુવંદન કરતાં નથી, એ કેટલી દુઃખની વાત છે ! આટલી ઉપેક્ષાનું કારણ શું ?
- તીર્થોમાં યાત્રા કરવા જાવ, ત્યારે પ્રભુના દર્શન કરો, સાથે ઉપાશ્રયમાં મહાત્મા છે કે નહીં તેની તપાસ કરો ? હોય તો વંદન કરવા જાવ ? તમારી સાથે રસોડું હોય, નાસ્તો હોય, તો ગોચરીના લાભની વિનંતી કરો ?
- જેમ શેત્રુંજય-ગિરનાર વિ. સ્થાવર તીર્થ છે, તેમ સુવિહિત-સંયમી મુનિ ભગવંતો એ જંગમ તીર્થ છે. સ્થાવર તીર્થોની યાત્રા ઘણીવાર કરો છો, પણ ક્યારેય એવો વિચાર આવ્યો ? કે જંગમ તીર્થસ્વરૂપ સંયમી, જ્ઞાની,

તપસ્વી, પ્રભાવક મહાત્માઓના દર્શને નીકળીએ ? તેનાથી તમારું સમ્યગ્દર્શન નિર્મળ થાય, હિતશિક્ષા મળે, સંયમ પ્રત્યેનો આદર વધે, ચારિત્રના અંતરાય તૂટે... વિ. અપાર લાભો થાય.

- યાત્રા કરવા/ફરવા/ગમે તે કારણે ગાડી લઈને બહારગામ જતાં હો, રસ્તામાં વિહાર કરતાં સાધુ કે સાધ્વીજી ભ.ના દર્શન થાય તો ગાડી ઊભી રાખીને વંદન કરો ? કામકાજનું પૂછો ? કદાચ તમારી પાસે નાસ્તો વિ. હોય તો ગોચરી-પાણીનું પૂછો ?

  કૃષ્ણ મહારાજા હાથી પરથી ઊતરીને સાધુને વંદન કરે, અને તમારું Schedule એનાથી વધુ 'ટાઈટ' હોય ? સંયમી પ્રત્યે આદર હોય તો આટલું તો કમ સે કમ થાય.

  ક્યારેક કોઈ સાધુ-સાધ્વીજી ભ.ને રસ્તા વચ્ચે જ કંઈક કામ આવી પડ્યું. તો તમને અણધાર્યો લાભ મળી જાય ! સાધુ-સાધ્વી ભ.ને જોવા છતાં જેની ગાડી ઊભી ન રહે, તે શ્રાવક શી રીતે કહેવાય ?

- ઘરે સાધુ ભગવંત પધારે છતાં છાપું છોડવાનું કે ટી.વી. છોડવાનું મન ન થાય, સોફા પરથી ઊભા ન થાય, વાતચીત કરતાં હોય તે છોડે નહીં, તેવા શ્રાવકો જોવામાં આવે ત્યારે દુઃખ પણ થાય અને કરુણા પણ ઊપજે... 'બિચ્ચારા ! પુણ્ય બાંધવાની તક સામે ચડીને આવી, છતાં પુણ્ય બાંધવાનું મન થતું નથી ! રે, દુર્ભાગ્ય !"

- નાના બાળકને જન્મના પહેલા મહિનાથી પરમાત્માના દર્શન કરાવો છો, પૂજા કરાવો છો, તેના સંસ્કાર આપો છો, ટેવ પડાવો છો, તે ઘણી સરસ વાત છે. પણ સાથે ઉપાશ્રયે જવાના, ગુરુ ભગવંતને વંદન કરવાના, ગોચરી પાણીની વિનંતી કરવાના સંસ્કાર બહુ જૂજ લોકો આપે છે, તે ઘણી દુઃખની વાત છે. આવી ઉપેક્ષાનું શું કારણ ? તે સમજાતું નથી.

- સાધુ ભગવંતના દર્શનની તાકાત કેટલી ?

  દોરડા પર નટડીને મેળવવા માટે નાચી રહેલા ઈલાયચીકુમારને સામેની બારીમાંથી ગોચરી વહોરી રહેલા મુનિ ભગવંતના દર્શન થયા. સોળે શણગાર સજેલી રૂપવતી કન્યા મોદક વહોરવાનો આગ્રહ કરી રહી છે, મુનિ ભગવંતની નજર નીચી ઢળેલી છે, ના પાડી રહ્યા છે - સામે જોવા માટે પણ તૈયાર નથી.

  અને ઈલાયચીકુમારને પોતાની જાત પર ધિક્કાર છૂટ્યો - શુભભાવોની

ધારા ચાલી - કેવળજ્ઞાન સુધી પહોંચી ગયા. મૂળ શું ? સાધુ ભગવંતના દર્શન.

તામલિ તાપસને ૬૦ હજાર વર્ષના અતિઘોર તપ છતાં જે સમ્યક્ત્વ પ્રાપ્ત ન થયું, તે એક મુનિ ભગવંતના દર્શનમાત્રથી થઈ ગયું...

પણ આ દર્શન ફળે કોને ? જેને દર્શન ગમે, હૃદયમાં આનંદની છોળો ઉછળે, વિનય-બહુમાન-ભક્તિ હોય તેને જ...

- ઘરે સાધુ ભગવંત આવવા છતાં, જેને સોફા પરથી ઊભા થવાનું પણ મન ન થાય, તેને સમ્યગ્દર્શન શી રીતે માની શકાય ?
- માણસને પાણી વહોરાવતાં જુઓ, તો દોડીને તમને પાણી વહોરાવવાનો લાભ લેવાનું મન થાય ?

  તમારા ઘરે તો મહાત્મા ક્યારેક પધારે, રોજ સવારે આયંબિલ ખાતેથી સાધુ-સાધ્વીજી ભગવંતો પાણી વહોરતાં જ હોય. મફતમાં મળતો આ અમૂલ્ય લાભ લેવા પહોંચી જવાનું મન કેટલાને થાય ?
- તમારે ઘરે વસ્તુ હોય, મહાત્માને ખપ પણ હોય, છતાં તમે વહોરાવી ન શકો (દૂધ ફ્રીઝમાં હોય !) એ તમારા જીવનની સૌથી કરુણ ઘટના છે !

  ઘરે મહાત્મા આવ્યા હોય, વસ્તુ હોવા છતાં (ફ્રીઝમાં હોવાના કારણે) મહાત્મા વહોર્યા વિના પાછા જાય, તો સાચી શ્રાવિકા તે જ વખતે નિર્ણય કરે કે હવે આવું કદી ન બને તેની પૂરી કાળજી રાખવી.

  તમારા ઘરમાં આવી ઘટના વારંવાર બને, તો પણ તમને પશ્ચાત્તાપ ન થાય ? સુધરવાનું મન ન થાય ?
- ઉપદેશમાળા ગ્રંથમાં ધર્મદાસગણિ મહારાજ સાહેબ લખે છે કે ભોજન કરતાં પૂર્વે શ્રાવક વિચારે, કે "આજે મહાત્માનો લાભ મળ્યો ?"

  કદાચ ગામમાં મહાત્મા ન હોય તો પાદરે જઈને તપાસ કરે કે કોઈ મહાત્મા પધારી રહ્યા છે ? જો પધારી રહ્યા હોય તો તેમનો લાભ લઈને પછી જ જમવા બેસે.

  મારે તમને એ પૂછવું છે કે રોજ એવો વિચાર પણ કરો છો, કે 'આજે મહાત્માનો લાભ મળે તો દિવસ સફળ થાય ?' ઉપાશ્રયે જઈને વિનંતી કરો છો ? જમવા બેસતાં પહેલાં પૂછો છો ? કે 'લાભ મળ્યો ?'

તમે ભાવના કરો, વિનંતી કરો, પછી મહાત્મા પધારે તો વિશેષ લાભ મળે, પણ કદાચ મહાત્મા ન પણ પધારે, તો પણ તમને તો વિશિષ્ટ પુણ્યબંધ/કર્મનિર્જરા બંને થઈ જ જાય છે.

જીરણ શેઠે ૪ મહિના સુધી પ્રભુને રોજ વિનંતી કરી... પારણાને દિવસે ભાવના પ્રકૃષ્ટ કરી, તો પ્રભુ ન પધાર્યા છતાં કેવો લાભ પામ્યા ! શ્રાવકની ઉત્કૃષ્ટ ગતિ - ૧૨મા દેવલોકનું આયુષ્ય બાંધ્યું.

જો દેવદુંદુભિ ન વાગી હોત - તેમના ભાવોની ધારા અટકી ન હોત તો કદાચ કેવળજ્ઞાન પણ પામી જાત !

અને અભિનવ શેઠને કોઈ ભાવ નહોતા, તો સાક્ષાત્ પ્રભુ પધાર્યા, વહોર્યું, છતાં કોઈ વિશિષ્ટ લાભ ન મેળવી શક્યા !

- જ્યારે કોઈ માતા, પોતાના દીકરા/દીકરીને દીક્ષા આપે છે, ત્યારે એ વિશ્વાસ સાથે આપે છે કે ભારતભરની શ્રાવિકાઓ આજથી એની 'મા' બનશે, અને એની કાળજી કરશે... તમે એ વિશ્વાસને સફળ કરો છો ?

- પુણ્યશાળી-પ્રભાવક કે પરિચિત મહાત્માને વંદન કરવા જવાનું તમને મન થતું હોય - તેમાં તો તેમનું પુણ્ય કે તમારો પરિચય જ કામ કરે છે, તમારી કોઈ વિશેષ પાત્રતા નથી...

  તદ્દન અપરિચિત સાધુ કે સાધ્વીજી ભ.ને જોતાં આનંદ થાય; "આ મારા પરમાત્માના માર્ગે નીકળેલા મહાત્મા !" તેના વંદન-ભક્તિ કરવાના ઉલ્લાસ જાગે, તો તમારી પાત્રતા સાચી...

- ઉપાશ્રયમાં ઘણા મહાત્માઓ બિરાજમાન હોય ત્યારે મુખ્ય આચાર્ય ભગવંતને જ વંદન કરીને નીકળી જાવ, કે બધા જ સાધુ ભગવંતને વંદન કરો ?

  કદાચ અતિશય ઉતાવળ હોય, બધાને વંદન કરવાનો સમય ન જ હોય, તો પણ દરેક સાધુ ભગવંત પાસે જઈને "મત્થએણ વંદામિ" કહીને સુખશાતા/કામકાજ પૂછવાનો સમય તો કાઢવો જ જોઈએ. જ્યાં સુધી દરેક સાધુ ભગવંત પ્રત્યે આવું બહુમાન નહીં જાગે, ત્યાં સુધી તમને સંયમનો ઉલ્લાસ જાગે, તે પ્રાયઃ અશક્ય છે.

- જેને આ ભવે મળેલા સાધુ ભગવંતો પ્રત્યે જરાય બહુમાન નથી, સાધુ ભગવંતનો સંયોગ મળ્યાનો જરાય આનંદ નથી, તેને ભવાંતરમાં સાધુ

ભગવંતના દર્શન પણ થવાની શક્યતા નથી.

અને સાધુના દર્શન ન મળે તો જિનવાણી ન મળે, અને તો આત્મકલ્યાણનો માર્ગ સદંતર બંધ જ થઈ જશે. દુર્ગતિની રખડપટ્ટી ચાલુ થઈ જશે, એ નિશ્ચિત સમજી રાખશો.

વર્તમાનમાં પણ જે ક્ષેત્રોમાં સાધુ ભગવંતોનું વિચરણ નહીં જેવું કે ઘણું ઓછું છે, તે રાજસ્થાન, મધ્યપ્રદેશ વિ. ક્ષેત્રોના જૈનોના જીવનમાં જૈનત્વ નામનું રહ્યું છે. પૂજા કે વંદન કરતાં ન આવડતું હોય, ભક્ષ્યાભક્ષ્યનો કોઈ વિવેક ન હોય, મહાત્માને શું/કેવી રીતે વહોરાવાય, તે પણ ખબર ન હોય, તે બધું અમે જોયું છે. એવું જૈનત્વ મળેલું પણ શું કામ લાગશે ?

જો ભવાંતરમાં જિનવાણી જોઈતી હોય, તો આ ભવમાં મળેલા સાધુ ભગવંતો પ્રત્યે અપાર બહુમાન ઊભું કરવું જ પડશે !

વર્તમાનકાળમાં સંસારમાં પાર વિનાના સંક્લેશો અને વિરાધના છે, છતાં એ બધાની વચ્ચે પણ જેના હૃદયમાં પ્રભુભક્તિ અને સાધુ ભગવંતો પ્રત્યેનું બહુમાન ભારોભાર છે, તે આ સંસારને તરી જશે.

- એક સાધુ ભગવંતની ઉછળતા ઉલ્લાસથી ભક્તિ કરે, તેને અઢીદ્વીપમાં રહેલા ૨૦૦૦ કરોડ સાધુ ભગવંતોની ભક્તિનો લાભ મળે. એવું ચૌદ પૂર્વધર શ્રુતકેવલિ ભદ્રબાહુસ્વામી મહારાજાએ કહ્યું છે.

  – ઓઘનિર્યુક્તિ, ૫૨૭

  એટલું જ નહીં - ભૂતકાળમાં થયેલા અને ભવિષ્યમાં થનારા સર્વ મહાત્માઓની ભક્તિનો પણ લાભ મળે !

- તેમ એક પણ સાધુ ભગવંતનો અનાદર કરે/તિરસ્કાર કરે/નિંદા કરે, તેને અઢી દ્વીપના સર્વ સાધુ ભગવંતોના અનાદરનું પાપ પણ લાગે.

  – ઓઘનિર્યુક્તિ, ૫૨૬

  કદાચ કોઈ એકાદ-બે સાધુમાં કંઈક દોષ જોવા મળે. તેના કારણે આખી સાધુ-સંસ્થાને વખોડી કાઢવી – "બધા જ સાધુ ભગવંતો આવા થઈ ગયા છે." એવું બોલવું, તેના જેવું અધમ કૃત્ય કોઈ નથી. મહા-મિથ્યાત્વ બંધાવનાર છે. ભવોભવ સાધુ ભગવંત ના મળે, તેવું પાપ બંધાવે છે. સાધુ ભગવંતો પણ સાધના કરીને વીતરાગ થવા નીકળ્યા છે, વીતરાગ થઈને સાધુ બન્યા નથી. એટલે તેમનામાં પણ નાના-મોટા દોષો હોય

જ, તેમાં કોઈ આશ્ચર્ય નથી. (ન હોય તો આશ્ચર્ય છે.) એટલે તેવો દોષ જોવામાં આવે તો પણ તેની નિંદા તો ન જ થાય.

- ગુરુ શિષ્યને કઠોર શબ્દોમાં ઠપકો આપતા હોય એ દૃશ્ય જોઈને- 'ગુરુ બહુ કડક છે, તેમનો ગુસ્સો ભયંકર છે,' એવા અવર્ણવાદ કરવાનું મન થાય છે, પણ શિષ્ય નતમસ્તકે એ સાંભળી રહ્યો હોય, એ જોઈને 'શિષ્યની ક્ષમા અદ્ભુત છે, સહનશીલતા પ્રચંડ છે,' એવી અનુમોદના કરવાનું મન કેમ નથી થતું ?
- શાસ્ત્રકારો કહે છે કે જે ગચ્છમાં ગુરૂ, શિષ્યના સારણા-વારણા-ચોયણા-પડિચોયણા ન કરતા હોય; એ ગચ્છમાં સાધુએ રહેવું જ નહીં.

– સંબોધસિત્તરિ, ૪૮

સારણા=યાદ કરાવવું.
વારણા=ખોટું કામ થતું હોય તો અટકાવવા.
ચોયણા=કઠોર શબ્દોમાં ઠપકો આપવો.
પડિચોયણા=સજા કરવી.

- સમ્યક્ત્વના ૬૭ બોલની સજ્ઝાયમાં મહોપાધ્યાયજી યશોવિજયજી મહારાજે કહ્યું છે કે કદાચ સાધુ ભગવંતમાં કોઈ અવગુણ હોય અને તે તમને દેખાય/જણાય, તો પણ તેને જાહેર ન કરવા/ઢાંકવા, એ સમ્યક્ત્વનો આચાર છે.
- યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં તાર્કિક શિરોમણિ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબ ફરમાવે છે કે, જેનો ચરમાવર્તમાં પ્રવેશ થયો હોય તેવો જીવ, સાધુ ભગવંતોના મળેલા યોગને પ્રાયઃ દર્શન, વંદન, ભક્તિ, જિનવાણી શ્રવણ દ્વારા સફળ કરે જ...
- ગોચરી, પાણી, વસ્ત્ર, પાત્ર વિ. વહોરાવવામાં જે લાભ છે, તેના કરતો અનેકગણો લાભ, સાધુ ભગવંતોને રહેવા માટેની જગ્યા (જેને શાસ્ત્રીય ભાષામાં વસતિ અથવા શય્યા કહે છે) આપવામાં છે. કારણકે તે જગ્યામાં રહીને સાધુ ભગવંતો જે આરાધના કરે છે – સ્વાધ્યાય-તપ-પ્રતિક્રમણ-કાયોત્સર્ગ-જાપ-ગોચરી-પ્રવચન વિ., તે બધાનો લાભ તે જગ્યાનું દાન આપનારને મળે છે.

  સાધુ ભગવંતને શય્યા (રહેવાની જગ્યા) આપીને જે તરી જાય તે શય્યાતર

- એવું શાસ્ત્રકારોએ નામ આપ્યું છે.

સાધુ ભગવંતોને માટે શય્યાતર ઉપકારી કહ્યો છે. રોજ સવારે શય્યાતરને યાદ પણ ફરજિયાતપણે કરવો જ પડે, એવી અમારી ક્રિયા છે.

વિચારો - શય્યાતર કેવો સદ્‌ભાગી ગણાય, કે રોજ તેનું નામ આચાર્યાદિ સર્વ સાધુ ભગવંતો યાદ કરે !

ગોચરી-પાણી વહોરાવવાનો ઉલ્લાસ તો તમારો પ્રચંડ હોય છે, પણ કદાચ તમારા મકાનમાં રહેવા માટે સાધુ કે સાધ્વીજી ભગવંત જગ્યાની માગણી કરે, તો તમારો ઉલ્લાસ કેવો હોય ?

- દેરાસરમાં પ્રભુભક્તિની એક જ આરાધના થાય.
  ઉપાશ્રયમાં કેટલી આરાધનાઓ થાય ?
  સ્વાધ્યાય પણ થાય, પ્રતિક્રમણ પણ થાય,
  વ્યાખ્યાન પણ થાય, લાખો-કરોડોના ચડાવા પણ થાય,
  સાતે ક્ષેત્ર-જીવદયા-અનુકંપાના કાર્યો થાય,
  દીક્ષા પણ થાય - વડીદીક્ષા પણ થાય - પદવી પણ થાય,
  સામાયિક પણ થાય, પૌષધ પણ થાય,
  ગચ્છાધિપતિ-આચાર્ય ભગવંતો વિ. સહુની આરાધના થાય.
  આ બધાનો લાભ - ઉપાશ્રય બાંધનારને મળે.
  વિચારો કે ઉપાશ્રય બાંધનાર કેટકેટલા સુકૃતોની કમાણી કરે !
  દરેક શ્રાવકે પોતાના જીવનમાં સ્વદ્રવ્યથી ૧ ઉપાશ્રય બાંધવાની ભાવના ભાવવી જોઈએ. એટલી શક્તિ ન જ હોય તો બંધાતા ઉપાશ્રયમાં યથાશક્તિ લાભ લેવાનો ઉલ્લાસ તો અવશ્ય દાખવવો જોઈએ.
- જૈનેતરોને જૈન સાધુના દર્શને, તેથી ય વધુ જૈન સાધુના આચારો જાણીને અત્યંત બહુમાન થતું હોય છે. આશ્ચર્યથી આંખો પહોળી જ થઈ જતી હોય છે. એવો ઘણીવાર અનુભવ થયો છે, એવા અદ્‌ભુત જૈન સાધુના આચારો છે.
  આવા સાધુ ભગવંતના દર્શન તમને જન્મથી મળ્યા છે. તે તમારો પ્રચંડ પુણ્યોદય છે, પણ તમને એનો આનંદ છે, ખરો ?
- જેવા સાધુ ભગવંતો મહાન છે, તેવા જ સાધ્વીજી ભગવંતો મહાન છે. ઘણીવાર તો એવું જોવા મળે છે કે સાધુ ભગવંતો કરતાં, સાધ્વીજી ભગવંતો ઘણી વધારે આરાધના-તપ વિ. કરતા હોય છે, ઘણી વધુ

પ્રતિકૂળતા સહન કરતાં હોય છે, છતાં દુઃખની વાત એ જોવા મળે છે કે મહદ્ અંશે સંઘ સાધુ ભગવંતોની જેટલી કાળજી કરે છે, તેટલી સાધ્વીજી ભગવંતોની કાળજી નથી કરતો. તેમના પ્રત્યે તેવા આદર-બહુમાન-ભક્તિ જોવા મળતા નથી.

ત્યારે એવું કહેવાનું મન થઈ જાય કે આવા સંયોગોમાં જે સાધ્વીજી ભગવંતની ભક્તિ ભાવપૂર્વક કરે, તે કદાચ વધુ પુણ્યબંધ કરે, વધુ લાભ મેળવે !

- સાધુ ભગવંતોના વ્રતો 'મોટા' હોવાથી મહાવ્રત કહેવાય છે. શ્રાવકોના વ્રતો નાના હોવાથી અણુવ્રત કહેવાય છે.

- સાધુ ભગવંતોનું પહેલું મહાવ્રત છે - સર્વથા પ્રાણાતિપાત વિરમણ મહાવ્રત. શ્રાવકોનું પહેલું અણુવ્રત છે - સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત. આમ બંનેમાં ૧ જ શબ્દનો ફરક છે. પણ અર્થમાં ઘણો ફરક છે. સાધુ ભગવંતો સર્વ જીવોની હિંસાનો સર્વથા ત્યાગ કરે છે, શ્રાવકો, સ્થાવર જીવો (પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ)ની હિંસાનો સર્વથા ત્યાગ કરી જ શકતા નથી.

- વર્તમાનકાળે ગૃહસ્થના જીવનમાં જે હિંસા થઈ રહી છે, તેનો કોઈ હિસાબ જ નથી.

  સંબોધસિત્તરી ગ્રંથ જણાવે છે કે પાણીના દરેક જીવનું કદ જો સરસવના દાણા જેટલું થાય, તો પાણીના ૧ ટીપામાં રહેલા જીવો, ૩૨ કરોડ માઈલ પહોળા જંબૂદ્વીપમાં સમાઈ ન શકે ! **- સંબોધસિત્તરી, ૯૫**

  આ જાણ્યા પછી પાણીનો વપરાશ તમે ઘટાડો ખરા ? અનિવાર્યપણે પાણી-વાપરવાની ફરજ પડે, ત્યારે જીવહિંસા થઈ રહી છે, તેનો ખ્યાલ/ખટકો ખરો ?

  ઘણીવાર એવું બને છે કે શ્રાવકો અમારી સાથે વિહારમાં આવ્યા હોય/ગોચરીના ઘરો બતાવવા આવ્યા હોય, રસ્તામાં ક્યાંક પાણી હોય, તો શ્રાવકો અમને કહે, "સાહેબ, અહીંયા પાણી છે, જરા પેલી બાજુથી પધારો." અને પોતે પાછા તે જ પાણી પરથી ચાલે !

  પાણી પર સાધુ ભગવંત ચાલે તો જીવહિંસા થાય, પાપ લાગે, એ ખબર છે. તો શું શ્રાવક પાણી પર ચાલે, તો હિંસા ન થાય? પાપ ન લાગે ?

તમે કદાચ પૌષધ કરો, ત્યારે કાચા પાણીને અડવામાં પણ પાપ લાગે, એ સમજો છો તો પછી કમ સે કમ જ્યાં બચી શકાય તેવું હોય, ત્યાં તો પાણીની હિંસાથી બચવાની કોશિશ કેમ ન થાય ?

નળમાંથી પાણીનો ધોધ વહે છે, ત્યારે જીવોનો ધોધ વહી રહ્યો છે, એવી કલ્પના કરશો તો જીવહિંસાથી બચવાનો પ્રયાસ થશે.

- જીવદયાની ઉત્કૃષ્ટ પરિણતિ જેમને આત્મસાત્ થઈ છે, તેવા સાધુ ભગવંતો, ઊંઘમાં પડખું ફેરવતાં પૂર્વે પણ શરીર અને સંથારાને રજોહરણથી પૂંજી લેતા હોય છે.
- 'સર્વથા મૃષાવાદ વિરમણ મહાવ્રત' એ સાધુ ભગવંતોનું બીજું મહાવ્રત છે. ભૂલથી પણ જૂઠું ન બોલાઈ જાય તેની કાળજી સાધુ ભગવંતોએ રાખવાની હોય છે.

તમારું ઘર નીચેના માળે હોય, ઉપરના માળે અમે ગોચરી વહોરતાં હોઈએ અને તમે વિનંતી કરો, "સાહેબ અમારા ઘરે પધારજો." તો પણ અમારે એવો જ જવાબ આપવાનો છે કે "વર્તમાન જોગ" એટલે કે ખપ હશે - અનુકૂળતા હશે તે મુજબ આવીશું. "હા, આવું છું" એમ કહેવાનું નથી. કારણ એ જ કે અચાનક કોઈ એવું કારણ આવી પડે કે જેના કારણે તમારા ઘરે વહોર્યા વિના જ નીકળી જવું પડે, તો પહેલાં કહ્યું હોય. 'હા, આવું છું' તે ખોટું પડે અને તેથી મૃષાવાદનો દોષ લાગે.

- 'સત્ય'ની વ્યાખ્યા જિનશાસનમાં અદ્ભુત છે. 'સાચું' તે સત્ય નથી, પણ જે જીવોના હિતને કરનાર હોય તે જ સત્ય એવી વ્યાખ્યા શાસ્ત્રકારોએ કરી છે.

અર્થાત્, સાચું હોવા છતાં જીવને અહિતકર હોય તે સત્ય નથી... અને ઉપરથી ખોટું જણાતું હોવા છતાં હિતકર હોય તે સત્ય જ છે.

કાયોત્સર્ગમાં ઊભેલા સાધુ પાસેથી દોડીને હરણ જાય, પછી શિકારી આવીને પૂછે, કે "હરણ કઈ દિશામાં ગયું ?" અહીં સાચું બોલે તો હરણનો શિકાર થશે - જીવહિંસા થશે... તો સાધુએ જોયું હોય છતાં એમ બોલે કે "મને ખ્યાલ નથી, મારું ધ્યાન નહોતું..." વિ. તો એ વાત ખોટી હોવા છતાં, જીવને હિતકર હોવાથી તે સત્ય જ છે.

ધનમાં ઘણું બધું ખરીદવાની તાકાત છે, એ વાત સાચી ખરી. પણ તે હિતકર નથી. હિતકર તો એ જ છે કે સંપત્તિ ચંચળ છે - નાશવંત છે.

- સાધુએ શું બોલવું ? શું ન બોલવું ? એ શીખવવા માટે દશવૈકાલિક સૂત્રમાં આખું ૭મું અધ્યયન - વાક્ય શુદ્ધિ નામનું મૂક્યું છે.
- ‘એક પણ ચીજવસ્તુ તેના માલિક પાસેથી માંગ્યા વિના ન લેવી.’ એ સાધુનું ત્રીજું સર્વથા અદત્તાદાન વિરમણ મહાવ્રત છે. રાખ કે તણખલું પણ સાધુ માગ્યા વિના લઈ શકે નહીં... રસ્તામાંથી કોઈ ચીજ લેવી હોય, તેનો કોઈ માલિક ન હોય તો પણ ‘અણુજાણહ જસ્સુગ્ગહો’ કહીને, તે ક્ષેત્રના અધિષ્ઠાયક દેવતાની રજા લઈને પછી જ તે વસ્તુ લેવી, એ સાધુનો આચાર છે.
- કોઈ પણ સ્ત્રીનો સ્પર્શ પણ કરવો નહીં, એવું ચોથું ‘સર્વથા મૈથુન વિરમણ મહાવ્રત’’ નામે મહાવ્રત છે. આ મહાવ્રત માટે શાસ્ત્રકારોએ ખૂબ ભાર આપ્યો છે અને તેની રક્ષા માટે નવ વાડો બતાવી છે. જે મકાનમાં સ્ત્રીના ચિત્રો હોય, તેમાં રહેવાની પણ સાધુને મનાઈ કરી છે. સ્ત્રીના ફોટા સામે દૃષ્ટિ પડે તો પણ જાણે સૂર્ય સામે નજર પડે અને આંખ બંધ થઈ જાય, તે રીતે નજર ફેરવી લેવાનું શાસ્ત્રકારોએ કહ્યું છે.
- ‘સર્વથા પરિગ્રહ વિરમણ મહાવ્રત’ એ સાધુનું પાંચમું મહાવ્રત છે. બિનજરૂરી એક પણ વસ્તુ રાખવી નહીં અને વસ્ત્ર-પાત્ર વિ. જે જરૂરી વસ્તુઓ રાખવી પડે, તેના ઉપર પણ મમત્વભાવ રાખવો નહીં, એ આ મહાવ્રતનો ભાવ છે.

  પૂર્વકાળમાં પાતરા રંગ્યા પછી તેને સૂકવવા માટે તૂટેલા ઘડાના કાંઠલા ઉપર મૂકવામાં આવતા... એ માટે તેવો ઘડાનો કાંઠલો વહોરી લાવતાં. તે પાતરું સૂકાઈ જાય, પછી તે કાંઠલો પરઠવી દેવાનું શાસ્ત્રકારે કહ્યું છે. ત્યાં પ્રશ્ન કર્યો કે માનો કે બીજા દિવસે ફરી બીજું પાતરું રંગવાનું હોય, તેના માટે કાંઠલો જોઈતો હોય તો રાખી મૂકીએ તો ? ત્યારે શાસ્ત્રકારે તેની પણ ના પાડી. અને કહ્યું કે બીજા દિવસે, બીજો કાંઠલો લાવવો, પણ પહેલા દિવસનો બીજા દિવસે રાખવો નહીં. તેમાં પરિગ્રહનો દોષ લાગે !

  જો ઘડાના તૂટેલા કાંઠલા જેવી વસ્તુ પણ ‘પરિગ્રહ’ ગણીને રાખવાની ના પાડી હોય, તો બીજી બધી વસ્તુનો તો પ્રશ્ન જ ક્યાં રહ્યો ?
- મોહનીય કર્મનો સર્વથા નાશ જેમણે કર્યો છે, જેમને વિકારનો સ્પર્શ થાય તેવી શક્યતા પણ નથી, તેવા તીર્થંકર પરમાત્મા પણ જો કોઈ અજ્ઞાન

સ્ત્રી ચરણસ્પર્શ કરવા જાય તો તેનો સ્પર્શ થઈ ન જાય, તે માટે પગ પાછા ખેંચી લે છે. શુદ્ધ વ્યવહારનું પાલન તેઓ પણ કરે છે !

- તમે કેટલું/કેટલીવાર જૂઠું બોલો છો ? ધંધામાં તમને માલ ૨૫ રૂ.માં પડ્યો હોય, તમારે ઘરાકને ૩૫ રૂ.માં વેચવો હોય, અને ઘરાક ૩૨માં માગે, તો તમે શું જવાબ આપો ?

  સભા : પોસાતું નથી.

  તમે એ વખતે જૂઠ બોલી રહ્યા છો, એ તમને ખબર છે ?

  તમને ખરેખર પોસાતું નથી, કે તમારે વેચવું નથી ?

  તમે એમ કહી શકો કે ''મારે ૩૨માં વેચવું નથી.

  મારો ભાવ ૩૫ જ છે.'' વિ...

  પણ તમને જૂઠ સદી ગયું છે.

  ભયંકરતા તો એ છે કે આ જૂઠ છે, પાપ છે, એનો તમને ખ્યાલ પણ નથી અને એટલે પ્રાયશ્ચિત્ત કે પશ્ચાત્તાપની કોઈ શક્યતા પણ રહેતી નથી.

- વર્તમાનકાળે અન્ય ધર્મના સંન્યાસીઓ સામે નજર કરશો, તો ખબર પડશે કે જૈન સાધુ ભગવંતો જે આપણને મળ્યા છે, તે કેવું આપણું સદ્ભાગ્ય છે !

  જૈનેતરોને પણ પોતાના સંતો પર એટલી શ્રદ્ધા નથી રહી, જેટલી જૈન સાધુ ભગવંત પર હોય છે. આ અમે અનુભવેલી હકીકત છે. તમને આવા સાધુ ભગવંતના દર્શન-ભક્તિનો લાભ જન્મથી મળ્યો, એ કેટલું પ્રચંડ અહોભાગ્ય !

જિનવાણી

- પ્રથમ પરમાત્માને નમસ્કાર કર્યો.

  બીજો ગુરુદેવને નમસ્કાર કર્યો.

  હવે પરમાત્માની વાણી રૂપી શ્રુતદેવતાને નમસ્કાર કરીને ત્રીજું મંગળ કરે છે.

- પ્રભુના દર્શન મંગળરૂપ લાગે. સાધુ ભગવંતના દર્શન મંગળરૂપ લાગે, એ તો સરસ છે. પણ પ્રભુના વચન કોઈ સંભળાવે, તો 'આ સરસ મંગળ થયું.' 'શુકન થયા' એવું માનો ખરા ?

  દુકાને ઘરાક આવ્યો હોય, ત્યારે જ તમારો દીકરો યાદ કરાવે, ''બાપુજી,

ભગવાને અનીતિ કરવાની-કૂડ-કપટ કરવાની ના પાડી છે.'' તો તેને શુકન માનો ?

- જૈન ધર્મી ગૃહસ્થને શ્રાવક કહ્યો છે. એનો અર્થ થાય, જિનવાણી સાંભળનાર... એ જ બતાવે છે કે જિનવાણીનું શ્રવણ એ શ્રાવકનું પ્રધાન કર્તવ્ય બને. **પંચાશક, ૧/૨**
- જેમ પ્રભુની અને ગુરુભગવંતની ભક્તિ દ્વારા ઉપાસના કરવાની છે, જેમ પ્રભુ અને ગુરુની આશાતનાથી બચવાનું છે, તેમ જિનવાણીની પણ ઉપાસના કરવાની છે, અને જિનવાણીની આશાતનાથી પણ બચવાનું છે.

  વિધિપૂર્વક જિનવાણીનું શ્રવણ એ તેની પહેલી આરાધના છે... વિધિમાં સમયસર આવવું, ગુરુવંદન કરવું, ઉચિત સ્થાને બેસવું, હાથ જોડીને/વિસ્મિત ચહેરે સાંભળવું, સાંભળીને તહત્તિ કરવું વિ. આવે.

  તમે જિનવાણી રસપૂર્વક સાંભળો છો, એ તો આનંદની વાત છે, પણ તેની બધી વિધિ સાચવો ખરા ?

  સૌ પહેલું તો - વ્યાખ્યાનમાં સમયસર આવો ?

  એક વાત સમજી રાખો કે વિધિપૂર્વક શ્રવણ થશે તો જ, તેનું જીવનમાં સાચું પરિણામ જોવા મળશે. ઘણા ફરિયાદ કરે છે કે વ્યાખ્યાન સાંભળીએ છીએ, પણ જોઈએ તેવું પરિણામ જીવનમાં જોવા મળતું નથી, તેના ઘણા કારણોમાં એક કારણ એ પણ છે કે શ્રવણની વિધિ સચવાતી નથી.

  મોડાં આવવું એ અવિધિ છે. અને આ અવિધિથી જિનવાણીની આશાતના પણ થાય, તે ખબર છે ?

  અલબત્ત, જે લોકો જિનવાણી સાંભળવા આવતા જ નથી, તેના કરતાં વહેલા મોડા પણ આવનારા સારા જ છે. જિનવાણી શ્રવણની તક મળવા છતાં ન સાંભળે, તે તો જિનવાણીના અંતરાય બાંધે જ છે.

  પણ જે કારણ વિના, માત્ર બેદરકારીથી, "જવાય છે, શું ઉતાવળ છે ?'' એવા ઉપેક્ષાના ભાવથી રોજ જ વ્યાખ્યાનમાં મોડા આવે, તે પણ એ અનાદરના કારણે અંતરાય બાંધે, એ ખબર છે ?

  દરેક પ્રભુવચનની તાકાત પ્રચંડ છે. અનંતાનંત સંસારના પરિભ્રમણનો અંત લાવવાની ક્ષમતા દરેક પ્રભુવચનમાં છે, એવું એક વચન પણ શી રીતે છોડાય ? તેની ખરી કિંમત સમજનારો કદી તે છોડે ખરાં ?

- લગભગ અસાધ્ય ગણાતો રોગ તમને થયો હોય, કોઈ દવાથી સુધારો થતો ન હોય - બધી જ થિયરીઓ-એલોપથી, હોમિયોપથી, નેચરોપથી, આયુર્વેદ-બધું જ અજમાવ્યું હોય-છતાં નિષ્ફળ ગયું હોય...
  તેવા વખતે કોઈ પ્રસિદ્ધ ડૉક્ટર ખાસ તેની જ સારવાર કરતાં હોય, તેવી ખબર પડે. અને તેના બધા કે ઘણાં દર્દીઓ સારા થતાં હોય, તેવા સમાચાર મળે... અરે, એક જ દર્દીને તેનાથી સારું થઈ ગયું, તેવી ખબર પડે પછી શું કરો ?
  તે ડૉક્ટર ગમે તેટલો દૂર હોય, ગમે તેટલા પૈસા લેતો હોય, ગમે તેટલી લાઈન લાગતી હોય, ગમે તેટલો ટાઈમ લાગતો હોય, તો પણ તમે જાવ ખરાં ને ? અને તે જે કંઈ કહે, તે કેવું ધ્યાનપૂર્વક સાંભળો ?
  જ્યારે પ્રભુના વચન તો અનંતાનંતકાળથી લાગેલા ભવરોગ દૂર કરનારા છે, જે બીજા બધાથી અસાધ્ય છે. આવા પ્રભુવચન મળતાં હોય તો જેને 'ભવ-સંસાર' રોગ લાગતો હોય, તેનો નાશ કરવાની, તેમાંથી છૂટવાની તીવ્ર ઈચ્છા હોય, તે ગમે તેટલી કિંમત ચૂકવીને, ગમે તેટલો સમયનો ભોગ આપીને વહેલાસર સાંભળવા જાય, એક પણ વચન ચૂકે નહીં. પ્રભુવચન સાંભળવાની આવી ઉત્કંઠા ખરી ?
- આખા જગત પાસેથી સ્વાર્થની જ વાતો મળશે.
  તમારા આત્માના હિતની વાત કરનાર કોઈ આ જગતમાં હોય, તો માત્ર ને માત્ર સદ્‌ગુરુ છે.
  આવા સદ્‌ગુરુનો યોગ થાય, પછી ડાહ્યો માણસ જિનવાણીનું શ્રવણ ચૂકે ખરો ?
- સમકિતના ૬૭ બોલમાં ૩ લિંગ બતાવ્યા છે, જેમાં પહેલું લિંગ છે **શુશ્રૂષા,** એટલે કે જિનવચન સાંભળવાની ઈચ્છા. શાસ્ત્રકાર જણાવે છે કે યુવાન પુરુષ હોય, રૂપવાન પત્ની સાથે હોય અને કિન્નરોના દિવ્ય સંગીત સાંભળવામાં જેવો આનંદ આવે, તેના કરતાં વધુ આનંદ સમકિતીને જિનવચન સાંભળવામાં આવે !!
  જો આવો આનંદ આપણને ન આવતો હોય, તો આપણામાં સમ્યક્ત્વ છે કે નહીં, તેની શંકા છે.
- જિનવચન સાંભળતાં આનંદ આવે કે નહીં, તે વાત બાજુ ઉપર રાખીએ. પણ જિનવચન સંભળાવનાર પર તમે ગુસ્સો તો ન જ કરો, તેના ઉપર

અપ્રીતિ ન થાય. જિનવચન પર અનાદર તો ન જ થાય, તે નક્કી ખરું ને ?

કદાચ તમે કોઈ સુકૃત કર્યું હોય, તમારું બહુમાન થતું હોય અને તેના અભિમાનમાં ફુલાઈ રહ્યા હો, તે વખતે ભરસભામાં કોઈ તમને કહે, કે "આ રીતે અહંકાર કરીને તમે સુકૃત વેચી રહ્યા છો, તમારું પુણ્ય સાફ થઈ રહ્યું છે." તો તમને ગમે ? તમને તેના પર અપ્રીતિ તો ન જ થાય ને ?

સભા : અમારા હિતની બુદ્ધિથી કોઈ જિનવચન કહે તો ન થાય. પણ અમને ઉતારી પાડવા માટે કહે તો થાય.

કોઈ સોનાના સિક્કા તમને મારે તો પણ શું કરો ? લઈ જ લો ને ? વાગ્યું તે નુકસાન નાનું છે પણ ૧૦-૧૨ હજાર રૂ.ની કિંમતનો સિક્કો મળ્યો તે લાભ મોટો છે. તેમ જ વિચારો.

તેમ અહીં પણ તમને ઉતારી પાડ્યા તે નુકસાન મામૂલી છે, ઈહલૌકિક છે, પણ તમને ઘણા મોટા પારલૌકિક નુકસાનથી બચાવે, તેવા અમૂલ્ય જિનવચન તે આપી રહ્યા છે, એવું કેમ ન વિચારી શકાય ?

સભા : પણ તેનામાં પણ તે દોષ હોય જ, અને આપણને ઉતારી પાડે, તે કેમ સહન થાય ?

ડૉક્ટર પોતે રોગી હોય, તો પણ તમારા રોગનું નિદાન કરે છે, તે તમે સ્વીકારો છો, તેણે આપેલી દવા કરો છો અને તેનાથી સારું થાય, તો ડૉક્ટરનો ઉપકાર પણ માનો છો, ભલે તે પોતે રોગી હોય.

તો પછી સામી વ્યક્તિ ભલે દોષી હોય, તે આપણને આપણો દોષ શોધીને બતાવે છે, એના કારણે આપણને દોષ કાઢવામાં સહાયતા થાય છે, તો તેનો ઉપકાર કેમ ન માની શકાય ?

- વાચના આપનાર આવે, તે પહેલા વાચના લેનાર સહુએ હાજર થવું પડે. મોડા આવે તો પ્રાયશ્ચિત્ત આવે, એ ખબર છે ?
- વાચનાની વિધિનું પાલન જ્ઞાનાવરણનો ક્ષયોપશમ કરાવે છે. ઘણીવાર એવું બન્યું છે કે શાસ્ત્રનો જે પદાર્થ આસને બેસીને ચાર-પાંચ વાર વાંચવા છતાં ન સમજાયો હોય, તે જ પદાર્થ, ગુરુદેવ પાસે જઈ, વંદન કરી, વાયણા સંદિસાહું વિ. આદેશ માંગીને વાંચીએ તો સમજાઈ જાય. આવું કેમ થાય છે ? તે ન સમજાતા મેં ગુરુદેવને પૂછ્યું, તો તેઓશ્રીએ સરસ

સમાધાન આપ્યું - 'તમે વંદનાદિ દ્વારા ગુરુનો વિનય કરો છો, વાચનાની વિધિ કરો છો, તે જ તમારા જ્ઞાનાવરણ કર્મનો ક્ષયોપશમ કરે છે, અને તેના કારણે તમને પદાર્થ સમજાઈ જાય છે.'

- જિનવચન માત્ર સાંભળવાથી કલ્યાણ થઈ જવાનું નથી. સાંભળ્યા પછી તેને યાદ રાખવું, તેનું પુનરાવર્તન કરવું જરૂરી છે - અનિવાર્ય છે. ઘણાં લોકોની ફરિયાદ હોય છે કે 'સાહેબ, વ્યાખ્યાનમાં આપ જે સમજાવો તે બધું સાચું લાગે છે, કરવા જેવું લાગે છે - પણ સંસારમાં પાછા જઈએ એટલે બધી સમજણનું બાષ્પીભવન થઈ જાય છે.''
  એનું મુખ્ય કારણ એ છે કે તમે પ્રવચન સાંભળો છો, પણ તેના પદાર્થોનું પુનરાવર્તન કરતા નથી, તેને યાદ રાખવા માટે મહેનત કરતા નથી. દા.ત. ગુરુ ભગવંતે ક્રોધ ન કરવા માટે વ્યાખ્યાનમાં જોરદાર પ્રેરણા કરી હોય. ક્રોધના ભયંકર વિપાકો સમજાવ્યા હોય, ત્યારે તમને થઈ જાય કે હવે જિંદગીભર ક્રોધ ન કરવો. પણ તમે દુકાને જાવ, કોઈક વિપરીત ઘટના બને અને તમે તમારી જાત પર કાબૂ ન રાખી શકો - ગુસ્સો થઈ જ જાય. આવું કેમ બને છે ?
  શાસ્ત્રકારો જણાવે છે કે કોઈ પણ કાર્યસિદ્ધિનું મૂળ, દઢ પ્રણિધાન- સંકલ્પ છે. તમારે ક્રોધથી મુક્ત થવું હોય તો સતત તમારે તમારી જાતને આદેશ કરવો પડે કે તારે ક્રોધ નથી કરવાનો - એના ભયંકર વિપાકો સતત યાદ કરાવવા પડે. તો જ્યારે નિમિત્ત આવે, ત્યારે તમને એ ભયાનક ફળ યાદ આવે, અને તમે ક્રોધથી અટકી જાવ એ બની શકે.
  પરંતુ તમારું પ્રણિધાન નબળું હોય - સતત તમારી જાતને તમે યાદ ન કરાવતા હો, તો પછી જ્યારે નિમિત્ત આવે, ત્યારે તમારી સંજ્ઞા પ્રબળ બની જશે અને ગુસ્સો થઈ જ જશે.
  એટલે, જિનવચન સાંભળ્યા પછી વારંવાર તેને મમળાવવા, તેના ઉપર ચિંતન કરવું જરૂરી છે, તો જ તે જીવનમાં લાભદાયક બનશે.
- વ્યાખ્યાન શેના માટે સાંભળો છો ?
  જો ખરેખર આત્મકલ્યાણની-દોષનાશની-ગુણપ્રાપ્તિની ઇચ્છા હોય, તો માત્ર સાંભળવાથી નહીં ચાલે. તેને યાદ રાખવું પડશે, અમલમાં મૂકવું જ પડશે.
  બાકી માત્ર હાજરી પૂરાવવા જ સાંભળતા હો - 'હું વ્યાખ્યાન સાંભળું

છું' એવું લોકોને દેખાડવા માટે જ આવતા હો, તો પછી બીજો કશો ફાયદો થવાનો નથી.

- તમારી એક મુશ્કેલી એ છે કે જે મેળવવા તમારે મૂલ્ય ચૂકવવું પડે છે, તેની કિંમત તમે પૂરેપૂરી વસૂલ કરો છો અને અમૂલ્ય એવા જિનવચન મફતમાં મળે (ઉપરથી સાંભળીને પ્રભાવના મળે !) છે, તો ય તમને તેમાં રસ નથી.
- રોહિણીયા ચોરના પિતાએ દીકરા પાસેથી વચન લીધું હતું કે જિંદગીમાં ક્યારેય પ્રભુવીરની વાણી સાંભળવી નહીં !
  કાળા ચોરને પણ પરમાત્માના વચન પર કેવી જડબેસલાક શ્રદ્ધા હશે, કે જો મારો દીકરો તેમની વાણી સાંભળશે તો ચોરી છોડી જ દેશે ? તમને પ્રભુનાં વચન પર આટલો વિશ્વાસ - શ્રદ્ધા છે ?
  અને બન્યું પણ એવું જ.
  સમવસરણ પાસેથી પસાર થતાં રોહિણીયાએ પોતાના બંને કાનમાં આંગળી ખોસી દીધેલી, જેથી ભૂલથી પણ ભગવાનનો ઉપદેશ કાને ન પડી જાય.
  હવે તે જ વખતે તેના પગમાં કાંટો વાગ્યો !
  હવે આમ તો પ્રભુનો અતિશય છે કે પ્રભુની આસપાસની પૃથ્વીમાં કાંટા ઊંધા થઈ જાય - કોઈને વાગે નહીં. પણ રોહિણીયા ચોરનું કલ્યાણ થવાનું હતું, એટલે જ તેને કાંટો વાગ્યો. કાંટો કાઢવા, એક કાનમાં આંગળી ખોસેલી રાખીને બીજા કાનમાંથી આંગળી કાઢીને કાંટો કાઢ્યો.
  એ વખતે ભગવાનના માત્ર ત્રણ વચન સંભળાયા. આગળ જતાં એ ત્રણ વચને જ તેનો જીવ બચાવ્યો, તેનાથી તેનું જીવન પરિવર્તન થયું !
- દરિયામાં લાકડું તમને તારી દે, પણ તમારે પકડી રાખવું પડે.
  પ્રભુના વચનો સંસારથી તમને તારી દે, પણ તમારે પકડી રાખવા પડે.

અંતરાય

- વિઘ્નનાશ માટે મંગળ કરાય છે, તે આપણે જોયું. પણ વિઘ્ન આવે છે શા માટે ? તેનો શાસ્ત્રકાર જવાબ આપે છે. 'श्रेयांसि बहुविघ्नानि' તમારી ભાષામાં, "સારા કાર્યમાં સો વિઘન."
- ઘણીવાર એવો પ્રશ્ન ઊભો થાય કે સારું કાર્ય કરવા જઈએ ત્યારે કેટલાય

વિઘ્ન આવીને ઊભા રહે છે, અને ખરાબ કાર્ય કરવામાં કશું નડતું નથી, તેનું કારણ શું ?

તેનું સૌ પ્રથમ કારણ એ છે કે ભૂતકાળમાં આપણે બીજાના સારા કાર્યમાં વિઘ્ન જ વધુ કર્યા છે, સહાયતા ઓછી કરી છે. તેના કારણે આપણે જે અંતરાય કર્મ બાંધ્યા છે, તે ઉદયમાં આવે છે, એટલે આપણા સારા કાર્યમાં પણ વિઘ્ન આવે છે.

એટલે જો આપણે આપણા સત્કાર્યો નિર્વિઘ્ને પૂર્ણ કરવા હોય, તો બીજાના સત્કાર્યોમાં વિઘ્ન ઊભા કરવાનું બંધ કરીને, સહાયતા કરવાનું શરૂ કરવું જોઈએ.

- આપણી એક પણ આરાધના પૂર્ણ કરવા માટે આપણને કેટલાય લોકોની સહાયની જરૂર પડતી હોય છે... જો આપણે બીજાની સહાયની અપેક્ષા રાખીએ છીએ, તો આપણી એ ફરજ બને છે કે આપણે પણ બીજાને સહાય કરવી જ જોઈએ.

- આપણને જો બીજાની આરાધનામાં સહાય કરવી ગમતી ન હોય, આપણી આરાધના જ કરવી ગમતી હોય તો તેનો અર્થ એ થયો કે આપણને 'આરાધના' નથી ગમતી; પણ 'મારી આરાધના' એવી મમત્વની છાપવાળી આરાધના જ ગમે છે અને આવી 'મમત્વ'વાળી આરાધના એ શુદ્ધ ધર્મ નથી બનતો.

  અધ્યાત્મસારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજે જણાવ્યું છે કે જે આરાધના-ધર્મક્રિયા પરથી મમત્વ (મોહનો અધિકાર) ચાલ્યું ગયું હોય, તે જ અધ્યાત્મ છે - મોક્ષમાર્ગ છે.

- આપણે બહુ ઓછી આરાધના કરી શકીએ છીએ, કારણકે આપણી શક્તિ અને આયુષ્ય સીમિત છે. ઘણી વધારે આરાધનાની આપણે પ્રેરણા કરી શકીએ. ઘણા વધુ આરાધકોને આપણે સહાય કરી શકીએ... જ્યારે અનુમોદના તો ત્રણે લોકની, ત્રણે કાળની આરાધનાની થઈ શકે છે. એટલે કરણ-કરાવણ-અનુમોદન ત્રણેનું ક્ષેત્ર ઉત્તરોત્તર વ્યાપક બને છે.

- શક્તિ/અનુકૂળતા/ઉલ્લાસ ન હોવાને કારણે આરાધના કદાચ કરી ન શકે, પણ આરાધના પ્રત્યે આદરભાવ હોય તો સમ્યક્ત્વ ટકી શકે. પરંતુ, બીજાની આરાધનામાં સહાયતા/અનુકૂળતા ન કરે, તેનું સમ્યક્ત્વ ટકવું પ્રાયઃ અસંભવ છે. અને બીજાની આરાધનામાં જાણીને વિઘ્ન ઊભું કરે,

તેનામાં સમ્યક્ત્વ હોવું પ્રાયઃ અશક્ય છે.

- સહાયકભાવ એ સાધુ ભગવંતનો મુખ્ય ધર્મ છે.
  નવપદની પૂજામાં કહ્યું છે. "સહાયપણું ધરતાં સાધુજી."
  પંચાશકની ટીકામાં અભયદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું છે કે સાધુને સહાય કરવી, તે બ્રહ્મચર્યની વાડ છે.
- પોતાની આરાધના કરે તે મુખ્યત્વે સ્વ-ઉપકાર કરે. બીજાની આરાધનામાં સહાય કરે, તે સ્વ-પર-ઉભય પર ઉપકાર કરે છે.
  એટલે અપેક્ષાએ, પોતાની આરાધના કરતાં, બીજાની આરાધનામાં સહાય કરવામાં વધુ લાભ છે. જેમ કે ભણવા કરતાં ભણાવવામાં અનેક ગણો લાભ થાય.
- જે બીજાને હંમેશા સહાય કરે છે, તેને સૌથી પહેલો લાભ એ થાય છે કે, તે લોકપ્રિય બને છે. સહુ તેને આવકારે છે...
- જેણે પોતાની આરાધના વિઘ્નરહિત બનાવવી હોય, તેણે
  (૧) બીજાની આરાધનામાં ક્યાંય વિઘ્ન ઊભું કરવું નહીં.
  (૨) બીજાની આરાધનામાં વિઘ્ન ઊભું થાય, તો આનંદ પામવો નહીં.
  (૩) યથાશક્તિ સહાયતા કરવી. છેવટે અનુમોદના તો કરવી જ.
- તમે કોઈની આરાધનામાં વિઘ્ન તો ઊભું ન જ કરો ને ? કે કોઈની આરાધનામાં વિઘ્ન ઊભું થાય, તો આનંદ તો ન જ થાય ને ?
  તમારી દુકાનનો માણસ જૈન હોય. તેને ચોવિહાર કરવો હોય તો અનુકૂળતા કરો ને ?
  તમારા કુટુંબમાં પત્ની-પુત્ર વિ.ને તપશ્ચર્યા/ઉપધાન/નવાણું કરવાનું મન થાય, તો તમારા સ્વાર્થ ખાતર તો ના ન જ પાડો ને ? થોડું કષ્ટ વેઠીને પણ તેમનો આરાધનાનો ઉલ્લાસ વધારો ને ?
  કોઈ દીક્ષા લેવાનું હોય, અને તમારી પાસે સલાહ માંગવા આવે તો શું વાત કરો ?
  દીક્ષા કેવી કઠણ છે - આજના સાધુઓ કેવા છે... વિ. તેનો ઉલ્લાસ પડી ભાંગે, તેવી વાત કરો, કે
  સંસારમાં કંઈ બળ્યું નથી - સાધુજીવન જ શ્રેષ્ઠ છે, તેવી, તેનો વૈરાગ્ય વધુ મજબૂત બને તેવી ?

કોઈ અઠ્ઠાઈ કરવાની ભાવના કરે, તમે ના પાડો કે "રહેવા દે, ભાઈ, તારી શક્તિ નથી." અને છતાં તે જીદે ચડીને શરૂ કરી દે.

ચોથા દિવસે ઢીલો પડે અને પારણું કરવું પડે, તો તમે તેને શું કહો ? "જોયું ? હું તો પહેલેથી જ કહેતો હતો કે તારી શક્તિ નથી !" એમ જ ને ? એટલે તેની અઠ્ઠાઈ ન થઈ, તમારું વિધાન સાચું પડ્યું - તેનો જ આનંદ હોય ને ?

શાંતિથી આત્મનિરીક્ષણ કરવાથી ખબર પડશે કે, આપણે બીજાની આરાધનામાં સહાય કરવા જલદી તૈયાર થતાં નથી. કદાચ અંતરાયભૂત બનીએ છીએ, કદાચ તેની આરાધના પૂર્ણ થાય તેવી ઇચ્છા આપણી નથી હોતી...

આ બધા ભાવો, આપણને અંતરાયકર્મ બંધાવે છે, જેના કારણે આપણી આરાધનામાં વિઘ્ન આવે છે.

- શાહપુર તીર્થની પ્રતિષ્ઠા પ્રસંગે સાધુ ભગવંતોની વાચનામાં એકવાર અમારા ગચ્છાધિપતિ ગીતાર્થ મૂર્ધન્ય પૂ.આ.ભગવંત જયઘોષસૂરીશ્વરજી મહારાજ સાહેબે, સાધુઓને સહાયતા કરવાની પ્રેરણા કરી, ત્યારે એક સાધુ ભગવંતે પૂછ્યું, "પછી ભણવાનું ક્યારે ?"

  ત્યારે સાહેબજીએ ખૂબ માર્મિક જવાબ આપ્યો. "જેને સહાયતા કરવાના કારણે ભણવાનો સમય જ ન મળે, તેને ભણવાની જરૂર જ નથી. સીધું જ કેવળજ્ઞાન થઈ જશે !"

- શુભ કાર્ય કરતી વખતે જો તે કાર્ય પ્રત્યે કંટાળો-અનાદર ઊભો થાય, "આ કાર્ય ક્યારે જલદી પૂરું થાય" એવો ભાવ આવી જાય, તો તે અનાદરથી પણ અંતરાય ઊભો થાય.

- આરાધના કરવી જ નહીં, અને આરાધના પ્રત્યે આદર પણ નહીં, તે તો બહુ મોટો ગુનો છે. પણ આરાધના કરવા છતાં તેના પ્રત્યે આદર ગુમાવે, તે પણ ગુનો તો છે જ.

- સાધનાની ખરી તાકાત, તેની પાછળ રહેલી ભાવનામાં હોય છે તેમ આરાધનાની ખરી તાકાત, તેના પરના આદરભાવમાં હોય છે. જેની પાસે આદરભાવ છે, તે કદાચ સંયોગવશાત્ આરાધના ન કરી શકે, તો પણ આરાધનાથી થતો લાભ તેને મળે છે. યોગદૃષ્ટિ સમુચ્ચયમાં પૂ.

હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે જણાવ્યું છે કે જિજ્ઞાસા-ભણવાની ઈચ્છા હોય, કદાચ સામગ્રી-સંયોગ વિ. અનુકૂળતાના અભાવે ભણી ન શકે, તો પણ સતત જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય જ. અને જ્યારે સામગ્રી-સંયોગ વિ. મળે, ત્યારે એક સાથે જ્ઞાન મળી જાય...

- યોગદૃષ્ટિ સમુચ્ચય, ૫૪

જીરણ શેઠને પ્રભુને વહોરાવવાની ભાવના હતી, તો વહોરાવવાનો લાભ ન મળ્યો, તો પણ પુણ્યબંધ તો થયો જ.

સામાચારી પ્રકરણમાં મહો. યશોવિજયજી મહારાજ સાહેબે કહ્યું છે કે એક સાધુ ભગવંત બીજા સાધુ ભ.ને ગોચરી વિ.નો લાભ આપવાની વિનંતી કરે, પછી કદાચ બીજા સાધુ ભગવંત ના પાડે, તો પણ તેમને કર્મનિર્જરા વિ. લાભ તો મળે જ.

- તમે જ્યારે પણ દાનાદિ સત્કાર્ય કરો, ત્યારે ઉલ્લાસથી જ કરો, કે 'કરવું પડે' માટે કરો ?

  કરવાનું તો છે જ, ત્યારે ઉલ્લાસથી કરવાથી અનેકગણો લાભ થાય. વિપુલ કર્મક્ષય થાય - પ્રચંડ પુણ્ય બંધાય. અને અનાદર-કંટાળાથી કરવાથી અંતરાય બંધાય...

  સંઘમાં ટીપ થતી હોય તો સામેથી ઉલ્લાસથી લખાવો કે લખાવવી પડે, તેની રાહ જુઓ ?

  કદાચ તમે લખાવો, તે પહેલાં ટીપ પૂરી થઈ જાય, તો "હાશ ! હું બચી ગયો" એવો છૂટકારાનો ભાવ થાય, કે "હાય ! હું રહી ગયો, મને લાભ ન મળ્યો..." એવો અફસોસનો ભાવ થાય ?

- દાન કરવાનો જેને ઉલ્લાસ હોય, તે અવસર શોધતો જ ફરે, જેવો સુઅવસર મળે કે તરત જ સામેથી જ રકમ લખાવે... પોતાને કોઈ કહે, તેની રાહ ન જુએ.

- સત્કાર્યમાં ઉલ્લાસ પેદા કરવા માટે, સત્કાર્યથી થતા લાભને નજર સામે રાખવો પડે...

  પૈસા મળવાથી થતા લાભ નજર સામે દેખાય છે, એટલે પૈસા કમાવા માટે ગમે તેટલું કષ્ટ ભોગવવાનો ઉલ્લાસ પેદા થાય જ છે.

  તેમ જેને ધર્મારાધનામાં પુણ્યબંધ-નિર્જરાનો લાભ દેખાય, તેને ધર્મારાધનામાં ઉલ્લાસ પેદા થયા વિના ન રહે.

- સુકૃત કર્યા પછી એનો પશ્ચાત્તાપ કરે, તો પણ સુકૃત દ્વારા બાંધેલું પુણ્ય નાશ પામે, અનુબંધ અશુભ પડે અને અંતરાય કર્મ બંધાય.
- તમે સુકૃત કર્યા પછી તો તેનો પશ્ચાત્તાપ ન જ કરો ને ? કદાચ કોઈ સાધર્મિક તમારી પાસે માંગવા આવ્યો, તમને તેની વાત સાચી લાગી, કરુણા ઉપજી અને તમે તેને સહાય કરી. પછી તમને સમાચાર મળે કે એ વ્યક્તિ તમને છેતરી ગઈ, તો પણ તમે જે શુભ ભાવથી તેને સહાયતા કરેલી, તે બદલ પસ્તાવો તો ન જ કરો ને ?

  સભા : પણ તે આપણને છેતરી ગયો, તેને જરૂર નહોતી તો પણ આપણે આપ્યા તે ખોટું કર્યું, એવો ભાવ તો થાય જ ને ?

  તમે દાન શેના માટે કર્યું હતું ? દાન પાછળનો તમારો આશય શું ? પુણ્યબંધનો, કર્મનિર્જરાનો, ભવાંતરમાં સદ્ગતિ/સુખની પ્રાપ્તિનો, કરુણા ગુણને વિકસાવવાનો/જીવંત રાખવાનો... બરાબર ? અને તે લાભ તો તમને દાન કરવાથી મળી જ ગયો. સામી વ્યક્તિએ તમને છેતર્યા હોય તો પણ એ લાભ ચાલી જતો નથી. તો પછી તમે ખોટું કર્યું, એવો અફસોસ શા માટે ?

  ઊલ્ટું, તમે અફસોસ કરશો, તો તેના કારણે તમારા એ બધા લાભ પણ ચાલ્યા જશે - બાવાના બેઉ બગડ્યા જેવું થશે...

  એક વાત સમજી રાખો કે કોઈપણ ધર્મારાધનાનું મુખ્ય ફળ ગુણવિકાસ, કર્મનિર્જરા, પુણ્યબંધ છે. અને એ તો શુદ્ધ/શુભ આશયથી આરાધના કરનારને મળે જ છે. પરોપકાર એ તો ગૌણ ફળ છે, અને તે કદાચ ન થાય તો પણ મુખ્ય ફળમાં કશો ફરક પડતો નથી...

  ઊલ્ટું, ગૌણ ફળ ન મળવાને કારણે જો સુકૃત કર્યા બદલ અફસોસ થાય, તો મુખ્ય ફળ પણ ન મળે...

  એટલે કોઈ પણ આરાધનાનો કદી અફસોસ કરવો નહીં... કદાચ કંઈક નિષ્ફળતા મળી હોય, તો તેમાંથી પાઠ શીખવો અને ભવિષ્યમાં વધુ કાળજી રાખવી. પણ જે કર્યું તેનો અફસોસ કદી ન કરવો.

  સભા : આપણે દાન કર્યું હોય, તે રકમનો કોઈ દુરુપયોગ કરે, તો પછી તો આપણને અફસોસ થાય જ ને ?

  જે દુરુપયોગ કરવાનો જ છે, એવી ખબર હોય, તેને કશું આપવાનું નથી, પણ આપણે શુભ આશયથી આપ્યા પછી કોઈ દુરુપયોગ કરે, તો તેમાં

તમને કોઈ નુકસાન નથી...

સાંભળેલો એક પ્રસંગ → બોક્ષિંગની સ્પર્ધામાં ચેમ્પિયન બનેલા કોઈ બોક્ષરને મોટું ઈનામ મળ્યું. અને તરત જ એક ડોશી એને મળવા આવી. તેણે કહ્યું, “મારી દીકરીને કેન્સર છે, તેની સારવાર કરવા માટે પૈસાની જરૂર છે. અને હું બહુ ગરીબ છું.” બોક્ષરે તરત જ પોતાના સેક્રેટરીને કહ્યું, “આને ૨૦૦૦ ડોલર આપી દે.” સેક્રેટરીને ગમ્યું નહીં. તેને થયું “આ રીતે પાકી તપાસ કર્યા વિના શી રીતે અપાય ?” છતાં બોસે કહ્યું, એટલે આપી દીધા. ત્રણ-ચાર દિવસ પછી સેક્રેટરીએ બોસને કહ્યું, “બોસ, તમે જે ડોશીમાને ૨૦૦૦ ડોલર આપવા કહેલું, તે તો ઠગ છે. તમને છેતરી ગઈ. મેં બધી તપાસ કરી. તેની દીકરીને કેન્સર છે જ નહીં.”

ત્યારે બોક્ષરે કહ્યું, “મેં એ ડોશીમાને ૨૦૦૦ ડોલર એટલા માટે જ આપેલા કે તેની દીકરીને કેન્સર હોય તો પણ તે સારવાર કરીને સાજી કરી શકે. તું જો એવા સમાચાર લાવ્યો હોય કે તેની દીકરી સાજી-સારી જ છે, તો એ તો ઘણા આનંદના જ સમાચાર છે. હું છેતરાયો એના દુઃખ કરતાં પણ તેની દીકરીને કેન્સર છે જ નહીં, એ સમાચારથી મને ઘણો વધુ આનંદ છે !”

જ્યારે આપણને કોઈ છેતરી જાય, ત્યારે આપણે પણ એ વિચારણા કેમ ન કરી શકીએ ? એનાથી આપણે બાંધેલું પુણ્ય અક્ષત રહેશે, અનુબંધ શુભ પડશે અને દુર્ધ્યાન નહીં થાય !

- ઘણીવાર કરેલા સત્કાર્યની કોઈ જ કદર ના કરે, કોઈ જ તેની નોંધ ના લે તો પણ કોઈને એમ થાય છે કે “મેં કરેલું કાર્ય ફોગટ ગયું.” અને તેનો પશ્ચાત્તાપ કરે છે... વાસ્તવમાં સારું કામ થયું હોય તો પણ... ઉપાશ્રયમાં દાન શેના માટે આપો ? ઉપાશ્રયમાં થતી સામાયિક-પ્રતિક્રમણ-વ્યાખ્યાનાદિ અનેકવિધ આરાધનાઓનો લાભ મળે, તે માટે... હવે કદાચ તમે ઉપાશ્રયમાં મોટું દાન આપ્યું હોય અને તમારું નામ ઉપાશ્રયની બહાર મુખ્ય દાતા રૂપે મૂકવાનું નક્કી થયું હોય... નામ મૂકાય પણ ખરું, પણ કોઈ ઝાડની ડાળી આડી આવવાથી રસ્તા પરથી જનાર કોઈને તમારું નામ વંચાય જ નહીં. તો પછી તમારો ભાવ કેવો ? ઉપાશ્રયમાં વિવિધ આરાધના થતી હોય, તેના લાભનો આનંદ,

કે નામ છૂપાઈ ગયું, તેનો અફસોસ ?

તમે કોઈને મુશ્કેલીમાં ખૂબ સહાય કરી હોય... હવે તે વ્યક્તિ પછી તમારા ઉપકારને ભૂલી જાય અને તમારા પ્રત્યે કૃતજ્ઞતા રાખવાનું તો દૂર રહ્યું, પણ ઊલ્ટું અપકાર કરતી હોય, ત્યારે ભૂતકાળમાં તમે એને કરેલી સહાય માટે અફસોસ કરો ? જો કરો, તો તમારું બાંધેલું પુણ્ય બળી જાય - ઉભય રીતે નુકસાન થાય. તમે તેને સહાય કરેલી, તે તમારા પુણ્યબંધ વિ. લાભ માટે; તેનું જીવન સ્વસ્થ અને સમાધિમય બને, તે માટે... અને તે કાર્ય તો થયું જ... પછી અફસોસ – "મેં ખોટી સહાય કરી, મારે કરવી નહોતી જોઈતી." વિ. શા માટે ?

જ્યારે સહાય કરી ત્યારે માત્ર સ્વ-પરોપકારનો શુદ્ધ આશય હતો. બદલાની કોઈ અપેક્ષા નહોતી, તો હવે શા માટે તેવા બદલાની અપેક્ષા ઊભી કરવી ?

- મમ્મણે ઉછળતા ઉલ્લાસથી સાધુ ભ.ને સિંહકેસરિયો મોદક વહોરાવેલ... પ્રચંડ પુણ્ય બાંધેલું, જેના કારણે રત્નોનો બળદ બનાવી શકાય, એટલી સંપત્તિ મળી... પણ પડોશીએ તેને કહ્યું, "અલ્યા ! આવો લાડવો તો જિંદગીમાં ન મળે; એવો સ્વાદ ભરપૂર હતો. એવો લાડવો વહોરાવી દીધો ?"

  અને બસ, મમ્મણને પોતે કરેલા સુપાત્રદાનનો અફસોસ થયો. લાડવો પાછો માંગવા ગયા. સાધુ ભગવંતે પરઠવી દીધો. પણ દાનના અફસોસના કારણે મમ્મણના જીવે જે અશુભ અનુબંધ બાંધ્યા, તેના કારણે મમ્મણના ભવમાં ધન ઉપર કારમી આસક્તિ મળી. અબજોની સંપત્તિ છતાં તેલ-ચોળા ખાવાના, કડકડતી ઠંડીમાં, હિમ જેવા ઠંડા પાણીમાં પડીને નદીમાં તરતા ચંદનના લાકડા ખેંચી લાવવાના... અને ત્યાંથી માત્ર એ મૂર્ચ્છાના પાપે સાતમી નરકમાં રવાના થઈ ગયો...

  મમ્મણની દુર્ગતિનું મૂળ સત્કાર્યનો પશ્ચાત્તાપ અને તેનું પણ કારણ અકલ્યાણમિત્ર જેવા પડોશીનો સંગ છે ! જો પડોશીએ ઊલ્ટું, સુપાત્રદાન કરવા બદલ ધન્યવાદ આપ્યા હોત, તો તેઓ શુભ અનુબંધ બાંધીને પ્રકૃષ્ટ ફળ મેળવી શકત.

  એટલે જ, પંચસૂત્રકારે જણાવ્યું છે કે "અકલ્યાણમિત્રનો સંગ કદી ન કરવો."

  - પંચસૂત્ર, ૨

તમને પણ કદાચ કોઈ એવી વાત કરે - એવા સમાચાર આપે કે જેના કારણે તમને તમે કરેલા સુકૃત માટે પસ્તાવો થાય, તો ત્યારે જ તેમને અટકાવી દો. તેવા સમાચાર સાંભળવાથી કશો લાભ થવાનો નથી.

તેમ બીજા કોઈએ સુંદર સુકૃત કર્યું હોય, તો ક્યારેય તેને એવા કોઈ સમાચાર ન આપો કે, જેથી તેમને પણ પોતાના સુકૃતનો પસ્તાવો થાય... તેવા સમાચાર તેમને આપવા જરૂરી નથી.

બીજાના કલ્યાણમિત્ર બનવું ખૂબ મુશ્કેલ છે, પણ કમસે કમ કોઈના આત્માનું અહિત થાય તેવી વાત કરીને તેના અકલ્યાણમિત્ર તો ન જ બનવું, એટલું તો તમારે નક્કી કરવું જ જોઈએ !

- વ્યાખ્યાન માટે ઘણી મહેનત કરીએ, ઘણો પરિશ્રમ ઉઠાવીએ, તો પણ ઘણીવાર વ્યાખ્યાનનું કોઈ પરિણામ શ્રોતામાં જોવા નથી મળતું, છતાં અમને ક્યારેય અફસોસ નથી થતો કારણકે ભલે શ્રોતામાં કોઈ પરિણામ જોવા ન મળે તોય, અમને સ્વાધ્યાય - કર્મનિર્જરા - ભવાંતરમાં જિનવચનની પ્રાપ્તિ વિ. રૂપ લાભ તો મળે જ છે.

  વાચકપ્રવર ઉમાસ્વાતિજી મહારાજે તત્ત્વાર્થસૂત્રની કારિકામાં કહ્યું છે કે શ્રોતા પર અનુગ્રહબુદ્ધિથી જે બોલે તેને તો એકાંતે લાભ જ થાય છે.

  — તત્ત્વાર્થકારિકા-૨૯

- સુકૃત કર્યા પછી એની પ્રશંસા થવાથી અભિમાન થાય, તો પણ સુકૃતનું ફળ ગુમાવી દેવાનું થાય...

  રત્નની કિંમત કરોડો રૂપિયાની હોય, પણ જો વેચનાર તેને ૧ લાખ રૂ.માં જ વેચવા ઈચ્છે, તો તેને ૧ લાખ રૂ. જ મળે.

  સુકૃતની તાકાત સદ્ગતિ-પરમગતિ આપવાની છે પણ તમારે જો તેના બદલામાં પ્રશંસા જ જોઈતી હશે, તો પ્રશંસા જ મળશે ! પછી સદ્ગતિ-પરમગતિ નહીં મળે !

- જેને આત્મપ્રશંસાની ભૂખ હશે, તેને લોકમાં સારા દેખાવા માટે ધર્મમાં ઘાલમેલ કરવાનું મન થશે. શુદ્ધ ધર્મ નહીં આરાધી શકે... શુદ્ધ ધર્મની આરાધના માટે લોકસંજ્ઞા-લોકમાં પ્રશંસા મેળવવાની ઈચ્છાથી મુક્ત થવું જ પડે...

- આત્મપ્રશંસાની ભૂખ - બધા જ ગુણોનો નાશ કરી દે, તેવો મોટો દોષ છે !

- પોતાની પ્રશંસામાં ફુલાવું એટલે, મોહરાજાના સૈન્ય સામે ખતરનાક યુદ્ધ ખેલીને પ્રચંડ પરાક્રમથી જીતેલો ગુણો રૂપી ખજાનો, મોહરાજાના ચરણે ભેટ ધરી દેવો !

– પૂ. પંન્યાસ શ્રી મુક્તિવલ્લવિ. મહારાજ સાહેબનું ચિંતન.

- સીડી, નીચેના માળવાળાને ઉપર ચડાવે, પણ ઉપરના માળવાળાને નીચે ઉતારે.
  આપણા ગુણો, બીજા જો તેનું આલંબન લે, તો તેમને ઉપર ચડાવે- ગુણવાન બનાવે.
  આપણે પોતે જ જો તેનું આલંબન લઈએ, તો આપણને નીચે પાડે- પતન કરે.

– જ્ઞાનસાર, ૧૮/૩

- જ્યારે પણ આપણા કોઈ પણ સુકૃત/ગુણનું અભિમાન થાય, ત્યારે તે જ ક્ષેત્રમાં અકલ્પનીય સિદ્ધિઓ મેળવનારા મહાપુરુષોને યાદ કરીએ, તો આપણું અભિમાન ઓગળી જાય...
  કોઈને ૧ દિવસમાં ૧૦૦ ગાથા ગોખવાનું અભિમાન થાય, તો બપ્પભટ્ટસૂરિ મહારાજ સાહેબને યાદ કરે - જે રોજની ૧૦૦૦ ગાથા ગોખતા હતા, તો અભિમાન ઓગળી જાય...
  પૂર્વકાળના જ નહીં... વર્તમાનકાળમાં પણ દરેક ક્ષેત્રમાં અદ્‌ભુત પરાક્રમ કરનારા સાધુ-સાધ્વીજી ભગવંતો-શ્રાવકો વિ. બિરાજમાન છે જ... તેમને યાદ કરવાથી પણ આપણું અભિમાન ઓગળી જાય...
- સિદ્ધિતપ કરનારા બધાના નામની જાહેરાત થાય અને આપણું જ નામ જાહેર ન થાય, ત્યારે આપણા મનની હાલત શું થાય છે ? આપણને પ્રશંસાની ઈચ્છા છે કે નહીં, તેની ત્યારે જ કસોટી થાય છે !
- જેને પ્રશંસાની ભૂખ હોય, તે સુકૃતનો આનંદ ક્યારેય માણી શકતો નથી, સતત તેને લોકોનો અભિપ્રાય જાણવાની જ ઈચ્છા રહ્યા કરે છે. એક પણ વ્યક્તિ નિંદા કરે કે પ્રશંસા ન કરે, તો પણ તેનો સુકૃતનો બધો જ આનંદ લૂંટાઈ જાય છે. અને દુઃખી દુઃખી થઈ જાય છે.
  જેને સુકૃતમાં જ રસ છે, તે બીજાની ચિંતા કર્યા વિના પોતાના સુકૃતનો આનંદ માણે છે.
- જેને પ્રશંસાની ઈચ્છા હોય છે, તેને ખુશામતખોરો જ ચારેકોરથી ઘેરી

વળે છે અને પોતાનો સ્વાર્થ પોષતા રહે છે.
તેની ભૂલ દેખાડનાર/સુધારનાર કલ્યાણમિત્રો તો તેનાથી દૂર જ થઈ જાય છે, કારણકે ભૂલ કાઢનાર તેને કદી ગમતો નથી...

- એક વાત સમજી રાખો કે આપણે છદ્મસ્થ છીએ, આપણામાં દોષો છે જ. જો એ દોષોને કાઢવા હશે, ભૂલોને સુધારવી હશે, તો દોષો/ભૂલો બતાડનારાને આપણા મિત્ર બનાવવા પડશે, તેમને આવકાર આપવો પડશે, તેમને ઉપકારી માનવા પડશે, તેમનો આભાર માનવો પડશે. જેને ભૂલ કાઢનાર/દોષ બતાવનાર પોતાનો મિત્ર ન લાગતાં, શત્રુ લાગે છે. તેનો આધ્યાત્મિક વિકાસ સ્થગિત થઈ જાય છે.
- આપણે આપણી પ્રશંસાની ઇચ્છા કરવાની નથી, પણ બીજાના સુકૃતોની પ્રશંસા કરવામાં કંજૂસાઈ કરવાની નથી...

પ્રયોજન

- મંગળ કર્યા પછી ગ્રંથકાર, ગ્રંથની રચના કરવા પાછળ પોતાનો હેતુ શું છે, તે કહે છે. તેને પ્રયોજન પણ કહેવાય છે.
- બુદ્ધિશાળી માણસ, ક્યારેય પણ પ્રયોજન વિના કોઈ કામ કરે નહીં, કરે તેને બુદ્ધિશાળી કહેવાય નહીં...
  વર્તમાન કાળનું ચિત્ર આખું જુદું છે... મોટે ભાગે ગાડરિયા પ્રવાહની જેમ લોકો જે કરતા હોય, તે જ તમે કરો છો. આગળ-પાછળનું વિચારતા જ નથી... તમને બુદ્ધિશાળી શી રીતે કહેવા ?
- પૂર્વના કાળે જે કોઈ પણ રીત-રિવાજો હતા, તે બધાની પાછળ કોઈને કોઈ વિશેષ પ્રયોજન હતું...
  ગામડામાં જેને ઘેર દૂધાળા ઢોર હોય, તે દૂધ મેળવીને, બીજે દિવસે દહીંનું વલોણું કરીને ઘી બનાવતા. વલોણું થયા પછીની છાસ વેચી શકાય નહીં - વધે, તો જે માંગવા આવે, તેને એમ જ આપી દેવી પડે એવી જડબેસલાક માન્યતા હતી... (આજે પણ ગામડાઓમાં એવી માન્યતા છે જ...) તેના કારણે ગરીબોને છાસ મફતમાં મળતી, જે પોષણ આપતી અને પોતે માત્ર રોટલો બનાવે તો પણ રોટલો અને છાસ ખાઈને પેટ ભરી શકાય, તેવી સગવડ આપતી.

આજે ડેરી આવી, વલોણા ગયા, છાસ ગઈ... હજારો ગરીબોની છાસ ઝૂંટવાઈ ગઈ...

આવી તો કેટલીય વાતોના ઊંડાણમાં ઊતરવાથી ખબર પડે કે, તેની પાછળ કેવા ગંભીર રહસ્યો હતા - અને પૂર્વના પુરુષોની બુદ્ધિને સલામ કરવાનું મન થઈ જાય !

- લગ્ન, એ એક સ્ત્રી સિવાયની જગતની બધી સ્ત્રીઓનો જીવનભર ત્યાગ કરવાની પ્રતિજ્ઞા છે. અને એ ત્યાગની અનુમોદના માટે બહુમાનરૂપે ચાંલ્લો આપે, તો ધર્મની અનુમોદના થાય...

  હવે આ રહસ્યને ન જાણનારા ચાંલ્લો આપે છે, તો પણ આ ભાવને ન સ્પર્શવાને કારણે કશો લાભ નથી પામી શકતા...!

- સરખી ક્રિયા હોવા છતાં ભાવના આધારે કર્મબંધ તદ્દન જુદો થાય. એવું બની શકે છે...

  ચા ઠંડી પડી જાય તો 'ટેસ્ટ' ન આવે, એ માટે ગરમ રાખવા માટે ચાને ઢાંકેલી રાખે તો, તેની પાછળ સ્વાદની આસક્તિનો ભાવ હોવાથી પાપ બંધાય.

  અને ગરમ ચા ખુલ્લી હોય, તો તેમાં જીવાત પડીને મરી જાય, તેની રક્ષા માટે ચાને ઢાંકે તો જીવરક્ષાનો ભાવ હોવાથી પુણ્ય બંધાય !

- ગ્રંથની રચના પાછળ ગ્રંથકારના જુદા જુદા ઘણા પ્રયોજન હોય છે. એક પ્રયોજન છે, પોતાની સ્મૃતિની રક્ષાનું...

  પોતે જે ભણ્યા છે, તેનું ગ્રંથરચના માટે પુનરાવર્તન થાય, અનુપ્રેક્ષા થાય, તેના કારણે પોતાને પણ પદાર્થોની સમજણ દઢ થાય, વધુ ઊંડાણપૂર્વકની થાય, એ પણ મહત્ત્વનો લાભ છે.

- બીજાને ભણાવી શકે, તો જ પોતે ભણેલું સાર્થક કહેવાય...

- બીજું એક પ્રયોજન હોય છે, શ્રોતા પર/વાચક પર ઉપકાર કરવાનું... પોતાને જે જ્ઞાન મળ્યું છે, તે બીજા યોગ્ય-ભવ્ય જીવોને આપવા દ્વારા તેમને પણ મોક્ષમાર્ગ બતાવવાનું. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં વૃદ્ધિ કરવાનો પરમ ઉપકાર ગ્રંથ દ્વારા થાય છે.

- જગતના સર્વ જીવોને ચાર ભાવનામાં આપણે સમાવી લેવાના છે.

  ૧. સર્વ જીવોના હિતની ચિંતા કરવી. સહુ પોતાનું આત્મકલ્યાણ

સાધીને મોક્ષસુખના સ્વામી થાય, તેવી ભાવના કરવી, તે પહેલી મૈત્રી ભાવના છે.

૨. જે ગુણવાન્ જીવો છે, તેમના ગુણોને જોઈને આનંદ થવો, ઈર્ષ્યા ન કરવી, તે બીજી પ્રમોદ ભાવના છે.

૩. જે દોષિત જીવો છે, તેમને દોષથી મુક્ત કરવાની, ગુણવાન્ બનાવવાની ભાવના, તે ત્રીજી કરુણા ભાવના છે.

૪. જે અપાત્ર જીવો છે, જેમની સુધરવાની યોગ્યતા જ નથી, તેમની ઉપેક્ષા કરવી, તિરસ્કાર ન કરવો, તે માધ્યસ્થ ભાવના છે.

- સામા જીવની પાત્રતા હોય, આપણામાં શક્તિ હોય, આપણું પુણ્ય પહોંચતું હોય, તો તેને સુધારવાનો પ્રયત્ન કરવો જ જોઈએ, અન્યથા આપણી કરુણા ભાવના તૂટે...

  એટલે ગ્રંથકાર પોતાની કરુણા ભાવનાને અક્ષત રાખવા માટે, લોકો પર ઉપકાર કરવા માટે ગ્રંથ રચના કરે છે.
- છતી શક્તિએ જે પરોપકાર ન કરે,
  ભવાંતરમાં તેના પર ઉપકાર કરવાનું કોઈને મન ન થાય, તેવા કર્મ બાંધે.
- જે જીવ જે ભાવનાને યોગ્ય છે, તે જ ભાવના તેના પર ભાવવી જોઈએ. એથી ઊંધું કરવામાં દોષ લાગે.
- પરોપકાર કરતાં કરતાં સ્વોપકાર પણ થઈ જ જાય...

  પ્રવચનકાર જે બોલે છે. તે સૌથી પહેલાં પોતાને સંભળાય છે, કારણકે તેના મોઢાની સૌથી નજીક તેના પોતાના કાન હોય છે. જો તે પોતે પોતાના જીવનમાં તેનો અમલ ન કરે - તેના માટે પુરુષાર્થ પણ ન કરે, તો બીજાને તેની અસર થવી બહુ જ મુશ્કેલ છે.
- કોઈને ખાવાનું આપીએ તો એક દિવસનો ઉપકાર થાય.
  કોઈને પૈસા-કપડાં આપીએ તો થોડા મહિના/વર્ષનો ઉપકાર થાય.
  કોઈને ધંધો શીખવાડીએ/મરતાંને બચાવીએ તો આખી જિંદગીનો ઉપકાર થાય... જ્યારે કોઈને આત્મહિતકારી જ્ઞાન આપીએ તો ભવોભવનો ઉપકાર થાય.
  એટલે જ્ઞાનદાન, એ શ્રેષ્ઠ ઉપકાર છે...
- ગ્રંથકારનું એક પ્રયોજન હોય છે, બીજાને જિનવચન આપવા દ્વારા

ભવાંતરમાં પોતાને જિનવચન મળે તે...

- સૌથી મહત્ત્વનું પ્રયોજન છે, પરંપરાએ મોક્ષની પ્રાપ્તિનું.
- દરેકે દરેક સત્કાર્યનું અંતિમ લક્ષ્ય તો મોક્ષ જ છે. તમે જે કંઈ સુકૃત કરો છો, તે બધાના અંતિમ ફળરૂપે તમારે મોક્ષ જ જોઈએ, તેવું નિશ્ચિત ખરું ને ?
- ''મારે મોક્ષ જોઈએ છે'' એમ કહેવું તે જુદી વાત છે, અને ખરેખર મોક્ષની ઈચ્છા હોવી, તે તદ્દન જુદી વાત છે... અનંતકાળમાં અનંતવાર આપણે આરાધના કરી છે, ચારિત્ર પણ લીધું છે અને પાળ્યું છે, છતાં આપણો મોક્ષ થયો નથી, તેનું મુખ્ય કારણ એ છે કે હકીકતમાં આપણને મોક્ષની ઈચ્છા જ નહોતી... ભલે ત્યારે પણ આપણે બોલતાં તો એમ જ હોઈશું કે ''મારે મોક્ષ જ જોઈએ છે.''
- બધાની પાસેથી સાંભળીને બે-ત્રણ વર્ષનો બાળક પણ બોલે ખરો કે ''મારે અમેરિકા જવું છે.'' પણ તેનો પરમાર્થ શું તે તેને ખબર હોતી નથી... આપણે પણ બોલીએ છીએ કે ''મારે મોક્ષમાં જવું છે.'' પણ આપણને તેનો પરમાર્થ ખબર છે ? કદાચ આપણી પરિસ્થિતિ પણ તે બાળક જેવી જ નથી ને ?
- અનંતકાળથી આપણને સામગ્રીમાં જ સુખ દેખાયું છે.
  આરાધના કદાચ કરી તો પણ, તેના ફળરૂપે તેવું જ સુખ ઈચ્છ્યું છે. કદાચ મોઢેથી એમ બોલ્યા હોઈશું, કે ''મારે તો મોક્ષ જ જોઈએ છે.'' પણ, ખરેખર મોક્ષ જેવો છે, તેવો તો આપણને જોઈતો જ નહોતો... 'મોક્ષ' ના નામ નીચે પણ આપણને ખરેખર તો સ્વર્ગ વિગેરે સુખો જ જોઈતા હતા...
  સામગ્રી વિના સુખ હોઈ શકે, એવું આપણે માનતા જ નહોતા.
  એટલે, આપણી મોક્ષની ઈચ્છા વાસ્તવિક નહોતી... અને એટલે જ આપણો સંસાર કદી ઘટ્યો નહીં, મોક્ષ તરફ પ્રયાણ થયું નહીં.
  ભલે, સામગ્રીના સુખોનું આકર્ષણ હોય; પણ, સામગ્રી વિના પણ સુખ હોય, એવું માનવા માટે આપણું અંતર તૈયાર થાય, ત્યારથી જ આપણો મોક્ષ તરફ વિકાસ શરૂ થાય છે - ત્યાર પછીની આપણી આરાધનાઓ સંસાર ઘટાડનારી - મોક્ષ અપાવનારી બને છે.

- જાતને પૂછો - આકર્ષણ શેનું વધારે છે ? સ્વર્ગના સુખનું કે મોક્ષના સુખનું ? શેના વર્ણન સાંભળતાં ગલગલિયા થાય ?
  મોટે ભાગે, સ્વર્ગના સુખો જ આપણને આકર્ષતા હોય, તો પછી મોક્ષની ઈચ્છા ખરેખરી છે કે માત્ર આભાસિક છે, એ મોટો પ્રશ્ન છે.
- ઘરમાં પાણીની તરસ લાગે ખરી, પણ બીજા કામમાં પરોવાઈ જાય તો કલાક-બે કલાક ભૂલી પણ જવાય...
  રણમાં ભૂલો પડ્યો હોય, ઘણું રખડવા છતાં રસ્તો ન મળે, ઉપર સૂરજ તપતો હોય તે વખતે જે પાણીની તરસ લાગે, તે જુદી હોય છે, ત્યારે રૂંવે-રૂંવે પાણીનો પોકાર નીકળતો હોય છે...
  આપણને મોક્ષ મેળવવાની જે ઈચ્છા છે, તે આ બેમાંથી કેવી ?
- **સભા : પણ મોક્ષમાં સુખ છે, એ શ્રદ્ધા શી રીતે થાય ? તેનો અનુભવ તો છે નહીં...**
  પ્રશમરતિમાં ઉમાસ્વાતિજી મહારાજ સાહેબે જણાવ્યું છે કે સિદ્ધના સુખનું પ્રતિબિંબ, નિઃસ્પૃહ સાધુ ભગવંતોમાં જોવા મળે છે,
  તમારી પાસે જેટલી સામગ્રી છે, તેના કરતાં સાધુ ભગવંતો પાસે ઘણી ઓછી સામગ્રી છે, છતાં તમારા કરતાં તે પરમ સુખી છે, એ હકીકત છે.
  એ જ બતાવે છે કે સુખને સામગ્રી સાથે કોઈ સંબંધ નથી...
  તત્ત્વાર્થ સૂત્રમાં ઉમાસ્વાતિજી મહારાજ સાહેબ જણાવે છે કે, જેમ જેમ ઉપર-ઉપરના દેવલોકમાં જઈએ, તેમ સામગ્રી ઘટતી જાય છે, તો પણ સુખ વધતું જાય છે.
- સાધુ ભગવંતોને બધું મળી રહે છે, તેના કારણે, કે તેમને કશી ચિંતા નથી, તેના કારણે તેઓ સુખી છે, એવું નથી;
  પણ તેમને કોઈ ઈચ્છા જ નથી, તેના કારણે તેઓ સુખી છે.
- અનંતકાળથી તમે સામગ્રીમાં સુખ માનીને, સામગ્રીની પાછળ દોડ્યા છો. ઈન્દ્રિય પરાજય શતકમાં કહ્યું છે કે આપણા જીવે આ જગતમાં રહેલી બધી જ સામગ્રી ભોગવી લીધી છે, છતાં આપણને તૃપ્તિ થઈ નથી. હજી આપણને સુખની પ્રાપ્તિ થઈ જ નથી... તેનો અર્થ જ એ છે કે વાસ્તવિક રીતે સામગ્રીમાં સુખ છે જ નહીં...
  પણ મોહનીય કર્મનો ઉદય, જીવને તેમાં સુખનો ભ્રમ કરાવે છે ! અને

તેથી સામગ્રી માટે દોડાવે છે !

- દરિયાનું પાણી દેખાય છે તો પાણી જ, પણ તે પીવાથી તરસ છીપાતી નથી, ઊલ્ટી વધે છે.
  તેમ સામગ્રીમાં દેખાય છે તો સુખ, પણ તે ભોગવવાથી સુખની ઇચ્છા શાંત થતી નથી, ઊલ્ટી વધે છે !
- ઝાંઝવાના જળની પાછળ જેમ તમે દોડતા જાવ, તેમ જળ પણ આગળ-આગળ દોડતું જ જાય છે.
  તેમ ઇચ્છાઓ પૂરી કરવા જેમ જેમ તમે પ્રયાસ કરો, તેમ તેમ ઇચ્છાઓ વધતી જ જાય છે !
  ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે - "ઇચ્છા આકાશ જેટલી અનંત છે. જેમ જેમ લાભ થતો જાય છે, તેમ તેમ લોભ વધતો જ જાય છે."
- ઉપદેશમાળામાં ધર્મદાસ ગણિએ સુંદર દષ્ટાંત દ્વારા આ પદાર્થ સમજાવ્યો છે.

  ખુજલીના રોગીને ભયંકર ખણજ હતી. સળી લઈને ખણતો. હવે એકવાર રસ્તામાં જતાં ખણજ ઉપડી. સળી ક્યાંયથી મળી નહીં... સામે એક માણસ મળ્યો. તેની પાસે સળી માગી. માણસે પૂછ્યું- "શેના માટે જોઈએ છે ?" રોગીએ જવાબ આપ્યો. "ખણવા માટે." પેલો માણસ વૈદ હતો. તેણે કહ્યું - "જો હું આ પડીકી આપું, તે ફાકી લઈ લે. તેનાથી તારી ખણજ મટી જશે. પછી સળીની જરૂર જ નહીં રહે."
  પેલા રોગીએ ના પાડી. અને કહ્યું - "મારી ખણજ મટી જાય તો પછી મને ખણવાનો આટલો બધો આનંદ આવે છે, તે ચાલ્યો જાય. એટલે મારે પડીકી ન જોઈએ, સળી જ જોઈએ."
  એ રોગી જેવી જ આપણી હાલત છે. તેને ખણવામાં આનંદ આવે છે. નિરોગી માણસ સમજે છે કે વાસ્તવમાં આ રોગ છે, દુઃખ છે, તેમ આપણને સંસારની સામગ્રીની ઇચ્છા થાય, તે મેળવવામાં આનંદ આવે છે. પણ જ્ઞાનીઓને તો ખબર છે કે "આ ભવરોગ છે," અને એટલે સામગ્રી પાછળની આપણી દોટ જોઈને તેમને ત્રાસ જ થાય છે. એટલે તેઓ કહે છે, "સામગ્રી (સળી) રહેવા દે. હું તને ધર્મ (ફાકી) આપું. તેનાથી તને પછી સામગ્રીની ઇચ્છા જ નહીં થાય - તેવો મોક્ષ મળી જશે !"

પણ બિચારા આપણે ! આપણને એ સુખ પર શ્રદ્ધા જ નથી ! અને કહીએ છીએ - "કોઈ સામગ્રી જ જો મોક્ષમાં ન હોય, તો પછી આનંદ શેનો રહેશે ? એવો મોક્ષ મારે નથી જોઈતો !"

- તમને ઈચ્છાની પૂર્તિમાં સુખ દેખાય છે.
  જ્ઞાનીઓ કહે છે, ઈચ્છા પોતે જ દુઃખ છે.
  ઈચ્છાનો નાશ, એ જ સાચું સુખ છે...
  એક ચિંતકે સરસ કહ્યું છે - "Desire to be desireless."
  સાધુને કોઈ ઈચ્છા જ ન હોવાથી તે પરમ સુખી છે...
- તમે વેવાઈને ત્યાં જમવા ગયા હો, અને ગરમા ગરમ રોટલી-દાળ-ભાત-શાક પીરસે, તો તમે દુઃખી થાવ, કારણકે મીઠાઈ-ફરસાણની અપેક્ષા લઈને ગયા હતા...
  અને કોઈ તીર્થની ભોજનશાળામાં ગરમાગરમ રોટલી-દાળ-ભાત-શાક મળે તો ખુશ-ખુશ થઈ જાવ, કારણકે તમારી અપેક્ષા કરતાં વધારે સારું મળ્યું !
  એ બતાવે છે કે સુખ, મીઠાઈમાં ય નથી કે રોટલીમાં ય નથી... પણ તમારી અપેક્ષા જ સુખદુઃખની જનક છે...
  પંચસૂત્રકારે સરસ કહ્યું છે, અપેક્ષા એ જ દુઃખ છે.
  અમે ગોચરી જઈએ ત્યારે કશી અપેક્ષા વિના જઈએ છીએ. મીઠાઈ પણ મળે અને લુખ્ખા રોટલા પણ મળે... મેવા પણ મળે અને શાકના ય વાંધા પડે, તેવું પણ બને... પણ બધામાં અમારી પ્રસન્નતા બધે જ સમાન રહે છે, તેનું કારણ એ જ કે અમે કોઈ અપેક્ષા રાખી નહોતી - બધી જ પરિસ્થિતિ માટે તૈયાર હતા...
- સારામાં સારું મળે. તેવી આશા ભલે રાખો,
  પણ ખરાબમાં ખરાબ બને તેની માટે તૈયાર રહો.
  Hope for the best,
          but be ready for the worst.
  તો તમે કદી દુઃખી નહીં થાવ.
- મોક્ષ એટલે સર્વ કર્મનો જ નાશ નહીં, પણ બધી ઈચ્છાઓનો પણ નાશ, અને એટલે જ ત્યાં પરમ સુખ છે !

- તમને કેટલું મળી જાય, તો તમે સુખી ? એ ઈચ્છાઓનું લિસ્ટ બનાવો. તમને ખ્યાલ આવી જશે કે તમારી બધી ઈચ્છાઓ, જિંદગીમાં ક્યારેય પૂરી થાય તેમ નથી, અને તમે ક્યારેય સુખી થવાના નથી.
- સામગ્રી ગમે તેટલી હોય, છતાં જેને હજી વધુ મેળવવાની ઈચ્છા છે, તે દરિદ્ર જ છે.

  અને ભલે ફૂટી કોડી પણ ન હોય, છતાં જેને કશું જ પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી, તેના જેવો શ્રીમંત આ જગતમાં કોઈ નથી !
- સંયમમાં સંસારની સામગ્રીઓની ઈચ્છા તો ખતમ થાય જ છે, આગળ વધતાં ક્ષપકશ્રેણિમાં તો મોક્ષ મેળવવાની ઈચ્છા પણ રહેતી નથી !
- તમને જે સામગ્રી (બંગલો, કાર, પૈસા વિ.) મેળવવામાં સુખ દેખાય છે, તેને મેળવવા માટે મહેનત કરતાં પહેલા, જેમને એ સામગ્રી મળી ગઈ છે, તેમને પૂછી લો. "તમને એમાં સુખ મળ્યું છે ખરું ?"
- સામગ્રીમાં સુખ છે, એવા ભ્રમથી તમે સામગ્રી મેળવવા દોડો છે, તેમાં કરુણતા એ છે કે, તે દોટમાં તમે મળેલા સુખોને (આરોગ્ય, શાંતિ, પ્રસન્નતા) પણ ગુમાવી દો છો.
- યુવાનીમાં ધન મેળવવા આરોગ્ય ગુમાવવું અને ઘડપણમાં આરોગ્ય મેળવવા ધન ખરચવું. એ આજની હાસ્યાસ્પદ જીવનકથની છે.
- પૈસાથી કદાચ, લોકો તમને સુખી કહેશે,
પણ તમને સુખનો અનુભવ થવાનો નથી...!
- ધન કમાવામાં ય દુઃખ છે, (કષ્ટો સહન કરવા પડે)
ધન સાચવવામાં ય દુઃખ છે, (સુરક્ષાની ચિંતા)
ધન ભોગવવામાં ય દુઃખ છે, (લોકો ઈર્ષ્યા કરે વિ.)
ધન જાય ત્યારે ય દુઃખ છે, (બળાપો થાય)
છતાં તમને ધનમાં જ સુખ દેખાય છે !
- કેટલા રૂપિયા ભેગા કરવા છે, તેનું કોઈ લક્ષ્ય નક્કી કર્યું છે ? અત્યારે જેટલી ઈચ્છા છે, તે બધી પૂરી થઈ જાય, તો કમાવાનું બંધ કરવું, એટલું નક્કી કરવું છે ?
જો ક્યાંય પણ અટકવાનો નિર્ણય જ નહીં કરો, તો આખી જિંદગી, આ દોટમાં જ પૂરી થઈ જશે.

સંબંધ

- મંગળ અને પ્રયોજનને કહ્યા પછી ગ્રંથકાર, 'સંબંધ' કહે છે. ગ્રંથકાર પોતે, પોતાની મતિકલ્પનાથી કશું કહેતા નથી. પણ પોતાને પોતાની ગુરુપરંપરા દ્વારા જે જ્ઞાન મળ્યું છે, તે જ કહે છે. આ 'ગુરુપરંપરા' રૂપી સંબંધ છે. એના દ્વારા એ નિશ્ચિત થાય છે કે ગ્રંથકાર જે કંઈ કહે છે, તે આખરે તો પરમાત્માએ જ કહ્યું છે (કારણકે એ જ ગુરુપરંપરાથી આવે છે.) અને એટલા માટે, એ પણ પરમાત્માના વચન જેટલું જ પ્રમાણભૂત છે, સાચું છે...
- જિનશાસનમાં સ્વમતિકલ્પનાથી કશું કહેવાનો કોઈને અધિકાર નથી. જે પરમાત્માએ-પૂર્વાચાર્યોએ કહ્યું છે, તે જ શાસ્ત્રકારો ફરી કહે છે, ભલે ભાષા કે રજૂઆતની શૈલી જુદી હોય.
- મહા બુદ્ધિમાન પૂર્વાચાર્યોને પણ પોતાના ગ્રંથમાં કંઈપણ જિનવચનથી વિરુદ્ધ પદાર્થ ન આવી જાય, ઉત્સૂત્ર ભાષણ ન થઈ જાય, તેની ઘણી જ ચિંતા રહેતી, અને એટલે જ ગ્રંથનું સર્જન કર્યા પછી બીજા વિદ્વાનો પાસે સંશોધિત કરાવતાં. પૂ. ઉપા. માનવિજય મહારાજ સાહેબે ધર્મસંગ્રહ લખ્યા પછી મહો. યશોવિજયજી મહારાજ સાહેબ પાસે સંશોધિત કરાવેલું. પૂ.આ.ભગવંત પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબની નિશ્રામાં જે કર્મસાહિત્યનું સર્જન થયું. તે બધું પૂ. આ. ભગવંત શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજ સાહેબે તપાસેલું હતું...
- ઉત્સૂત્ર ભાષણ (પરમાત્માના વચનથી વિરુદ્ધ બોલવું) - જેવું જગતમાં કોઈ પાપ નથી. **– અનંતનાથ ભ.નું સ્તવન, આનંદઘનજી મહારાજ સાહેબ**
- પોતાને બુદ્ધિશાળી માનતા અનેક લોકોને, ધર્મના ક્ષેત્રના કોઈ જ અભ્યાસ વિના, દરેક બાબતમાં સલાહ-સૂચન કરવાની, અભિપ્રાય આપવાની, ટીકા/નિંદા કરવાની ટેવ પડી હોય છે, શોખ થતા હોય છે. તેઓ સમજી રાખે કે તેમને આવો કોઈ અધિકાર નથી. ભૂલમાં પણ થઈ ગયેલું ઉત્સૂત્ર ભાષણ સંસારનું પરિભ્રમણ વધારી દેવાનું છે.

  પ્રભુ વીરના જીવે ત્રીજા મરીચિના ભવમાં ૧ જ વાર ઉત્સૂત્ર ભાષણ કર્યું. કપિલે મરીચિ પાસે જ દીક્ષા લેવાનો આગ્રહ કરતાં પૂછ્યું, "શું તમારી પાસે ધર્મ નથી ?" ત્યારે મરીચિએ કહ્યું, "ધર્મ ત્યાં પણ (પ્રભુ પાસે

પણ) છે, અહીં પણ છે.'' પોતાની પાસે સાચો ધર્મ નથી, એ ખબર હોવા છતાં, મરીચિએ એ ઉત્સૂત્ર ભાષણ કર્યું, તો પ્રભુનો સંસાર ૧ કોડાકોડી સાગરોપમ જેટલો વધી ગયો. ૨૭ ભવના સ્તવનમાં કહ્યું છે- ''એણે વચને વધ્યો સંસાર...''

જો મરીચિ એ વચન ન બોલ્યા હોત તો કદાચ બહુ ટૂંકા ગાળામાં તેમનો મોક્ષ થઈ ગયો હોત, કારણકે, સુખશીલતાને કારણે ચારિત્રથી ભ્રષ્ટ થયા હોવા છતાં સમ્યગ્દર્શન તેમણે ટકાવી રાખેલું.

તમે વિચારો, કે પોતાનાથી જ પ્રતિબોધ પામેલા, પોતાની પાસે દીક્ષા લેવા તૈયાર થયેલાને બીજે મોકલી દેવા તે કેટલું દુષ્કર કાર્ય છે ! મરીચિ જેને પ્રતિબોધ કરતાં, વૈરાગ્ય પામીને જે દીક્ષા લેવા તૈયાર થાય, તેને કહેતા. ''હું તો શિથિલ છું. મારી પાસે નહીં, પ્રભુ આદિનાથ ભ. પાસે દીક્ષા લો.'' આમ એમણે સમ્યક્ત્વ જાળવેલું.

પણ ૧ ઉત્સૂત્ર વચનથી સમકિત પણ ગુમાવ્યું... અને તિર્યંચમાં અસંખ્ય ભવો ભમ્યા, ૭મી-૪થી નરકમાં જવું પડ્યું...

જો ખુદ પરમાત્માના જીવની પણ આ હાલત થતી હોય, તો આપણે ધર્મના વિષયમાં કશું જાણ્યા વિના ફેંકાફેંક કરવા પૂર્વે સો વાર વિચારવા જેવું છે...!

અને બીજી વાત, કેવલિ ભગવંત વિના અંતિમ સત્ય કોઈ જાણી શકતું નથી, ત્યારે વર્તમાનકાળે કેટલાક લોકો એવું માને છે, બોલે છે કે ''અમારી પાસે જ સાચો ધર્મ છે, બીજા બધા તદ્દન ખોટા છે, મિથ્યાત્વી છે, લોકોને ઊંધા માર્ગે દોરી રહ્યા છે.'' તેમને શું મરીચિ યાદ નથી આવતા ?

- ગુરુપરંપરાનો સંબંધ કહ્યો છે, પ્રભુવચનનો નહીં, એ વાત પણ ઘણી મહત્ત્વની સૂચક છે કે પ્રભુવચન પણ ગુરુ પરંપરાને સાપેક્ષ છે.

  એટલે કે ક્ષેત્ર-કાળની અપેક્ષાએ ગીતાર્થ ગુરુ ભગવંતોએ જે કંઈ પણ ફેરફાર કર્યો હોય, તે પણ પ્રભુવચન જ બને છે. ખુદ પરમાત્માએ જ ગીતાર્થ ગુરુભગવંતોને એ સત્તા આપી છે. અને એ ગુરુપરંપરાથી આવેલ આજ્ઞાનું ખંડન એ જિનાજ્ઞાનું જ ખંડન બને છે.

  — દ્વાત્રિશદ્ દ્વાત્રિંશિકા ટીકા, ૩/૨

  સંબોધસિત્તરિ ગ્રંથમાં જણાવ્યું છે-આચાર્ય તીર્થંકર સમાન છે.

એનો અર્થ એ નથી કે તીર્થંકરની જેમ આચાર્ય અષ્ટ પ્રાતિહાર્ય કે ૩૪ અતિશય યુક્ત હોય, કે એવો પણ અર્થ નથી કે તીર્થંકરની જેમ આચાર્યાદિના મંદિરો બનાવવા, કે અરિહંતની જેમ તેમની પૂજા કરવી. પણ તેનો અર્થ એ છે કે જેમ તીર્થંકરોની આજ્ઞા ઓળંગવાની નથી, તેમ આચાર્યની આજ્ઞા પણ ઓળંગવાની નથી.

- પરમપાવન કલ્પસૂત્રમાં પણ સાધુ ભગવંતોના આચારો જણાવ્યા પછી છેલ્લે કહ્યું કે બધું આચાર્યોને પૂછીને કરવું, કારણકે "**आयरिया पच्चुवायं जाणंति...**" એટલે કે આચાર્ય ભગવંતો લાભ-નુકસાનને જાણે છે ! અને એટલે જરૂર પડ્યે ઉત્સર્ગ રૂપ પ્રભુની આજ્ઞામાં અપવાદમાર્ગે ફેરફાર પણ કરે તો તે માન્ય રાખવાના છે.
- ગુરુની આજ્ઞામાં રહેવું, એ જ ભાવદીક્ષા છે; એ જ સાચું સાધુપણું છે.
- ગુર્વાજ્ઞાથી નવકારશી કરનાર સાધુ, સ્વચ્છંદમતિથી માસક્ષમણ કરનાર સાધુ કરતાં અનેકગણી વધુ કર્મનિર્જરા કરે.
  કારણકે ગુર્વાજ્ઞાપાલન એ મૂળગુણ છે.
- અનંતકાળમાં અનંતવાર ચારિત્રપાલન કરવા છતાં મોક્ષ નથી થયો, તેનું એક મુખ્ય કારણ સ્વચ્છંદમતિ છે !
- ગુરુની આશાતના કરનારનો કદી મોક્ષ ન થાય.
  – દશવૈકાલિક સૂત્ર - ૯-૧-૭
- શ્રુતજ્ઞાન પણ ગુરુને આધીન છે. **– વિશેષાવશ્યક ભાષ્ય ટીકા, ૫૫૭**
  ગુર્વાજ્ઞા/ગુરુ પારતંત્ર્ય વિનાનો શાસ્ત્રાભ્યાસ પણ સમ્યગ્જ્ઞાન આપી શકતો નથી.
- સંવિગ્ન ગીતાર્થ ગુરુ ભગવંતોનો નિર્ણય સર્વોપરી છે. તેની સામે કદી કોઈ ચીજનો આગ્રહ રાખી શકાય નહીં.
- જો ખુદ પરમાત્માએ કહેલ ભાદરવા સુદ પાંચમની સંવત્સરી બદલીને ચોથની કરી શકાતી હોય, પૂનમની પક્ખી ચૌદશના કરી શકાતી હોય, તો આપણી પોતાની જ સ્થાપેલ પરંપરાઓને વળગી રહેવાનો આગ્રહ એ જડતા છે - કદાગ્રહ છે.
  સંવિગ્ન ગીતાર્થ ગુરુ ભગવંતોને તેમાં ફેરફાર કરવાનો પૂર્ણ અધિકાર છે.

- જે સંવિગ્ન ગીતાર્થ ગુરુના વચનમાં શ્રદ્ધા રાખતો નથી, તેની પ્રભુ વચન પરની શ્રદ્ધા ભ્રામક છે.
- જે ગુરુ ભગવંતની આજ્ઞા માન્ય કરવાની છે, તેના બે વિશેષણ શાસ્ત્રકારે બતાવ્યા છે :-

  (૧) સંવિગ્ન :
  જે પોતાનું અજ્ઞાન પ્રદર્શિત કરતાં ખચકાય નહીં.
  જેના રાગ-દ્વેષ મંદ હોય.
  પોતાની ભૂલ થઈ હોય તો ખબર પડતાં જ કબૂલ કરે. અને સુધારી લે.
  જે પાપભીરુ-ભવભીરુ હોય.

  (૨) ગીતાર્થ : શાસ્ત્રના પારગામી - રહસ્યોના જ્ઞાતા, ઉત્સર્ગ-અપવાદ, નિશ્ચય-વ્યવહાર, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવના જાણકાર હોય.
- ચતુર્થ વ્રત (બ્રહ્મચર્ય)ને છોડીને પરમાત્માની કોઈપણ આજ્ઞામાં એકાંત નથી.
  એટલે ઉત્સર્ગથી જેનો નિષેધ છે, તેની જ અપવાદે રજા પણ છે.
  ઉત્સર્ગથી જેનું વિધાન છે, તેનો જ અપવાદે નિષેધ પણ છે.
- જ્યારે ઉત્સર્ગનું આચરણ કરવાનું હોય, ત્યારે અપવાદનું આચરણ કરે તો પણ પ્રભુ-આજ્ઞાનો ભંગ છે.
  તેમ અપવાદનું આચરણ કરવાનું હોય ત્યાં પણ (સત્ત્વ ન હોવા છતાં) ઉત્સર્ગનું આચરણ કરે તો પણ પ્રભુ આજ્ઞાનો ભંગ જ છે.
  ક્યારે ઉત્સર્ગનું આચરણ કરવું/ક્યારે અપવાદનું આચરણ કરવું, તેનો નિર્ણય ગીતાર્થ ગુરુભગવંતો જ કરી શકે.
  એટલે જ ગુર્વાજ્ઞા સર્વોપરી બને છે.
- પ્રભુવચનના અનંતા અર્થો છે... તેમાંથી ક્યારે કયો અર્થ કરવો, તે પણ ગીતાર્થ ગુરુભગવંત જ જાણે છે.
  એટલે જિનવચનનું જ્ઞાન પણ ગુરુ પાસે જ લેવાનું છે.
- આચાર્ય ભગવંત, કાગડાને ધોળો કહે, તો પણ તેના પર શ્રદ્ધા રાખવી કે તેમ કહેવા પાછળ કંઈક કારણ હશે જ... અને તેને તહત્તિ કરવું...
  — ઉપદેશમાળા, ૯૫

- સંવિગ્ન ગીતાર્થ ગુરુની આજ્ઞાને નિર્વિકલ્પે તહત્તિ ન કરે, તેને મિથ્યાત્વનો દોષ લાગે. **– પંચાશક, ૧૨/૧૭**
- છદ્મસ્થ ગુરુની પણ કેવલિની જેમ ભક્તિ કરે,
  તેને ભવાંતરમાં કેવલિ ભગવંત, ગુરુ તરીકે પ્રાપ્ત થાય.
- પરમગુરુ-પરમાત્માની પ્રાપ્તિ કરાવી આપનાર, ગુરુ જ છે.
  – પંચસૂત્ર...

વિષય

- મંગળ, પ્રયોજન અને સંબંધ પછી ચોથી વાત ગ્રંથકાર કરે છે, વિષયની. એટલે કે પોતે ગ્રંથમાં શું કહેવાના છે, તે જણાવે છે. એ એટલા માટે જરૂરી છે કે ગ્રંથ વાંચનારને પોતાને આ વિષય ઉપયોગી છે, તેવું જ્ઞાન થાય, તો રસપૂર્વક વાંચે...
- ગ્રંથનું નામ છે - આત્મ પ્રબોધ.
  સંસ્કૃત શબ્દ 'પ્રબોધ'ના બે અર્થ છે.
  (૧) જાગવું / ઊઠવું... (૨) પ્રકૃષ્ટ બોધ=જ્ઞાન.
  ગ્રંથકાર આપણા આત્માને જગાડવા માગે છે,
  અથવા આપણને આત્માનું જ્ઞાન કરાવવા માગે છે...
- આપણા જીવનનું નિયંત્રણ કરનારા ત્રણ તત્ત્વો છે.
  ૧. શરીર ૨. મન ૩. આત્મા.
  ૧. અલ્પબુદ્ધિવાળા જીવો માત્ર શરીરના તત્કાલીન સુખ-દુઃખ જ વિચારીને પ્રવૃત્તિ કરે છે.
     જેમ કે અપથ્ય આહાર પણ સ્વાદિષ્ટ હોય તો પેટ ભરીને ખાઈ લે. પછી ભલે રોગ આવે...
  ૨. કંઈક વિકસિત બુદ્ધિવાળા જીવો, શરીરના તત્કાલીન દુઃખને અવગણીને પણ લાંબા ગાળાનું સુખ ઇચ્છે છે.
     જેમ કે જેનાથી સુરક્ષાનું - અભિમાનનું સુખ મળે છે, તેવા ધનને મેળવવા માટે શરીરને કષ્ટ આપે છે.
  ૩. આત્મદષ્ટિવાળા જીવો, શરીર-મનના સુખની ઉપેક્ષા કરીને આત્મકલ્યાણને જ પ્રધાન કરે છે.
     જેમ કે સ્વાદિષ્ટ અને ગુણકારી પણ આહાર જો રાગનું કારણ હોય

તો આત્માને નુકસાનકારક હોવાથી છોડી દે...

- તમે ધર્મારાધના કરો, ત્યારે તો શરીર-મનને છોડીને, આત્માને જ પ્રધાન કરો, એટલું નક્કી ને ?
  પ્રતિક્રમણ કરતાં શરીરને કષ્ટ પડે, તો પણ ઊભા ઊભા કરો ? યાત્રા કરવા જાવ, ત્યારે ખાવા-પીવા-રહેવાની સગવડ ઓછી-વધુ સચવાય તો રાગ-દ્વેષ ન જ કરો ?
  આત્મનિરીક્ષણ કરતાં એ ખ્યાલ આવશે કે મોટે ભાગે, આપણી ધર્મારાધના પણ શરીર તથા મનને સાચવીને જ થતી હોય છે !
- આત્મા મહાબળવાન્ છે...
  ક્ષપકશ્રેણિ ચડેલા એક આત્માની તાકાત, જગતના સર્વ જીવોના સર્વ કર્મોનો ખાત્મો બોલાવી દેવાની છે, એમ ઉમાસ્વાતિજી મહારાજ સાહેબે પ્રશમરતિ પ્રકરણમાં કહ્યું છે. **– પ્રશમરતિ, ૨૬૫**
  પણ જ્યાં સુધી એ સૂતો છે, ત્યાં સુધી તો તેના પર કર્મ શાસન કરે છે.
- કોઈપણ કાર્ય કરતી વખતે, તમારી જાતને પૂછો, વિચારો;
  'આમાં મારા આત્માને લાભ કે નુકસાન ?'
  ૨૪ કલાકના દિવસમાં એક વાર પણ આત્માને યાદ કરો છો ખરા ?
  કે આજના દિવસમાં મારા આત્મા માટે મેં શું કર્યું ?
- શરીર પરની આપણી મમતા એટલી બધી ગાઢ થઈ ગઈ છે કે
  શરીરને જ 'હું' માનીને જીવીએ છીએ.
  'હું' એટલે 'મારો આત્મા', એ શરીરથી જુદો છે, આવું ભેદજ્ઞાન જો આત્મસાત્ થઈ જાય, તો બધું જ સહન કરવાની શક્તિ પેદા થઈ જાય.

અધિકારી

- આ ગ્રંથ કોણે વાંચવાનો છે ? કોને ઉપકારી બનશે ?
  તે ગ્રંથ વાંચનના અધિકારી કહેવાય છે...
  'આસન્નભવ્ય' જીવો આ ગ્રંથના અધિકારી છે.
- જીવો ત્રણ પ્રકારના છે. (૧) અભવ્ય (૨) જાતિભવ્ય (૩) ભવ્ય...
- જે જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતા જ નથી, તે અભવ્ય જીવ છે. જેમ કોરડું મગ, ગમે તેટલા પ્રયત્ને પણ સીઝતા નથી, તેમ અભવ્ય જીવો,

ગમે તેટલી આરાધના કરે તો પણ તેમનો મોક્ષ કદી થતો નથી... મોક્ષમાં સામગ્રી ન હોવા છતાં પરમ સુખ હોઈ શકે, એવી શ્રદ્ધા અભવ્ય જીવને ક્યારેય થતી જ નથી અને એટલે મોક્ષ મેળવવાની ઇચ્છા પણ તેને ક્યારેય થતી નથી...

- અભવ્ય જીવ, ૧૧ અંગ + ૯।। પૂર્વ જેટલું જ્ઞાન ભણે,
  નિરતિચાર જેવા ચારિત્રનું પાલન કરે,
  તો ય, સમ્યગ્દર્શન તેને કદી થતું નથી.
  ગાઢ મિથ્યાત્વ જ હોય છે...
- જેમ બીમાં વૃક્ષ ઉગાડવાની યોગ્યતા હોવા છતાં જરૂરી પાણી-ખાતર વિગેરે સામગ્રી ન મળે, તો તેમાંથી વૃક્ષ ઉગતું નથી;
  તેમ, કેટલાક જીવોમાં મોક્ષમાં જવાની યોગ્યતા હોવા છતાં, તેમને યોગ્ય સામગ્રી (મનુષ્ય જન્મ, પ્રથમ સંઘયણ, કર્મભૂમિ વિગેરે...) કદી મળતી નથી, અને તેથી તેઓ મોક્ષે જતાં નથી. તેને 'જાતિભવ્ય' જીવ કહેવાય છે.
- જે મોક્ષમાં જવાની યોગ્યતા ધરાવે છે, તે ભવ્ય જીવો બે પ્રકારના છે. (૧) દૂરભવ્ય જીવો (૨) આસન્નભવ્ય જીવો.
- જેઓ હજી ઘણો સંસાર ભમીને પછી મોક્ષે જવાના છે, તેમને દૂરભવ્ય જીવો કહેવાય છે.
  - તેઓ ગમે તેટલો પુરુષાર્થ કરે તો ય મિથ્યાત્વ મોહનીય કર્મ નબળું પડતું નથી.
  - તેમની ધર્મારાધના, તેમને સદ્‌ગતિ અપાવે, પણ સંસાર ઘટાડી શકતી નથી...
  - તેમને મોક્ષસુખ પ્રત્યે શ્રદ્ધા જ હોતી નથી.
- જેમનું સંસાર પરિભ્રમણ ૧ પુદ્‌ગલ પરાવર્તથી ઓછું બાકી છે, તે જીવોને આસન્નભવ્ય, ચરમાવર્તી, શુક્લપાક્ષિક, હળુકર્મી, અપુનર્બંધક કહેવાય છે.
  (૧ પુદ્‌ગલ પરાવર્તમાં અનંતા કાળચક્રો પસાર થાય છે
  ૧ કાળચક્ર, ૨૦ કોટાકોટિ સાગરોપમનું હોય છે.)
- આસન્નભવ્ય જીવોના ત્રણ લક્ષણ શાસ્ત્રકારોએ બતાવ્યા છે.

૧. તીવ્ર રસપૂર્વક પાપ ન કરે.
૨. સંસારના સુખો પર તીવ્ર આસક્તિ ન હોય.
૩. પોતાની ભૂમિકાને ઉચિત-યોગ્ય કાર્ય જ કરે.

- આસન્નભવ્ય જીવો જ ઉપદેશને યોગ્ય છે.
  બીજા જીવો અયોગ્ય હોવાથી તેમને ઉપદેશ આપવાનો નિષેધ છે. કાચા ઘડામાં પાણી ભરવાથી ઘડો ય ફૂટે અને પાણી પણ ઢોળાય, તેમ અયોગ્ય જીવને ઉપદેશ આપવાથી તેને વિપરીત પરિણામ થવાથી નુકસાન જ થાય...'
  અને જીવની અયોગ્યતા જાણવા છતાં જો ગુરુ ઉપદેશ આપે, તો ગુરુને પણ નુકસાન થાય.
- તથાભવ્યત્વને પકવવાથી આસન્નભવ્ય બનાય છે.
  અને એના ત્રણ ઉપાય પંચસૂત્રકારે બતાવ્યા છે.
  ૧. સુકૃતોની અનુમોદના.
  ૨. દુષ્કૃતોની ગર્હા.
  ૩. ચાર શરણનો સ્વીકાર.

સમ્યક્ત્વ

- સૌ પ્રથમ ગ્રંથકાર ધર્મના મૂળરૂપ સમ્યક્ત્વનું વિવેચન કરે છે, કારણ કે સમ્યક્ત્વ વિનાનો ધર્મ શુદ્ધ થતો નથી...
  ધર્મ જો મહેલ છે, તો સમ્યક્ત્વ તેનો પાયો છે.
  ધર્મ જો વૃક્ષ છે, તો સમ્યક્ત્વ તેનું મૂળ છે.
  ધર્મ જો રત્ન છે તો સમ્યક્ત્વ તેને રાખવાની તિજોરી છે.
  ધર્મ જો પાણી છે, તો સમ્યક્ત્વ તેને રાખવાનું વાસણ છે.
  એટલે, સમ્યક્ત્વ વિના ધર્મ ટકી શકતો નથી.
- સુદેવ, સુગુરુ, સુધર્મ પરની શ્રદ્ધા, તેનું નામ સમ્યગ્દર્શન કે સમ્યક્ત્વ.
- આપણી બુદ્ધિમાં ન બેસે - ન સમજાય, છતાં માનવું;
  આંખેથી તદ્દન ઊંધું જોવા મળે, તો ય જે ન તૂટે, તેનું નામ શ્રદ્ધા.
- પરમાત્માની સર્વજ્ઞતાની પરીક્ષા કર્યા પછી, પરમાત્માના વચનને આંખ મીંચીને સ્વીકારી લેવા, એ સાચી શ્રદ્ધા છે.

જેઓ અજ્ઞાની છે, સ્વાર્થી છે, પોતાની જ વાતો બદલ્યા કરે છે, તે વૈજ્ઞાનિકોની વાતને સ્વીકારી લેવી, તે જ અંધશ્રદ્ધા છે !

પરમાત્માના વચનો પરની શ્રદ્ધાને અંધશ્રદ્ધા કહેનારા, વૈજ્ઞાનિકોની વાતને વિચાર્યા વિના સ્વીકારી લે છે, એ કેવો કરુણ વિરોધાભાસ છે !

પ્રશ્ન – પણ વિજ્ઞાનીઓ તો પ્રયોગો દ્વારા પોતાની વાત સાબિત કરી દેખાડે છે, એટલે જ અમે માનીએ છીએ... તો તેમના પરની શ્રદ્ધાને અંધશ્રદ્ધા શી રીતે કહેવાય ?

ઉત્તર - (૧) પ્રયોગો દ્વારા સાબિત કરેલી વાત પણ વખત જતાં ખોટી સાબિત થાય છે, તેવું અનેકવાર બન્યું છે.

વિજ્ઞાનના અભ્યાસીઓને આવી ઘણી વાતો ખબર છે જ.

ન્યૂટને કહેલો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત, આઈન્સ્ટાઈને ખોટો ઠેરવ્યો છે, એ બહુ પ્રસિદ્ધ વાત છે.

(૨) વિજ્ઞાનીઓમાં ઘણાં મતાંતરો પણ છે જ.

(૩) કેટલીય દવાઓ શોધાયા, વપરાયા પછી એવું તારણ બહાર આવ્યું છે કે વાસ્તવમાં, એ શરીરને હાનિકારક છે.

(૪) કેટલીય વાર પ્રયોગોના નામે લોકોની આંખમાં ધૂળ નાખવામાં આવે છે.

સ્વાર્થી લોકો આવું કરે તેમાં કંઈ નવાઈ નથી.

(એવું સાંભળ્યું છે કે જગદીશચંદ્ર બોઝે વનસ્પતિને સજીવ સાબિત કરતો પ્રયોગ કર્યો ત્યારે, તેમની બદનામી કરવા માટે, વનસ્પતિ પર નંખાનારું ઝેર, નકલી મૂકવામાં આવેલું ! તેમ સેટેલાઈટ દ્વારા લેવાયેલા ચંદ્ર-પૃથ્વી વિ.ના ફોટાઓ 'બોગસ' છે, એવું કેટલાય વૈજ્ઞાનિકો જ માને છે !) આવા અનુભવો થવા છતાં, વિજ્ઞાનીઓની વાતને આંખ મીંચીને સ્વીકારી લેવી, તેને અંધશ્રદ્ધા ન કહીએ તો શું કહીએ ?

- પરમાત્માનું વચન સ્વીકારી લીધા પછી, ''આમ શી રીતે હોય ?'' એવી જિજ્ઞાસા કરવાની છૂટ છે... એ તો પૃચ્છા નામનો સ્વાધ્યાય છે. પણ ''આવું હશે કે નહીં ?'' એવી શંકા કરવાની છૂટ નથી. તે તો સમ્યક્ત્વને મલિન કરતો અતિચાર છે.

- આપણી આંખે જે દેખાય છે, તે બધું સાચું જ હોય છે, એવો કોઈ નિયમ નથી.
  રેલ્વેના પાટા આપણને ભેગા થતા દેખાય છે, તે કદી ભેગા થતા નથી...
  એમ આપણી ઈન્દ્રિયોથી થતું જ્ઞાન ઘણીવાર ભ્રામક હોય છે.
  કમળો હોય તો પીળું દેખાય છે.
  તાવ આવે તો સાકર પણ કડવી લાગે છે.
  એટલે ઈન્દ્રિયોથી થતા જ્ઞાન કરતાં પ્રભુનું વચન જ વધારે વિશ્વસનીય છે.
- પ્રભુના વચનો બે પ્રકારના છે.
  (૧) જેને તર્કથી સિદ્ધ કરી શકાય છે, જેમ કે આત્મા છે, વિ...
  (૨) જેને તર્કથી સિદ્ધ કરી શકાતા નથી, જેમ કે નિગોદમાં અનંત જીવો છે. (આના તર્કો હોય છે, પણ તે આપણે સમજી શકતા નથી.)
  બીજા પ્રકારના વચનો શ્રદ્ધાથી જ માનવાના છે, તેના બદલે તેમાં તર્ક લગાડે, તો પણ દોષ લાગે.
- પ્રભુનું વચન એ પણ 'તીર્થ' છે...
  કારણકે તીર્થ શબ્દનો એક અર્થ - દ્વાદશાંગી કરેલો છે. સ્વયં પરમાત્મા પણ તે તીર્થને, સમવસરણમાં દેશના આપતાં પૂર્વે નમસ્કાર કરે છે.
- શ્રાવક પરમાત્માની (પ્રતિમાની) ભક્તિ કરે છે.
  સાધુ પરમાત્માના વચનનું પાલન કરે છે.
  સાધુધર્મ, શ્રાવકધર્મ કરતાં ઊંચી કક્ષાનો છે,
  એટલે પરમાત્માની ભક્તિ કરતાં પણ પરમાત્માની આજ્ઞાનું પાલન એ મહાન ધર્મ છે !
- જેમ પ્રભુની પ્રતિમાની પૂજા, ભક્તિ, આશાતના ત્યાગ, એ ધર્મ છે.
  તેમ પ્રભુના વચનોની પૂજા, ભક્તિ, આશાતના ત્યાગ, એ પણ ધર્મ છે.
- પ્રભુનું શાસન સ્થપાય છે, શ્રુતજ્ઞાનની રચનાથી...
  પ્રભુનું શાસન ચાલે છે, શ્રુતજ્ઞાનને આધારે.
- પ્રભુવચન પરની શ્રદ્ધા એ સમ્યગ્દર્શન છે,
  પ્રભુવચનની જાણકારી એ સમ્યગ્જ્ઞાન છે.
  પ્રભુવચનનું પાલન એ સમ્યક્ચારિત્ર છે.

આમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર રૂપી સંપૂર્ણ મોક્ષમાર્ગ પ્રભુવચન કેન્દ્રિત છે.

- પ્રભુવચનની આરાધના એ જ પ્રભુની આરાધના છે. એવું ધર્મબિન્દુમાં હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબે કહ્યું છે.
  એટલે ફલિતાર્થ એ થયો કે પ્રભુનું વચન આપણા માટે પ્રભુતુલ્ય જ છે.
- જેને પરમાત્માનું વચન માન્ય નથી, તે પ્રભુશાસનની બહાર છે.
- પરમાત્માના વચન પર શ્રદ્ધા એટલા માટે મૂકવાની છે કે, પરમાત્મા સર્વજ્ઞ હતા અને વીતરાગ હતા...
- જૂઠું બોલવાના ત્રણ કારણો શાસ્ત્રકારો બતાવે છે.
  રાગ, દ્વેષ અને અજ્ઞાન.
  ક્યારેક રાગથી જૂઠું બોલાય છે,
  જેમ કે ધન ઉપરના રાગને કારણે ધંધામાં ઘણું જૂઠું બોલતા હો છો.
  ક્યારેક દ્વેષથી જૂઠું બોલાય છે –
  દા. ત. કોઈ વ્યક્તિને ઉતારી પાડવા માટે ગમે તેવા જૂઠા આળ પણ ચડાવાય.
  ક્યારેક અજ્ઞાનથી જૂઠું બોલાય...
  દા.ત. તમે મને પૂછ્યું - "ઉપર કોઈ છે ?"
  હવે મને એવો ખ્યાલ હોય કે ઉપર કોઈ નથી... અને હું એમ કહી દઉં કે "ના, કોઈ નથી."
  અને વાસ્તવિક રીતે કોઈ હોય, એટલે હું બોલ્યો તે જૂઠું પડ્યું. તે અજ્ઞાનના કારણે બોલાયું...
  (એટલે જ શાસ્ત્રકારોએ અમને આવો જવાબ આપવાની ના જ પાડી છે. મારે ખરેખર એવો જ જવાબ આપવો જોઈએ કે, "હું નીચે આવ્યો, ત્યારે કોઈ નહોતું. અત્યારે કોઈ છે કે નહીં, તેની મને ખબર નથી...")
  પ્રભુના આ ત્રણે કારણોનો નાશ થઈ ચૂક્યો હોવાથી પ્રભુનું વચન કદી અસત્ય ન હોય.
- પ્રભુ સર્વજ્ઞ હતા, તેવું ઘણાં માનતા નથી - ઘણાંને તે વિશે શંકા છે... તેમને કહેવાનું કે -

(૧) આકાશમાં રહેલા સૂર્ય-ચંદ્ર વિ. ગ્રહોની ગતિનું જે ગણિત પ્રભુએ દેખાડ્યું

અને જ્યોતિષશાસ્ત્રમાં ચાલ્યું આવે છે, તે ૧૦૦% સાચું પડે છે. ઉદય-અસ્ત-ગ્રહણ વિ. બધી જ આગાહીઓ સાચી જ પડે છે.

એક પણ દૂરબીન વિના પ્રભુએ આ ગણિત શી રીતે બતાવ્યું ? માનવું જ પડશે કે પ્રભુ પાસે કોઈક વિશિષ્ટ જ્ઞાન હતું...

(૨) અનાદિકાળથી જૈન ધર્મ, વનસ્પતિને સજીવ માને છે. ૨૫૦૦ વર્ષ પૂર્વે પ્રભુવીરે ફરી આ વાત કરી હતી - એક પણ પ્રયોગ વિના.

અને વૈજ્ઞાનિકોએ હમણાં એ જ વાત પ્રયોગોથી સિદ્ધ કરી, પછી માન્યું - ત્યાં સુધી નહોતા માનતા...

તેમ પ્રભુએ જણાવ્યું છે કે અળસિયું બેઇન્દ્રિય છે, કીડી તેઇન્દ્રિય છે, વાંદો ચઉરિન્દ્રિય છે.

પ્રભુએ કોઈ પ્રયોગ નહોતા કર્યા - કોઈ માઈક્રોસ્કોપથી જોયું નહોતું. છતાં પ્રભુની વાત અક્ષરશઃ સાચી પડે છે, તે પ્રભુની સર્વજ્ઞતા વિના શી રીતે બને ?

(૩) જૈન શાસનમાં બતાવ્યું છે કે જળની યોનિ વાયુ છે, એટલે કે વાયુમાંથી પાણી ઉત્પન્ન થાય છે.

બીજું કોઈ આ વાત માનતું નહોતું.

વૈજ્ઞાનિકોએ સિદ્ધ કરી બતાવ્યું છે કે હાઇડ્રોજન અને ઓક્સિજન, એ બે વાયુમાંથી પાણી બને છે !

પ્રભુએ આ વાત સર્વજ્ઞતા વડે જ જાણી હોઈ શકે ને !

(૪) શબ્દ-અવાજ ને જૈન ધર્મ દ્રવ્ય-પુદ્ગલ રૂપે માને છે.

બીજા બધા દર્શનો તે માનતા નહોતા. તેને દ્રવ્યના ગુણરૂપે માનતા હતા.

(સમજવા માટે - આ 'કાગળ' તે દ્રવ્ય છે. તેનો રંગ વિ. તેના ગુણ છે.)

વૈજ્ઞાનિકોના સિદ્ધાંતો વડે સ્થાપિત થયું છે કે શબ્દ એ પણ દ્રવ્ય છે. તેને પકડી શકાય છે... વિ.

(૫) અમદાવાદના એક પ્રતિષ્ઠિત શ્રાવક, બ્રિટનની યુનિવર્સિટીમાં ભણેલા. એકવાર મુંબઈના શ્રાવક સાથે જમવા બેઠા - અને દહીં સાથે કઠોળ ભેગા કર્યા.

મુંબઈના શ્રાવકે કહ્યું - "આ શું કરો છો ? આમાં તો -વિદળ થાય. કેટલાય જીવો ઉત્પન્ન થાય. આ ન ખવાય."

અમદાવાદના શ્રાવકે એ લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યું.

લેબોરેટરીએ રિપોર્ટ આપ્યો કે તેમાં અસંખ્ય જીવો ઉત્પન્ન થયા છે. પ્રભુની વાત કેવી સાચી !

આવા તો કેટલાય દૃષ્ટાંતો છે.
બે રાત ઓળંગેલા દહીંમાં જીવોની ઉત્પત્તિ, ઉપયોગનો વધુમાં વધુ ૪૮ મિનિટનો સમય વિ. અનેક વાતો વિજ્ઞાને પણ માનવી જ પડે છે.
એટલે પ્રભુ સર્વજ્ઞ હતા, તે બાબતે કોઈ શંકા રાખવી ન જોઈએ.

- પ્રભુશાસનના શાસ્ત્રો ભણો, તો ખબર પડે કે કેટલું અગાધ જ્ઞાન છે ! જે 'કર્મ' જેવી ચીજ દેખાતી જ નથી, તેના ઉપર હજારો-લાખો શ્લોક પ્રમાણ શાસ્ત્રો રચાયા છે.
  કર્મના ભેદો-બંધ-ઉદય વિ... અત્યંત સૂક્ષ્મ ગણિત તેમાં બતાવેલા છે અને બધા અત્યંત સચોટ તર્કયુક્ત છે...
  'કમ્મપયડી' વિ. શાસ્ત્રો ભણનાર તો પ્રભુના જ્ઞાન પર ઓવારી ગયા વિના ન રહે !
  ૧૪ રાજલોકની ભૂગોળ, જીવોનું ગમનાગમન, બધા જ જીવોના આયુષ્ય, શરીરની ઊંચાઈ વિ... એટલું બધું વિવેચન શાસ્ત્રોમાં છે કે, સર્વજ્ઞતા વિના, એ શક્ય જ નથી.
  એ બધું જ, પ્રભુની સર્વજ્ઞતા સિદ્ધ કરે છે !

- વળી પ્રભુશાસનમાં સાધુના આચારોનું જે સૂક્ષ્મતમ નિરૂપણ જોવા મળે છે, તે પણ અદ્‌ભુત છે !
  વાંચતાં એમ થઈ જ આવે કે સર્વજ્ઞ વિના આટલું સૂક્ષ્મ નિરૂપણ કોઈ કરી જ ના શકે !

  એક-બે 'સેમ્પલ' બતાવું -
  ઓઘ-નિર્યુક્તિ ગ્રંથમાં સાધુનો વિહારવિધિ બતાવ્યો છે.
  ક્યારે ઊઠવું - ક્યારે નીકળવું વિ. બધું જ છે.
  પછી આગળ જણાવ્યું - માની લો કે રસ્તામાં બે વિકલ્પ છે.
  એક રસ્તે પૃથ્વી સચિત્ત છે.
  બીજા રસ્તે પાણી સચિત્ત છે... તો શું કરવું ?
  અથવા એક રસ્તે વનસ્પતિ છે,
  બીજા રસ્તે પાણી છે, તો શું કરવું ?
  એક રસ્તો પથ્થરવાળો છે,

બીજો રસ્તો ધૂળવાળો છે તો કયા રસ્તે જવું...? વિ. બધા જ વિકલ્પો બતાવીને, તેમાં માર્ગ બતાવ્યો - કે

"આ રસ્તે જવું - આ રસ્તે ન જવું !"

ગોચરી આવ્યા પછી શી રીતે બેસવું, શી રીતે વહેંચવી, કોણે વહેંચવી, શું પહેલા વાપરવું - શું પછી વાપરવું - વધે તો શું કરવું... વિ... ઝીણું-ઝીણું બધું જ બતાવ્યું છે.

સર્વજ્ઞ વિના કોણ આવું કહી શકે ?

કદાચ પ્રભુ સર્વજ્ઞ હતા કે નહીં ? એવી સ્હેજ પણ શંકા હોય તો કાઢી જ નાખજો. પ્રભુ સર્વજ્ઞ હતા, એ બાબતમાં કોઈ જ શંકા નથી.

પ્રશ્ન - પણ પ્રભુના કેટલાક વચનો વર્તમાન વિજ્ઞાને ખોટા પણ સાબિત કર્યા છે.

જેમ કે જૈનશાસન પૃથ્વીને થાળી જેવી ગોળ માને છે.

વિજ્ઞાને પૃથ્વીને દડા જેવી ગોળ સાબિત કરી છે... વિ...

તો પછી પ્રભુનું વચન ખોટું પડ્યું ને ?

તો પ્રભુ સર્વજ્ઞ હતા તે શી રીતે માની શકાય ?

ઉત્તર - જુઓ, પહેલા એક વાત સમજી લો કે કોઈ ગૃહિણી ભાત રાંધવા મૂકે, પછી, ભાત રંધાઈ ગયો કે નહીં તે જોવું હોય, તો કંઈ બધા દાણા જુએ નહીં.

એક-બે દાણા લઈને દબાવી જુએ. જો તે સીઝી ગયા હોય, તો માની જ લે, કે બધા દાણા રંધાઈ જ ગયા છે. તેમ ઉપર કહેલી વાતો પરથી પ્રભુની સર્વજ્ઞતા સિદ્ધ થાય જ છે, એટલે પ્રભુના વચનો સાચાં જ માનવાના છે.

હવે રહી વાત, વૈજ્ઞાનિકોની... વૈજ્ઞાનિકો જે કહે છે, તે બધું સાચું માની લેવાની જરાય જરૂર નથી...

દા. ત. વૈજ્ઞાનિકો કહે છે, પૃથ્વી દડા જેવી ગોળ છે.

હવે આની સામે પૂ.પં. શ્રી અભયસાગરજી મહારાજ સાહેબે ઘણા પ્રશ્નો કરીને વિશ્વની મોટામાં મોટી વૈજ્ઞાનિક સંસ્થા 'નાસા'ને મોકલ્યા છે. તે પ્રશ્નોનો જવાબ કોઈ આપી શક્યું નથી... તો પછી તેમની વાત સાચી કેમ મનાય...?

પૃથ્વીને દડા જેવી ગોળ માનવા માટે વૈજ્ઞાનિકો તર્ક આપે છે કે દરિયામાં દૂર જતી સ્ટીમર ધીમે ધીમે દેખાતી બંધ થાય છે.

હવે એ જ સ્ટીમર 'રડાર' પર તો દેખાય છે, તેનું શું કારણ ? તે તેઓ સમજાવી શકતાં નથી.

જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો સેંકડો કિલોમીટર દૂરથી ફેંકેલા મિસાઈલ, શી રીતે પોતાના નિશ્ચિત લક્ષ્ય પર પહોંચે ?

જો પૃથ્વી દડા જેવી ગોળ હોય તો અહીંથી આખી પૃથ્વીને ઉત્તર-દક્ષિણ ચક્કર મારીને કોઈ વહાણ કે વિમાન હજુ સુધી પાછું કેમ આવી શક્યું નથી ?

આવા સેંકડો પ્રશ્નો છે.

એવું જ પૃથ્વીને ગોળ ફરતી માનવા માટે છે.

ચંદ્ર પર વિમાન ગયું જ નહોતું, તેવું કેટલાક વૈજ્ઞાનિકો જ કહે છે, અને તેના પુસ્તકો છપાયા છે...

માત્ર અમેરિકાને બળવાન રાષ્ટ્ર તરીકે વિકસાવવાનો એ સ્ટંટ જ હતો.

આ વૈજ્ઞાનિકો સ્વાર્થી છે, અપૂર્ણ જ્ઞાની છે. તેમની વાતના આધારે પ્રભુના વચનો ખોટા શી રીતે માની શકાય ?

આપણું કમભાગ્ય છે, કે

વચ્ચે વીતી ગયેલા ૨૫૦૦ વર્ષોમાં ઘણું બધું શ્રુતજ્ઞાન નાશ પામી ગયું છે, અને એના કારણે આપણી પાસે ઘણી બધી વાતો સિદ્ધ કરી શકાય, તેવી શક્તિ રહી નથી... પણ એટલામાત્રથી એ વાતો ખોટી છે, તેવું તો ન જ મનાય.

- **પ્રશ્ન – જો પ્રભુ સર્વજ્ઞ હોય, તો પ્રભુશાસનમાં મતમતાંતરો શી રીતે થયા ?**

  ઉત્તર - પ્રભુના વચનના અર્થઘટનમાં ફેરફાર થયો... એટલું જ નહીં - પૂર્વે બધાં જ શાસ્ત્રો મોઢે ચાલતાં હતાં - કશું લખાયેલું નહોતું. જ્યારે લખાયું, ત્યારે કોઈકને કાંઈક યાદ હતું - કોઈકને જુદું યાદ હતું - એ બધુ મતાંતરો રૂપે સંગૃહીત થયું. અસ્તુ.

  મૂળ વાત એ છે કે પ્રભુ સર્વજ્ઞ હતા, તે બાબતમાં જરા પણ શંકા ન રાખવી.

- બીજા બધા ધર્મોમાં પરમાત્મા બનવાની 'મોનોપોલી' કોઈ એક આત્માને

આપી દેવામાં આવી છે.
તમે બહુ ધર્મ કરો, તો કદાચ સ્વર્ગ મળે, પણ તમે ખુદ પરમાત્મા થઈ શકતા નથી.
જ્યારે જૈન શાસનમાં કોઈ પણ આત્મા, પરમાત્મા બની શકે છે.
તમે સાધના કરો, તો તમે પણ કર્મ ખપાવીને સિદ્ધ થશો.
તમે ભાવના કરો, તો તમે પણ પુણ્ય બાંધીને અરિહંત થઈ શકો છો.

- જૈન શાસનમાં આત્માનો ક્રમબદ્ધ વિકાસ બતાવેલો છે.
  ૧૪ ગુણસ્થાનક, ૮ દૃષ્ટિ વિ. દ્વારા...
  તેવો ક્રમિક વિકાસ કોઈ દર્શનમાં નથી...!
- સમ્યક્ત્વ એવું અદ્ભુત રત્ન છે કે
  - ★ એક વાર સમ્યક્ત્વ પામ્યા પછી જીવ અર્ધ પુદ્ગલ પરાવર્તથી વધુ કાળ સંસારમાં રખડતો નથી.
    ગોશાળાએ પ્રભુવીરની ઘોર આશાતના કરવાથી મહાભયંકર પાપ બાંધ્યું. અનેકવાર નરક-તિર્યંચ ગતિમાં જશે. પણ, છેલ્લે છેલ્લે સમ્યક્ત્વ પામ્યો - પશ્ચાતાપ થયો - તો સંસાર સીમિત કરી દીધો. અર્ધ પુદ્ગલ પરાવર્ત કાળમાં મોક્ષે જશે.
  - ★ સમ્યક્ત્વની હાજરીમાં, વૈમાનિક દેવલોક અથવા મનુષ્યગતિ સિવાય કોઈ આયુષ્ય બંધાય નહીં.
    શ્રેણિક વિગેરે પૂર્વે બાંધેલા આયુષ્યના કારણે નરકમાં ગયા, પણ નવું અશુભ આયુષ્ય કદી બંધાય નહીં.
  - ★ સમ્યક્ત્વની હાજરીમાં સંસારમાં રહેલો જીવ, કદાચ પાપ કરે, પાપ બાંધે તો ય અનુબંધ તો શુભ જ પડે - એટલે કે તે પાપની પરંપરા ન ચાલે...
  - ★ સમ્યક્ત્વી જીવને જે કર્મ બંધાય, તેની ઉત્કૃષ્ટ સ્થિતિ (કાળ) ૧ કોડાકોડી સાગરોપમની અંદર જ હોય.
    મિથ્યાત્વી જીવ, ૭૦ કોટાકોટિ સાગરોપમની સ્થિતિવાળું કર્મ પણ બાંધી શકે.
- જેની પાસે સમ્યક્ત્વ હોય, તેને કદાચ તત્ત્વજ્ઞાન ન હોય, તો પણ રુચિ તત્ત્વની જ હોય. અર્થાત્ એને એવો આંતરિક ક્ષયોપશમ હોય કે એની

સામે બે વિકલ્પ આવે - તત્ત્વ અને અતત્ત્વ, તો એને પ્રાયઃ તત્ત્વ જ સાચું લાગે... અતત્ત્વ નહીં.

- દિવાલ પહેલાં ઉજળી કરી હોય તો તેના પર દોરેલા ચિત્રો શોભે છે. મેલી દિવાલ પર રહેલા ચિત્રો શોભતા નથી.
  તેમ સમ્યક્ત્વી આત્માનો જ ધર્મ શોભે છે.

મિથ્યાત્વ

- મિથ્યાત્વ એ સંસારનું મૂળ છે.
  જ્યાં સુધી મિથ્યાત્વ નબળું ન પડે, ત્યાં સુધી ગમે તેટલી આરાધનાથી સંસાર કપાતો નથી.
- મિથ્યાત્વ મોહનીય કર્મ (જેના ઉદયથી જીવ મિથ્યાત્વી બને છે) કર્મોનો રાજા છે. કુલ ૧૫૮ કર્મપ્રકૃતિમાં આ એક જ મિથ્યાત્વ મોહનીયનો જો ક્ષય કરી નાખવામાં આવે, તો બાકીની ૧૫૭ પ્રકૃતિઓનો ક્ષય સ્વયં જ થઈ જાય છે... એના માટે કોઈ વિશેષ પુરુષાર્થની જરૂર રહેતી નથી.
- મિથ્યાત્વ મોહનીય કર્મનો સર્વથા ક્ષય કરનારને એક અંતર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, સિવાય કે
  (૧) આવતા ભવનું આયુષ્ય બાંધી દીધું હોય
  (૨) તીર્થંકર નામકર્મ નિકાચિત કર્યું હોય... તો ત્રણ (ક્યારેક ચાર કે અપવાદે કોઈકને પાંચ) ભવ થાય.
- મિથ્યાત્વ મોહનીય, છે તો પાપકર્મ, પણ તેના ઉદયમાં દુઃખ નથી આવતું પણ દુર્બુદ્ધિ પેદા થાય છે, જે અનેક દુર્ગતિ અને દુઃખોની પરંપરા સર્જે છે...
- મિથ્યાત્વનું મુખ્ય કાર્ય છે,
  (૧) ધર્મમાં અધર્મબુદ્ધિ કરાવવી.
  (૨) અધર્મમાં ધર્મબુદ્ધિ કરાવવી.
- ધર્મની પ્રભાવના માટે થતાં ઉચિત બાહ્યાડંબરને 'ધતિંગ' કે નિરર્થક માનવો, તેને હેય માનવો, તે પણ એક પ્રકારનું મિથ્યાત્વ જ છે.
  અરિહંત પરમાત્મા સર્વગુણસંપન્ન છે, છતાં તેમની દેશના માટે સમવસરણ જેવી ભવ્ય સજાવટ છે. અને તેનો પ્રભુ નિષેધ નથી કરતાં, એટલે કે

તેમાં અનુમતિ જ આપે છે... પ્રભુને ન ઓળખનારા બાળ જીવો પણ સમવસરણના ભવ્ય દેખાવથી આકર્ષાઈને પ્રભુની વાણી સાંભળવા આવે છે, અને પછી પ્રભુની વાણીથી પ્રતિબોધ પામીને સમ્યક્ત્વ/દેશવિરતિ/સર્વવિરતિ અંગીકાર કરે છે.

આમ બાહ્ય આડંબર, બાળકક્ષાના જીવોને પ્રભુના શાસન સુધી ખેંચી લાવવાનું કામ કરે છે.

વર્તમાનમાં પણ જિનાલયની ભવ્ય સજાવટ/પરમાત્માની અદ્ભુત અંગરચના, કર્ણપ્રિય મધુર સંગીત વિગેરેના કારણે જિનાલયમાં આવેલા જીવો પણ પછી પ્રભુનું દર્શન કરે, ત્યારે પ્રભુના દર્શને આહ્લાદ પામે, જૈન શાસન પ્રત્યે કંઈક અનુરાગ પ્રગટે, તો બોધિબીજનું વપન થાય, જે છેક મોક્ષરૂપી ફળને ઉગાડે...

તેમ અનેક આકર્ષણોના કારણે, વ્યાખ્યાનમાં ખેંચાયેલા લોકો, પછી પ્રભુના વચનો સાંભળીને જિનશાસન પ્રત્યે સદ્ભાવવાળા બને, તો પણ બોધિબીજ દ્વારા મોક્ષ સુધીનું ફળ પ્રાપ્ત કરે છે. એટલે બાહ્ય આડંબર પણ અપેક્ષાએ ઉપાદેય બને છે જ.

અલબત્ત, તેમાં વિવેક જોઈએ, સ્વપ્રસિદ્ધિની લાલસા ન જોઈએ. જયણા જોઈએ, પ્રભુ-આજ્ઞાની સાપેક્ષતા જોઈએ, એ અવશ્ય ધ્યાનમાં રાખવાનું છે જ...

અન્યથા ઘણીવાર, અવિવેક વિ.ના કારણે આવા આડંબર યુક્ત મહોત્સવો, ધર્મની પ્રભાવનાનું કારણ બનવાને બદલે ધર્મનિંદાનું કારણ પણ બની જતાં હોય છે.

- તેવી જ રીતે, પ્રભુએ કહેલા તપ, ત્યાગ વિ.ને નિરર્થક કાયક્લેશ માનવો. તે પણ મિથ્યાત્વનો જ પ્રકાર છે.
- પરમાત્માની પૂજા વિ. જે ધર્મો કહ્યા છે, તેમાં જીવહિંસા છે, એમ કહીને તેને ત્યાજ્ય માનવા, તેનું ખંડન કરવું, તે પણ એક પ્રકારનું મિથ્યાત્વ જ છે.

  જીવહિંસા વિના જગતમાં કોઈ જ કાર્ય થઈ શકતું નથી... એટલે માત્ર હિંસા હોવા માત્રથી કોઈ પણ કાર્ય અધર્મ બની જતું નથી... બોલવા-ચાલવા-ઊભા થવા વિ. સર્વ કાર્યોમાં હિંસા અનિવાર્ય છે જ...

જેઓ, દેરાસર બનાવવામાં - પૂજા કરવામાં - પ્રભુની રથયાત્રામાં હિંસા હોવાથી અધર્મ છે, તેવું કહે છે, તેઓ જ, સ્થાનક બનાવવામાં, ગુરુના સામૈયા કરવામાં ધર્મ છે, તેવું માને છે/કહે છે. કેવો વિરોધાભાસ !

જ્યાં લાભ ઘણો વધુ છે, નુકસાન નાનું છે, પ્રભુની આજ્ઞા છે, તેમાં હિંસા હોય તો પણ તે ધર્મ જ છે...

- તેમ કેટલાક લોકો પ્રતિક્રમણ વિ. ક્રિયાને નકામી માને છે, માત્ર જ્ઞાન-ધ્યાનને જ ધર્મ માને છે, તે પણ મિથ્યાત્વ જ છે.
- જ્ઞાન અને ક્રિયા એ મોક્ષમાર્ગ રૂપી રથના બે પૈડાં છે. એક પણ પૈડાં વિના, એ રથ ચાલે નહીં.

– સંબોધ સિત્તરી, ૭૬

- જ્ઞાનયુક્ત ક્રિયાની તાકાત અનેક ગણી વધુ છે, એની ના નહીં, પણ અલ્પ જ્ઞાનયુક્ત કે જ્ઞાનશૂન્ય ક્રિયા પણ સર્વથા નકામી નથી. તેની પણ પોતાની તાકાત છે જ...

  અભવ્ય જીવોને સમ્યગ્જ્ઞાન નથી, છતાં ચારિત્ર રૂપી ક્રિયાના બળે તેઓ છેક નવમા ગ્રૈવેયક સુધી જાય છે.

– લોકપ્રકાશ, ૭/૭૦

  શ્રાવકોને ૪થું-૫મું ગુણસ્થાનક છે, સમ્યગ્દર્શન-જ્ઞાન છે, છતાં ચારિત્રરૂપી ક્રિયા ન હોવાથી ૧૨મા દેવલોકથી ઉપર જઈ શકતાં નથી.
  (૧૨ દેવલોક - ૯ ગ્રૈવેયક - ૫ અનુત્તર ક્રમશઃ ઉપર-ઉપરના દેવલોક છે.)

- પાણીમાં પડ્યા વિના તરતાં ન શીખાય,
  તેમ ક્રિયા કર્યા વિના ભાવ પેદા ન થાય...
  જે એવું કહે છે "ભાવ થશે ત્યારે જ ક્રિયા કરીશ."
  એ એવું કહેવાની મૂર્ખાઈ કરી રહ્યો છે, કે "તરતા આવડશે પછી જ પાણીમાં પડીશ !"
- રોજ રોટલી ખાવા છતાં ભૂખ લાગ્યા જ કરે છે, છતાં ય જો રોટલી ખાવાનું તમે બંધ કરતાં નથી જ, તો રોજ સામાયિક-પ્રતિક્રમણ પૂજા કરવા છતાં કષાય થયા જ કરતો હોય, તેટલા માત્રથી સામાયિક વિ. કરવાનું બંધ ન કરાય.
- પડિલેહણની ક્રિયાના સંસ્કારે વલ્કલચીરીને કેવળજ્ઞાન સુધી પહોંચાડ્યા...

પૂર્વ ભવમાં સાધુ હતા. પછીના ભવમાં પહેલા તાપસ બન્યા, પછી યુવરાજ બન્યા... પછી પહેલાનાં પોતાના આશ્રમમાં ગયા અને તાપસપણાનાં સાધનોની સાફસફાઈ કરતાં કરતાં પોતાના પૂર્વભવના પડિલેહણના સંસ્કારો યાદ આવ્યા... જાતિસ્મરણજ્ઞાન થયું... પોતાનો પૂર્વભવ દેખાયો... શુભભાવમાં ચડ્યા. છેક કેવળજ્ઞાન થઈ ગયું !

એટલે ક્રિયાના સંસ્કાર પણ અણધાર્યો લાભ કરાવી શકે છે, અલબત્ત, તે માટે ક્રિયાનું સંસ્કાર પડે તે રીતનું પુનરાવર્તન જરૂરી છે...

- ધર્મિષ્ઠ શેઠનો દીકરો નાસ્તિક હતો. ઘણું સમજાવવા છતાં સમજ્યો નહીં. શેઠને તેના પરભવની ચિંતા થઈ. ઘણું વિચારીને એક કામ કર્યું. ઘરમાં પ્રવેશવાનો દરવાજો એટલો નીચો કરાવ્યો કે તેમાં પ્રવેશવા માટે માથું નમાવીને જ જવું પડે. અને તેના દરવાજાની ઉપર પ્રભુની પ્રતિમા મૂકાવી.

  હવે દીકરો રોજ ઘરમાં આવે, ત્યારે માથું નમાવીને જ આવે, અને સામે ભગવાનની પ્રતિમા દેખાય. તેને કોઈ જ નમસ્કારનો-દર્શનનો ભાવ નહોતો.

  પાપભરપૂર જીવનના કારણે મરીને તિર્યંચ ગતિમાં ગયો-સ્વયંભૂરમણ સમુદ્રમાં માછલા તરીકે ઉત્પન્ન થયો...

  શાસ્ત્રકારો લખે છે કે સ્વયંભૂરમણ સમુદ્રમાં, વીંટી અને પાઈપના આકારને છોડીને દરેક આકારના જળચર જીવો મળે. એટલે પદ્માસને બેઠેલી પ્રભુપ્રતિમાના આકારના જીવો પણ હોય... આવા કોઈ જીવનું દર્શન પેલા માછલાને થયું. તેનાથી તેના પૂર્વભવના પ્રભુપ્રતિમાના દર્શનના સંસ્કાર જાગ્રત થયા. જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના દુષ્કૃત્યોનો પશ્ચાત્તાપ થયો. સમ્યગ્દર્શન પામ્યો, અનશન કરી દેવલોકે ગયો.

  લગભગ ભાવશૂન્ય ક્રિયાની પણ શું તાકાત છે !!

  આવી ક્રિયાનું ખંડન કરનારાને બુદ્ધિમાન્ શી રીતે કહેવાય ?

- બાહ્ય બધો જ વ્યવહાર ક્રિયાના આધારે જ ચાલે છે, ભાવના આધારે નહીં.

  "આ સાધુ છે કે નહીં ?" તેનો નિર્ણય તેના અધ્યવસાયના આધારે આપણે કરી શકતા નથી, પણ બાહ્ય વેશ-આચારોના આધારે જ કરી શકીએ છીએ.

અંતરના પરિણામ ખરેખર સાધુપણાના હોય, અરે ! કેવળજ્ઞાન પ્રાપ્ત થઈ ગયું હોય, તો પણ જ્યાં સુધી સાધુનો વેશ ન હોય, ત્યાં સુધી વંદન કરવાનું નથી. ભરત ચક્રવર્તીને કેવળજ્ઞાન થયા પછી પહેલાં સાધુવેશ આપીને પછી જ ઇન્દ્ર મહારાજાએ વંદન કર્યું છે !

- ક્રિયા કરે નહીં - ઉપેક્ષા કરે - અને પોતાનામાં ભાવ છે તેથી પોતાને ક્રિયાની જરૂર નથી તેવું કહે, તે નર્યો દંભ છે.
- સત્ત્વ/ઉલ્લાસ/શક્તિ/સંયોગ વિ.ના અભાવે ક્રિયા કરે નહીં, તે જુદી વાત છે. પણ ક્રિયા નિરર્થક માને - કરવા જેવી જ નથી તેવું માને, તે મિથ્યાત્વ જ છે.
- ક્રિયા બે પ્રકારની છે. દ્રવ્યક્રિયા અને ભાવક્રિયા...
  જેમ કે - ભાવોલ્લાસ વિના, માત્ર મસ્તક નમાવીને પ્રભુને નમસ્કાર કરવો, તે દ્રવ્યક્રિયા...
  અને પ્રભુના અનંતાનંત ગુણો પ્રત્યેના બહુમાન સાથે પ્રભુને નમસ્કાર કરવો, તે ભાવક્રિયા...
- દ્રવ્યક્રિયા પણ બે પ્રકારની છે, પ્રધાન દ્રવ્યક્રિયા અને અપ્રધાન દ્રવ્યક્રિયા...
  - જે દ્રવ્યક્રિયામાંથી, ભાવક્રિયા બને, તેવી યોગ્યતા છે/શક્યતા છે, તે પ્રધાન દ્રવ્યક્રિયા...
  - જે દ્રવ્યક્રિયામાંથી ભાવક્રિયા બનવાની કોઈ શક્યતા જ નથી, તે અપ્રધાન દ્રવ્યક્રિયા...
- શાસ્ત્રોમાં જ્યાં જ્યાં દ્રવ્યક્રિયાને ત્યાજ્ય કહી છે, તે અપ્રધાન દ્રવ્યક્રિયા માટે જ સમજવાનું છે...
  તે અભવ્યને/અચરમાવર્તી જીવને હોય છે...
  અને જો તેવી અપ્રધાન દ્રવ્યક્રિયા પાછળ, સંસારસુખની તીવ્ર આસક્તિ જ પ્રેરકબળ બનતી હોય, તો તેનાથી સંસારનું પરિભ્રમણ વધે, એ પણ શક્ય છે. એને શાસ્ત્રકારો વિષાનુષ્ઠાન/ગરાનુષ્ઠાન પણ કહે છે.[૧૭૦]
- જેને ક્રિયા ગમે છે, (ભલે પછી તેનાથી કોઈ ફળ ન પણ મળે) તો તેની ક્રિયા, પ્રધાન દ્રવ્યક્રિયા જ છે.
- ક્રિયામાં ભાવ - અનેક તબક્કાનો હોય છે.
  અદ્વેષ - ક્રિયા પ્રત્યે અણગમો/તિરસ્કાર ન હોય.

રુચિ - ક્રિયા ગમે, કરવાની ઈચ્છા થાય.
બહુમાન - ક્રિયા પ્રત્યે આદર હોય, કરનારની અનુમોદના કરે.
ઉપયોગ - ક્રિયા કરતી વખતે મન તેમાં જોડાયેલું રહે.

- ધર્મનો નિર્ણય બે રીતે થાય છે.
  (૧) શાસ્ત્રથી – શાસ્ત્રોમાં લખ્યું હોય...
  (૨) સામાચારીથી – સુવિહિત સંવિગ્ન ગીતાર્થ ગુરુભગવંતોની પરંપરામાં આવેલું હોય...

  ઘણી વાતો એવી છે, જે શાસ્ત્રોમાં નથી છતાં, સામાચારી હોવાથી તેને માન્ય કરવામાં આવે છે, એટલું જ નહીં, ઘણી વાતો એવી પણ છે, કે જે શાસ્ત્રમાં બિલકુલ ઊંધી હોય અને સામાચારી તેનાથી જુદી હોય, છતાં તેને માન્ય રાખવામાં આવે જ છે.

  દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા ગ્રંથમાં મહો. યશોવિજયજી મહારાજ સાહેબે આ બાબતનું વિસ્તૃત નિરૂપણ કરેલું છે જ.

  તરપણી, ચેતનો, કંદોરો વિ. અનેક બાબતો એવી છે, કે જે સામાચારીથી જ ચાલે છે... શાસ્ત્રમાં નથી, એટલું જ નહીં, તેનો નિષેધ પણ છે... એ સહુ જાણે છે, છતાં સહુ માન્ય રાખે છે જ...

  આ રીતે સામાચારીથી ચાલતા હોય તેવા ધર્મને પણ અધર્મ કહી શકાય નહીં... સામાચારી પણ જિનાજ્ઞા છે, અને સામાચારીનું ખંડન તે જિનાજ્ઞાનું જ ખંડન છે... તેવું મહો. યશોવિજયજી મહારાજ સાહેબે સ્પષ્ટ કહ્યું છે. - **દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકા, ૩/૧**

  ઘણીવાર એવું પણ બને છે કે જુદા જુદા સમુદાયની સામાચારીઓ જુદી જુદી હોય. શાસ્ત્રોમાં પણ એ વાત છે જ કે સામાચારીમાં અનેક કારણે ભિન્નતા પણ જોવા મળે.

  દા.ત. કેટલાક સાધુ ભગવંતો ઝોળીમાં ત્રણ જ પાતરા રાખે છે, કેટલા ચાર પણ રાખે છે...

  આવા અવસરે ભિન્ન સામાચારીનું ખંડન કરી શકાય નહીં, તે પણ ધર્મનું જ ખંડન ગણાય અને તેમાં જો આગ્રહ આવે, તો તે પણ મિથ્યાત્વ બને.

- જેમ ધર્મમાં અધર્મબુદ્ધિ એ મિથ્યાત્વ છે,
  તેમ અધર્મમાં ધર્મબુદ્ધિ એ પણ મિથ્યાત્વ છે.

- જ્યાં પરમાત્માની આજ્ઞાનું કોઈ અનુસંધાન નથી,

જ્યાં પરમાત્માની આજ્ઞાનું પાલન કરવાનું કોઈ લક્ષ્ય કે પુરુષાર્થ નથી, તે કદી તાત્ત્વિક ધર્મ બની શકે નહીં. ભલે તેને લોકમાં ધર્મ કહેવાતો હોય કારણકે **आणाए धम्मो** એવું શાસ્ત્રવચન છે.

- જિનાજ્ઞા એ ધર્મનો પ્રાણ છે.
  પ્રાણ વિનાનું શરીર જેમ ''માણસ'' નથી કહેવાતું તેમ જિનાજ્ઞા વિનાની કોઈ ક્રિયા ''ધર્મ'' ન કહેવાય...
- અભક્ષ્ય ભોજન સાથેના સ્વામિવાત્સલ્ય,
  રાત્રિ ભોજન સાથેના યાત્રા-પ્રવાસ,
  જયણા-વિવેક વિનાના મહોત્સવ,
  એ તાત્ત્વિક ધર્મ બને નહીં,
  કારણકે આજ્ઞારૂપી પ્રાણ ગેરહાજર છે.
- પાપ કરવું એ સમકિતીના જીવનમાં હોઈ શકે,
  પણ ''પાપ''ને ધર્મનું લેબલ મારીને કરવું,
  તે તો મહા-મિથ્યાત્વ છે.
  તમારે જલસા-મોજમજા કરવી છે, અને છતાં સમાજના તિરસ્કારથી બચવા તેને (યાત્રા વિ.) ધર્મના લેબલ મારો છો, તે મહા-પાપ છે.
- સ્કૂલ-કોલેજોમાં દાન આપવું, તે ધર્મ માની શકાય જ નહીં. કારણકે સ્કૂલ-કોલેજમાં અપાતું શિક્ષણ આત્માનું સરાસર અહિત જ કરે છે.
- જ્યાં સેક્સનું શિક્ષણ અપાય, સેક્સને ઉપાદેય મનાય, બ્રહ્મચર્યની મશ્કરી કરાય;
  જ્યાં મહાવીરસ્વામી ભગવાનની સરખામણી ગાંધી જેવા મામૂલી પુરુષો સાથે કરાય,
  જ્યાં 'આત્મા'ને માનવાનો ઇન્કાર કરાય;
  તેવા સ્કૂલ-કોલેજના શિક્ષણને 'જ્ઞાન' શી રીતે કહેવાય ?
  તે મહા-અજ્ઞાન છે.
  તેમાં દાન આપવું તે મિથ્યાત્વને વધારનાર છે. તે ધર્મ, કે અધર્મ ?
  હા, સાધર્મિકને સહાય કરવી કે જૈનોને અન્ય ધર્મીની સ્કૂલોમાં જઈને ધર્મભ્રષ્ટ બનતા રોકવા જૈન સ્કૂલ ઊભી કરાય તે કદાચ અલગ વાત છે...
- સ્કૂલોમાં તદ્દન ખોટી વાતો, સ્વાર્થ માટે ભણાવાય છે. જેમ કે

૧. કઠોળમાં ઘણું વધુ પ્રોટીન હોવા છતાં, પ્રોટીન માટે માછલી-ઈંડા ખાવાની સલાહ અપાય છે.
૨. ઈતિહાસની તદ્દન વિકૃત રજૂઆત કરાય છે.
૩. એલોપથીનો પ્રચાર કરાય છે, આયુર્વેદ ભૂલાવી દેવાય છે.

- વર્તમાન શિક્ષણના ઘડવૈયા મેકોલેએ, તેના પત્રમાં લખ્યું છે, ‘‘ભારતની સંસ્કૃતિનો સમૂળગો નાશ કરવા માટે મેં આ શિક્ષણ પદ્ધતિ દાખલ કરી છે.’’
  આવા શિક્ષણને પ્રોત્સાહન શી રીતે અપાય ?
  (જૈન સાધર્મિકોના બાળકોને આજીવિકા મળી રહે તે ઉદ્દેશથી અનિવાર્યપણે શિક્ષણમાં સહાય કરાય, તે સાધર્મિક ભક્તિરૂપી ધર્મ બને, કે જૈનોને અન્ય ધર્મીની સ્કૂલોમાં જઈને ધર્મભ્રષ્ટ બનતા રોકવા જૈન સ્કૂલ ઊભી કરાય તે કદાચ અલગ વાત છે પણ સાથે તે શિક્ષણની ભયંકરતા અને અસત્યતા પણ સમજાવવી જોઈએ.)
- જે ધર્મ કરવાનો જેને અધિકાર છે, તેના માટે જ તે ધર્મ બને... બીજા માટે તે અધર્મ બને...
  ગોચરી વહોરવા જવું, એ સાધુ માટે ધર્મ છે.
  પણ જો શ્રાવક ધંધા વિ. દ્વારા કમાય નહીં, અને ભિક્ષા માંગતો ફરે, તો શાસનહીલના કરનાર બને, તેથી તે અધર્મ બને, તેવું દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં મહો. યશોવિજયજી મહારાજ સાહેબે કહ્યું છે.
  તેમ, શ્રાવક માટે પરમાત્માની પૂજા, દેરાસર બનાવવું તે ધર્મ બને. પણ સાધુ માટે તે અધર્મ બને.
  સાધુ દેરાસર બનાવવાનો ઉપદેશ આપે, પ્રેરણા કરે. પણ સ્વયં તે બનાવડાવે નહીં... જો બનાવડાવે, તો તેનાથી કદાચ બીજા ધર્મ પામે તો યે, પોતાના માટે તો અધર્મ જ બને...
  અલબત્ત, શ્રાવકો ઉપેક્ષા કરે ત્યારે સાધુ દેરાસરના જિર્ણોદ્ધાર, વહીવટ વિ.માં હસ્તક્ષેપ કરે, તે અપવાદ માર્ગ છે...
- જે ગીતાર્થ નથી, જેને ગુરુ ભગવંતે દેશના આપવાનો અધિકાર આપ્યો નથી, તે વ્યાખ્યાન આપે, તેનાથી હજારો લોકો ધર્મ પામે, તો યે પોતાના માટે તો અધર્મ જ બને.
- અધિકાર વિના શાસ્ત્ર વાંચનાર સાધુ પણ પ્રાયશ્ચિત્તનો ભાગીદાર બને!

- પચ્ચક્ખાણ પણ સ્વ-પર ઉભયને હિતકર હોય ત્યાં સુધી જ તેનું પાલન કરવાનું છે... જો પચ્ચક્ખાણનું પાલન કરવા જતાં, હિતને બદલે અહિત થતું હોય, તો ત્યારે પચ્ચક્ખાણનું પાલન ન કરવું, એ જ આરાધના બને છે. એટલા માટે જ, પચ્ચક્ખાણમાં આગારો મૂકવામાં આવ્યા છે. ***(ગીતાર્થ ગુરુભગવંતો જ તે છૂટ આપવાનો નિર્ણય કરી શકે છે, એ ખ્યાલમાં રાખવું.)***

  જો પરમાત્માએ બનાવેલ પચ્ચક્ખાણમાં પણ છૂટ હોઈ શકે છે, તો આપણે જ બનાવેલ સંઘ/સંસ્થાના કાયદા કે પરંપરાનો જડતાથી વળગી રહેવાનો આગ્રહ એ પણ કદાગ્રહ જ કહેવાય... તે તાત્ત્વિક ધર્મ ન બની શકે.

  સ્વ-પરના કલ્યાણનું લક્ષ્ય પ્રધાન કરીને, તેમાં ફેરફાર કરવાની તૈયારી રાખવી જ જોઈએ.

- રક્ષાબંધન, વિ. લૌકિક તહેવારો પણ ‘ધર્મ’ માનીને ઊજવે તો સમ્યક્ત્વનો અતિચાર લાગે.

- મિથ્યાત્વનું એક કાર્ય છે,
દેવમાં કુદેવની બુદ્ધિ કરાવે,
કુદેવમાં દેવની બુદ્ધિ કરાવે.

- કદાગ્રહી અન્ય ધર્મીઓને અરિહંત પરમાત્મામાં ‘કુદેવ’ દેખાય છે, તેની નિંદા કરે છે, તે મિથ્યાત્વ છે.

- સર્વજ્ઞ-વીતરાગ સિવાય જગતમાં કોઈ દેવ (ભગવાન) નથી.
બીજાને ભગવાન માનવા, તે મિથ્યાત્વ છે.
ઘણાં; બધા ભગવાનને સરખા માને છે, તે હાસ્યાસ્પદ છે.
પાણી-દૂધ-અમૃતને સરખા ન માની શકાય,
તેમ સર્વ દેવોને સરખાં ન જ માની શકાય.
અરિહંત સાથે બીજા દેવોની સરખામણી પણ કરી શકાય તેમ નથી. તેનું વિસ્તૃત વર્ણન - કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે ‘વીતરાગ સ્તોત્ર’ નામના ગ્રંથમાં કરેલું છે.

- સમ્યક્ત્વી દેવો, ચોથા ગુણસ્થાનકે છે, શાસનની રક્ષા - પ્રભાવના-ધર્મારાધનામાં સહાય કરનારા છે, તેથી તેમની ઉચિત ભક્તિ કરાય, તે

બરાબર છે.

પણ તેમને 'ભગવાન' માનવાના નથી...

અરિહંતની ઉપેક્ષા કરીને સમકિતી દેવની પણ ભક્તિ કરે, તેને સમ્યક્ત્વનો અતિચાર લાગે...

- સમકિતી દેવો, પોતાની ભક્તિથી જેટલા પ્રસન્ન થાય છે, તેના કરતાં પરમાત્માની ભક્તિથી વધુ પ્રસન્ન થાય છે.
  પરમાત્માની ઉપેક્ષા/અવહેલના કરીને પોતાની ભક્તિ કરનાર પર સમકિતી દેવ કદી પ્રસન્ન થાય નહીં, અને થાય તો સમકિતી કહેવાય નહીં.
- દેવની ભક્તિથી કાર્યસિદ્ધિ થાય અને અરિહંતની ભક્તિથી ન થાય, તેવું માનવું, તે મિથ્યાત્વ જ છે.
  આ જગતમાં એવું કોઈ કાર્ય નથી, જે અરિહંતની ભક્તિથી સિદ્ધ ન થાય.
  જે જિનભક્તિથી ન થઈ શકે, તે બીજા કોઈથી થાય, તે અશક્ય છે.

પ્રશ્ન – પણ અમારો અનુભવ તો એવો છે કે, મિથ્યાત્વી કે સમકિતી દેવની ભક્તિથી અમારું કાર્ય સિદ્ધ થઈ જાય છે, અને અરિહંતની ભક્તિથી કશું થતું નથી.

ઉત્તર - (૧) દેવની ભક્તિ કરનાર સહુના સહુ કાર્યો સિદ્ધ થતાં હોય, એવું ક્યાંય બનતું નથી.

તો પછી દેવની ભક્તિથી જ એ કાર્ય થયું, તેમ શી રીતે કહી શકાય ? બની શકે, કે એ તો પોતાના પુણ્યથી જ થયું હોય... કાગનું બેસવું ને ડાળનું પડવું, એ ન્યાયે દેવની ભક્તિ કરી અને સહજ જ પુણ્ય ઉદયમાં આવી ગયું; અને લાગે તેવું કે, દેવની ભક્તિથી જ થયું; તેની શી ખાતરી ?

(૨) અરિહંતની શ્રદ્ધાપૂર્વક ભક્તિ કરનારના અનેક કાર્યો સિદ્ધ થયાના અનેક દૃષ્ટાંતો છે... અનેક તીર્થોના અનેક ચમત્કારો પ્રસિદ્ધ છે જ.

તો પછી અરિહંતની ભક્તિથી કશું નથી થતું, એમ શી રીતે કહેવાય ?

શ્રદ્ધા પૂર્ણ જોઈએ, સાથે ધીરજ પણ જોઈએ, તો ભક્તિના પ્રભાવનો પણ અનુભવ થશે જ.

(૩) હાલ પડતો કાળ છે. મિથ્યાત્વી દેવોનું જોર વધારે છે. પોતાનો પ્રભાવ વધારવા તેઓ થોડી ભક્તિ કરનાર ઉપર ખુશ થઈ જાય અને તેની ઈચ્છાઓ પૂર્ણ કરે એ શક્ય પણ છે.

પણ એ સમજી રાખો કે તેટલા માત્રથી તેઓ વધુ શક્તિશાળી છે, એવું સિદ્ધ થતું નથી...

વળી, તેટલા માટે તેમની ભક્તિ કરવામાં કદાચ તાત્કાલિક લાભ થતો હોય તો પણ મિથ્યાત્વનો બંધ - સંસારવૃદ્ધિ વિ. ઘણાં મોટા નુકસાન છે... એટલે તે ન જ કરવું સારું છે...

જેમ સ્વાદિષ્ટ એવો ઝેરવાળો લાડવો પણ ન જ ખવાય, તેમ કદાચ ઈચ્છિતની પ્રાપ્તિ થતી હોય તો પણ અરિહંતની ઉપેક્ષા કરીને, અન્ય દેવોની ભક્તિ ન જ કરાય.

- ગુરુની ઉપેક્ષા કરીને પોતાની ભક્તિ કરનાર પર સાચો શિષ્ય કદી પ્રસન્ન થાય નહીં.
- મિથ્યાત્વનું એક કાર્ય છે,
  સુગુરુમાં કુગુરુ બુદ્ધિ કરાવે...
  કુગુરુમાં સુગુરુ બુદ્ધિ કરાવે...
- જે (૧) મહાવ્રતોનું સુવ્યવસ્થિત પાલન કરે, અને
  (૨) પરમાત્માના વચનથી વિરુદ્ધ બોલે નહીં...
  તે ગુરુ જ સુગુરુ છે, વંદનીય છે.
  બીજાને ગુરુ માનીને વંદન કરાય નહીં...
- પડતો કાળ, નબળું સંઘયણ વિગેરે કારણોથી સંયમનું પાલન ઘણું કઠિન બન્યું છે... ૧૦૦% પ્રભુ-આજ્ઞાનું પાલન સર્વથા અશક્ય બન્યું છે. નાના દોષો સહુમાં રહેવાના જ છે, તેના કારણે કોઈ સાધુને કુગુરુ-અવંદનીય કહી શકાય નહીં, જો ઉપર કહેલા બે ગુણો તેમનામાં હોય તો...

  અને જે મહાવ્રત પાલનમાં શિથિલ બન્યા હોય, નિષ્ઠુરપણે ભયંકર દોષોનું સેવન કરતાં હોય, તે જાણવા છતાં; તેને માત્ર સાધુનો વેશ હોવાથી કે "અમારાથી તો સારાં છે" એમ માનીને વંદન કરાય નહીં...

એવી શિથિલતા જાણ્યા પછી વંદન કરનારને લાભ તો નથી થતો પણ અસંયમને પોષણ આપવા દ્વારા કર્મ બંધાય છે...

- ઉપવાસનું પચ્ચક્ખાણ કરનાર, એક વાર ખાઈ લે, તો તે જાણ્યા પછી, "ત્રણ વાર ખાનારા અમારા કરતાં તો સારો છે" એવી પ્રશંસાને પાત્ર નથી બનતો, કારણકે લીધેલી પ્રતિજ્ઞાનો ભંગ કરે છે.
  તેમ સાધુપણું લીધા પછી મહાવ્રતોનો ભંગ કરે, તો બીજી આરાધના કરતો હોય - ગૃહસ્થ કરતા ઓછા પાપ કરતો હોય, તો પણ નિંદનીય જ બને છે...
  ઉપદેશમાળામાં ધર્મદાસગણિજી મહારાજ સાહેબે કહ્યું છે, "સાધુવેશમાં ભ્રષ્ટ થવા કરતાં તો શ્રાવક બનવું સારું."
- એ ખ્યાલ રાખવાનો છે કે દરેક સાધુને જોઈને શિથિલતાની શંકા કરવાની નથી. શ્રદ્ધાપૂર્વક વંદન કરવાનું જ છે, તેમાં લાભ જ છે.
  પરંતુ કોઈની શિથિલતા પ્રસિદ્ધ હોય. તમારી જાણમાં હોય, તે પછી તો વંદન ના જ કરાય...
- જે પરમાત્માના વચનથી વિરુદ્ધ બોલતાં હોય (જેમ કે પ્રભુપૂજામાં હિંસા કરવાથી પાપ બંધાય વિ.) તેના આચાર ગમે તેટલા સારા હોય, તો પણ તેને સુગુરુ માનીને તેમને વંદન કે ભક્તિ કરાય નહીં...
  તેમનું ઔચિત્ય જાળવવું એ જુદી વાત છે.
- માત્ર કેટલીક સામાચારી જુદી હોય, સમુદાય જુદો હોય, તેટલા માત્રથી કોઈ કુગુરુ બની જતા નથી...
  તેવા કારણે કોઈને કુગુરુ માનવા, તેમને વંદન કરવાનો નિષેધ કરવો. વહોરાવવાની ના પાડવી... તેવો ઉપદેશ કરવો એ બધું પણ મિથ્યાત્વ જ છે, કારણકે સુગુરુમાં કુગુરુની બુદ્ધિ છે.
- મિથ્યાત્વનું એક કાર્ય છે,
  હેયમાં ઉપાદેય બુદ્ધિ કરાવે,
  ઉપાદેયમાં હેય બુદ્ધિ કરાવે.
- જગતમાં ત્રણ પ્રકારના પદાર્થો છે.
  ૧. ઉપાદેય - ગ્રહણ કરવા યોગ્ય - સમ્યક્ત્વ, વિરતિ વિ.
  ૨. હેય - ત્યાગ કરવા યોગ્ય - રાગ, દ્વેષ, મિથ્યાત્વ વિ.

૩. જ્ઞેય - માત્ર જાણવા યોગ્ય - ધર્માસ્તિકાય વિ.

- વર્તમાનકાળની પરિસ્થિતિ એવી છે કે,
  જેને પરમાત્માએ પાપ કહ્યું છે, હેય કહ્યું છે,
  તેના માટે તમારા મનમાં હેયબુદ્ધિ નથી રહી...
  પણ સમાજ જેને હેય માને છે,
  જે પાપ કરનાર સમાજમાં નિંદનીય બને છે...
  તેના માટે જ તમારા મનમાં હેયબુદ્ધિ રહી છે...
  જૈન થઈને ભોજન સમારંભમાં કોઈ બટેટાંનું શાક બનાવે, તો સમાજ તેના પર થૂંકશે - "અરર ! જૈન થઈને કંદમૂળ જમાડ્યું !"
  એટલે પ્રાયઃ જૈનોના જમણમાં બટેટા જોવા મળતા નથી, જ્યારે બરફ, આઈસ્ક્રીમ, રાત્રિભોજન વિ. પણ અભક્ષ્ય જ હોવા છતાં તેવું કરનારનો સમાજ તિરસ્કાર કરતો નથી,
  અને તેથી લગભગ તેવું પાપ કરતાં કોઈ ડરતું નથી !
  વાસ્તવિકતા એ છે કે "આ અભક્ષ્ય છે, આ ખાવાથી પાપ બંધાય" તેવું મોટા ભાગના લોકો માનતાં જ નથી.
- પાપ તે પાપ છે. આખી દુનિયા તે કરતી હોય, તેટલા માત્રથી પાપ મટી જતું નથી.
- સમકિતી જીવ, રાત્રિભોજન કરે, એ કદાચ શક્ય છે,
  પણ રાત્રિભોજનને પાપ ન માને, છોડવા જેવું ન માને; તે અશક્ય છે.
- લૌકિક શાસ્ત્રોમાં પણ રાત્રિભોજનને નરકનું દ્વાર કહ્યું છે... લગભગ કોઈ પશુ-પક્ષીઓ રાત્રે ખાતાં નથી. રાત્રિભોજનથી આરોગ્યને નુકસાન, અને ભવાંતરમાં દુર્ગતિ આમ બેવડું નુકસાન છે.
  છતાં, રાત્રિભોજન બંધ કરવાનું મન કેમ નથી થતું ?
- સાધુ ભગવંતોને પાંચ મહાવ્રતની સાથે જ, છઠ્ઠું રાત્રિભોજન ત્યાગનું આજીવન વ્રત ઉચ્ચરાવવામાં આવે છે.
- લગ્નાદિ પ્રસંગે રાત્રિભોજન કરવાથી
  ૧. સામૂહિક રાત્રિભોજન થવાથી અનેકગણું પાપ બંધાય છે.
  ૨. રાતના લાઈટિંગ-ડેકોરેશનનો નિરર્થક ખર્ચ અને વિરાધના થાય છે.

૩. રાતના વધેલી રસોઈ ફેંકી જ દેવી પડે છે - બગાડ જ થાય છે.
૪. સુરક્ષા સામે જોખમ ઊભું થાય છે.

- સામૂહિક રાત્રિભોજન બંધ કરવાથી, ઉપરના નુકસાનોથી બચવા ઉપરાંત
  ૧. અજૈનોને પણ ખબર પડે છે, કે જૈનો રાત્રિભોજન ન કરે.
  ૨. ઘરમાં રાત્રિભોજન ચાલતું હોય, છતાં સમૂહમાં ન થાય, તો "રાત્રિભોજન કરવા જેવું નથી." એવી બુદ્ધિ સંતાનોમાં ઊભી રહે છે.

- મિથ્યાત્વના પાંચ પ્રકાર શાસ્ત્રકારોએ બતાવ્યા છે.
  આભિગ્રહિક, અનાભિગ્રહિક, અનાભોગિક, આભિનિવેશિક અને સાંશયિક.

- એકેન્દ્રિય વિ. જીવો, જેને મન જ નથી, તેથી વિચાર કરવાની શક્તિ જ નથી, અને તેથી પ્રભુવચનની શ્રદ્ધા/સમજણ શક્ય જ નથી, તેવા જીવોનું મિથ્યાત્વ અજ્ઞાન (અનાભોગ)થી ઉત્પન્ન થયું હોવાથી **અનાભોગિક** મિથ્યાત્વ કહેવાય છે.

- કેટલાક જીવોમાં ગુણ-દોષની પરીક્ષા કરવાની શક્તિ જ નથી, અને તેથી બધા ધર્મોને સરખા જ માને છે...
  તેમને ખોટી વાતો પર પણ "આ સાચું છે" એવી ખોટી શ્રદ્ધા હોવાથી મિથ્યાત્વ છે.
  છતાં જો તેમને તેનો આગ્રહ-પકડ ન હોય, કોઈ સાચી વાત સમજાવે, તો સમજવાની, સુધારવાની તૈયારી - પ્રજ્ઞાપનીયતા હોય તો તેમનું મિથ્યાત્વ **અનાભિગ્રહિક** (અભિગ્રહ-પકડ વગરનું) કહેવાય છે.
  તેમને પ્રતિબોધ કરવા પ્રમાણમાં સરળ છે.
  જેમને પ્રભુવચન પર શ્રદ્ધા પૂરેપૂરી નથી, છતાં ખોટી પકડ પણ નથી તેમને અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.

- જેઓ ખોટી માન્યતામાં પકડ ધરાવે છે કે "હું જ સાચો, બીજા બધા ખોટા" તે **આભિગ્રહિક** (અભિગ્રહ=પકડવાળું) મિથ્યાત્વ છે...
  પરમાત્માના વચનથી વિરુદ્ધ માન્યતામાં પકડ ધરાવનારા બધા આભિગ્રહિક મિથ્યાત્વ છે.
  તેમને પ્રતિબોધ કરવા બહુ મુશ્કેલ-લગભગ અશક્ય હોય છે.

- પ્રભુશાસનનો મુખ્ય સિદ્ધાંત છે 'સ્યાદ્વાદ' અથવા 'અનેકાંતવાદ'... તેનો અર્થ છે કે દરેક વસ્તુ અમુક અપેક્ષાએ અમુક પ્રકારની હોય પણ બીજી અપેક્ષાએ બીજા પ્રકારની પણ હોય...

  દા.ત. કોઈ માણસ પોતાના પિતાની અપેક્ષાએ પુત્ર પણ છે,
  પોતાના પુત્રની અપેક્ષાએ પિતા પણ છે.
  પોતાની પત્નીની અપેક્ષાએ પતિ પણ છે...

  આમ એક જ માણસ પિતા, પુત્ર, પતિ... બધું જ છે.

  અન્ય ધર્મો, વસ્તુના આ ગુણધર્મને પકડી નથી શક્યા અને તેમાંના અમુક અંશને પકડીને ''આ વસ્તુ આ પ્રકારની જ છે, બીજા પ્રકારની નહીં.'' એવું કહે છે. એ તેમનો એકાંતવાદ છે...

  દા.ત. આપણે મરવાના હોવાથી મનુષ્યરૂપે આપણો નાશ થશે, એટલે આપણે વિનાશી છીએ.

  પણ આપણો આત્મા કદી નાશ પામતો નથી, એટલે આત્મારૂપે આપણે અવિનાશી શાશ્વત છીએ.

  એટલે જૈનધર્મની માન્યતાનુસારે આપણે વિનાશી પણ છીએ, અવિનાશી પણ...

  જ્યારે બીજા ધર્મો આમાંથી એકને જ પકડે છે...

  બૌદ્ધ વિ. ધર્મો સર્વ વસ્તુને માત્ર વિનાશી જ માને છે.
  સાંખ્ય વિ. ધર્મો સર્વ વસ્તુને માત્ર અવિનાશી જ માને છે.

  આ રીતે તેમની માન્યતા 'જ'કારવાળી, એકાંતવાળી છે, તે ખોટી છે. અને તેને સાચી માનવી, તે મિથ્યાત્વ છે.

- જેને પોતાના બાપદાદા/કુળપરંપરાથી જે વાત મળી, તે જ સાચી માને, તેમાં પરીક્ષા કરવા તૈયાર જ ન થાય, કોઈ સમજાવે તો સાંભળવાની તૈયારી પણ ન હોય, તો (તેની માન્યતા સાચી હોય - જૈન ધર્મને માનતો હોય તો પણ) તેને આભિગ્રહિક મિથ્યાત્વ જ કહેવાય.

  – ધર્મપરીક્ષા ટીકા-૮

  દા.ત. કેટલાક લોકોને કુળપરંપરાથી જૈન ધર્મ મળ્યો છે, સાથે એવી માન્યતા પણ મળી છે કે પ્રભુપૂજામાં હિંસા હોવાથી પાપ લાગે.

  હવે ગમે તેટલા તર્કોથી સાબિત કરી આપીએ કે, એ વાત સદંતર ખોટી છે, તો પણ તેઓ એ સમજવા તૈયાર જ થતા નથી... એમ જ કહે છે

- "અમને જે અમારી પરંપરાથી મળ્યું તે જ સાચું."
આ પણ આભિગ્રહિક મિથ્યાત્વ છે.

પ્રશ્ન – પણ તે તર્કો સમજી શકાય, તેવી અમારી તો બુદ્ધિ જ નથી...

ઉત્તર - જેની પાસે તેવી બુદ્ધિ નથી, તેણે સંવિગ્ન-ગીતાર્થ ગુરુ ભગવંતને અનુસરવાનું છે.

"આ ગુરુ ભગવંત સંવિગ્ન છે - પાપભીરુ છે, જાણીને ખોટું બોલે તેવા નથી - સ્વાર્થ માટે ખોટું બોલતાં નથી...

વળી શાસ્ત્રોનું ઊંડું જ્ઞાન પણ તેમની પાસે છે. એટલે તેમણે ખૂબ વિચારીને જે નિર્ણય કર્યો હોય, તે સાચો જ હોય." એવું વિચારીને પછી ગુરુના વચનને પ્રમાણ કરે, તે શિષ્યને મિથ્યાત્વ ન લાગે.

(એ માટે પહેલાં ગુરુની સંવિગ્નતા-ગીતાર્થતાની પરીક્ષા પૂરેપૂરી કરી લેવી જરૂરી છે.)

એવું બને કે બે સંવિગ્ન-ગીતાર્થોના મત જુદા પણ પડે. ત્યારે બેમાંથી કોઈને પણ માનનારનું સમ્યક્ત્વ ખંડિત નથી થતું,પણ ત્યારે, બીજા મત પ્રત્યે અસહિષ્ણુતા - તેનું આક્રમક ખંડન વિ. ન હોવા જોઈએ.

- જેને પ્રભુનું વચન સાચું હશે કે નહીં ? તેવી શંકા થાય તે **સાંશયિક** મિથ્યાત્વ છે.

  એક પણ પ્રભુવચન પર તેવી શંકા કરે, તો બીજા બધાને માનતો હોવા છતાં મિથ્યાત્વ આવે...

- અજ્ઞાનાદિ કારણે ખોટી માન્યતા બંધાઈ જાય, ખોટી પ્રરૂપણા થઈ જાય, પછી ખબર પડે કે એ શાસ્ત્રવિરુદ્ધ છે; છતાં અહંકારાદિ કારણે પોતાની ભૂલ કબૂલે નહીં, ખોટી વાત છોડે નહીં, તો **આભિનિવેશિક** મિથ્યાત્વ આવે. (અભિનિવેશ=ખોટી વાતને ખોટી જાણ્યા પછી તેની પક્કડ)

- આભિનિવેશિક મિથ્યાત્વથી બચવું હોય, તેણે હંમેશા પોતાની જાતે ગોખી રાખવું, "હું ખોટો હોઈ શકું છું." "મારી ભૂલ થઈ શકે છે." અને એ ભૂલ સુધારવા તૈયાર રહેવું.

  જે એમ માને, કે "મારી ભૂલ કદી થાય જ નહીં," તેનામાં આભિનિવેશિક મિથ્યાત્વ છે જ, અથવા આવશે જ...

- કોઈપણ વાતને 'જડતા'થી પકડી ન રાખવી, ગુણ-દોષની વિચારણા કરવાની તૈયારી રાખવી, તો આભિગ્રહિક મિથ્યાત્વથી બચી શકાય.

- પ્રભુના અને સંવિગ્ન-ગીતાર્થના વચનને શ્રદ્ધાથી સ્વીકારી લે તેને સાંશયિક મિથ્યાત્વ ન આવે.

સમ્યક્ત્વ

- સમ્યક્ત્વના પ્રકારો અનેક રીતે શાસ્ત્રકારોએ બતાવ્યા છે.

  એક રીતે, ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ બતાવ્યું છે... રોચક, કારક અને દીપક સમ્યક્ત્વ...

- **રોચક સમ્યક્ત્વ** એ છે કે, જેમાં પરમાત્માના વચનો પર રુચિ હોય, એટલે કે પ્રભુના વચનો ગમે, ભલે કદાચ તેનું પાલન ન કરી શકે.
  આ વાત ચોથા ગુણસ્થાનકની છે, અને આ ગ્રંથમાં સમ્યક્ત્વની જે વાત છે, તે મોટે ભાગે આ સમ્યક્ત્વની છે.

- **કારક સમ્યક્ત્વ** એ છે કે, જ્યારે પ્રભુવચનને સંપૂર્ણપણે જીવનમાં ઉતારે... એટલે કે જિનાજ્ઞાનું સંપૂર્ણ પાલન હોય.
  સાતમા ગુણસ્થાનકે રહેલા અપ્રમત્ત સાધુને જ આ સમ્યક્ત્વ હોય છે...

- રોચક-કારક બે સમ્યક્ત્વ જુદા બતાવ્યા છે, તે જ બતાવે છે કે માનવું જુદું છે અને કરવું જુદું છે...
  માનવા છતાં કરે નહીં, તે દરેક વખતે દંભ જ હોય તેવું કહી શકાય નહીં...
  દર્શન મોહનીય કર્મના ક્ષયોપશમથી રુચિ-શ્રદ્ધા આવે.
  ચારિત્ર મોહનીય કર્મના ક્ષયોપશમથી કરવાનો ઉલ્લાસ આવે.
  જેને દર્શન મોહનીયનો ક્ષયોપશમ હોવા છતાં
  ચારિત્ર મોહનીયનો ક્ષયોપશમ ન હોય તે માનવા છતાં કરે નહીં, તેવું બની શકે. આ જ ચોથા ગુણસ્થાનકની ભૂમિકા છે.
  આપણું જીવન તપાસતાં પણ ખબર પડશે કે, માનવા છતાં, કરવાનું શક્ય હોવા છતાં કરવાનો ઉલ્લાસ જ પેદા ન થતો હોય, એવું ઘણીવાર બને જ છે.
  જેમ કે, ઉપવાસ કરવા જેવો લાગે છે, શક્તિ પણ છે, છતાં તેને કરવાનો ઉલ્લાસ થતો નથી...
  અનાદિકાળના સંજ્ઞા/વિષયપરવશતાના કુસંસ્કારો જીવને પ્રમાદમાં ખેંચી જાય છે, એ આપણો પોતાનો અનુભવ છે જ.

- ત્રીજું **દીપક સમ્યક્ત્વ** છે.
  જેમ દીવો બીજાને પ્રકાશિત કરે, પણ પોતાની નીચે અંધારું જ હોય. તેમ દીપક સમ્યક્ત્વવાળો જીવ, વક્તૃત્વકળા, દેશનાશક્તિ વિ.ના કારણે હજારો આત્માઓને પ્રતિબોધ કરે, સમ્યક્ત્વ પમાડે. સર્વવિરતિ પણ અપાવે... પણ પોતાનું મિથ્યાત્વ ઓગળે જ નહીં અને એટલે પોતાના આત્માનું જરા પણ કલ્યાણ ન થાય...
  બીજાને પમાડવામાં તેના હિતની ભાવના હોય તો જ પોતાના આત્માને લાભ થાય... પણ દીપક સમકિતી તો માત્ર અહંકારથી પ્રેરાઈને જ પરોપકાર કરે, તેથી પોતાને કશો લાભ ન થાય.
- એક તીર્થંકરનો આત્મા જેટલા જીવોને પ્રતિબોધ કરે છે, તેના કરતાં અનંતાગણા જીવોને અભવ્ય આત્મા પ્રતિબોધ કરી શકે છે. કારણકે, તેનો સંસાર અનંતગુણો છે.
- વર્તમાનકાળે પણ દેખાય છે કે, ઘણાં જીવો 'આયોજનકુશળ' - 'કાર્યકુશળ' હોય છે. બીજાને આરાધનામાં જોડવામાં, આરાધના કરાવવામાં શૂરા હોય છે. પણ તેમને પોતાને આરાધના કરવાનો ઉલ્લાસ જલ્દી જાગતો નથી !
  અલબત્ત, તેઓ પરોપકારની શુદ્ધ ભાવનાથી જ કાર્ય કરતાં હોય તો તેનાથી તેમનું પણ કલ્યાણ થશે...
  પણ તેઓએ પોતાના જીવનમાં પણ આરાધના કરવાનું લક્ષ્ય કેળવવું જોઈએ...
- બીજી રીતે પણ શાસ્ત્રકારોએ સમ્યક્ત્વના ત્રણ પ્રકાર બતાવ્યા છે. ક્ષાયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક...
- મિથ્યાત્વ એ સમ્યક્ત્વનું વિરોધી છે.
  સમ્યક્ત્વ પામવા, મિથ્યાત્વને દૂર કરવું પડે.
  મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદયથી મિથ્યાત્વ આવે છે.
  એટલે સમ્યક્ત્વ પામવા, મિથ્યાત્વ મોહનીયના ઉદયને અટકાવવો પડે. તે ઉદયને રોકવાના ત્રણ રસ્તા છે, ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ. એટલે સમ્યક્ત્વના ત્રણ પ્રકાર છે. ક્ષાયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક.
- જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મને આત્મા પરથી સંપૂર્ણપણે સાફ કરી નાખવામાં આવે, તેને 'ક્ષય' કહેવાય... ક્ષય થયા પછી કર્મનો ઉદય

શક્ય જ નથી, અને એટલે **ક્ષાયિક સમ્યક્ત્વ** પ્રગટ થાય છે.

- **ક્ષાયિક સમ્યક્ત્વ :**
  - પ્રથમ સંઘયણવાળા મનુષ્યો જ પામી શકે.
  - તે આવ્યા પછી ક્યારેય તેનો નાશ ન થાય, છેક મોક્ષમાં પહોંચાડીને જ રહે.
  - તે અત્યંત શુદ્ધ/નિર્મળ હોય, તેમાં અતિચાર લાગતા નથી.
  - તે જ ભવમાં, કે વધુમાં વધુ ત્રણ કે ચાર (અપવાદે કોઈને પાંચ) ભવમાં મોક્ષ થઈ જાય.

- જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મ આત્મા પર હોવા છતાં, તેને એવું દબાવી દેવામાં આવે કે, તેનો ઉદય થઈ ન શકે, તેને 'ઉપશમ' કહેવાય. ત્યારે **ઔપશમિક સમ્યક્ત્વ** પ્રગટ થાય છે.

- **ઔપશમિક સમ્યક્ત્વ :**
  ૧. એક અંતર્મુહૂર્ત કાળ જ રહે છે, પછી નાશ જ પામે.
  ૨. વિશુદ્ધ-નિર્મળ-અતિચાર રહિત હોય છે.
  ૩. ચારે ગતિના સંજ્ઞિ પંચેન્દ્રિય જીવોને થઈ શકે છે.
  ૪. અસંખ્ય વાર આવે-જાય તેવું બની શકે.
  ૫. જીવને જ્યારે સૌ પહેલી વાર સમ્યક્ત્વ પ્રાપ્ત થાય ત્યારે ઔપશમિક સમ્યક્ત્વ જ હોય છે.

- જ્યારે મિથ્યાત્વ મોહનીય કર્મનો ઉદય હોય, પણ એના પ્રભાવને એટલો નબળો પાડી દેવામાં આવે કે તે પોતાનું ફળ દેખાડી ન શકે, અને એટલે જીવને સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય, તેને ક્ષયોપશમ કહેવાય અને તે વખતે **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** પ્રગટ થાય.

- **ક્ષાયોપશમિક સમ્યક્ત્વ :**
  ૧. તેનો કાળ ૧ અંતર્મુહૂર્તથી લઈને ૬૬ સાગરોપમથી કંઈક વધુ છે.
  ૨. તેમાં મલિનતા આવે, વિશુદ્ધ થાય - આમ ચડ-ઉતર થઈ શકે. અતિચાર લાગે... નાશ પણ પામે.
  ૩. ચારે ગતિના જીવોને હોય...

- આપણને અત્યારે જો સમ્યક્ત્વ હોય તો પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ જ હોય.

- સમ્યક્ત્વની જેમ આપણા ક્ષમા વિ. ગુણો પણ ક્ષાયોપશમિક જ છે, તેમાં ચડ-ઉતર થવી, અતિચાર લાગવા, ચાલ્યા જવું વિ. શક્ય છે.
- ક્ષાયોપશમિક ભાવના ગુણોને ટકાવવા ત્રણ વસ્તુ જરૂરી છે.
  - પ્રેરણા - ગુરુભગવંત/કલ્યાણમિત્રો દ્વારા
  - આલંબન - બીજા તે ગુણના માલિક હોય તેમનું
  - વાતાવરણ - અનુકૂળ પરિસ્થિતિ.
- જો વાતાવરણ વિપરીત મળે, તો ક્ષાયોપશમિક ગુણ ટકાવવો મુશ્કેલ બને છે.

  જ્યાં બધા રાત્રિભોજન કરતા હોય ત્યાં ચોવિહાર ટકાવવો મુશ્કેલ છે. એટલે જેણે ગુણ ટકાવવો છે, તેણે વિપરીત વાતાવરણનો ત્યાગ જ કરવો પડે.

  અને પ્રેરણા મેળવતાં રહેવી પડે, આલંબન શોધતાં રહેવું પડે.

પાપભીરુતા

- પાપનો ત્યાગ કરવો તે ચારિત્ર છે.

  પાપને પાપ માનવું, છોડવા જેવું માનવું, તે સમ્યક્ત્વ છે.
- તત્ત્વાર્થસૂત્રમાં ઉમાસ્વાતિજી મહારાજ સાહેબે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે.

  જ્યાં સુધી સમ્યગ્દર્શન નથી, ત્યાં સુધી મોક્ષમાર્ગનો પ્રારંભ થતો નથી.
- સમ્યક્ત્વી જીવ, શરીરથી પાપ કરે તો પણ તેનું મન પાપમાં નથી હોતું, તીવ્ર આસક્તિ કરતો નથી.

  – યોગશતક ટીકા, ૮૮

  એનો પરમાર્થ એ જ છે કે સમ્યક્ત્વી જીવ પાપ કરે તો પણ તેનો પક્ષપાત તો ન જ હોય. અર્થાત્ ''હું જે કરી રહ્યો છું, તે મારું અહિત જ કરનારું છે.'' એવા પ્રકારની સમજણ ઊંડે ઊંડે પણ પડેલી હોય જ...

  અને એટલે તેને કર્મબંધ ઓછો થાય છે...
- કોઈ ખાઈને કૂદવી હોય, પણ તે કૂદી ન શકાય તેટલી પહોળી હોય... વચ્ચે પગ મૂકવો જ પડે તેવું હોય... વળી પગ મૂકવા માટે લોખંડની લાલચોળ તપાવેલી ધગધગતી પાટ હોય. હવે તેના પર પગ મૂકો, તો કેટલો મૂકો અને કેટલીવાર સુધી મૂકી રાખો ?

ઓછામાં ઓછો જ મૂકો. માત્ર અંગૂઠો મૂકવાથી ચાલી જતું હોય, તો 'પાની' ન મૂકો. અને ઓછામાં ઓછા સમય માટે મૂકો. ૧ સેકંડમાં જવાતું હોય તો બે સેકંડ ન કરો. બરાબર ?

યોગદૃષ્ટિ સમુચ્ચયમાં હરિભદ્રસૂરિ મહારાજ સાહેબ કહે છે કે સમકિતી જીવ પાપ કરે ખરો, પણ તે પાપ પ્રવૃત્તિ આ લોખંડની ધગધગતી પાટ પર પગ મૂકવા (તપ્તલોહપદન્યાસ) જેવી હોય છે.
ચારિત્ર લેવા માટે - સર્વ પાપથી મુક્ત થવા માટે એ જીવ તલસતો હોય છે, પણ તે ન લઈ શકાય ત્યાં સુધી જ પાપ કરે છે.

- જેને પોતાનું પાપ નાનું લાગે, અર્થાત્ પશ્ચાત્તાપ ન હોય,
  તે કદાચ પ્રાયશ્ચિત્ત વ્યવહારથી કરે, તો પણ પાપશુદ્ધ ન થાય... જેને પોતાનું પાપ મોટું લાગે, એટલે કે તીવ્ર પશ્ચાત્તાપ હોય, તે કદાચ મૃત્યુ થઈ જવાથી કે યોગ્ય ગુરુ ભગવંતનો સંયોગ ન મળવાથી વ્યવહારથી પ્રાયશ્ચિત્ત ન કરી શકે, તો પણ પાપથી શુદ્ધ થઈ જાય, એ શક્ય છે. જો કે, તીવ્ર પશ્ચાત્તાપવાળો પ્રાયશ્ચિત્ત કર્યા વિના ન જ રહે, એ બરાબર સમજવાનું છે.
- નાનો પણ કાંટો, જો ડંખે નહીં, તો શરીરમાં રહી જાય, પાકે, રસી થાય, પગ કપાવવો પડે તેવું પણ બને.
  તેમ નાનું પણ પાપ, જો ડંખે નહીં - પ્રાયશ્ચિત્ત ન કરાય તો 'શલ્ય' બને - ઘણાં ભયંકર દુઃખો લાવે.
- "પાપ કરીશ, તો સમાજ તિરસ્કાર કરશે, સરકાર સજા કરશે."
  એવા ભયથી પાપ છોડવું, તે જઘન્ય કક્ષા છે.
- "પાપ કરવાથી પરલોકમાં દુર્ગતિ થશે, દુઃખ આવશે," તેવા ભયથી પાપ છોડે, તે મધ્યમકક્ષા છે. તેમાં ય મૂળમાં તો દુઃખનો જ ડર છે.
- જેને પાપ કરવું ગમે જ નહીં, પાપ કરવાનો જેનો સ્વભાવ જ ન હોય, તે ઉત્તમકક્ષા છે.
- પાપ ભયંકર હોવા છતાં કરવું ગમે છે, છોડવું નથી ગમતું, તેનું કારણ એ છે કે પાપ કરવાથી તાત્કાલિક સુખ મળતું દેખાય છે, પણ પાછળ આવતા મહાભયાનક દુઃખો દેખાતા નથી.
- સાપનો ડર લાગે. જોઈને છળી જાવ...

સાપના નામનો ય ડર લાગે. 'સાપ'ની બૂમ પડે તો ભાગવા માંડો. સાપના ખાલી દરથી ય ડર લાગે...

કારણ એ છે કે સાપની સાથે જ મોત જોડાયેલું તમને દેખાય છે, તેમ જો પાપની સાથે જોડાયેલી દુર્ગતિ દેખાવા માંડે, તો પાપનો ય ડર આવી જ જાય.

- પાપ કરતો હોવા છતાં જેના હૃદયમાં પાપનો ડર અને ડંખ હોય તેને, બંધ પાપનો થવા છતાં, અનુબંધ પાપનો નથી પડતો.

  કર્મનો બંધ તો એકવાર ફળ આપીને રવાના થઈ જાય છે, પણ અનુબંધની તો પરંપરા ચાલે છે. (પાપનો અનુબંધ હોય, તો ફરી પાપ બાંધે... તે રીતે)

  એટલે બંધ કરતાં પણ અનુબંધ ઘણો મહત્ત્વનો છે.

  બંધ દ્વારા સામગ્રી મળે છે, અનુબંધ દ્વારા બુદ્ધિ મળે છે... શાલિભદ્રને પુણ્યનો બંધ હોવાથી સામગ્રી તો સારી મળી જ, પણ પુણ્યનો અનુબંધ પણ હોવાથી સદ્‌બુદ્ધિ ભેગી મળી...

  અવંતિ સુકુમાલે દેવલોકમાં સુખ મેળવવાની ઈચ્છાથી જ સંયમ લીધું અને અનશન કર્યું... છતાં એ દેવલોકનું સુખ, વાસ્તવમાં તો છોડવા જેવું જ છે, એવી સમજણ અને પરિણામ હોવાથી અનુબંધ અશુભ નથી પડ્યો. ખાતી વખતે રાગ થાય, જીવને ગમી જાય તો, પરિણામ અશુભ થવાથી બંધ પાપનો થાય. પણ જો ઊંડે ઊંડે એવો પરિણામ હોય કે "આ રાગ કરવા જેવો નથી..." એમ રાગ પ્રત્યે તિરસ્કાર હોય, તો અનુબંધ પાપનો ન પડે.

- જેને પાપનો ડર નથી, તે કદાચ પાપ ન કરે, તો પણ તેના પાપત્યાગની કિંમત બહુ રહેતી નથી.

- પાપને પાપરૂપે માનવું, તે સમ્યક્ત્વનું સ્વરૂપ છે, એમ આપણે આગળ કહ્યું છે.

  તમને અઢારે પ્રકારના પાપ, પાપ લાગે ખરા ?

  તમારી સંપત્તિમાં વધારો થાય, તો પરિગ્રહનું પાપ વધ્યું, એવું લાગે ખરું ?

  પૈસા કમાવાની સતત ઈચ્છા થાય છે, તે 'લોભ'નું પાપ છે, એ સમજ્યા છો ?

સ્વાદિષ્ટ વસ્તુ જીભને ગમે, તે 'રાગ'નું પાપ છે, (પછી ભલે તે અભક્ષ્ય ન હોય) તેવો વિચાર કદી આવે છે ?

આત્મનિરીક્ષણ કરવાથી ખબર પડશે કે, કેટલાય પાપો તમને પાપરૂપે લાગતા જ નથી !

જીભની આસક્તિના કારણે મંગુ આચાર્ય, મરીને ગટરના ભૂત બન્યા.

કપડાંની આસક્તિના કારણે ૫૦૦ શિષ્યોના ગુરુ સુમંગલાચાર્ય, અનાર્ય દેશમાં - અનાર્યકુળમાં જન્મ્યા.

આવા રાગ તમે જીવનમાં કેવા-કેટલા કરો છો ?

- સંતાનોને માત્ર ઈહલોકનું શિક્ષણ આપવું, પરલોકનો માર્ગ જ ન બતાવવો, તે ય તેમના ભવોભવને બરબાદ કરનારું ગોઝારું પાપ છે... એની તમને ખબર છે ?

- અંગ્રેજી માધ્યમમાં ભણનારાને પરમાત્માના વચનો સમજવા ઘણા મુશ્કેલ થાય છે.

  એટલે પોતાના સંતાનને અંગ્રેજી માધ્યમમાં મૂકનારા માતા-પિતા, અનંત પુણ્યના ઉદયે જે જીવ જિનશાસન પામ્યો છે, તેને જિનશાસનથી દૂર કરી દેવાનું, દુર્લભબોધિ કરવાનું ભયાનક પાપ કરી રહ્યા છે.

  માત્ર પોતાના 'સ્ટેટસ' ખાતર પોતાના સંતાનને અંગ્રેજી માધ્યમમાં મૂકીને તેના ભવોભવ બરબાદ કરી દેનારને 'મા' કે 'બાપ' શી રીતે કહી શકાય ?

- અંગ્રેજી માધ્યમમાં ભણવાથી બાળક "હોંશિયાર" બને એ પણ બહુ મોટો ભ્રમ છે.

  અનેક અનુભવોથી એ પુરવાર થયું છે કે માતૃભાષામાં ભણનાર બાળકનો જ પૂર્ણ વિકાસ થાય છે.

  અંગ્રેજી માધ્યમમાં ભણનારા કદાચ અંગ્રેજી ફટફટ બોલી નાખતા હશે, પણ વ્યવહારમાં મોટે ભાગે 'બોઘા' હોય છે !

- વારસામાં દેવું આપવું તે ખરાબ છે.
  વારસામાં રોગ આપવો તેથી વધુ ખરાબ છે, પણ
  વારસામાં દોષ-કુસંસ્કારો આપવા, તે સૌથી ખરાબ છે.

- તમારું સંતાન, પૂર્વભવમાંથી કુસંસ્કાર-સુસંસ્કાર બંને લઈને આવ્યું છે, તેના સુસંસ્કારો જાગ્રત કરીને તેને મોક્ષ તરફ આગળ વધારવો, કે

કુસંસ્કારો જાગ્રત કરીને તેને સંસારમાં રખડાવવો, એ તમારા હાથમાં છે.

- જે મા-બાપ, પોતાના સંતાનોને ધર્મમાર્ગે વાળતા નથી, તેઓ અનંત પુણ્યની મૂડી લઈને જિનશાસનમાં જન્મેલા જીવને અનંત સંસારના પરિભ્રમણમાં મોકલી દેવાનું ઘોર અકૃત્ય કરી રહ્યા છે.
  શાસ્ત્રકારો તો તેમને સંતાનોના શત્રુ જ કહે છે. શિખરે પહોંચવા આવેલા માણસને ધક્કો મારીને ખાઈમાં ફેંકી દેવા જેવું આ ઘાતકી કૃત્ય છે !
- જે વ્યવહારિક શિક્ષણ લગભગ નકામું છે, તેની પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરો છો, અને બાળકની જિંદગીના અતિ મૂલ્યવાન વર્ષો વેડફી નાખો છો.
  અને જે ધાર્મિક શિક્ષણ ભવોભવ કામ લાગવાનું છે, તેના માટે તમારી પાસે સમય પણ નથી, સંપત્તિ પણ ખરચવી નથી.
  છે ને, કરુણતા !

સમ્યક્ત્વની વિશેષતા

- સમ્યક્ત્વી જીવની એક વિશેષતા એ છે કે ચતુર્વિધ સંઘમાંથી કોઈના પણ દર્શને તેને આનંદ-આનંદ થઈ જાય...
  તમને સાધુ-સાધ્વી ભગવંતના દર્શન રસ્તામાં થઈ જાય, તો આનંદ તો થાય ને ?

  વિશેષાવશ્યક ભાષ્યની ટીકામાં મલધારી હેમચન્દ્રસૂરિજી મહારાજ સાહેબ લખે છે કે સાધુના દર્શન થતાં જેને આનંદ થાય, તેને જ પુણ્યબંધ/કર્મનિર્જરા થાય. બાકી દર્શનથી કોઈ લાભ ન થાય...
  જે ક્ષેત્રોમાં સાધુ-સાધ્વીજી ભગવંતોનું વિચરણ ઘણું ઓછું - કે - નહીં જેવું છે. તેમને સાધુ-સાધ્વીના દર્શન થાય, કે ભક્તિનો લાભ મળે, તો અપાર આનંદ થતો હોય છે, તે અમે જોયું છે...
  ઘણીવાર એવું લાગે છે કે, તમને રોજ સાધુ-સાધ્વી ભગવંતના દર્શન થાય છે, એટલે તેનાથી કોઈ આનંદ થતો નથી.
  માત્ર સાધુ-સાધ્વીજી જ નહીં, પરિચિત કે અપરિચિત શ્રાવક મળે તો પણ તેને આનંદ થાય. સાધર્મિક પ્રત્યે પણ તેના હૃદયમાં અનહદ પ્રીતિ હોય...

રાજસ્થાનમાં અમે એ અનુભવ્યું છે - કોઈ સાધર્મિક આવ્યા હોય, તો તેની ભક્તિ માટે પડાપડી થાય. તેને જવું હોય તો પણ જમાડ્યા વિના જવા ન દે... જમવામાં પણ શાહી ઠાઠથી ભક્તિ કરે !

- જેમ સાધુ કે સાધ્વીજી ભગવંત મળે તો 'મત્થએણ વંદામિ' કહેવાનું છે, તેમ શ્રાવકને પણ પ્રણામાદિ રૂપ નમસ્કાર કરવાના છે.
  પ્રવચનમાં આવેલા શ્રાવકે પણ પૂર્વે આવેલા શ્રાવકોને નમસ્કાર કરીને બેસવાનું છે...

  ચાતુર્માસ બિરાજમાન સાધુ ભગવંતને મળવા, બહારગામથી કોઈ સાધર્મિક આવ્યા હોય, તો તેને જોઈને તમને આનંદ થાય ?

  "સાધર્મિકની ભક્તિનો લાભ મળશે," એવો ભાવ આવે ?
  તમને ખબર ન હોય, પણ એ વ્યક્તિ મુમુક્ષુ હોય, આજીવન ચતુર્થ વ્રતધારી હોય, ઘોર તપસ્વી હોય... બધું જ શક્ય છે.
  અરે ! કોઈ સાધર્મિક તીર્થંકરનો જીવ પણ હોય, કોઈ ગણધરનો પણ હોય, છેવટે બધા સિદ્ધના જીવ તો છે જ...!
  એટલે કોઈ પણ સાધર્મિકના દર્શને, આનંદ તો થવો જ જોઈએ !

- સમ્યક્ત્વીની બીજી એક વિશેષતા છે કે,
  તેને હંમેશા સ્વ-પરની આરાધના વૃદ્ધિમાં જ આનંદ હોય.
  તમને બીજાની આરાધના વધે તેમાં આનંદ થાય ?

  ચાર-પાંચ મિત્રોએ સાથે આરાધના શરૂ કરી... તબિયત વિ.નું કારણ આવતા તમારી આરાધના જ અટકી પડે, પછી બીજાની આરાધના માટે તમારા મનમાં ભાવ શું ? તે ચાલુ રહે તો આનંદ, કે...?

- તમે કોઈ આરાધના કરાવી. દા.ત. અઠ્ઠમ કરાવ્યા. મોટી સંખ્યા થઈ. રેકોર્ડ થઈ ગયો.
  હવે બે-ચાર વર્ષ પછી, બીજું કોઈ તે જ આરાધના કરાવે, ત્યારે તેની સંખ્યા તમારાથી વધુ થાય, તેવી ઈચ્છા, કે ઓછી થાય તેવી ?

- તમે કોઈ તપશ્ચર્યાના પારણાનો આદેશ લીધો. તમારી ધારણા ૨૦૦-૨૫૦ તપસ્વીની હોય - એટલા ખર્ચની ગણતરી હોય. પ્રચંડ ઉલ્લાસના કારણે સંખ્યા વધે - બમણી - ત્રણગણી થાય... (ખર્ચને પહોંચી વળવાની તમારી શક્તિ હોય જ) પછી તમારા મનમાં ભાવ શું ? "હવે સંખ્યા

ન વધે તો સારું" તેવા તો નહીં જ ને ?

- વ્યાખ્યાન કે પ્રતિક્રમણમાં જગ્યા 'હાઉસફૂલ' થઈ ગઈ હોય, હજી લોકો આવવાનું ચાલુ જ હોય, તેના કારણે તમારે થોડું સંકડાઈને બેસવું પડે, ત્યારે શું થાય ?
  "હવે કોઈ ન આવે તો સારું" તેવું તો નહીં ને ?

  સમ્યક્ત્વની હાજરીમાં જીવના પરિણામો હંમેશા સહુની આરાધનામાં સહાયક થવાના જ હોય...

સમ્યક્ત્વના પાંચ લક્ષણ

- સમ્યક્ત્વના પાંચ લક્ષણ શાસ્ત્રકારોએ બતાવ્યા છે...
  શમ, સંવેગ, નિર્વેદ, અનુકંપા અને આસ્તિક્ય...
  તેની પ્રાપ્તિ ઊલટા ક્રમે થાય છે. એટલે પહેલું આસ્તિકય આવે, પછી અનુકંપા.... એમ મહો. યશોવિજયજી મહારાજ સાહેબે યોગવિંશિકાની ટીકામાં બતાવ્યું છે. **- યોગવિંશિકા ટીકા, ૮**

૧. **આસ્તિક્ય :-**

જિનવચન કદી ખોટું હોય જ નહીં, એવી અડગ શ્રદ્ધા - એ આસ્તિકય છે.

- 'મને ન સમજાય' તો પણ પ્રભુનું વચન સાચું જ છે, એવી શ્રદ્ધા, એ જ આસ્તિક્ય છે.
- દુનિયાના મોટા ભાગના લોકોને પોતાને મળેલી સંપત્તિ ઓછી જ લાગે છે, પણ કોઈને પોતાની પાસે રહેલી બુદ્ધિ ઓછી લાગતી નથી.
- સહુના પોતાના જીવનમાં એક સંવિગ્ન ગીતાર્થ ગુરુ ભગવંત તો હોવા જ જોઈએ, કે જેની પાસે બિનશરતી શરણાગતિ સ્વીકારી હોય...
  એટલે, તેમની વાત ન સમજાય, ગળે ન ઊતરે, તો પણ સ્વીકારી જ લે...

૨. **અનુકંપા :-**

અનુકંપા બે પ્રકારની છે, દ્રવ્ય-અનુકંપા અને ભાવ-અનુકંપા... પાપી જીવો પરની કરુણા એ ભાવ-અનુકંપા છે...

- આપણાથી નીચી કક્ષાએ રહેલા જીવો પ્રત્યે દ્વેષ કે તિરસ્કાર હોય, તો

આપણો ગુણ પણ તાત્ત્વિક નથી. એટલું જ નહીં, એનું પ્રણિધાન પણ શુદ્ધ નથી. – ષોડશક ટીકા, ૩/૭

- બીજાના દોષ માટે તેના પ્રત્યેનો તિરસ્કાર એ આપણા ગુણનો અહંકાર છે.
- જે ગુણનો અહંકાર થાય, તે ગુણનો નાશ થાય.
  જે દોષ માટે કોઈની નિંદા કરીએ, તે દોષ આપણામાં આવે.
- દોષનો તિરસ્કાર કરવાનો છે, દોષિતનો નહીં...
  દોષિત પર તો કરુણા કરવાની છે.
- પાપીના દોષનો નાશ થાય તેવી ભાવના કરવી...
  તેને પાપથી અટકવાની પ્રેરણા કરવી.
  તે માટે પ્રોત્સાહન આપવું/સહાયતા કરવી,
  જેટલું કરે તેની અનુમોદના કરવી...
  એ ભાવ-અનુકંપા છે...
- જે પાપ આપણે ગઈકાલ સુધી કરતાં હતાં,
  તે કદાચ આજે આપણે છોડી દીધું,
  તેટલા માત્રથી આજે પણ તે પાપ કરનારા પર તિરસ્કાર શી રીતે કરી શકાય ?
- આપણે જો કોઈના એક દોષને પણ માફ નથી કરી શકતા, તો પરમાત્મા આપણા અનંતા દોષોને શી રીતે માફ કરશે ?
- સાતે વ્યસનમાં પૂરા જીવોની ઉપર પણ સર્વગુણસંપન્ન પરમાત્માએ કે બહુગુણસંપન્ન મહાપુરુષોએ ધિક્કાર નથી વરસાવ્યો, કરુણા જ વરસાવી છે. તો પછી કદાચ એકાદ-બે ગુણના સ્વામી થઈ ગયા હોઈએ, તેટલામાત્રથી બીજા જીવો પર ધિક્કાર શી રીતે વરસાવી શકાય...?
- ગમે તેવા પાપી જીવો અમારી પાસે આવે, તો પણ અમારે વાત્સલ્ય જ આપવાનું છે...
  તે અમારી પાસે આવે છે, તે પણ મોટો ગુણ છે...
  ઘણાને એવી ગેરસમજ થાય છે કે ''મહારાજ સાહેબ આવા પાપીઓને પ્રોત્સાહન આપે છે.''
  વાસ્તવમાં અમે તેને પાપ છોડવા માટે જ ઉત્સાહિત કરીએ છીએ.

- દ્રવ્ય-અનુકંપાથી થોડા દુઃખોનો નાશ થાય.
  ભાવ-અનુકંપાથી ભવોભવના દુઃખોનો નાશ થાય...
  એટલે ભાવ-અનુકંપા ચડિયાતી છે...
- પોતાના સંપર્કમાં આવેલા સહુ પાત્ર જીવોને ધર્મ પમાડવાની-આત્મકલ્યાણના રસ્તે આગળ વધારવાની ભાવના, સમ્યક્ત્વી જીવોને હોય...
  તમને તમારા પરિવાર, નોકર-ચાકરોને ધર્મ પમાડવાની ભાવના તો ખરી ને ?
- જે બીજાને ધર્મ પમાડે છે, તેને ભવાંતરમાં ધર્મ પમાડનાર મળી રહે છે...
- જેને જગતના સર્વ જીવોને તારવાની પ્રકૃષ્ટ કરુણા (ભાવ-અનુકંપા)નો ભાવ આવે, તે તીર્થંકર થઈને મોક્ષે જાય...
  જેને પોતાની આસપાસ રહેલા જીવોને તારવાની ભાવના થાય, તે ગણધર બનીને મોક્ષે જાય.
  જેને માત્ર પોતાને જ તરવાની ભાવના થાય, તે સામાન્ય કેવલિ બને.
  – પંચસંગ્રહ
- દુઃખી જીવોને જોઈને તેમને દુઃખમુક્ત કરવાની ભાવના એ દ્રવ્ય-અનુકંપા છે...
- ચરમાવર્તમાં પ્રવેશનું પ્રથમ લક્ષણ છે. દુઃખી જીવો પર અત્યંત દયાનો ભાવ આવે... **– યોગદૃષ્ટિ સમુચ્ચય, ૩૨**
  આવો જીવ દુઃખીના દુઃખ દૂર કરી ન શકે, તે જુદી વાત છે, પણ તેના દુઃખ પ્રત્યે સંવેદનશીલતા તો હોય જ... જે ગૃહસ્થનું હૃદય બીજાનું દુઃખ જોઈને વેદના પણ ન અનુભવે, તેના ચરમાવર્તમાં પ્રવેશ માટે શંકા છે - તેની ધર્મની-ઉપદેશની યોગ્યતા માટે શંકા છે.
- દયા એ તો સમુદ્ર છે, જેમાં સર્વ ધર્મો રૂપી નદીઓ આવી મળે છે.
  – સંબોધસિત્તરી, ૬
- વર્ષોથી તમારે ત્યાં નોકરી કરતાં નોકરોને કદી સહાનુભૂતિપૂર્વક પૂછો ખરા, કે તારે કંઈ દુઃખ નથી ને ?
  તેને જીવનમાં કોઈ મોટી મુશ્કેલી આવી પડે, કોઈ જરૂર પડે, તો બીજા પાસે ન જતાં - આડા અવળા રસ્તે ન જતાં, તમારી પાસે જ માંગવું,

એવું તમે કહી રાખ્યું છે ખરું ?

- ઉનાળામાં ભરબપોરે દૂધ આપવા આવેલો માણસ પરસેવાથી રેબઝેબ થયેલો હોય. તેને બે મિનિટ ઠંડકમાં બેસવાનું કે ઠંડા પાણીનું પૂછો ખરા ?
  ઠંડીમાં ઠૂંઠવાતા કે વરસાદમાં ભીંજાતાં ગરીબોને-તિર્યંચોને જોઈને, તમારું હૃદય કોઈ સંવેદના અનુભવે છે ?
  ભૂકંપ-પૂર-સુનામી-દુકાળની આપત્તિઓમાં લાખો લોકો બેઘર બને. તેના દુઃખ જોઈને તમને કશી ધ્રૂજારી થાય છે ?
  જો આ બધા પ્રશ્નોનો જવાબ 'ના'માં હોય તો સમજવું પડે કે હજી તમે ધર્મ પામવાને યોગ્ય જ બન્યા નથી.
  દુઃખી જીવો પ્રત્યેની દયારૂપી માનવતા એ તો શરીર પરના વસ્ત્રો છે. એ વસ્ત્રો વિના, બીજા ધર્મના અનુષ્ઠાનો રૂપી અલંકારો શોભવાના નથી.
- તમારા નોકરોએ ત્રીસ દિવસ કામ કર્યું હોય તો મહિનાના છેલ્લા દિવસે સાંજે જ પગાર મેળવવાનો અધિકાર છે. તેના બીજા છ-સાત દિવસ મોડું કરીને ટટળાવવા, તે એક પ્રકારની નિષ્ઠુરતા નથી ?
- છાપાંઓ/ટીવીમાં આવતા સમાચારોએ તમારી સંવેદનશીલતા બુઠ્ઠી બનાવી દીધી છે...
  હજારો માણસોના મોતના સમાચાર તમે નિરાંતે ચા પીતાં પીતાં વાંચી શકતા હો, તે તેનો પુરાવો છે !

૩. **નિર્વેદ :-**

સમ્યક્ત્વનું ત્રીજું લક્ષણ છે નિર્વેદ, એટલે કે સંસારથી વૈરાગ્ય...

- નરક-તિર્યંચના દુઃખોથી વૈરાગ્ય હોય, તે કંઈ નવી વસ્તુ નથી, કારણ કે દુઃખ તો કોઈને જ ગમતું નથી...
  પણ સુખ સામગ્રી ભરપૂર હોય, તો પણ સંસાર અસાર જ છે, તેમાંથી છૂટવા જેવું છે, તેવી બુદ્ધિ, તે નિર્વેદ છે, ખરો વૈરાગ્ય છે !
- જેલમાં રહેલા માણસને જેમ જેલમાંથી છૂટવાની તીવ્ર ઈચ્છા હોય, તેમ સમકિતીને સંસારમાંથી છૂટવાની તીવ્ર ઈચ્છા હોય...
- સામાયિક/પૌષધ પૂરા થાય, ત્યારે "હવે પાછું અવિરતિમાં જવું પડશે." તેનું દુઃખ હોય, કે "હાશ, છૂટ્યા !"નો ભાવ હોય ? જો છૂટવાની

લાગણી જ થતી હોય, તો સમજવું પડે, કે સંસારથી વૈરાગ્ય નથી...

- શરીરના સાડા ત્રણ કરોડ રૂંવાડા છે. તે દરેક રૂંવાડામાં ધગધગતી તપાવેલી લોઢાની સોય એક સાથે ઘોંચી દેવામાં આવે, તો કેટલી વેદના થાય ? તેના કરતાં આઠ ઘણી વેદના, ગર્ભમાં હોય, અને અનંતગણી વેદના, જન્મ સમયે હોય...
  આવા જન્મ-મૃત્યુથી ભરેલા સંસારમાં, સુખ શી રીતે મનાય ?

૪. **સંવેગ :-**

ચક્રવર્તી કે ઈન્દ્રના સુખો મેળવવાની ઈચ્છા ન થાય, (તે તો દુઃખરૂપ જ લાગે) પણ માત્ર મોક્ષનું સુખ મેળવવાની જ ઈચ્છા થાય, તે સંવેગ-સમ્યક્ત્વનું બીજું લક્ષણ છે.

- સંસારમાં સુખ છે જ નહીં, માત્ર તેનો ભ્રમ જ થાય છે...
  જે વસ્તુ/વ્યક્તિ, અમુક પરિસ્થિતિમાં સુખ આપે છે,
  તે જ વસ્તુ/વ્યક્તિ જુદી પરિસ્થિતિમાં દુઃખ આપે છે...
  એટલે વાસ્તવમાં વસ્તુ કે વ્યક્તિમાં સુખ છે જ નહીં...
- જે સુખ કર્મને આધીન છે, તે વાસ્તવમાં દુઃખ જ છે.

– વિશે. ભાષ્યટીકા, ૨૦૦૪

- સંસારનું સુખ દુઃખમિશ્રિત જ હોય છે.
  દુઃખ વિના એકલું સુખ કોઈને સંસારમાં મળતું નથી.
  હજારો સુખો વચ્ચેનું એક દુઃખ પણ, હજાર સુખોની મઝા બગાડી નાખે છે...
- સંસારના સુખો વિપાકકટુક છે.
  ઝેરવાળો લાડવો, ખાવામાં મીઠો લાગે, પણ પછી મોત લાવે,
  તેમ વિષયસુખો ભોગવવામાં કદાચ આનંદ આવે, પણ પછી ભયંકર કર્મ બંધાવીને દુઃખ લાવે.
  એક નાનકડાં સુખને ભોગવવા માટે પહેલાં સેંકડો પાપો તમારે કરવા પડે છે...
  દા.ત. ૧ કપ ચા પીવી છે. તેના માટે પાણી લાવવું પડશે, તેમાં અસંખ્ય અપ્‌કાયના જીવો મરશે. ગેસ પેટાવવો પડે, તેમાં અસંખ્ય તેઉકાયના

જીવો મરે... સાથે વાઉકાયના જીવો પણ મરે...
ચા પીવામાં રાગ પોષાય, તેનું પાપ...
આટલા પાપો પછી બે મિનિટનું સ્વાદનું સુખ મળે !

- ઇન્દ્રિયના વિષયોમાં સુખ તલ જેટલું છે,
  પાછળ આવતું દુઃખ મેરુપર્વત જેટલું છે. – ઇન્દ્રિય પરાજય શતક, ૬
- પોતાની સામગ્રીમાં થયેલી આસક્તિના પાપે, અસંખ્ય દેવો મરીને પ્રત્યેક સમયે એકેન્દ્રિયમાં જાય છે.
- સંગીતના રાગે હરણિયાં શિકારનો ભોગ બને છે.
  સ્વાદની આસક્તિના કારણે માછલી, ગલમાં ફસાય છે.
  એક ઇન્દ્રિયની આસક્તિમાં ફસાયેલા પણ મરણને શરણ થાય છે. પાંચે ઇન્દ્રિયોના વિષયમાં ગળાબૂડ ડૂબેલા મનુષ્યની શું હાલત થશે ?
  – જ્ઞાનસાર, ૭/૭
- સંસારનું કોઈ સુખ કાયમ રહેવાનું નથી.
  'અંતે તો એ ચાલ્યું જશે' એ વિચાર પણ જીવને દુઃખી બનાવી દે છે !
- દેવોને સામગ્રી ઘણી હોય છે. છતાં તૃષ્ણા, બીજાની ઈર્ષ્યા, બીજાનું પડાવી લેવા માટેની લડાઈ વિ. દુઃખોથી દેવો પણ સળગતા જ રહે છે !
  અને છેલ્લે "મારે આ બધું છોડીને ચાલ્યા જવાનું !" એ ભયથી તેઓ દુઃખી દુઃખી થઈ જાય છે !
- માતા-પિતા-ઘરનો ત્યાગ તો સામાન્ય છે.
  અનુકૂળતાનો ત્યાગ એ જ સાચો વૈરાગ્ય છે.
  – સંઘસ્થવિર - ભદ્રંકરસૂરીશ્વરજી મહારાજ સાહેબ
- સંસારથી જેને વૈરાગ્ય હોય, તેને તક મળતાં જ સંસાર છોડીને ચાલી નીકળે !
  ટકોર માત્ર થઈ અને ધન્નાજી, વજબાહુ વિગેરે સંસારને લાત મારીને ચાલી નીકળ્યા...

૫. **શમ :-**

સમ્યક્ત્વનું પ્રથમ લક્ષણ છે શમ - ઉપશમભાવ.

- જ્યાં કોઈ પણ વસ્તુ, વ્યક્તિ કે ઘટના પ્રત્યે ગમો કે અણગમો ન હોય - સર્વત્ર સમાન માધ્યસ્થભાવ હોય તે સમતા છે.
- જ્યાં શત્રુ દ્વારા થયેલા ઉપસર્ગોને સહન કરી લેવામાં આવે, તે ક્ષમા ખરી... પણ તેમાં 'આ શત્રુ છે' એવા ભાવ આવે, તો તે સમતા નથી. સમતા એ છે, જ્યાં કોઈ શત્રુ પણ નથી, કોઈ મિત્ર પણ નથી.
- ક્ષપકશ્રેણિમાં ઉત્કૃષ્ટ સમતા હોય છે, ત્યારે, સંસાર-મોક્ષ પણ સરખા લાગે છે, મોક્ષની પણ ઈચ્છા રહેતી નથી.
- આપણા ઉપર અપરાધ કરનાર જીવ માટે મનથી પણ ખરાબ ન ચિંતવવું, તે ઉપશમભાવ, સમ્યક્ત્વનું લક્ષણ છે...
- દશ પ્રકારના સાધુના ધર્મો બતાવ્યા છે, તેમાં પહેલી ક્ષમા છે. સાધુનું નામ જ 'ક્ષમાશ્રમણ' છે.
- જે ક્રોધ, ૧ કરોડ પૂર્વ (૧ પૂર્વ=૭૦,૫૬૦ અબજ વર્ષ)ના સંયમને નિષ્ફળ બનાવી શકે તેવો બળવાન છે, તે ક્રોધને જીતવો જ રહ્યો.
- રસ્તામાં આપણે જોયા વિના ચાલીએ અને પથ્થરની ઠેસ વાગે, તો આપણે ગુસ્સે થતા નથી... કારણકે આપણને આપણો જ વાંક દેખાય છે કે "આપણે જોયા વિના ચાલ્યા, એટલે વાગ્યું."
  પણ એવી જ રીતે રસ્તામાં કોઈ બીડીના ઠૂંઠા પર પગ ચંપાઈ જાય, ત્યારે ગુસ્સો આવી જાય છે કે "કોણે બીડી ફેંકી છે ?" કારણકે આપણને ફેંકનારનો વાંક દેખાય છે, પણ આપણો વાંક દેખાતો નથી, કે "આપણે જોયા વિના ચાલ્યા."
  સાર એ જ છે, કે જો બીજાની ભૂલ દેખાશે, તો ગુસ્સો આવશે.
  જો આપણી ભૂલ દેખાશે, તો ગુસ્સો નહીં આવે.
  એટલે જો ક્રોધથી બચવું હોય તો દરેક પ્રસંગમાં આપણી પોતાની ભૂલ જોતાં શીખી જવું...
  કદાચ કોઈ ભૂલ ન દેખાય, તો આપણે અપેક્ષા રાખી કે સામી વ્યક્તિએ આમ કરવું જોઈએ/ન કરવું જોઈએ, તે જ આપણી ભૂલ...
  છેવટે આપણા પૂર્વોપાર્જિત દુષ્કૃતો, (જેનાથી અશુભ કર્મ બંધાયું અને તેના ઉદયે દુઃખ આવ્યું) તે તો આપણી ભૂલ છે જ !
- ગુના માટે કોર્ટ જેલની સજા કરે... જેલર હંટરના ફટકા મારે, તો પણ

જેલર પર ગુસ્સો નથી આવતો, કારણકે ખબર છે, કે જેલર તો કોર્ટે કરેલી સજાનો અમલ જ કરી રહ્યો છે... તેમ જ્યારે કોઈ વ્યક્તિ આપણને હેરાન કરે છે, ત્યારે વાસ્તવમાં તો આપણે જ પૂર્વે કરેલા દુષ્કૃતની કર્મસત્તાએ કરેલી સજાનો અમલ જ તે કરી રહ્યો છે, તેમાં તેના પર ગુસ્સે થવાથી શું ફાયદો ?

- જેલર પર ગુસ્સો કરે, તો સજા વધી જાય...
  અને શાંતિથી સહન કરે, સારું વર્તન કરે, તો સજા માફ પણ થાય...
  તેમ જો પ્રતિકૂળતમાં અકળામણ થાય, ગુસ્સો કરે, તો નવા કર્મ બંધાય, પ્રતિકૂળતા વધે...
  જો સમતાપૂર્વક સહન કરે, તો કર્મ ખપી જાય.
- ગૂમડામાં રસી થઈ હોય, ડૉક્ટર દબાવીને રસી કાઢે, ત્યારે ભયંકર વેદના થાય છે, તમ્મર આવી જાય તેવી...
  છતાં, ડૉક્ટર પર ગુસ્સો નથી આવતો, ઊલટું ડૉક્ટર ઉપકારી લાગે છે કે, 'મારા રસી સાફ કરી રહ્યો છે."
  તો પછી, જ્યારે આપણા જ કર્મને કોઈ ઉદયમાં લાવે ત્યારે દુઃખ તો આવે, પણ જો એમ વિચારીએ કે "આ તો મારા કર્મ સાફ કરી રહ્યો છે - ઉપકારી છે." તો ગુસ્સો ન આવે...
  ગજસુકુમાલના માથે અંગારા મૂકાયા, તો પણ આ વિચાર કર્યો, તો છેક કેવળજ્ઞાન પામી ગયા !
- ક્રોધ જીતવાનો બીજો ઉપાય છે, સામાની કર્મપરવશતા વિચારવી... એ વ્યક્તિ કશું નથી કરતી, પણ એનું મોહનીય કર્મ એની પાસે આવું કામ કરાવી રહ્યું છે - એ વિચારવું...
- દારૂ પીધેલો માણસ એલફેલ બોલે, તો પણ ગુસ્સો નથી આવતો, ઊલ્ટું સહાનુભૂતિ જાગે છે. "બિચારાને ખબર જ નથી કે તે શું કરી રહ્યો છે... દારૂ જ એને બોલાવી રહ્યો છે !"
  નાનો બાળક ધમપછાડા કરે, લાતંલાતી કરે, તો પણ ગુસ્સો નથી આવતો, કારણકે ખબર છે, કે એ નાદાનિયત છે...
  તેમ કોઈપણ વ્યક્તિ અનુચિત વર્તન કરે, ત્યારે એવું જ વિચારાય, કે "આ એનું મોહનીય કર્મ જ કામ કરી રહ્યું છે." તો ગુસ્સો નહીં આવે, કરુણા જાગશે.

- આપણા પર આવેલું દુઃખ પણ વાસ્તવમાં પ્રભુની કૃપા જ છે, તેનાથી પણ કોઈક લાભ જ થવાનો છે, એ જોતાં જો આવડી જાય, તો ગમે તેવી પરિસ્થિતિમાં પ્રસન્નતા ટકી શકે...
- 'જે થાય તે સારા માટે.'
  'Everything is in order.
  આ સૂત્રો ગોખી રાખવા જેવા છે...
- ક્રોધ, પ્રેમનો નાશ કરે છે, મિત્રતા ખતમ કરે છે.
  – દશવૈકાલિક સૂત્ર, ૮/૩૮
- ક્રોધ શરીર-મન-આત્મા ત્રણેને નુકસાન કરે છે.
  શરીરમાં બ્લડપ્રેશર વધારે છે.
  મનને સંક્લિષ્ટ-ઉકળાટભર્યું બનાવે છે.
  આત્માને કર્મ બંધાવે છે.
  વળી બીજાને પણ નુકસાન કરે છે !
- ક્રોધ કર્યા પછી મોટા ભાગે નુકસાન જ થાય છે.
  ક્રોધ કરતાં પૂર્વે વિચારો, કે ક્રોધ કરવાથી કામ બગડશે કે સુધરશે ?
- સંવત્સરી પૂર્વે જે ક્ષમાપના ન કરે, તેને સંઘની બહાર કરવો, એવું ભદ્રબાહુસ્વામી મહારાજ સાહેબે બારસાસૂત્રમાં કહ્યું છે...
- જીવનમાં અંત સુધી જો કોઈ વ્યક્તિ પ્રત્યે મનમાં દુર્ભાવ રહી ગયો, તો વેર બનીને ભવાંતરમાં આવશે...
- 'વ્યાજબી કારણ હોવાથી મેં ક્રોધ કર્યો' એવું વિચારનારે અગ્નિશર્માનું દૃષ્ટાંત જોઈ લેવું...
  ક્રોધ કરવા માટે અતિશય વ્યાજબી કારણ તેમની પાસે હતું.
  (ત્રણ-ત્રણ વાર રાજાની ભૂલના કારણે માસક્ષમણનું પારણું થઈ શક્યું નહીં અને ૯૦ ઉપવાસ થઈ ગયા...)
  છતાં તેમના ક્રોધને કારણે તેમનો અનંત સંસાર વધ્યો !
- સામાની ભૂલ ગમે તેવી મોટી હોય,
  ક્રોધ સૌથી મોટી ભૂલ છે...
  સામાની ભૂલની સજા તેને મળતાં મળશે,
  પણ આપણા ક્રોધની સજા આપણને મળવાની છે, એ ૧૦૦% નક્કી છે...

સમ્યક્ત્વના ત્રણ લિંગ

- સમ્યક્ત્વના ત્રણ લિંગ છે. શુશ્રૂષા, સંયમનો રાગ અને દેવ-ગુરુની ભક્તિ...

૧. **શુશ્રૂષા** - ધર્મ/જિનવાણી સાંભળવાની ઈચ્છા.
શાસ્ત્રકારોએ બે પ્રકારની શુશ્રૂષા બતાવી છે.

a. સુપ્તનૃપકથાવત્ - રાજાને સૂવું હોય - ઊંઘ ન આવતી હોય, ત્યારે ઊંઘ લાવવા માટે કથા સાંભળે તે...
એ કથામાં શું કહેવાય છે, તેના તરફ તેનું ધ્યાન લગભગ નહીં જેવું હોય. યાદ રાખવાની તો કોઈ મહેનત જ ન હોય...
તમારી ધર્મશ્રવણની ઈચ્છા આવી તો નથી ને ? આવી ઈચ્છા જેને હોય તેને બોધ થતો જ નથી, કશો લાભ થતો નથી, અને એટલે આવા શ્રોતાને ઉપદેશ આપવાની પણ હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે ષોડશકમાં ના પાડી છે.

b. કિન્નરગેય શ્રવણવત્ - આની વાત આપણે આગળ કરી ગયા છીએ.

- જિનવાણીનું મહત્ત્વ કેટલું છે ?
તીર્થંકર જ્યારે દેશના આપે, ત્યારે જેમને કશું જાણવાનું બાકી નથી, સંપૂર્ણ જ્ઞાન છે, તેવા કેવલિ ભગવંતો અને સર્વ શ્રુતજ્ઞાનના ધારક ગણધર ભગવંતો પણ દેશનામાં જાય છે... તે "દેશના જ્યારે ચાલુ હોય ત્યારે સહુએ જવું જોઈએ" - તેવા ઔચિત્યના પાલન માટે જ જાય છે. કારણકે દેશનાથી તેમને બીજો કોઈ લાભ થવો શક્ય નથી.

- ઉપદેશમાળામાં ધર્મદાસગણિજી મહારાજ સાહેબે કહ્યું છે કે, ગૌતમ સ્વામી ભગવાનને બધી જ જાણકારી હોવા છતાં, પ્રભુની વાણીને 'વિસ્મિત ચિત્ત' સાથે સાંભળે છે.
અમે કદાચ વ્યાખ્યાનમાં એવી વાર્તા શરૂ કરીએ કે જેની તમને ખબર હોય, તો તમે શું કરો ?
આજનું વ્યાખ્યાન આવતીકાલે અક્ષરશઃ એ જ કહેવાનો છું, Repeat કરવાનો છું, એવી જાહેરાત કરું, તો કેટલા સાંભળવા આવે ?

- શાસ્ત્રકારો કહે છે કે જિનપૂજા અને જિનવાણી બેની સરખામણી કરવાની હોય, તો જિનવાણી પ્રધાન છે.

આવું જિનવાણીનું મહત્ત્વ હોય, તો વ્યાખ્યાનના સમયે જ દેરાસરમાં સ્નાત્ર/પૂજા/પૂજન/મહોત્સવ વિ. રાખવા, કેટલા ઉચિત છે ?

સાચો શ્રાવક, બીજાને જિનવાણી સાંભળવામાં અંતરાય થાય, તેવું કોઈ કાર્ય ન કરે... જ્યારે વ્યાખ્યાનનો સમય હોય ત્યારે દેરાસરમાં જ નહીં, બીજે પણ એવો પ્રસંગ ન ગોઠવે કે જેથી લોકો વ્યાખ્યાનમાં ન જઈ શકે...

ઘણીવાર દેરાસરમાં જ વ્યાખ્યાનના સમયે માઈક પર પૂજનો ભણાતાં હોય છે... કેટલાક લોકો વ્યાખ્યાનના સમયે જ બેસણાં-ઊઠમણાં વિ. રાખતા હોય છે. તેમણે એ વિચારવું જોઈએ કે અનેક લોકોને જિનવાણી સાંભળવામાં અંતરાય કરવાનું શું ફળ મળશે ?

તેમ પોતાના ગામમાં પ્રભાવક પ્રવચનકાર મહાત્મા પધાર્યા હોય, સેંકડો લોકો તેમના વ્યાખ્યાન સાંભળતા હોય અને તેનાથી ધર્મ પામતાં હોય, ત્યારે તેવા જ સમયમાં સામૂહિક યાત્રા-પ્રવાસનું આયોજન કોઈ કરે, અને તેના કારણે અનેક લોકો પ્રવચન છોડે... તે પણ કેટલું ઉચિત છે ? તે વિચારણીય છે.

- પ્રશમરતિ પ્રકરણમાં ઉમાસ્વાતિજી મહારાજ સાહેબ જણાવે છે કે જિનવચન તો રાગ-દ્વેષરૂપી ઝેરને ઉતારનાર મંત્ર સમાન છે, તેથી તેને વારંવાર કહેવું/સાંભળવું જોઈએ.

  તમારું સદ્‌ભાગ્ય છે કે અત્યારના કાળે તમને સમજાય તેવી સરળ ગુજરાતી ભાષામાં લખાયેલા સેંકડો-હજારો ધાર્મિક પુસ્તકો ઉપલબ્ધ છે... પણ કરુણતા એ છે કે, તમને વાંચવાનો રસ જ નથી.

  છાપાં વાંચવાનો, ફાલતુ ચર્ચાઓ કરવાનો જોઈએ તેટલો સમય મળે છે, પણ આત્મકલ્યાણકર જિનવચન સાંભળવા/વાંચવાનો જ તમારી પાસે સમય નથી !

૨. **સંયમધર્મનો અનુરાગ,** એ સમ્યક્‌ત્વનું બીજું લિંગ છે...

સમ્યક્‌ત્વી, સંયમ લઈ ન શકે, તો પણ તેના પ્રત્યે પક્ષપાત, પ્રચંડ અનુરાગ અને ઝંખના તેને હોય...

કોઈ બ્રાહ્મણ આખું જંગલ ચાલીને આવ્યો હોય, કડકડતી ભૂખ લાગી હોય ત્યારે ભાવતા લાડવા કે ઘેબરનું ભોજન મળતું હોય, તો લેવાની જેવી ઈચ્છા થાય, તેવી ઈચ્છા, સમકિતીને સંયમ લેવાની હોય...

- રન-વે પર દોડતું વિમાન, ઊડવા માટેની ઝડપ પકડાય તે માટે જ રન-વે પર દોડે છે, હંમેશ માટે રન-વે પર નથી દોડતું...
  તેમ સંસારમાં રહેલો સમકિતી, સંયમ લેવાની શક્તિ પેદા થાય, તે માટે જ સંસારમાં રહે છે. હંમેશા સંસારમાં રહેવાની ઈચ્છા તેને કદી હોય જ નહીં. સંયમની શક્તિ પેદા થાય તેની રાહ જુએ...
  સુંદરીને ભરત ચક્રીએ દીક્ષા લેવાની રજા ન આપી, તો ૬૦,૦૦૦ વર્ષ સુધી આયંબિલ કર્યા છે...
  થોડા કાળ પૂર્વે થયેલા એક મુનિવરે દીક્ષાની રજા લેવા માટે ૧૯ વર્ષ સુધી છ વિગઈ ત્યાગ સાથે વર્ષીતપ કરેલા !
- કદાચ પોતાની શક્તિ ન હોવાના કારણે સંયમ લઈ ન શકે, તો જે લેતા હોય, તેની ભરપૂર અનુમોદના કરે, તેનાથી અત્યંત આનંદ પામે, બીજાને લેવા માટે પ્રોત્સાહિત કરે...
  શાલિભદ્રની દીક્ષાના વરઘોડામાં શ્રેણિક મહારાજા, શાલિભદ્રના માથે છત્ર લઈને ચાલ્યા હતા !
  કૃષ્ણ વાસુદેવે, પોતાની લગભગ બધી દીકરીઓને સંયમના માર્ગે વાળી હતી !
- સંયમની ઈચ્છા થવી પણ દુર્લભ છે...

  દ્વારિકા નગરીને દ્વૈપાયને બાળી, ત્યારે ૫૬ કરોડ યાદવોની દ્વારિકા નગરીમાંથી માત્ર ૧ આત્માએ સંયમ લીધું... બાકી બધા બળી મરવા તૈયાર થયા, પણ દીક્ષા નથી લીધી !!
- તમને આજ સુધીમાં ક્યારેય દીક્ષા લેવાની ઈચ્છા થઈ છે ખરી ?
  દીક્ષા લેવાની ઈચ્છા કેમ નથી થતી ?

  સભા : સંયમ પાળવું બહુ કઠિન છે.
  વાત સાચી છે. પણ સંસારમાં કષ્ટો ક્યાં ઓછા છે ? આખો સંસાર દુઃખ, સંક્લેશ અને પાપથી ભરપૂર છે...
  તમે એકબીજાને મળો, ત્યારે પૂછો છો - કેમ છો ? અને જવાબ આપો છો - મઝા છે, લીલા-લહેર છે... વિ...
  પણ એ બધું નાટક છે. તમાચો મારીને ગાલ લાલ રાખી રહ્યા છો... અમારી પાસે જેટલા આવે છે, તે બધાં રોદણાં જ રડતાં હોય છે. દરેકને

કંઈક ને કંઈક તકલીફ છે. કોઈને કોઈ ટેન્શન છે. કોઈને બિમારી છે. કોઈને ધંધામાં બરકત નથી, કોઈનો દીકરો વંઠેલ છે- કોઈની પત્ની કર્કશ છે...

આજ સુધી કોઈ અમને એવું મળ્યું નથી, જેને દરેક વાતનું સુખ હોય... એટલે સંસારમાં ય દુઃખો તો છે જ, પણ તે બધા તમને 'સદી' ગયા છે, એટલે દેખાતા નથી, અને સંયમમાં કષ્ટો દેખાય છે.

વાસ્તવિકતા એ છે કે સંયમમાં પણ જેણે માનસિક રીતે આ બધા કષ્ટોને - લોચ, વિહાર, ગોચરી વિ.ને - સ્વીકારી લીધા છે, તેને કશું દુઃખ રહેતું નથી...

તમે પણ વિચારશો તો ખ્યાલ આવશે કે જે પણ કષ્ટ માટે તમે માનસિક રીતે તૈયાર છો, તે આવે તો પણ તમે દુઃખી થતા નથી.

ઊલ્ટું સંયમમાં પરમ સુખ છે - લગભગ સંક્લેશ-ચિંતામુક્ત આ જીવન હોવાથી માનસિક દુઃખ જરા પણ નથી.

એનું કારણ નિઃસ્પૃહતા છે - કોઈની અપેક્ષા નથી - એ છે, એ વાત આપણે આગળ કરી જ છે.

જ્ઞાનસારમાં મહો. યશોવિજયજી મહારાજ સાહેબ લખે છે - સાધુ ધરતી પર સૂએ, માંગીને ખાય, જીર્ણ વસ્ત્રો પહેરે, જંગલમાં રહે, તો પણ ચક્રવર્તી કરતાં વધુ સુખી છે, કારણકે નિઃસ્પૃહ છે.

ઉમાસ્વાતિજી મહારાજ સાહેબે પ્રશમરતિમાં જણાવ્યું છે કે, સર્વ કાળના સર્વ દેવોના સર્વ સુખને ભેગું કરીએ, તેને અબજો વડે ગુણો, તો પણ એક સાધુના સુખના હજારમા ભાગે પણ ન આવે !

આ ખાલી શાસ્ત્રોની વાતો નથી... અમારો અનુભવ પણ છે જ.

બિલ ગેટ્સ કે મુકેશ અંબાણી પણ અમારા સુખની સામે પાણી ભરે છે !

પણ તમને સંયમમાં 'સુખ' છે એ વાત મગજમાં બેસતી જ નથી. જે ગામડિયાએ ઘેબર કદી ખાધાં ન હોય, તેને ઘેબરની મીઠાશ ગોળ કરતાં વધારે હોઈ શકે, એ સમજાય જ નહીં, એના જેવી તમારી હાલત છે. ભોગનું સુખ (?) તમે માણ્યું છે, પણ ત્યાગનું સુખ તમે કદી માણ્યું જ નથી... તેથી તેના પર તમને વિશ્વાસ જ નથી !

- કદાચ સંયમજીવન કષ્ટભરપૂર માનો, તો પણ મુનિસુંદરસૂરીશ્વરજી મહારાજ સાહેબે અધ્યાત્મ કલ્પદ્રુમમાં કહી દીધું છે; તમારી પાસે બે જ વિકલ્પ છે, કાં તો આ ભવમાં સંયમના કષ્ટ સહન કરી લો, કાં તો આવતા ભવમાં નરક-તિર્યંચ ગતિના દુઃખો સહન કરવા તૈયાર થઈ જાવ ! અને એ દુઃખો, સંયમના કષ્ટ કરતાં લાખો ગણા છે, એ તો તમે પણ જાણો જ છો !
- સંસાર માંડ્યા પછી મોટા ભાગે લોકો પસ્તાય છે... દીક્ષા લીધા પછી પસ્તાવો થતો હોય, તેવા સાધુ તો કો'ક જ મળશે. ઊલ્ટું જેમણે દીક્ષા લીધી છે, તે પોતાના માતા-પિતાને પણ દીક્ષા લેવાની પ્રેરણા આપતા હોય છે, તે જ બતાવે છે કે અહીં આવ્યાનો ખરો આનંદ છે.

સંસારમાંથી સંયમ લીધા વિના છૂટકારો થવાનો નથી, એ નિશ્ચિત હકીકત છે, તો પછી આ ભવમાં જ સંયમ કેમ ન લેવું ?

જો ઈચ્છા કરશો, તો બધી અનુકૂળતા થઈ પણ શકે છે. જે ઈચ્છા જ ન કરે, તેને કદી અનુકૂળતા મળવાની નથી...

સભા : અમે એવું વિચારીએ છીએ કે આવતા ભવે, મહાવિદેહ ક્ષેત્રમાં જઈને દીક્ષા લઈશું...

પહેલી વાત તો એ છે કે આવતા ભવે મનુષ્યભવ મળવો, આર્યદેશ-કુળ મળવા, મહાવિદેહ ક્ષેત્ર મળવું, જૈનશાસન-સદ્ગુરુ મળવા, વિ. બધી સામગ્રી મળશે તેની કોઈ ગેરંટી નથી... આપણે પૂર્વે જોઈ ગયા છીએ કે આ બધી વસ્તુઓ અત્યંત દુર્લભ છે, અને અનંત પુણ્યરાશિ ભેગી થાય, ત્યારે જ મળે છે.

તમારું વર્તમાન જીવન વિચારશો, તો ખ્યાલ આવી જશે કે તમારી પાસે આવતા ભવે આટલું બધું મળે, તેવું પુણ્ય તમે ઉપાર્જિત કર્યું છે કે નહીં ?

બીજી વાત, કદાચ માની લો કે તમને બધું મળ્યું, તો ત્યારે પણ આ ભવની જેમ એવું જ વિચારશો, કે "આવતા ભવે લઈશું." એવું નહીં બને, તેની શી ખાતરી ? જો આ ભવમાં બધી સામગ્રી મળ્યા છતાં, તમે એવું વિચારો છો, તો આવતા ભવે પણ એ જ વિચારશો...

શેત્રુંજયના રામપોળ સુધીના લગભગ ૩૩૦૦ પગથિયાં છે, ત્યાર પછી

૧૫૦-૨૦૦ પગથિયાં હશે.

કોઈ રામપોળ સુધી પહોંચે. પછી અત્યંત થાકી જાય, અને એટલે કહે કે “હવે હું આગળ જઈ જ શકું તેમ નથી. અહીંથી ઊતરી જ જઈશ, કાલે ઉપર ચડીશ...”

તો તમે શું કહો ? એ જ ને કે, “અરે ભાઈ, આજે તો ૧૫૦-૨૦૦ જ બાકી રહ્યા છે. કાલે તો ૩૫૦૦ ફરી ચડવા પડશે. વળી કાલે એટલું ચડી શકશો કે નહીં, તેની શું ખાતરી ?”

તેમ અમારું પણ એ જ કહેવું છે કે આ ભવમાં તમે બધું મેળવી ચૂક્યા છો, હવે ૧ કૂદકો જ મારવાનો બાકી છે. તેને જો ચૂક્યા તો આવતાં ભવે તો એકડે એકથી શરૂઆત કરવી પડશે, તો આ ભવમાં જ કેમ કૂદકો ન મારવો ?

- ઉપદેશમાળામાં ધર્મદાસગણિ મહારાજ સાહેબ લખે છે કે ૧ દિવસ પણ સંયમનું પાલન કરે, તે નિયમા વૈમાનિક દેવલોકમાં જ જાય...
  પુંડરિક રાજા માત્ર ૧ દિવસના સંયમના પ્રભાવે સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા...
- કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજ સાહેબે વીતરાગ સ્તોત્રમાં લખ્યું છે, કે કલિકાળ તો સારો છે, કારણકે તેમાં બહુ ઓછા કાળમાં તે ફળ પ્રાપ્ત કરી શકાય છે, જે સત્‌યુગમાં (ચોથા આરામાં) ઘણાં કાળે મળે છે.
  ચોથા આરામાં ક્રોડ પૂર્વનું આયુષ્ય હોય. તેટલું સંયમ પાળવાથી જે ફળ મળે., તે પાંચમા આરામાં ૨૫-૫૦ વર્ષ સંયમ પાળવાથી મળી શકે છે !

૩. **દેવ-ગુરુની ભક્તિ** - સમ્યક્‌ત્વનું ત્રીજું લિંગ છે...

- તમે જે ગામ/શહેર/પરામાં રહેતા હો, તેના બધા દેરાસરે વર્ષે ૧ વાર તો દર્શન કરવા જાવ છો ને ?
- જે દેરાસરે તમે રોજ પૂજા/ભક્તિ કરો છો, તે દેરાસરમાં રહેલી બધી જ પ્રતિમાઓની વર્ષે ૧ વાર તો નવાંગી પૂજા કરો ને ?
- વર્તમાનમાં કેસરપૂજાનું ચલણ વધુ છે.
  પણ પ્રભુની સંપૂર્ણ પૂજા-અષ્ટપ્રકારી પૂજા છે, કમ સે કમ અઠવાડિયે ૧

વાર (રજાના દિવસે) તો અષ્ટપ્રકારી પૂજા કરો ખરા ?
તીર્થમાં યાત્રા કરવા જ ગયા હો, ત્યારે અષ્ટપ્રકારી પૂજા કરો ખરા ?
વર્ષે ૧ વાર તો તીર્થયાત્રા કરો જ ને ?
જો આ ભવમાં આટલા દેરાસરો-પ્રભુપ્રતિમા મળ્યા છે, તેના દર્શન-પૂજનનો ઉલ્લાસ જાગતો ન હોય, તો કદાચ દેવલોકમાં ગયા તો ત્યાં પછી શાશ્વતા તીર્થોની યાત્રા-પ્રભુભક્તિ કરવાનો ઉલ્લાસ શી રીતે જાગશે ?
રસ્તે ચાલતાં, ગાડી/સ્કૂટર વિ. વાહનોમાં જતાં, રસ્તામાં જિનાલયની ધજા/શિખર દેખાય તો માથું નમાવીને નમો જિણાણં તો કહો જ ને ?

- કોઈ કામ ન આવે તેવા પિક્ચરના ગીતો અને એડવર્ટાઈઝમેન્ટના ગીતો તમને મોઢે થઈ જતાં હોય છે.
  પણ પ્રભુની ભક્તિ કરવાની સ્તુતિઓ-સ્તવનો કેટલા મોઢે છે ? ૧ મહિના સુધી રોજ નવી સ્તુતિ કે સ્તવન બોલી શકો ? ચોવીસે ભગવાનનું ઓછામાં ઓછું ૧ સ્તવન આવડે ખરું ? પ્રભુભક્તિમાં ભાવ જાગતા નથી, એની ફરિયાદ તમે બધા કરો છો, પણ તેમાં ભાવ જગાડવા માટે જરૂરી સામગ્રી તમારી પાસે હોવા છતાં એનો તમારે જો ઉપયોગ જ કરવો નથી, તો ભાવ જાગે શી રીતે ?

- પરમાત્માની ભક્તિથી પ્રેરાઈને પ્રતિષ્ઠા-સ્વપ્ન વિ.માં લાખો-કરોડોની બોલીઓ થાય છે, એ ખૂબ આનંદની વાત છે...
  પણ મહત્ત્વની વાત એ છે, બોલી બોલ્યા પછી રકમ વહેલામાં વહેલી તકે ભરાઈ જવી જોઈએ...
  રકમ ભરવામાં જેટલું મોડું થાય, તેટલી દેવદ્રવ્યની સંપત્તિ પોતાના ઘરમાં રાખવાનો દોષ લાગે...
  અને દેવદ્રવ્યભક્ષણ એ મહાદોષ છે.
  સંબોધસિત્તરિ ગ્રંથમાં શાસ્ત્રકારે ચાર મહાદોષ કહ્યા છે.
  ૧. ઉન્માર્ગની પ્રરૂપણા ૨. સાધુની હત્યા.
  ૩. દેવદ્રવ્યનું ભક્ષણ ૪. સાધ્વીનો શીલભંગ.
  ઉપદેશ પ્રાસાદ ગ્રંથમાં દેવદ્રવ્યનું ભક્ષણ કરનારને જે દુઃખ ભોગવવું પડે છે, તેનું વર્ણન કરતાં દૃષ્ટાંત આપ્યું છે...
  સાગર શ્રેષ્ઠિએ સાડાબાર રૂપિયાનું દેવદ્રવ્યનું ભક્ષણ પરોક્ષ રીતે કર્યું, તેને

કારણે અંડગોલિક મનુષ્ય, ૩જી નરક, માછલો, ૪થી નરક, ૭મી નરકે ૨ વાર ગયો. પછી ૧-૧ હજાર ભવ, કૂતરાના, ડુક્કરના, બકરાના, ગાડરના, હરણના, સસલાના, સાબરના, શિયાળના, બિલાડીના, ઉંદરના, ગરોળીના, ઘોના, સાપના થયા. પછી હજારો ભવ વિકલેન્દ્રિયમાં થયા, આમ લાખો ભવ સંસારમાં પરિભ્રમણ કર્યું ! પછી મનુષ્ય ભવમાં ગર્ભમાં હતો ત્યાં પિતાની સંપત્તિ લૂંટાઈ ગઈ - જન્મતાં પિતાનું મૃત્યુ થયું - જ્યાં જતો ત્યાં બધે આશ્રયદાતાને નુકસાન થતું. આવું ૯૯૯ વાર થયું !

આ દૃષ્ટાંત સાંભળી/વાંચીને શ્રાવકને એટલું તો થઈ જ જાય કે જિંદગીમાં કદી દેવદ્રવ્ય ભક્ષણનું પાપ ન કરવું.

- ચડાવો બોલ્યા પછી રકમ ભરવામાં મોડું કરો, તો શક્ય છે કે તમારું આયુષ્ય ગમે ત્યારે પૂરું થઈ જાય... જિંદગીનો કોઈ ભરોસો નથી હોતો. સં. ૨૦૬૪માં મહેસાણા ઉપનગર સંઘમાં ચાતુર્માસ દરમિયાન પર્યુષણ પર્વમાં, ત્રીજા દિવસે પ્રવચનમાં કલ્પસૂત્ર ઘરે લઈ જવાનો ચડાવો બોલાઈ રહ્યો હતો. સંઘના ટ્રસ્ટી, ઉદારદિલ, ભાવિક સુશ્રાવકશ્રી અરણિકભાઈએ મોટી રકમમાં ચડાવો લીધો. લીધા પછી વાસક્ષેપ નંખાવવા આવ્યા. જેવો મેં વાસક્ષેપ નાખ્યો કે બીજી જ મિનિટે મારો પગ પકડીને ઢળી પડ્યા. Severe હાર્ટ એટેક- ૧૦-૧૫ મિનિટમાં તો હંસલો પિંજર છોડીને ચાલી ગયો... સહુ સ્તબ્ધ થઈ ગયા. તેમના સુપુત્રાદિ પરિવારે બધી જ રકમ ભરી દીધી...

  પરંતુ, એ ખ્યાલમાં રાખવા જેવું છે કે જો રકમ ભર્યા વિના આપણે ચાલ્યા ગયા, અને કોઈએ ન ભરી, તો માથે દેવું રહી જવાનું... અને તેના ફળ પૂર્વે આપેલા દૃષ્ટાંત જેવા જ ભોગવવાના છે.

- બીજી વાત એ છે કે સંપત્તિનો પણ કોઈ ભરોસો હોતો નથી. ગમે ત્યારે મોટો ફટકો લાગે અને સંપત્તિ ચાલી જાય, એ પણ બની શકે છે. મુંબઈના ૧ પરાનાં ૧ સુશ્રાવક ખૂબ ઉદાર હતા. દરેક ટીપમાં પહેલું નામ લખાવે, ચડાવા પણ સારા બોલે...

  ૨૧૦૦૦ના ઈન્ડેક્સથી શેરબજાર તૂટ્યું, ત્યારે 'બ્લેક મન્ડે'ના દિવસે ૧ કલાકમાં તેમણે ૧ કરોડથી વધુ નુકસાન કર્યું ! અને દેવાદાર થઈ ગયા !

કચ્છમાં ભૂકંપ થયો, ત્યારે ઘણાં ય શ્રાવકો જેઓ કરોડપતિ હતા, તેઓ મિનિટોમાં રોડપતિ થઈ ગયા હતા...

એટલે ચડાવો બોલતી વખતે જે સંપત્તિ છે, તે કાયમ રહેવાની છે, એવી ગણતરી કદી કરાય નહીં. તુર્ત જ ભરી દેવી જોઈએ.

અમદાવાદમાં એક દેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે ૧ શ્રાવકે રૂા. ૧ કરોડમાં ચડાવો લીધો, અને ૧ કલાકની અંદર જ એવડી મોટી રકમ ભરી દીધી !

કેટલાય શ્રાવકો, ચડાવાની રકમ ભર્યા પછી જ લાભ લેતા હોય છે. સહુ આ બાબતે જાગૃત બને તે ખૂબ જરૂરી છે.

- જે રીતે ચડાવા બોલનારાએ રકમ સમયસર ભરવાની છે, તે રીતે સંઘના વ્યવસ્થાપકો / ટ્રસ્ટીઓએ તેને સમયસર યોગ્ય રીતે વાપરવાની છે.

  જિનશાસનમાં સાત ક્ષેત્રની વ્યવસ્થા છે, તેનો વહીવટ યોગ્ય રીતે જ કરી શકાય. ગમે તે ખાતાની રકમ ગમે તે કાર્ય માટે વાપરી ન શકાય. તેમ જરૂર ન હોય તો પણ ઘણી બધી રકમ મૂકી રાખવી, બેંકમાં F.D.ઓ કરે રાખવી, તે પણ યોગ્ય નથી. સંપત્તિ સંઘની છે, અને સંઘને જરૂર હોય તો આપવી જ જોઈએ...

  દુર્ભાગ્યની વાત છે કે બહુ ઓછા વ્યવસ્થાપકોને આ બધું જ્ઞાન હોય છે, અને એથી ય ઓછા વ્યવસ્થાપકો આ બધી કાળજી કરતા હોય છે.

- જેમ દેવદ્રવ્યનું ભક્ષણ કરનારાને મહાન્ દોષ લાગે છે, તેમ દેવદ્રવ્યની ગેરવ્યવસ્થા કરનાર, સુવ્યવસ્થા ન કરનાર વ્યવસ્થાપકને પણ મહાન્ દોષ લાગે છે...

- સમ્યક્ત્વી જીવ દેવ-ગુરુની ભક્તિ કેવી કરે ? તો શાસ્ત્રકાર કહે છે કે કોઈને કોઈ વિદ્યા સિદ્ધ કરવી હોય ત્યારે તેની સાધના કરવામાં જરાય આળસ ન કરે, તે રીતે દેવ-ગુરુની ભક્તિમાં સમ્યક્ત્વી જીવ આળસ ન કરે.

  માત્ર પરમાત્માની ભક્તિ કરે, અને ગુરુની ભક્તિ ન કરે, તો તે પણ યોગ્ય નથી. અને ગુરુને એટલું બધું મહત્ત્વ આપે કે પરમાત્મા ગૌણ થઈ જાય, તો તે પણ બરાબર નથી...

  જિનશાસનમાં કેટલાક પંથો એવા પણ થયા છે, કે જેમાં ગુરુને પ્રધાન કરી

દેવાયા છે અને અરિહંતને ગૌણ કરી દેવાયા છે.

એ ગુરુના વચનને જ માનવું, ગુરુના જ મંદિરો બનાવવા, ગુરુની પૂજાઓ ભણાવવી, ગુરુની આરતી ઉતારવી... એ બધું વધારે પ્રધાન કરાય છે. તે ઉચિત નથી. ગમે તેવા ય ગુરુ, છદ્મસ્થ છે, સરાગી છે. અરિહંતની તોલે કોઈ આવી શકે તેમ નથી, તે સમજી રાખવું જોઈએ.

તે રીતે કોઈ ગુરુને પોતાની માથે ન રાખે, તે પણ બરાબર નથી. દવાની દુકાનમાં હજારો દવા હોય છે, પણ તેમાંથી તમારા રોગ પર લાગુ પડતી જે દવા ડૉક્ટર આપે, તે જ લો છો, બધી દવા કે મન ફાવે તે દવા લેતા નથી - લે તેને સારું થતું નથી, તેમ પ્રભુવચનો તો લાખો શાસ્ત્રગ્રંથોમાં છે. તેમાંથી આપણાં આત્મામાં જે દોષો છે, તેને અનુસારે ગીતાર્થ ગુરુ ભગવંત, તે દોષને સુધારવા માટેના ઉપયોગી યોગ્ય માર્ગ બતાવે, તે માર્ગે ચાલવાથી જ આપણો દોષનાશ થશે. આપણી મેળે ગમે તે માર્ગે ચાલવાથી નહીં થાય...

જો સાધુ પણ ગીતાર્થ ગુરુને પરતંત્ર ન રહે, પોતાની બુદ્ધિ પ્રમાણે વર્તવા માંડે તો સાગરમાંથી બહાર પડેલા માછલાની જેમ પોતાનું જીવન ગુમાવે, તે રીતે સાધુ પોતાનું આત્મકલ્યાણ ગુમાવી દે તેવું શાસ્ત્રકાર કહે છે. જો સર્વ પાપોને ત્યાગી ચૂકેલા સાધુએ પણ ગીતાર્થ ગુરુને પરતંત્ર રહેવાનું હોય, તો બીજા બધાએ તો રહેવું જ પડે, તેમાં કોઈ પ્રશ્ન જ રહેતો નથી.

સમ્યક્ત્વના પાંચ દૂષણ

- સમ્યક્ત્વના પાંચ દૂષણ શાસ્ત્રકારે બતાવ્યા છે.

૧. **શંકા** - જિનવચનમાં શંકા કરવી, તે પહેલું દૂષણ છે.

૨. **કાંક્ષા** - જૈન ધર્મ સિવાય અન્ય ધર્મના દેવોની ભક્તિ વિ. કરે. ઘણીવાર જૈનો પણ અન્ય દેવોના મંદિરોમાં જતાં જોવા મળે છે. પૂર્વે જણાવ્યું છે, તેમ અરિહંતની સરખામણી અન્ય દેવો સાથે થઈ શકે જ નહીં - બધાને સમાન માનવા તે નર્યું અજ્ઞાન છે.

પ્રશ્ન - પણ રામ, હનુમાન વિ. મોક્ષે ગયા છે. કૃષ્ણ-રાવણ વિ. તીર્થંકર થવાના છે, તો તેમને નમસ્કારાદિ કેમ ન થાય ?

ઉત્તર - રામ-હનુમાનની વાત બાજુ પર મૂકો, પણ ખુદ તીર્થંકરની પ્રતિમા પણ જો અન્ય ધર્મીઓના કબજામાં હોય, તો તેને નમસ્કાર

કરવાની શાસ્ત્રકારોએ મનાઈ કરી છે. તો પછી અન્ય ધર્મીના મંદિરમાં રહેલા રામ-હનુમાન વિ.ને નમસ્કાર શી રીતે થાય ?

પ્રશ્ન – પણ શા માટે નહીં ?

ઉત્તર - કારણકે તે વ્યવહાર અશુદ્ધ છે. તમે કદાચ તેમને સિદ્ધ માનીને નમસ્કાર કરો, તો પણ તમને જોઈને બીજા પણ એમ માનવા લાગે કે - "આ મંદિરોમાં જવાય - ત્યાં વંદન-પૂજન વિ. થાય..." અને તેમને તો સાચા તત્ત્વની ખબર જ ન હોય. એટલે તેમના મિથ્યાત્વની વૃદ્ધિ થાય. એટલા માટે જ શાસ્ત્રકારોએ તેની ના પાડી છે. અને આવું થાય છે, એ હકીકત છે... ઘણીવાર મહારાજ સાહેબ જે કરતાં હોય, તે જોઈને શ્રાવકો પણ તે કરવા માંડે છે, અને કહેતાં હોય છે - "આવું તો મહારાજ સાહેબ પણ કરે છે, એટલે આપણે કરાય." તેમ તમે જો બીજા દેવોના મંદિરમાં જાવ, તો તમારું જોઈને બીજા પણ કરે...

(અહીં એ ખ્યાલ રાખવો જોઈએ કે મહારાજ સાહેબના આચારો જુદા છે, શ્રાવકના આચારો જુદા છે.

સાધુ ભગવંત જે કરે, તે બધું કરવાની છૂટ શ્રાવકોને નથી જ. એવી ઘણી ચીજો હોય છે, જેની શાસ્ત્રકારોએ/પૂર્વાચાર્યોએ સાધુ ભગવંતને છૂટ આપી છે, પણ શ્રાવકોને નહીં. જેમ કે સાધુ ભગવંતને આયંબિલમાં, નિર્દોષ ગોચરી વાપરવાની હોવાથી, સ્હેજ મોણ નાખેલી લુખ્ખી રોટલી ખપે છે, પણ શ્રાવકને નહીં.

એટલે "મહારાજ સાહેબને ખપે છે, એટલે આપણને પણ ખપે" એવો નિયમ સર્વત્ર લગાડી શકાતો નથી. આ બાબતનું વિશેષ જ્ઞાન ગીતાર્થ ગુરુ ભગવંતો પાસેથી મેળવવું.)

હા, જૈન દેરાસરમાં સિદ્ધ તરીકે રામ-હનુમાન વિ.ની મૂર્તિ હોય, તો નમસ્કાર કરવામાં કોઈ વાંધો નથી જ. જેમ કે શત્રુંજય ઉપર પાંચ પાંડવોની મૂર્તિ વિગેરે છે જ...

પ્રશ્ન – પણ એવું કહેવાય છે કે અરિહંત પાસે મોક્ષ સિવાય કશું મંગાય નહીં. માંગીએ તો ઘણું પાપ લાગે, સંસાર વધે વિ... અને અમને સંસારમાં ઘણી આપત્તિઓ આવતી હોય છે, તો પછી તેના નિવારણ માટે અમે બીજા બધા દેવો પાસે જ જઈએ ને ?

ઉત્તર - મોક્ષ સિવાય કશું ઈચ્છવા જેવું નથી, એ તો શ્રેષ્ઠ વાત છે જ. પણ

સંસારમાં રહેલ જીવને સંસારની અનેક પ્રકારની ઈચ્છાઓ થયા કરે, એમાં કોઈ આશ્ચર્ય નથી જ... ત્યારે એ ખાસ સમજી રાખો કે કદાચ કંઈ પણ માંગવું હોય તો પણ અરિહંત સિવાય કદી કોઈની પાસે માંગવા જેવું નથી જ...!

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે સંભવનાથ ભગવાનના સ્તવનમાં કહ્યું છે - "દેશો તો તુમહી ભલા, બીજા તો નવિ જાચું રે..."

અજિત-શાંતિની છેલ્લી ગાથામાં શાસ્ત્રકાર જણાવે છે,

"જો તમને મોક્ષની ઈચ્છા હોય અથવા આ લોકમાં સુવિસ્તૃત કીર્તિની ઈચ્છા હોય તો પણ જિનવચનમાં આદર કરો."

એટલે માંગવું હોય, તો પણ અરિહંત પાસે જ માંગવું...

પ્રશ્ન – પણ અમે તો એમ સાંભળ્યું છે કે "સંસારના સુખો માટે કદી ધર્મ કરાય જ નહીં... પ્રભુ પાસે સંસારની વાત કદી મંગાય જ નહીં... તેનાથી તો ભયંકર પાપ લાગે." અને તમે તો ઊંધું જ કહી રહ્યા છો...

ઉત્તર - ધર્મ, મોક્ષ માટે કરો, એ તો શ્રેષ્ઠ છે, એ અમે કહ્યું જ છે. પણ સંસારમાં સુખોની ઈચ્છા તમને રહેવાની જ છે, એ શાસ્ત્રકારો પણ જાણે જ છે. અને એના માટે શું કરવું ? તો ધર્મ જ કરવાનો છે, અધર્મ કદાપિ નહીં...

તેમ અરિહંત પાસે મોક્ષ જ માંગો તો સારામાં સારું છે. પણ ઉપર કહ્યું તેમ સુખોની ઈચ્છા થાય, તો પણ અરિહંતને છોડીને બીજા પાસે તો જવાનું નથી જ... એમાં તો મિથ્યાત્વાદિ ઘણાં મોટા દોષો છે.

શાસ્ત્રોમાં એવી વાતો આવે છે ખરી કે, ધર્મ, સુખ માટે કરે તો સંસાર વધે વિ. પણ એ વાતો દરેક સ્થળે લાગુ પડતી નથી... જેને સંસારસુખ પ્રત્યે અતિ તીવ્ર આસક્તિ હોય, મોક્ષ દીઠો ન ગમતો હોય, તેવા જીવોની જ એ વાત છે.

બધા માટે એ વાત નથી જ. અવંતિ સુકુમાલે દેવલોકમાં જવા સંયમ લીધું. ચક્રવર્તી, ખંડ જીતવા માટે અઠ્ઠમ કરે છે... છતાં એ ધર્મથી તેમનો સંસાર વધતો નથી...

જેમ સાલમપાક શક્તિ મેળવવા માટે ખવાય છે. પેટ ભરવા માટે નહીં. છતાં કોઈ પેટ ભરવા માટે સાલમપાક વાપરે, તો ય તેનાથી શક્તિ જ

મળે, અશક્તિ ન આવે.

હા, કોઈની હોજરી જ નબળી હોય, સાલમપાક પચાવી જ ન શકે અને ઝાડા થઈ જાય એ વાત જુદી છે.

તેમ કદાચ સુખની ઇચ્છાથી ધર્મ કરે તો ય યોગ્ય જીવને તો તેનાથી લાભ જ થાય.

હા, અભવ્ય-અચરમાવર્તી જેવા ભારેકર્મી જીવોનો તેનાથી પણ સંસાર વધે, પણ એ તેમની અપાત્રતાના કારણે વધે છે - સંસાર પ્રત્યેની તીવ્ર આસક્તિના કારણે વધે છે, ધર્મના કારણે નહીં.

આ વાત ખૂબ ઊંડાણથી સમજવી પડે, તે માટે ગીતાર્થ ગુરુ ભગવંતો પાસે સમજવું.

આપણી વાત તો એ છે કે, અરિહંત સિવાય બીજા કોઈ દેવ પાસે ન જ જવું...

પ્રશ્ન – પણ અરિહંત તો વીતરાગ છે. મોક્ષમાં ગયા. તે શું આપશે ? તેઓ તો કંઈ કરતાં નથી...

ઉત્તર - પૂર્વે અમે કહ્યું જ છે કે અરિહંતની ભક્તિથી સર્વ કાર્યોની સિદ્ધિ થાય છે જ. ભલે અરિહંત કશું ન કરે, તો પણ તેમની ભક્તિથી સર્વ કર્મો ક્ષીણ થાય છે, અને બધું જ મળે છે.

અરિહંતની ભક્તિ કરવાથી કશું ન મળે... એવું માનવું તે તો મિથ્યાત્વ છે...!

- જે સર્વ દેવોને માને છે, તેના પર કોઈ રીઝતું નથી, અને આપત્તિમાં કોઈ સહાય પણ કરતું નથી.

  ઉપદેશ પ્રાસાદમાં આ વિશે એક સરસ દૃષ્ટાંત છે.

  એક માણસ, બધા દેવોની ભક્તિ કરતો હતો. એકવાર તેના પર કોઈ મોટી આપત્તિ આવી. તે પહેલા દેવ પાસે ગયો - તેણે બીજા પાસે મોકલ્યો - બીજાએ ત્રીજા પાસે - એમ કોઈએ તેનો હાથ ન પકડ્યો.

  એટલે સાર એ જ, કે એક જ અરિહંતને પકડી રાખે, તેનો જ ઉદ્ધાર થાય.

૩. સમ્યક્ત્વનું ત્રીજું દૂષણ છે, **વિચિકિત્સા,** એટલે કે ધર્મના ફળમાં શંકા કરવી.

ઘણાંને શંકા થાય છે, "અમે આટલા વર્ષોથી પૂજા કરીએ છીએ, સામાયિક-પ્રતિક્રમણ કરીએ છીએ, તેનું ફળ તો અમને કશું મળતું જ નથી. તો પછી એ બધી ધર્મારાધનાનું કોઈ ફળ છે કે નહીં ?

ક્રિયાનું ખંડન કરનારા કોરા નિશ્ચયવાદીઓ વળી આ વાતને ઉત્તેજન આપે છે...

અહીં એક વાત ફરી કહીએ કે ભાવયુક્ત ધર્મક્રિયાનું ફળ તો પ્રચંડ છે જ... પણ અલ્પભાવવાળી ધર્મક્રિયા કે ભાવશૂન્ય ધર્મક્રિયા પણ કંઈ સર્વથા નિષ્ફળ જતી નથી જ. તેનું પણ ફળ તો મળે જ છે...

- ધર્મનું ફળ શું ? તો ટૂંકમાં

(૧) પુણ્યબંધ અને તેના દ્વારા સુખસામગ્રી.

(૨) કર્મનો નાશ.

(૩) દોષોનો નાશ.

હવે આ ત્રણે ફળો કંઈ સીધે સીધા દેખાતા નથી. ધર્મ કરવાથી ખરેખર પુણ્ય બંધાયું હોય, તો પણ ખબર શી રીતે પડે ? ધર્મના પ્રભાવે જ કોઈ સંપત્તિ મળી હોય તો ખબર શી રીતે પડે ? આપણને તો એટલું જ દેખાય છે કે મહેનત કરી - તેનાથી કમાણી થઈ... પણ તે મહેનત સફળ થવા પાછળ, પુણ્ય કામ કરી રહ્યું છે, જે ધર્મથી જ બંધાયું છે, તે કંઈ દેખાતું નથી...

વળી, કર્મનો નાશ કે દોષોનો નાશ પણ આપણને સાક્ષાત્ તો દેખાતો નથી...

દરિયામાંથી એકાદ બાલદી પાણી ઉલેચીએ, તો કંઈ દરિયાનું પાણી ઘટેલું દેખાય નહીં, પણ ઘટ્યું છે એ તો હકીકત છે જ.

તેમ, અનંતા દોષો અને અનંતા કર્મો આત્મા ઉપર છે. તેમાં થોડા વર્ષોની આરાધના (તે પણ નબળી !)થી થોડા ઘણા કર્મો-દોષો દૂર થાય, તો કંઈ ખબર પડતી નથી, કે આટલા કર્મો-દોષો ઓછા થયા.

બીજી વાત એ છે કે, આપણા જીવનમાં ધર્મ કદાચ છે, પણ અધર્મ પણ છે જ... કદાચ ધર્મ બિંદુ જેટલો છે, અને અધર્મ સિંધુ જેટલો છે. જો ધર્મથી પુણ્યબંધ-પાપનાશ વિ. થાય છે, અધર્મથી પુણ્યનાશ-પાપબંધ વિ. પણ થાય છે જ. એટલે સરવાળે તો આપણે નુકસાનમાં જ આવીને ઊભા રહીએ છીએ, તો પછી ધર્મનું ફળ દેખાય શી રીતે ?

એટલે ધર્મનું ફળ દેખાતું ન હોવા માત્રથી, તે છે કે નહીં, એવી શંકા ન કરાય...

- શાસ્ત્રકારોએ ધર્મનું પ્રચંડ ફળ બતાવ્યું છે.
  'સિદ્ધાણં બુદ્ધાણં'માં શાસ્ત્રકાર જણાવે છે કે પરમાત્માને કરેલો એક જ નમસ્કાર જીવને સંસારથી તારી દે...
  અને બીજી બાજુ આપણે અનંતા નમસ્કાર કર્યા હશે, છતાં આપણે તો જ્યાંના ત્યાં છીએ, એ આપણો અનુભવ છે.
  આવું કેમ બને છે ? એના મુખ્ય ત્રણ કારણ છે.
  (૧) અવિધિ (૨) અનાદર અને (૩) અવિવેક.
- ધર્મના સંપૂર્ણ ફળને પ્રાપ્ત કરવા માટે સંપૂર્ણ વિધિપાલન પણ જોઈએ, સંપૂર્ણ આદર-બહુમાન પણ જોઈએ, વિવેક પણ જોઈએ. આપણે બધામાં તૂટીએ છીએ...
- એક ખમાસમણ, મુહપત્તિનું પડિલેહણ કે વાંદણા પણ વિધિપૂર્વક કરતાં કેટલાને આવડે છે ? તે પ્રશ્ન છે...
  જિનપૂજાની વિધિમાં પાંચ અભિગમ-દસ ત્રિક વિ. સાચવવાના હોય છે... આ કેટલાને ખબર છે ? અને કોણ સાચવે છે ?
  વિધિમાં ગરબડ કરવી અને પછી "ફળ નથી મળતું"ની બૂમાબૂમ કરવી, તે કેમ ચાલે ?
  જે હલકા દેવો છે, તે વિધિ-અવિધિ કશું જોતાં નથી. પોતાનો પ્રભાવ વધારવા માટે, સામાન્ય ભક્તિ કરનાર ઉપર પણ રીઝી જાય છે, પોતાનો પ્રભાવ દેખાડે છે.
- સંસારની દરેક ચીજમાં તમે બરાબર વિધિ સાચવો જ છો.
  કોમ્પ્યુટરની એકાદ ચાંપ દબાવવામાં ગરબડ થાય, તો આખું પરિણામ બદલાઈ જાય, તે તમને ખબર છે. યોગાસન કરવામાં એક પણ વસ્તુ ઓછી-વત્તી કરવાથી આરોગ્યપ્રાપ્તિ ન થાય.
  દવામાં પણ તેવું જ છે. ત્રિફળા, જમ્યા પહેલાં લો, તો જુદી અસર કરે. જમ્યા પછી લો, તો જુદી અસર કરે.
  રોટલી સાથે શાક જ ખાવ છો, ખાખરા સાથે ચા જ પીવો છો, તેમાં કદી ગરબડ કરતાં નથી...

અને ધર્મના ક્ષેત્રમાં વિધિ પ્રત્યે તદ્દન બેદરકાર રહો, તે કેમ ચાલે ?

જો કે, ઘણીવાર તો એવું થાય છે કે જેવો તેવો પણ ધર્મ કરો છો, તે માટે ધન્યવાદ આપીએ...

પણ તમે જ્યારે પૂછો કે ધર્મનું ફળ કેમ મળતું નથી, ત્યારે અમારે કહેવું જ પડે કે તેનું બહુ મોટું કારણ અવિધિ છે...

વિધિનું મોટા ભાગનાને તો જ્ઞાન જ નથી... એટલું જ નહીં, જ્ઞાન મેળવવાનો પુરુષાર્થ પણ નથી, ઇચ્છા પણ નથી... કદાચ કોઈ વિધિની ઝીણી વિગતો સમજાવે તો સમજવાની તૈયારી પણ નથી...

અમે વ્યાખ્યાનમાં ખમાસમણના ૧૭ સંડાસા, વાંદણાનાં ૨૫ આવશ્યક વિ. સમજાવવા બેસીએ, તો આમાંથી કેટલા આવે ?

એટલે, જો ધર્મનું સાચું ફળ પ્રાપ્ત કરવું હોય તો વિધિ બરાબર જાણવી જોઈએ, તેનું પાલન કરવાનો પૂરેપૂરો પ્રયત્ન કરવો જોઈએ... જાણવાનો પ્રયત્ન અને પાળવાનો પુરુષાર્થ કર્યા પછી કદાચ કોઈ કારણે અવિધિ થઈ જાય તો તે ક્ષમ્ય છે, પણ જાણવાનો-પાળવાનો પુરુષાર્થ જ ન હોય, તો ફળમાં કડાકો બોલાઈ જાય.

એટલે જે પણ આરાધના કરો છો, પછી તે નવકારશી હોય કે પૌષધ હોય, દરેકની વિધિ જાણવી જોઈએ અને પાળવી જોઈએ.

- ધર્મના ફળને ધક્કો પહોંચાડનાર બીજું પરિબળ છે આદરનો અભાવ. જે પણ આરાધના કરો છો, તેમાં આદર કેવો અને કેટલો ? એ પ્રશ્ન છે.

  મોટા ભાગના લોકોની આ ફરિયાદ છે જ, કે "સાહેબ અમે પૂજા કરીએ છીએ, સામાયિક કરીએ છીએ... પણ એકેમાં મન ચોંટતું જ નથી... મન તો સતત બીજા વિચારોમાં ભટકતું જ રહે છે." પછી ફળ કેવું મળે ?

  દરેક આરાધનામાં ભાવ શી રીતે જાગે, મન શી રીતે જોડાય, તે બહુ લાંબો વિષય છે, તે પણ ગુરુ ભગવંતો પાસેથી જાણીને તે બાબતમાં પણ પુરુષાર્થ કરવો જ જોઈએ.

  અલબત્ત, મારે આ આરાધના કરવી છે, એ પણ એક ભાવ તો છે જ... અને એટલે તેટલું તો ફળ મળે જ છે.

- ધર્મના ફળમાં મહત્ત્વનું ત્રીજું પરિબળ છે, વિવેક...

કોઈપણ આરાધના વિવેકપૂર્વકની હોય તો જ ફળ આપે.
દેરાસરમાં સુંદર પ્રભુભક્તિ કરે, પણ બીજા બધાને ખલેલ ન પહોંચે, તેવો વિવેક ન જાળવે, તે ન ચાલે...
આવું સર્વત્ર સમજી લેવાનું છે.

- ધર્મનું મુખ્ય ફળ તો દોષનાશ-કર્મનાશ - છેલ્લે મોક્ષની પ્રાપ્તિ જ છે, પણ ત્યાં સુધી, સંસારમાં પણ ઉત્તમ કોટિના સુખો પણ ધર્મના પ્રભાવે મળે છે...

  શાસ્ત્રકારો કહે છે કે મોક્ષના સુખ સામે સંસારના સુખોની કોઈ કિંમત નથી... ષોડશકમાં હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે જણાવ્યું છે કે, સંસારના સુખો 'ઘાસ' જેવા છે.

  કોઈ ઘાસ ઉગાડવા માટે ખેતી કરતું નથી, અનાજ ઉગાડવા માટે જ કરે છે. ઘાસ તો પોતાની મેળે ઊગી જ જાય છે...

  તેમ ખરેખર તો ધર્મ મોક્ષ માટે જ કરવો જોઈએ, તેમાં સંસારના સુખો તો મળી જ જાય છે...

  એટલું જ નહીં, જો અનાજ બરાબર ઉગાડવું હોય તો ઊગેલા 'ઘાસ'નું નિંદામણ કરવું પડે - કાપી નાખવું પડે... તેમ ધર્મના પ્રભાવે, મોક્ષનું સુખ જોઈતું હોય, તો ઘાસ જેવા મળેલા સંસારના સુખો પણ ત્યાગવા પડે...

- તમને ધર્મના ફળ પ્રત્યે શ્રદ્ધા કેવી ?

  સભા : છે, એટલે જ કરીએ છીએ ને ?

  ઉત્તર : કેવી છે, એ પ્રશ્ન છે.

  મુંબઈના એક શ્રાવકે અમારા ગુરુદેવશ્રીને, સરસ વાત કરેલ. તેના નાના દીકરાને લઈને દેરાસર ગયા. દર્શન કરીને ભંડારમાં પૈસા નાખવા આપ્યા અને કહ્યું - "ભંડારમાં નાખ."

  દીકરાએ પૂછ્યું - "પપ્પા, ભંડારમાં પૈસા શા માટે નાખવાના ?"

  હું તમને પૂછું છું - બોલો, શું જવાબ આપો ?

  સભા : પુણ્ય બંધાય માટે.

  ઉત્તર : નાના બાળકને 'પુણ્ય' એટલે શું ? તે શું ખબર પડે ?

  તે બીજો પ્રશ્ન પૂછે, "પપ્પા, પુણ્ય બંધાવાથી શું થાય !"

  પેલા શ્રાવકે બાળકને સમજાય એવી ભાષામાં જવાબ આપ્યો, "બેટા,

ભંડારમાં જેટલા પૈસા નાખીએ, તેના અનેકગણા થઈને મળે.''

તમને પણ આવી શ્રદ્ધા ખરી ને ?

સભા : હા...

ઉત્તર : એટલે પછી દીકરાએ બીજો પ્રશ્ન કર્યો. ''પપ્પા, જો જેટલા નાખીએ, તેના અનેકગણા મળતાં હોય, તો પછી આટલા જ પૈસા કેમ નાખવાના ? પાકીટમાં જેટલા છે, તેટલા બધાં જ નાખી દેવા જોઈએ ને !''

બોલો, હવે શું જવાબ આપશો ?

વાસ્તવિકતા એ છે કે તમારી શ્રદ્ધા અધકચરી છે. એટલે પૂરા ઉલ્લાસથી ધર્મમાં ઉછળતા નથી...

અમદાવાદથી દિલ્હી જતાં હો, અને રસ્તો બરાબર છે કે નહીં ? તેની શંકા હોય, તો શું હાલત થાય ? ન તો ગાડી રોકો, કે ન તો પૂરઝડપે હાંકો... ધીરે ધીરે ચલાવો, અને રસ્તામાં કોઈ બોર્ડ આવે છે કે નહીં તે જોતાં જાવ...

બસ, તમારી ધર્મમાં આવી હાલત છે. ન તો પૂરઝડપે તમે દોડો છો. ન ઊભા રહો છો ! શ્રદ્ધા અધકચરી હોવાના કારણે તમારો ઉલ્લાસ જોઈએ તેવો ઉછળતો નથી, અને તેના કારણે તમને ફળ પૂરેપૂરું મળતું નથી... અને એટલે તમારી શ્રદ્ધા વધતી નથી... આમ વિષચક્ર ચાલ્યા કરે છે.

આ વિષચક્ર તોડવા માટે પૂરા ઉલ્લાસથી આરાધના કરવી પડશે... તો જ તમને તેના ફળનો અનુભવ થશે, અને તો તમારો ઉલ્લાસ સદા વર્ધમાન થશે...

પેટનું વિજ્ઞાન કેવું છે ? ભૂખ લાગી હોય તો ખાધેલું પચે... અને ખાધેલું પચે તો પાછી ભૂખ લાગે... એની જેવું ધર્મમાં છે... ઉલ્લાસથી કરો તો ફળનો અનુભવ થાય, અને અનુભવ થાય, તો ઉલ્લાસ વધે...

સભા : પણ ઉલ્લાસ વધારવા માટે શું કરવું ?

આ વાત પૂર્વે કરી છે... પ્રભુના/ગુરુના વચન પર શ્રદ્ધા રાખીને, ધર્મનું ફળ નજર સામે જોતાં થઈએ તો ઉલ્લાસ વધે...

સભા : ધર્મથી સુખ મળે, એવું કહેવાય છે પણ અમે તો જોઈએ છીએ કે દુનિયામાં પાપીઓને લીલાલહેર છે અને ધર્મીને ત્યાં ધાડ છે. તો

પછી ધર્મના ફળ પર શ્રદ્ધા શી રીતે બેસે ?

ઉત્તર : જૈનેતર રામાયણમાં એક સરસ વાત છે.

રામની સેનાએ લંકામાં પ્રવેશ કરવા માટે દરિયા પર પથ્થરનો પુલ બનાવ્યો. 'રામ'નું નામ લઈને જે પથ્થર ફેંકાય, એ દરિયામાં તરવા લાગતો - અને એનો પુલ બન્યો.

આ સમાચાર રાવણની સેનાને મળ્યા... અને આખી સેનાનો લડવાનો ઉત્સાહ જ તૂટી ગયો. જે શત્રુના નામથી પથ્થરો પાણીમાં તરતા હોય, તે શત્રુ કેવો શક્તિશાળી હશે ? એ વિચારથી જ સૈનિકો ધ્રૂજવા લાગ્યા. આ સમાચાર રાવણને મળ્યા. અને રાવણને થયું કે આ તો લડ્યા પહેલાં જ હારી જઈશું...

યુદ્ધ, મેદાનમાં પછી લડાય છે, પહેલાં તો સૈનિકોના મનમાં જ લડાય છે, જે સૈનિકોના મનમાં અપાર ઉત્સાહ, શત્રુને જીતવાનો પ્રચંડ આત્મવિશ્વાસ, જુસ્સો હોય તે સૈન્ય કદાચ નાનું - ઓછું બળવાન હોય, તો પણ જીતે છે. અને મોટા સૈન્યના સૈનિકોનો પણ ઉત્સાહ જો ભાંગી પડે, તો હારી જાય છે.

(અધ્યાત્મ જગત પણ એવું જ છે. દોષ ગમે તેટલો બળવાન હોય, તેના નાશ માટેનો તમારો સંકલ્પ જો દૃઢ હશે, પુરુષાર્થ જો મજબૂત હશે, તો દોષનાશ થયે જ છૂટકો છે.)

રાવણ ચિંતામાં પડ્યો. પોતાના સૈન્યનો ઉત્સાહ શી રીતે પાછો લાવવો ? તેનો ઉપાય જડતો નથી.

મંદોદરીએ રાવણને ચિંતાગ્રસ્ત જોઈને કારણ પૂછ્યું. રાવણે વાત જણાવી. મંદોદરીએ કહ્યું, ''એમાં શું ? એનો ઉપાય તો સાવ સહેલો છે. જો રામના નામથી પથરા તરે છે, એ સાંભળવાથી સૈનિકોનો ઉત્સાહ તૂટતો હોય, તો રાવણના નામથી પથ્થર તરે એ સમાચારથી બધાનો ઉત્સાહ ફરી આવી જશે. આપ પણ આપના નામે પથરા તરાવો... આપ પણ મહાન્ છો જ.''

રાવણે સીતાનું અપહરણ ભલે કર્યું હોય, બાકી તેના જીવનમાં સુકૃતો ભરપૂર હતા. તે ન્યાયી રાજા હતો. લોકપ્રિય હતો. એટલે મંદોદરીને વિશ્વાસ હતો કે રાવણના નામે પણ પથ્થર તરશે જ.

રાવણને ઉપાય ગમી ગયો. અને આખી લંકામાં પડહ વગડાવ્યો. ''રાજા

રાવણ પણ પોતાના નામે પાણીમાં પથ્થર તરાવશે.'' અને આખું સૈન્ય-બધી જ પ્રજા દરિયાકિનારે ભેગી થઈ.

સહુની નજર સામે રાવણે પથ્થર ઊંચકીને ફેંક્યો - અને આશ્ચર્ય ! પથ્થર તરવા લાગ્યો ! પ્રજાએ રાવણના નામનો જયનાદ કર્યો. સેના પણ પ્રચંડ જુસ્સામાં આવી ગઈ...

રાવણ-મંદોદરી મહેલમાં પાછા ફર્યા. રાવણ ઉદાસ થઈ ગયો હતો. મંદોદરીને આશ્ચર્ય થયું, અને પૂછ્યું - ''હવે ઉદાસી શાની છે ?'' રાવણે કહ્યું, ''મંદોદરી, યુદ્ધમાં મારો પરાજય નિશ્ચિત થઈ ગયો છે, એમ સમજી લે.''

મંદોદરીને કંઈ ન સમજાયું - પૂછ્યું, ''પણ, આપના નામે પણ પથ્થર તર્યો - આપ પણ રામ જેટલા જ બળવાન છો, એ નક્કી થઈ ગયું. તો આપનો પરાજય શી રીતે ?''

ત્યારે રાવણે ફોડ પાડ્યો, ''મંદોદરી, તેં અને આખી દુનિયાએ જોયું કે રાવણે પથ્થર ફેંક્યો અને પાણીમાં તર્યો... પણ કોઈ એ જાણતું નથી, કે રાવણે ફેંકેલો પથ્થર એટલા માટે તર્યો કે, રાવણે પણ રામનું નામ લઈને પથ્થર ફેંકેલો !

જો રામનું નામ લેવાથી રાવણ જેવા પાપીએ ફેંકેલો પથ્થર પણ તરતો હોય, તો માનવું જ પડશે કે રામની તાકાત ઘણી વધુ છે અને યુદ્ધમાં રાવણ હારશે જ.''

મારે એ કહેવું છે કે તમને એ દેખાય છે કે પાપીઓ લીલાલહેર કરે છે, પણ એમણે પૂર્વભવમાં ક્યાંક કોઈક સુકૃત કર્યું છે, જેના પુણ્યપ્રભાવે જ તેમને સુખસામગ્રી મળી રહી છે, તેમના પાપ પણ સફળ થઈ રહ્યા છે, એ તમને દેખાતું નથી, એ જ મોટી મુશ્કેલી છે...

નળ ખોલતાં જ પાણી આવે છે, પણ તે ત્યારે જ શક્ય બને છે કે ટાંકીમાં પાણી ભર્યું હોય... જો ટાંકીમાં પાણી ભરવાની મહેનત ન કરી હોય તો નળ ગમે તેટલો ખોલવા છતાં પાણી નહીં જ આવે...

તેમ પાપ દ્વારા સફળતા મળતી દેખાય છે, તે પણ પૂર્વે સુકૃત દ્વારા પુણ્ય બાંધ્યું છે, તેના કારણે જ...

બાકી જેની પાસે પુણ્યની મૂડી નથી, તેનું કોઈ પાપ સફળ થતું નથી જ...

તમે પણ તમારા જીવનમાં અનુભવ્યું જ હશે, કે દર વખતે તમારી મહેનત સફળ થતી નથી જ... ક્યારેક પાસા પોબાર પડે છે, ક્યારેક બાજી ઊંધી વળી જાય છે... સરખી મહેનત, સમાન બુદ્ધિ હોવા છતાં આવું થાય છે, તે જ પુણ્ય/પાપના પ્રભાવની સાબિતી છે.

- એક વાત હંમેશ માટે ગોખી રાખો. **सुखं धर्मात्, दुःखं पापात्।** સુખ ધર્મથી જ મળે છે, દુઃખ પાપથી જ આવે છે.

  જગતમાં કેટલાય જીવો એવા છે, જેમની પાસે લાંબી કોઈ બુદ્ધિ નથી, ભણતર પણ કંઈ ખાસ નથી, છતાં તેવા લોકો જ્યાં હાથ નાખે ત્યાં સફળતા મળે છે, અઢળક કમાણી થાય છે.

  અને એવા પણ જીવો છે, જેની બુદ્ધિ કુશાગ્ર છે, ડબલ ગ્રેજ્યુએટ છે, મહેનત પણ પુષ્કળ કરે છે, છતાં લમણે નિષ્ફળતા જ ઝીંકાય છે. એ બધાનું કારણ પુણ્ય હોવું/ન હોવું જ છે...

  એટલે એ વાત તો હૃદયમાં કોતરી જ રાખો, કે પુણ્ય વિના, સંસારમાં કોઈ સફળતા મળવાની નથી. અને પુણ્ય હશે, તો ધૂળમાં પણ ધાન પાકશે - રેતીમાં પણ વહાણ ચાલશે !

  અમારે તમને પૂછવું છે, સુખ ધર્મથી જ - પુણ્યથી જ મળે છે, આ વાત પર તમારી શ્રદ્ધા કેટલી ?

  કદાચ તમારી ધંધામાં મહેનત નિષ્ફળ જતી હોય, તો શું કરો, મહેનત વધારો કે પુણ્ય વધારો ?

  સભા : મહેનત વધારીએ.

  નળ ખોલવા છતાં પાણી ન આવતું હોય - તો તમે શું કરો ? નળ વધુ ખોલો, કે ટાંકીમાં પાણી ચડાવો ?

  સભા : ટાંકીમાં પાણી ચડાવીએ.

  કોઈ નળ ખોલતો રહે, તો પણ તમે કહેશો, ‘‘અલ્યા, ગમે તેટલું ખોલીશ તોય પાણી નહીં જ આવે, કારણકે ટાંકીમાં જ પાણી નથી.’’ એમ તમારી મહેનત નિષ્ફળ જતી હોય તો મહેનત વધુ કરવાથી કંઈ વળવાનું નથી, પુણ્ય જ ખૂટે છે !

- બીજી વાત અમારે એ કરવી છે કે, કદાચ તમારી મહેનત સફળ થતી હોય, તોયે સમજી રાખો કે તમારું પુણ્ય વપરાઈ રહ્યું છે. તમારી પાસે બેંક બેલેન્સ હોય... તમે બેરર ચેક લખો ને કેશિયર રોકડા રૂપિયા આપે,

તો તમે હરખાવ ખરા, કે મને રૂપિયા મળ્યા ?

સભા : એ તો અમારા જ હતા, ને આપ્યા. તેમાં હરખાવાનું શું ?

ઉત્તર : ઊલ્ટું બેંકની બેલેન્સ ઘટી, તેનું દુઃખ પણ થાય. બરાબર ને ?

તેમ તમારી પુણ્યની મૂડી, તમે વટાવો છો, ત્યારે મહેનત સફળ થાય છે. તેમાં હરખાવાનું શું ? ઊલ્ટું, પુણ્યનું બેલેન્સ ઘટી રહ્યું છે, તે દેખાય છે ?

જો બેંકમાંથી રૂપિયા ઉપાડતો જ જાય, જમા કરાવે જ નહીં તો એક દિવસ એવો આવશે કે બેલેન્સ 'Nil' થઈ જશે, અને પછી તમે ચેક લખશો, તો ય 'બાઉન્સ' થશે... (હવે તો ચેક 'બાઉન્સ' થાય તો જેલની સજા પણ થાય છે.)

તેમ, જો સુખ ભોગવતા જ જશો, તો પુણ્ય વપરાતું જશે, તેની બેલેન્સ ઘટતી જ જશે... જો સુકૃત કરીને પુણ્યની બેલેન્સ વધારશો નહીં, તો એક દિવસ એ બેલેન્સ - 'Nil' થઈ જશે. અને પછી તમે ગમે તેટલી મહેનત કરશો તોય સફળતા નહીં મળે, એનો ખ્યાલ છે ?

જેમ માણસ બેંકમાંથી રૂપિયા ઉપાડીને વાપરે છે ખરો, પણ સામે જમા પણ કરાવતો જાય છે, જેથી બેલેન્સ જળવાઈ રહે, તેમ તમારે સુકૃતો દ્વારા પુણ્યનું બેલેન્સ વધારતા રહીને જાળવી રાખવું જોઈએ.

જેની આવક ઓછી હોય, તે ભાવિ જિંદગીનો વિચાર કરીને થોડી-થોડી રકમ જ ઉપાડે છે... તેમ પુણ્યનો ખર્ચ પણ વિચારીને જ કરવો જોઈએ.

- સંસારના ક્ષેત્રમાં સફળતાનો આધાર ૯૯% પુણ્ય પર છે, ૧% પુરુષાર્થ પર છે.

  દૂધમાં સાકર નાખવાથી ગળ્યું થાય, કે હલાવવાથી ? માત્ર સાકર નાખવાથી ગળ્યું થતું નથી. તેમ સાકર નાખ્યા વિના ૧ કલાક હલાવો તોયે ગળ્યું થતું નથી...

  બંને જરૂરી છે. છતાં મહત્ત્વ સાકરનું છે, હલાવવાનું નહીં.

  તેમ સંસારના ક્ષેત્રમાં પુણ્ય-પુરુષાર્થ બંનેના આધારે સફળતા મળે છે, છતાં મહત્ત્વ પુણ્યનું જ છે... પુરુષાર્થ ગૌણ છે.

- પુણ્ય પ્રચંડ હતું, ત્યારે જેના ઈશારે પર્વતો પણ રસ્તો કરી આપતા હતા, તેમનું પુણ્ય પરવાર્યું, ત્યારે ભીખ માંગવાનો વારો આવ્યો છે.

  વિશ્વવિજેતા બનવા નીકળેલા નેપોલિયનની સેના કૂચ કરી રહી હતી -

અને રસ્તામાં એક પર્વત આવ્યો.

સૈનિકોએ નેપોલિયનને ખબર આપ્યા - "આગળ તો પર્વત છે, જવાનો રસ્તો જ નથી."

નેપોલિયને જવાબ આપ્યો. "નેપોલિયન કદી પાછો જતો નથી. પર્વત હોય, તો શું થયું ? હથોડા લઈને મંડી પડો - પર્વતને તોડીને રસ્તો કરો."

ઇતિહાસ કહે છે - નેપોલિયનની સેનાએ પર્વત તોડીને આગળ વધવાનો રસ્તો કર્યો !

આવા નેપોલિયનની છેલ્લી જિંદગી, સેંટ હેલીના ટાપુ પર કેદમાં વીતી છે !

- તમને ભરોસો પુણ્ય પર કે પૈસા ઉપર ?

  પૈસા ચોરાઈ શકે છે, લૂંટાઈ શકે છે, ખોવાઈ શકે છે. પુણ્ય કદી નિષ્ફળ જતું નથી..

  પુણ્ય હશે, તો પૈસો નહીં હોય, તો યે પેદા થશે.

  પુણ્ય પરવારશે, તો પૈસો હશે, તો પણ ચાલ્યો જશે !

  એટલે, પુણ્યના ભોગે પૈસો મેળવવાનો/સાચવવાનો,

  કે પૈસાના ભોગે પુણ્ય મેળવવાનું/સાચવવાનું ?

  જેને પુણ્ય પર ભરોસો વધુ છે, તે મળેલી સંપત્તિનો સદુપયોગ કરતો જશે, નવું પુણ્ય બાંધતો જશે...

  જેને પૈસા પર ભરોસો વધુ છે, તે પુણ્ય ખર્ચીને પાપના રસ્તે પૈસો મેળવશે, ભેગો કરશે, ધર્મમાં ધન નહીં ખર્ચે !

- પુણ્ય પણ બે પ્રકારનું છે, પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્ય...

  પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય હોય તો સુખસામગ્રી સાથે સદ્‌બુદ્ધિ ભેગી મળે છે... સદ્‌વ્યય કરવાનું - આરાધના કરવાનું મન થાય છે...

  પાપાનુબંધી પુણ્યનો ઉદય હોય તો સુખસામગ્રી મળે, પણ સદ્‌બુદ્ધિ નથી મળતી...

- જેમ જેમ સંપત્તિ વધે, તેમ તેમ દાન વધે - વધુ ને વધુ સમય ધર્મ-આરાધનામાં વીતતો જાય તો સમજવું કે પુણ્યાનુબંધી પુણ્ય છે.

  જેમ જેમ સંપત્તિ વધે, તેમ મોજ-શોખ વધે, હરવા-ફરવાનું વધે, ગાડી-બંગલા વિ. પાપના સાધનો વધે, ધર્મમાં સમય ઘટતો જાય, તો સમજવું કે પાપાનુબંધી પુણ્ય છે !

- અચાનક મોટી સંપત્તિ હાથમાં આવી જાય. ૫/૧૦ લાખ રૂ.ની કમાણી થઈ જાય, તો તેનું શું કરો ?
  જો તે વખતે એ સંપત્તિથી ગાડી લેવાનું - બંગલો બનાવવાનું મન થાય, તો સમજવું કે પાપાનુબંધી પુણ્ય છે.
  જો તે વખતે દેરાસર-ઉપાશ્રય બનાવવાનું - ૭ ક્ષેત્રમાં વાપરવાનું મન થાય, તો સમજવું કે પુણ્યાનુબંધી પુણ્ય છે.
  તમારું પુણ્ય કેવું છે ?
- પાપાનુબંધી પુણ્ય, ભલે પુણ્ય કહેવાતું હોય, તોયે આત્માને તો નુકસાનકારક જ છે...
- તમારી કમાણીના કેટલા ટકા તમે ધર્મકાર્યમાં ખર્ચો છો ? તેના આધારે, તમારું પુણ્ય પુણ્યાનુબંધી છે કે પાપાનુબંધી, તેનો નિર્ણય થઈ જશે.
  જો મોટો ભાગ ધર્મમાં ખર્ચાય, તો પુણ્યાનુબંધી...
  જો મોટો ભાગ સંસારમાં જ ખર્ચાય, તો પાપાનુબંધી !
- શાસ્ત્રકારોએ શ્રાવકને પોતાની કમાણીના ૨૫% ધર્મક્ષેત્રમાં વાપરવા જણાવ્યું છે.
  પહેલેથી આવો નિશ્ચય કરી લેવાથી ઘણા ફાયદા થાય છે.
  ૧. પૈસા વાપરવાનું નક્કી થઈ જવાથી, તે ક્યાં વાપરવા ? તેનું યોગ્ય સ્થાન તમે ગોતતા રહેશો... તેના કારણે ધ્યાન શુભ બનશે...
  ૨. કોઈ ફંડફાળો થતો હશે, તો લખાવવામાં રાહ નહીં જુઓ, ઉલ્લાસથી, સામેથી લખાવશો...
  ૩. આપ્યા પછી 'આપવા પડ્યા' તેવો ભાવ નહીં આવે, પણ "મારે જે પૈસા વાપરવાના હતા, તેના માટે યોગ્ય સ્થાન મળી ગયું." તેવો આનંદ થશે...
  ૪. "હું પૈસા આપીને ઉપકાર કરું છું" તેવો ભાવ નહીં આવે, પણ "મારે જે પૈસા વાપરવાના હતા, તેના માટે યોગ્ય સ્થાન બતાવીને તેમણે ઉપકાર કર્યો" આવો ભાવ આવશે.
  ૫. પૈસા વાપરવામાં ઉલ્લાસ વધશે - તેટલી જ રકમ વાપરવા છતાં પુણ્યબંધ અનેકગણો વધુ થશે, અનુબંધ શુભ અને બળવાન થશે...

એટલે દરેક શ્રીમંત-સંપત્તિમાન શ્રાવકે મારે દર વર્ષે અમુક રકમ ધર્મક્ષેત્રમાં વાપરવી, અથવા કમાણીના (છેવટે બચતના) અમુક ટકા રકમ ધર્મક્ષેત્રમાં વાપરવી, એવો નિયમ કરી લેવો જોઈએ.

સહુને ભલામણ છે, એકવાર આવો નિયમ કરી જુઓ, પછી ખ્યાલ આવશે કે તેમાં કેટલી મજા છે !

- ‘જાતમાં સાંકડા-પરોપકારમાં પહોળા’ - આ પુણ્યાનુબંધી પુણ્યનું લક્ષણ છે.

- પૂર્વના કાળના શ્રાવકોનું પુણ્ય બળવાન પણ હતું - શુભાનુબંધી પણ હતું...

  આનંદ શ્રાવક વિ.ની સંપત્તિનું લિસ્ટ વાંચીને આપણી આંખો જ પહોળી થઈ જાય !

  અરે, અતિ નજીકના ભૂતકાળમાં થઈ ગયેલા જગડૂશાહ, ખેમો દેદરાણી વિ.ની સંપત્તિ પણ અફાટ હતી...

  એટલું જ નહીં, સંપત્તિ હોવા છતાં ન તો અભિમાન હતું, ન તો આસક્તિ હતી !

  ધર્મબિંદુમાં હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબ જણાવે છે કે શુદ્ધ ધર્મના ફળરૂપે જે સંપત્તિ મળે છે, તે લગભગ કોઈ મહેનત વિના સહજ જ આવીને મળે છે... અને તેમાં આસક્તિ થતી નથી.

  વર્તમાનકાળમાં તમારી પાસે પુણ્ય છે ખરું, પણ નબળું અને પ્રાયઃ અશુભાનુબંધી છે.

  ઘણી મહેનતે, કેટલાય પાપો/આરંભ-સમારંભ-સંક્લેશ કર્યા પછી આવે છે, અને વળી આવ્યા પછી લગભગ બુદ્ધિ બગાડે છે !

- પુણ્યના ઉદયને ટકાવી રાખવો હોય તો

  ૧. પુણ્યના ઉદયે મળેલી સામગ્રીમાં આસક્તિ ન કરો.

  ૨. પુણ્યના ઉદયે મળેલી સંપત્તિ વહેંચતા રહો.

૪. સમ્યક્ત્વનું ચોથું દૂષણ છે, **મિથ્યાત્વીઓના ગુણોનું વર્ણન...** એટલે કે જેમને જૈનધર્મ પર શ્રદ્ધા નથી, તેવા અન્ય ધર્મોના લોકોના ગુણોનું વર્ણન.

એમના ગુણોનું વર્ણન એ રીતે કરાય કે તેનાથી અન્ય ધર્મની પ્રશંસા થાય / જૈન ધર્મની નિંદા થાય, તો તે સમ્યક્ત્વનું દૂષણ બને.

પ્રશ્ન – પણ સહુના ગુણોની અનુમોદના કરવાની વાત તો શાસ્ત્રકારોએ કરી જ છે. મહો. યશોવિજયજી મહારાજ સાહેબે પણ અમૃતવેલની સજ્ઝાયમાં કહ્યું છે કે બીજા ધર્મના લોકોમાં રહેલા દયા વિ. ગુણોની અનુમોદના કરવી જોઈએ.

ઉત્તર - કોઈ પણ વ્યક્તિનો જે પણ ગુણ, જિનવચનાનુસારી છે, તેની માનસિક અનુમોદના કરવાનો તો કોઈ નિષેધ છે જ નહીં...

અહીં જે નિષેધ કર્યો છે, તે વચનથી પ્રશંસા કરવાનો છે. અને તે પણ એ રીતે કે જેથી બીજા ધર્મની મહત્તા વધે - જૈન ધર્મની મહત્તા ઘટે...

(અનુમોદના મનથી થાય, પ્રશંસા વચનથી... એ બંને વચ્ચે ભેદ છે.)

તેવું કશું ન થાય, તે રીતે કોઈના ગુણની પ્રશંસા કરવામાં વાંધો નથી, પછી ભલે તે મિથ્યાત્વી હોય...

દા.ત. કોઈ વ્યક્તિ પર બીજા કોઈએ ગાળોનો વરસાદ વરસાવ્યો, છતાં તે વ્યક્તિએ ક્ષમા રાખી, મૌનપણે સહન કર્યું, તેની તમે પ્રશંસા કરો કે "તમે અદ્ભુત ક્ષમા રાખી." વિ. તેનો વાંધો નથી...

પણ એવી પ્રશંસા કરાય કે "ખ્રિસ્તી પાદરીઓ બહુ ક્ષમાશીલ હોય છે." કે "ચર્ચમાં શિસ્ત બહુ સારી હોય છે." તો તેનાથી ક્રિશ્ચિયન ધર્મની મહત્તા વધે, અને તો સમ્યક્ત્વને દૂષણ લાગે. આવી પ્રશંસાનો શાસ્ત્રકારોએ નિષેધ કર્યો છે...

પ્રશ્ન – પણ તે વાત તો સાચી જ છે ને ?

ઉત્તર - તે સાચી હોય તો પણ પ્રશંસા જાહેરમાં નથી કરવાની.

વળી, બીજી વાત એ છે કે એ ગુણો મોટે ભાગે આભાસિક-કૃત્રિમ હોય છે.

એ વાત શાસ્ત્રના ઊંડા રહસ્યો જાણનાર જ સમજી શકે છે.

૫. સમ્યક્ત્વનું પાંચમું દૂષણ છે, **અન્ય ધર્મીઓ સાથેનો સંગ-સહવાસ...**

નદીનું ગમે તેવું મીઠું પાણી પણ દરિયામાં પડે એટલે ખારું થઈ જ જાય. એક પણ બગડેલી કેરી બધી કેરીને બગાડે... આ કુસંગનો પ્રભાવ અનુભવસિદ્ધ છે...

એટલે જ શાસ્ત્રકારો કહે છે, કે અન્ય ધર્મની જે પક્કડ ધરાવે છે, જૈન ધર્મ પ્રત્યે દ્વેષ ધરાવે છે અથવા સંપૂર્ણ નાસ્તિક છે, તેવાઓનો સંગ-સહવાસ કદી ન કરવો.

કારણકે તેઓ અનેક પ્રકારના કુતર્કો અને પ્રશ્નો કરીને તમારી મતિ મૂંઝવી નાખે, તમને પરમાત્માના અસ્તિત્વમાં/પરમાત્માના વચનોમાં શંકા પેદા કરાવે/શ્રદ્ધા વિચલિત કરી નાખે અને તમારું સમ્યક્ત્વ મલિન થાય-નાશ પામે એવી બહુ જ મોટી સંભાવના છે. એટલે જ તેઓનો સંગ કરવાનો નથી.

- કોઈ પણ સર્જન ઘણું મુશ્કેલ હોય છે, વિસર્જન સરળ હોય છે. મકાન બાંધવામાં વરસો લાગે, તોડતા ૧ દિવસ પણ ન લાગે... પર્વત ચડવામાં કલાકો લાગે, શિખર પર ચડતા હાંફ ચડી જાય, જ્યારે નીચે પાડવા માટે ૧ ક્ષણ જ લાગે. ૧ જ ધક્કો કાફી છે. એમ કોઈ ગુણોનું પ્રકટીકરણ કરવામાં અથાક પુરુષાર્થ જોઈએ છે, પણ ગુણનો નાશ તો બહુ થોડી મહેનતે થઈ જાય છે, એનું કારણ એ છે કે દોષનો અભ્યાસ અનાદિકાળનો છે.

  એટલે અનેક સત્સંગો કરીને જે પ્રાપ્ત કર્યું હોય, તે એકાદ વખતના કુસંગથી જ નાશ પામી શકે છે... એટલે કુસંગથી દૂર જ રહેવાનું છે.
- કુસંગ બે પ્રકારના છે : (૧) શ્રદ્ધાભ્રષ્ટ કરે (૨) આચારભ્રષ્ટ કરે...
- વર્તમાનકાળના શિક્ષિતો, બૌદ્ધિકો વિજ્ઞાન પર આંધળી શ્રદ્ધા રાખનારા લગભગ નાસ્તિક હોય છે. આત્મા-પરલોક વિ. વાતોને 'હંબગ' - 'બોગસ' માનતા હોય છે... અને બુદ્ધિશક્તિ જોરદાર હોવાથી જોરદાર તર્કો કરીને, બીજાની બુદ્ધિ ભ્રષ્ટ કરવામાં સક્ષમ હોય છે... આવા લોકોથી દૂર રહેવામાં જ કલ્યાણ છે. આપણી પાસે, તેમના પ્રશ્નોના જવાબ નથી, એવું નથી... આપણાં શાસ્ત્રોમાં પાનાંઓના પાનાંઓ ભરીને આ ચર્ચાઓ છે અને તેના જોરદાર-સચોટ તર્કો પણ છે. પણ એ બધા સૂક્ષ્મબુદ્ધિથી જ જાણી શકાય. સામાન્ય માણસનું તેમાં કામ નથી. એટલે આવા લોકોને જવાબ આપવાનું મહાબુદ્ધિમાન ગીતાર્થો પર છોડીને તમારે તો તેમને નવ ગજના નમસ્કાર જ કરવાના છે.

  તમને સ્કૂલના શિક્ષકો-મિત્રો, કોલેજના શિક્ષકો-મિત્રો, નોકરી-ધંધા, અડોશ-પડોશ વિ. સર્વત્ર આવા માણસો મળશે, કારણકે આજના કાળે વિજ્ઞાનની જ બોલબાલા છે, ધર્મને કોઈ માનતું નથી... જો તમારે શ્રદ્ધા અક્ષત રાખવી હોય, તો આવા લોકોને ઓળખીને તેમનાથી અંતર રાખવું જ પડશે.

જેમને પરમાત્મા-ધર્મ પર શ્રદ્ધા છે, તેવાની સાથે જ મિત્રતા બાંધવી... જેથી ફાલતુ ચર્ચાઓ થાય જ નહીં.

કદાચ ધંધો-નોકરી વિ.ના કારણે, તેવા પ્રકારના લોકો સાથે તમારે સંબંધ રાખવો જ પડે, તો પણ કામ પૂરતી જ વાત કરવી... વધારે સંબંધ ન રાખવો...

તેમાં ય જો તેવી કોઈ વાત ઉખેળે, કે જેમાં જૈન ધર્મની નિંદા થતી હોય, જિનવચનની વિરુદ્ધ વાતો હોય, તમને શ્રદ્ધાભ્રષ્ટ કરે તેવી દલીલો હોય, તો સ્પષ્ટપણે તેમને જણાવી દેવું કે એવી વાતો તમારી સાથે ક્યારેય કરવી નહીં... તેવી વાતમાં રસ લેવો નહીં...

જેની પાસે બહોળું જ્ઞાન, સચોટ તર્કશક્તિ હોય, તેમને જવાબ આપવાની શક્તિ હોય, તેઓ તેમને જવાબ આપી શકે, બાકી તેમને કદી જવાબ આપવાની પણ મહેનત કરવી નહીં - તેવું કરવા જતાં ભોંઠા પડવાનો જ વારો આવશે. અને જૈન ધર્મની અવહેલના થશે તે વધારામાં.

- કેટલાક લોકો જૈન ધર્મમાં હોવા છતાં, શ્રદ્ધાથી ભ્રષ્ટ કરનારી વાતો કરે છે - જેમ કે "સામાયિક - પ્રતિક્રમણાદિ નકામા છે, જિનપૂજામાં હિંસા છે, ધ્યાન-ભાવભક્તિ-ભાવપ્રતિક્રમણ વિ. જ કરવા જોઈએ." તેવાનો પણ સંગ કરવા જેવો નથી જ...

સભા : પણ તેમને સાચું સમજવા માટે – સુધારવા માટે તો તેમનો સંગ કરવો જ પડે ને ? નહીં તો તેમને સુધારશે કોણ ?

ઉત્તર : નદીમાં કોઈ ડૂબતું હોય તો તેને બચાવવા કોણ પડે ? જેની પૂરઝડપે ધસતાં વહેણમાં પણ તરવાની શક્તિ હોય - આવડતું હોય... ડૂબતા માણસને પોતે ખેંચી શકે તેવું બાવડામાં બળ હોય તે...

તેવી શક્તિ ન હોય, અને જો તમે તેને બચાવવા કૂદકો મારો તો શું થાય ? તમે ય ડૂબો.

તેવું જ અહીં સમજવાનું છે. જેની પાસે શાસ્ત્રાભ્યાસનું જબરદસ્ત પીઠબળ છે, દેવ-ગુરુ-કૃપાની મૂડી છે, સચોટ તર્કશક્તિ રૂપી શસ્ત્રો છે, તેઓ તેમને સમજાવે, તે પણ તેમનામાં પ્રજ્ઞાપનીયતા દેખાતી હોય તો, તે જુદી વાત છે...

કારણકે તેઓની પોતાની શ્રદ્ધા એટલી દઢ હોય છે કે તેમને કોઈ વિચલિત

કરી શકતું નથી... કદાચ, તેમની પાસે કોઈ પ્રશ્નોનો ઉત્તર ન હોય, તો પણ તેમનો વિશ્વાસ ડગતો નથી...

જ્યારે જેમની પાસે તેવો શાસ્ત્રાભ્યાસ - ગુરુકૃપા વિ. નથી, તેમણે તેવું સાહસ ન કરાય. તેમાં મોટું જોખમ એ છે કે જો પોતાને પ્રશ્નોના જવાબ ન આવડે, તો પોતાની જ શ્રદ્ધા ડગી જાય...

અને કદાચ પોતાની શ્રદ્ધા ડગે નહીં, તો પણ સાચા ઉત્તરો ન આપી શકવાને કારણે, જૈન ધર્મની અવહેલના તો થાય જ.

જ્યાં સામી વ્યક્તિ કદાગ્રહી હોય, સમજે તેવી જ ન હોય, ત્યાં તો સક્ષમ ગીતાર્થ પણ તેની સાથે ચર્ચામાં ન ઊતરે - કારણકે વ્યર્થ પરિશ્રમ થાય...

તેમ સામી વ્યક્તિ અતિશય બુદ્ધિશાળી હોય - કે જે કુતર્કો કરીને તમને પરાજિત કરી દે અથવા અતિ-બળવાન્ હોય કે જે બળનો પ્રયોગ કરીને - તંત્ર-મંત્રાદિથી પણ તમને હેરાન કરે, તેની સાથે પણ ચર્ચા ન કરાય.

કોની સાથે વાદ કરવો-કોની સાથે નહીં, તે મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ સાહેબે વાદદ્વાત્રિંશિકામાં સુંદર રીતે બતાવ્યું છે.

- બીજા પ્રકારનો કુસંગ, આચારભ્રષ્ટ કરે છે...

  મોટા ભાગની કુટેવોનો જન્મ કુસંગમાંથી થતો હોય છે.

  મને મુંબઈ વાલકેશ્વરનો એક જૈન યુવાન મળેલો, મને કહે કે "સાહેબ, ૯૦% જૈન કોલેજીયન યુવાનો દારૂ પીએ છે ! તેમાં સારામાં સારા ધર્મી ગણાતાં કુટુંબોના દીકરાઓ પણ છે જ !"

  મેં તેને કહ્યું, "એ વાલકેશ્વરમાં હશે. પણ બધે તેવું નથી."

  તો પણ તે માનવા જ તૈયાર ન થયો.

  કહેવું એ છે કે, તે ક્ષેત્રમાં રહેનારાને કુસંગના પ્રભાવે દારૂનો પહેલાં શોખ થાય છે, અને પછી લત લાગે છે.

  આવું જ જુગાર, સિગરેટ, પાન-માવા-ગુટખાનું છે...

  ગુટખાનું વ્યસન તો સભ્ય સમાજમાં પણ પૂરબહારમાં ફેલાયું છે. ૧ ગલી - ૧ નાકું - ૧ ફૂટપાથ - ૧ પણ ટ્રેન-બસ એવી નહીં મળે, જેમાં ગુટખાનું પડીકું ન જોવા મળે. અરે ! શેત્રુંજયના પગથિયાની બંને બાજુ હજારો ગુટખાના પડીકા જોવા મળે છે.

  શરીરને ખલાસ કરતું, કુટુંબને બરબાદ કરતું આ વ્યસન, પણ કુસંગથી જ પ્રવેશ કરે છે.

- જેણે આ બધા વ્યસનોથી બચવું હોય, તેણે વ્યસનીઓના સંગથી બચવું જ રહ્યું... અને તેમના ગમે તેવા આગ્રહ સામે 'ના' કહેવાની હિંમત કેળવવી જ રહી. જે પહેલીવાર ના નથી પાડી શકતો, તેને લપસી જતાં વાર નથી લાગતી.

  આ વ્યસનો ઉપરાંત ક્રિકેટના જુગાર, શેરના જુગાર, વિ. અનેક પાપો કુસંગથી આવે છે.

- જો જીવનને ગુણોથી મઘમઘાયમાન બગીચા જેવું બનાવવું હોય, તો ઉકરડાથી દૂર રહેવું જ પડે, એટલી સીધી સાદી વાત તો તમારે સમજવી જ રહી...!

સમ્યક્ત્વના આઠ આચાર

સમ્યક્ત્વના આઠ આચાર શાસ્ત્રકારોએ બતાવ્યા છે...

૧. **નિઃશંકિત** - જિનવચનમાં શંકા ન કરવી.

૨. **નિષ્કાંક્ષિત** - અન્ય ધર્મોની ઇચ્છા ન કરવી.

૩. **નિર્વિચિકિત્સા** - ધર્મના ફળમાં શંકા ન કરવી.

આ ત્રણ વાતો આપણે પાંચ દૂષણમાં કરી છે...

૪. **અમૂઢદષ્ટિ** - બીજા દેવ-દેવીના પ્રભાવો કે ચમત્કારો જોઈને આકર્ષિત ન થવું તે...

પ્રભાવ-ચમત્કાર એ બધું પુણ્યને આધીન છે.
મિથ્યાત્વી દેવો, પોતાનો પ્રભાવ વધારવા માટે, લોકોને આકર્ષવા માટે અનેક પ્રકારના ચમત્કાર દેખાડે, એ શક્ય છે...
તેમાં આકર્ષાઈ જવા જેવું કંઈ નથી...

- સાચી મહાનતા ગુણથી આવે છે.
  પરમાત્માનું પુણ્ય પણ જબરદસ્ત છે, એ આપણે જોયું છે. પણ મહો. યશોવિજયજી મહારાજાએ દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકામાં જણાવ્યું છે કે પ્રભુની મહાનતા કંઈ પુણ્યના કારણે નથી... સમવસરણ વિ. તો ઇન્દ્રજાળીયો પણ માયાથી રચી શકે. તેનાથી કોઈની મહાનતા સિદ્ધ ન થાય.
  પ્રભુની મહાનતા, તેમના ગુણોના કારણે છે.

  એટલે સમ્યક્ત્વી, માત્ર બીજાનો પ્રભાવ કે ચમત્કાર જોઈને પોતાની

શ્રદ્ધામાંથી જરા પણ વિચલિત ન થાય. એ એમ જ માને કે "આ બધું દેવના પ્રભાવથી શક્ય છે. એમાં કંઈ નવાઈ નથી. ખરેખર તો જે ગુણવાન છે, તે જ મહાન છે."

- તમને આકર્ષણ શેનું છે ? પુણ્યનું કે ગુણનું ?
  દુનિયાના મોટા ભાગના લોકો પુણ્યથી આકર્ષાઈ જાય છે, ગુણ જોવાની દૃષ્ટિ તેમની હોતી નથી.
  અત્યારના કાળે મિથ્યાત્વીઓનું બળ વધારે છે, એટલે તેમનો પ્રભાવ દેખાય છે, અને એટલે લોકો તેના તરફ વધુ વળે છે.

  જે સમ્યક્ત્વી છે, તેની દૃષ્ટિ ગુણ તરફ જ રહેશે. ગુણો જોઈને તેનું મસ્તક ઝૂકવાનું, માત્ર પ્રભાવ જોઈને નહીં. જ્યાં ગુણ તરફની દૃષ્ટિ જ ન હોય - માત્ર પ્રભાવની જ બોલબાલા હોય - તે મૂઢદૃષ્ટિતા છે.

૫. **ઉપબૃંહણા** - સમ્યક્ત્વનો પાંચમો આચાર છે, બીજાના ગુણોની-સુકૃતોની પ્રશંસા કરવી.

જેને ગુણ ગમે છે, તેને ગુણવાન પણ ગમે જ, અને તેથી ગુણવાનની પ્રશંસા કર્યા વિના ન રહે.

- લલિતવિસ્તરામાં હરિભદ્રસૂરિ મહારાજ સાહેબ કહે છે. ગુણોની ઉપબૃંહણા એ ધર્મનું 'બીજ' છે - જેનાથી આગળ જતાં ઇહલોક-પરલોકના સુખોરૂપી ફૂલો અને મોક્ષરૂપી ફળ મળે છે.
  જેમ બગીચામાં ફૂલ પણ છે - કાંટા પણ છે, પણ ભમરો ફૂલ પર જ બેસે છે; તેમ
  દરેક છદ્મસ્થ વ્યક્તિમાં ગુણ અને દોષ બંને રહેવાના જ છે, પણ સમકિતીની દૃષ્ટિ ગુણગ્રાહી જ હોય - તેને ગુણ જ દેખાય.

- બીજા બધાની વાત પછી કરીએ, પણ સાધુ ભગવંતો કે શ્રાવકોના તો તમને ગુણ જ દેખાય ને ? કે દોષ જ ?
  હાલી-મવાલી-મુફલિસ જેવા દારૂડિયા-વ્યભિચારી ફિલ્મના એક્ટરો કે પોતાના સ્વાર્થ ખાતર દેશના ગૌરવને વેચી નાખનારા ક્રિકેટના પ્લેયરોના તમે બે મોઢે વખાણ કરતાં હો છો,
  અને કલિકાળમાં આશ્ચર્ય સમાન જીવન જીવતાં સાધુ ભગવંતમાં ક્યારેક કોઈ નાનકડો દોષ જોવા મળી જાય, તો એના બધા ગુણોને બાજુ પર

મૂકીને દોષોના ઢોલ જાહેરમાં વગાડો... આ કેવી વિષમતા છે ?

- એક જ ઝાડ ઉપર બધા પ્રકારના ફળોની આશા રાખી ન શકાય, તો એક જ વ્યક્તિમાં બધા ગુણ હોવાની આશા શી રીતે રાખી શકાય ?
  તપસ્વી હોય તે કદાચ ક્ષમાશીલ ન પણ હોય.
  દાનવીર હોય તે કદાચ ચોવિહાર ન પણ કરતો હોય.
  સામાયિક ખૂબ કરનાર કદાચ ઉદાર ન પણ હોય.
  પણ તેનાથી તેમની આરાધના-ગુણો નિંદનીય બનતા નથી.

- ગુણ ન હોય, અને ગુણનો અનુરાગ હોય, તો ગુણને ખેંચી લાવે.
  ગુણ હોય, પણ જો ગુણનો અનુરાગ ન હોય, તો ગુણ પણ નાશ પામી જાય ! વાસ્તવમાં તો એ ગુણ પણ આભાસિક છે.
  એટલે ગુણાનુરાગ અતિ મહત્ત્વનો ગુણ છે...
  અને જે ગુણાનુરાગી છે, તે બીજાના ગુણની પ્રશંસા કર્યા વિના નહીં રહે !

- તમને તમારા જ ગુણ ગમે, કે બીજાના પણ ગુણ ગમે ?
  જો તમને બીજાના ગુણ ગમતાં હશે, તો ગુણની પ્રશંસા કર્યા વિના નહીં રહો.
  અને જો માત્ર તમારા જ ગુણ ગમતાં હશે, તો એ 'મમત્વ'ના કારણે ગમે છે, ગુણનાં કારણે નહીં !

- જો કોઈના લગ્નની કંકોત્રી આવે, તો ચાંલ્લો આપો જ છો. તો પછી કોઈની દીક્ષાની, મોટી તપશ્ચર્યાના પારણાની કે તેવા કોઈ સુકૃતની પત્રિકા આવે, તો બહુમાનરૂપે ચાંલ્લો મોકલો ?
  છેવટે અનુમોદનાર્થે ૫૦ પૈસાનું પોસ્ટકાર્ડ પણ લખો ખરા ?

૬. **સ્થિરીકરણ** - સમ્યક્ત્વનો છઠ્ઠો આચાર છે, સ્થિરીકરણ.
એટલે કે ધર્મમાં નબળો પડતો હોય, તેને સ્થિર કરવો.

- વર્તમાનકાળે સમાજની મનોવૃત્તિ વિચિત્ર બની છે. ધર્મમાં પ્રોત્સાહન આપનારા જૂજ છે. મોટે ભાગે દઢધર્મીને લોકો 'વેદિયો' 'ચીકણો' જેવા વિશેષણ આપીને ઉતારી પાડે છે, તેને ધર્મથી ભ્રષ્ટ કરવાનો જ પ્રયત્ન કરે છે.

  તમે બીજાને ધર્મમાં સ્થિર કરો કે નહીં - તે વાત પછી. પહેલા, બીજાને

ધર્મથી ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન તો ન જ કરો, એટલું નક્કી ખરું ?
તમે કદાચ રાત્રિભોજન કરો છો - ચાર-પાંચ મિત્રો બહાર ફરવા ગયા છો - રાત્રે ખાવાનું થાય; કોઈ એકાદ મિત્ર રાત્રે ન ખાતો હોય, તો તમે તેને ખાવાનો આગ્રહ તો ન જ કરો ને ? ન ખાવા માટે મશ્કરી તો ન જ કરો ને ?

ખરેખર તો જો તમારા હૃદયમાં ધર્મ વસ્યો હોય, તો આવા વિપરીત વાતાવરણમાં પણ રાત્રિભોજન ત્યાગની ટેક જાળવી રાખવા માટે તમે તેની અનુમોદના-પ્રશંસા કરો. તેના આલંબને તમે પણ રાત્રિભોજન છોડો. છેવટે તેની શરમે પણ છોડો...

- વાલકેશ્વરમાં એક પરિવારના બધા વડીલ સભ્યો કાળી ચૌદશના દિવસે અમારા ગુરુદેવશ્રી પાસે આવ્યા અને બે દિવસ, મીઠાઈ-ફરસાણ ન ખાવાની 'બાધા' માંગી.
  ગુરુદેવને આશ્ચર્ય થયું - પૂછ્યું. "દિવાળીના દિવસોમાં મીઠાઈની બાધા કેમ ?"
  પરિવારના મુખ્ય વડીલે સરસ વાત કરી. "ઘરના બધા બાળકોએ દિવાળીનો છઠ્ઠ કર્યો છે. હવે અમે જો મીઠાઈ-ફરસાણ ખાઈએ તો તે જોઈને તેમને પણ ખાવાનું મન થઈ જાય...
  તેમનો છઠ્ઠ કરવાનો પરિણામ ટકી રહે, ખાવાનું મન ન થાય, તે માટે અમે બધાએ મીઠાઈ-ફરસાણ છોડી દેવાનું નક્કી કર્યું છે !"
  આ કહેવાય ધર્મનો પ્રેમ !
- ઘણીવાર જોવા મળે છે કે પતિને ધર્મમાં બહુ ઓછો રસ હોય અને પત્ની ઉલ્લાસથી ઘણી આરાધના કરતી હોય...
  તમારો નંબર જો આવા પતિદેવમાં હોય, તો તમને પૂછવું છે - તમારી પત્નીને ધર્મ છોડાવવાનો પ્રયત્ન તો તમે નથી કરતાં ને ?
- બીજાને ધર્મ પમાડવો એ જો શ્રેષ્ઠ ઉપકાર છે, તો બીજાને ધર્મથી ભ્રષ્ટ કરવા, એ કનિષ્ઠ અપકાર છે !
- ખરેખર તો તમારી ફરજ એ છે કે, કોઈ પણ શ્રાવક/શ્રાવિકા કોઈ ધર્મથી પડતા જણાય, તો તેને પ્રેમપૂર્વક સમજાવીને/પ્રોત્સાહન આપીને/સહાય કરીને પણ ટકાવી રાખવા... એ જ સમ્યક્ત્વીનો આચાર છે.

૭. **વાત્સલ્ય** - ચતુર્વિધ સંઘ પ્રત્યે આંતરિક પ્રીતિ એ 'વાત્સલ્ય' નામનો સાતમો આચાર છે.
એ વિશે આપણે પૂર્વે વિવેચન કર્યું છે.

૮. **પ્રભાવના** - શાસન-પ્રભાવના એ આઠમો આચાર છે.

લોકોના હૃદયમાં જિનશાસન પ્રત્યે સદ્‌ભાવ-બહુમાન પ્રગટે; "અહો ! કેવું સુંદર જિનશાસન ! કેવા તેમના ભગવાન ! કેવા તેમના સાધુ ! કેવું તેમનું તત્ત્વજ્ઞાન !" એવો ભાવ પેદા થાય, તેવી કોઈ પણ પ્રવૃત્તિ, એ શાસન-પ્રભાવના છે.

કેટલાક લોકોના મનમાં એવો ભ્રમ પેદા થઈ ગયો છે કે જેટલા વધુ બેન્ડ-વાજા વાગે, જેટલા વધુ જમણવાર થાય, તેટલી વધુ શાસન પ્રભાવના કહેવાય. પણ ઘણીવાર એવું બને છે કે વિવેક ન જળવવાના કારણે, ઊલ્ટું એવા આયોજનોથી શાસન પ્રભાવનાના સ્થાને કદાચ શાસનહીલના થઈ જતી હોય છે !

રથયાત્રા-વરઘોડા-સામૈયા, આ બધા શાસન-પ્રભાવનાના માધ્યમ ચોક્કસ છે, પણ તે વિવેક અને ચોકસાઈપૂર્વકનું આયોજન થાય તો જ શાસન પ્રભાવનાનું કારણ બને...

વિશેષ કરીને આવા મહોત્સવોની સાથે સાથે અનુકંપા, ગરીબોને ભોજન વિ.ના આયોજન થાય, તો તેનાથી લોકોમાં જૈન શાસનની ખૂબ પ્રશંસા થાય અને એ જ સાચી શાસન પ્રભાવના છે !

બાકી, ઘણાં બધાં શિષ્ટ-સજ્જન લોકો જેની ટીકા કરે, એવી રીતે જો આયોજન થયું હોય, તો તે શાસન-પ્રભાવના શી રીતે બને ?

- શાસન પ્રભાવના એ ઉત્કૃષ્ટ કક્ષાનો ધર્મ છે, તેમ શાસન માલિન્ય એ જઘન્ય કોટિનું પાપ છે...
  એવી વાતો જાહેરમાં કહેવાય-છપાય, કે જેના કારણે અનેક લોકો જૈન સંઘની, જૈન ધર્મની, જૈન સાધુની નિંદા કરે; જૈન ધર્મથી વિમુખ થાય, તો તે શાસન-માલિન્ય છે, અને તેનાથી ગાઢ મિથ્યાત્વ-મોહનીય કર્મ બંધાય છે. દુર્લભબોધિ બનાય છે.

- ખાસ એ ખ્યાલમાં રાખવાનું છે કે, અનુકંપાના કાર્યો (જેમ કે ખીચડી ઘર વિ.) એ રીતે જ કરવા જોઈએ જેથી વધુમાં વધુ શાસન પ્રભાવના

થાય...

"આ જૈનો કરી રહ્યા છે" એવી સૌને ખબર પડે તેવા બેનર નીચે જ એ કામ કરવું - "જૈન" શબ્દ આવવો જ જોઈએ.

તેમ આવા કામોની જાહેરાત પણ કરવી જોઈએ - જેથી સામાન્ય લોકો પણ જાણે, કે "જૈનો માનવતાના કાર્યો પણ કરે જ છે, માત્ર દેરાસરોમાં પૈસા નથી ખરચતાં..." આમ કરવાથી લોકોના હૃદયમાં જૈનો પ્રત્યે સદ્ભાવ ઊભો થાય, જે શાસન પ્રભાવના છે.

પ્રશ્ન – પણ આમ તો, આપણે સુકૃતોની જાહેરાત ન કરવી જોઈએ, એવું કહેવાય છે ને !

ઉત્તર - એ વાત વ્યક્તિગત સ્તરની છે. તમે તમારું સુકૃત જાહેર ન કરો, તે જ બરાબર છે.

પણ અનુકંપા જેવા કાર્યમાં, 'જૈન સંઘ' આ કરી રહ્યો છે, એવી જાહેરાત અત્યંત જરૂરી છે... કારણકે

૧. ઘણાંને એવો ભ્રમ છે કે જૈનો પથ્થરમાં જ પૈસા ખર્ચે છે, તે દૂર થાય.
૨. જેને સહાયતા મળે છે, તેને જૈનો, જૈનોના ભગવાન પ્રત્યે બહુમાન ઊભું થાય, જે બોધિબીજ બને.
૩. લોકોમાં જૈનોની પ્રશંસા થાય - "જૈનો સમાજનાં સુંદર કાર્યો કરે છે."

આ બધા લાભ ઘણાં મોટા છે, એટલે આવા સુકૃતો જાહેર રીતે જ કરવા જોઈએ.

ઔચિત્ય

- જે અવસરે જે ઉચિત હોય તે જ આરાધના કરવાથી કર્મનિર્જરા થાય... યોગશતકમાં હરિભદ્રસૂરિ મહારાજ સાહેબે મોક્ષમાર્ગ રૂપી યોગની વ્યાખ્યા કરી છે. સર્વત્ર ઉચિત કરવું એ જ યોગ છે.

  ધર્મબિંદુમાં હરિભદ્રસૂરિ મહારાજ સાહેબ જણાવે છે કે અનુચિત હોય તેવી આરાધના કરે, તો અકામનિર્જરા થાય, પણ મોક્ષફલક ન બને... જ્યારે કોઈ સાધુ બિમાર હોય ત્યારે તેની વૈયાવચ્ચ કરવાના બદલે ભણવા બેસે, તો અનુચિત ગણાય, અને તેવા ભણવાથી પણ જ્ઞાનાવરણીય કર્મ બાંધે - ખપાવે નહીં - મોહનીય કર્મ પણ બંધાય, એવું અમારા

ગચ્છાધિપતિશ્રી પૂ. આ. ભ. શ્રીમદ્વિજય જયઘોષ-સૂરીશ્વરજી મહારાજ સાહેબે કહેલું.

તીર્થમાં ગયા હોઈએ ત્યારે પરમાત્માભક્તિ ઉચિત બને.

જ્ઞાની-પ્રવચનકાર મહાત્મા પધાર્યા હોય ત્યારે સત્સંગ-પ્રવચનશ્રવણ પ્રધાન બને.

જ્યારે સંઘરક્ષાનું/શાસનરક્ષાનું કોઈ કાર્ય આવી પડે, ત્યારે વ્યક્તિગત આરાધના ગૌણ બને.

તેવા અવસરે, વ્યક્તિગત આરાધના માટે થઈને સંઘનું મહત્ત્વનું કાર્ય ન કરે, તો અનુચિત ગણાય...

એટલે જ, દરેક પચ્ચક્ખાણમાં શાસ્ત્રકાર પરમર્ષિઓએ 'મહત્તરાગારેણં' નામનો આગાર મૂક્યો છે. જેનો અર્થ એ છે કે સંઘનું તેવું મોટું કાર્ય આવી પડે, તો પચ્ચક્ખાણ ભાંગવા છતાં પચ્ચક્ખાણના ભંગનો દોષ ન લાગે...

(પ્રભુશાસન કેવું સુંદર છે ! એ પણ આના પરથી સમજાય છે.)

- ધર્મબિંદુમાં હરિભદ્રસૂરિજી મહારાજ સાહેબે જણાવ્યું છે કે અનુચિત આરાધનાના મૂળમાં કોઈને કોઈ અસદ્ આગ્રહ હોય જ છે...

  દા.ત. જેને સ્વાધ્યાયનો તીવ્ર આગ્રહ હોય તે જ, બીજો સાધુ ગ્લાન હોવા છતાં વૈયાવચ્ચ છોડીને સ્વાધ્યાય કરવા બેસે...

  ગૃહસ્થોએ પણ આ વાત સમજવાની છે. ઘરમાં કોઈને મોટો તપ ચાલુ હોય, ત્યારે કદાચ પોતાની બીજી આરાધના ઓછી થાય, તો પણ ઘરનાં જરૂરી કામ સંભાળી લે, તપસ્વીની ભક્તિ કરે, તેમને સહાય કરે, તેમને અનુકૂળતા કરી આપે, તે ઉચિત છે. તેવા વખતે પોતે પોતાની જ આરાધના પકડી રાખે તે અનુચિત બને.

- જે સર્વત્ર ઉચિત કાર્ય કરે, તે કર્મનિર્જરા તો કરે જ, પણ સાથે સાથે અત્યંત લોકપ્રિય પણ બને...

- જેને ભવાંતરમાં પ્રભુનું શાસન જોઈતું હોય, તેણે આ ભવમાં પોતાને મળેલી શક્તિઓ (સંપત્તિ, બુદ્ધિ, બળ વિ...)નો સદુપયોગ શાસનના કાર્યોમાં કરવો જોઈએ...

  વર્તમાનકાળની એક વિષમતા એ છે કે ઘણીવાર સંપત્તિ મળવા છતાં સંનિષ્ઠ કાર્યકરો મળતાં નથી...

જે કાર્યકરો મળે છે, તે ક્યારેક ધનના લોભમાં અનીતિ કરે છે, કોઈકનો સ્વભાવ વિચિત્ર હોય છે, કોઈક અભિમાની હોય છે.

ક્યારેક કોઈ સુંદર કાર્ય કરતું હોય, તો પણ તેની નાની-નાની ભૂલો શોધીને બીજાઓ ટીકા-નિંદા કરે છે, તેનાથી કંટાળીને તેઓ કામ કરવાનું છોડી દે છે.

ક્યારેક કાર્યકરો વચ્ચે કોઈ મુદ્દે સંઘર્ષ પેદા થાય છે, તેમાં સંક્લેશ પણ થાય, આક્ષેપબાજી પણ થાય અને છેવટે કામ કરવાનો વિચાર જ ઘણાં માંડી વાળે છે.

આવા વાતાવરણના કારણે સજ્જનો-સારા માણસો લગભગ સંઘમાં-સંસ્થામાં કામ કરવા આગળ આવવાનું ટાળતા હોય, તેવું ચિત્ર અનેક ઠેકાણે જોવા મળે છે...

આ માટે પહેલું તો એ જણાવવાનું કે સંસાર આખો જ વિચિત્ર છે... સર્વત્ર સંક્લેશ તો રહેવાના જ છે... માત્ર ક્યાંક કોઈ નિંદા કરે, કોઈ સંઘર્ષ કરે, આક્ષેપ કરે, એટલા માત્રથી શાસનની સેવા છોડી દેવી, તે તો જૂ થવાના ભયથી કપડાં પહેરવાનું છોડી દેવા જેવું કામ છે.

જૂના ડરે કોઈ કપડાં કાઢી નાખતું નથી. પણ કપડાં તપાસીને જૂ કાઢી નાખે છે.

તેમ એવી રીતે શાસનના કાર્યો કરવાનો પ્રયત્ન કરાય કે જેમાં સંક્લેશ વિ. થાય જ નહીં...

કદાચ થાય, તો પણ તેમાં આપણે તીવ્ર રાગ-દ્વેષ-આર્તધ્યાન વિ. ન કરીએ, જે સંક્લેશાદિ થયા હોય, તેનું પ્રાયશ્ચિત્ત કરીએ, તો તેનું નુકસાન નાનું છે, નહીં જેવું છે - જ્યારે શાસનસેવાનો લાભ ઘણો મોટો છે...

જ્યારે શાસનના કાર્યો જ છોડી દેવામાં તો ઘણા નુકસાન છે.

(૧) શાસનની સેવાથી બંધાતું પ્રચંડ પુણ્ય બંધ થઈ જાય...

(૨) ફાજલ પડેલો સમય, સંસારના આરંભ-સમારંભમાં જાય, તેમાં પણ દુર્ધ્યાન જ થાય, તેથી વધુ કર્મ બંધાય.

(૩) આ રીતે સજ્જનો જો સંઘ-સંસ્થા વિ.માંથી નીકળી જાય, તો પછી દુર્જનોને મોકળું મેદાન મળે, અને તેઓ સંસ્થાનો ઉપયોગ કરીને સ્વાર્થ સાધી લે...

એવું પણ જોવા મળ્યું છે કે ઘણીવાર ખૂબ સુંદર કાર્ય કરી રહેલા

સજ્જનોને દૂર કરવા માટે દુર્જનો આ જ યુક્તિ અજમાવતા હોય છે. તેમની નિંદા કરે, તેમના ચારિત્ર્ય પર આક્ષેપ કરે, ઝઘડા ઊભા કરે, તેનાથી કંટાળીને પેલા સજ્જન સંસ્થા છોડી દે અને પછી બાકીનાને ફાવતું કરવા મળી જાય.

એટલે મારે ખાસ કહેવું છે કે, આવા નાના નાના સંઘર્ષો વિ.ને કારણે સંનિષ્ઠ શાસનસેવકોએ કદી સંઘ-સંસ્થા છોડવા નહીં...

હા, કોઈને અતિતીવ્ર આર્તધ્યાન થતું હોય, પોતાની સમાધિ જ ન રહેતી હોય. ૨૪ કલાક દુર્ધ્યાન થતું હોય, તેવા સંયોગોમાં પોતાની સમાધિ ખાતર સંસ્થા છોડી દે, તે જુદી વાત છે.

- બીજું મારે બધાને કહેવું છે કે અત્યારે સંનિષ્ઠ કાર્યકરોનો ભયંકર દુકાળ છે, ત્યારે કોઈ કાર્યકરની કદાચ નાની-મોટી ભૂલ થાય, તો પણ તેના ઉપર તૂટી ન પડો. પ્રેમથી તેને સમજાવો, સુધારવા પ્રયાસ કરો, કદાચ ન સુધરી શકે, તો થોડી ખામીઓ સહન કરી લો... પણ તેવી નાની બાબતો માટે કાર્યકરનું અપમાન કરવાથી, તેને કાઢી મૂકવાથી છેવટે સંઘને નુકસાન જ થવાનું છે.

  કોઈ અક્ષમ્ય કક્ષાની ભૂલ હોય, (જેમ કે પૈસાનો ગેરવહીવટ વિ...) તો કાર્યકરને દૂર પણ કરવા પડે, એ વાત જુદી છે...

  બાકી જે સજ્જન માણસ છે, તન-મન-ધનનો ભોગ આપીને કાર્ય કરી રહ્યો છે - તેનામાં થોડા ઘણા દોષ હોય (જે છદ્મસ્થતાવશાત્ રહેવાના જ છે) - ક્યાંક અભિમાન, ક્યાંક ઉતાવળ, ક્યાંક બીજાને પૂછ્યા વિના કરી નાખવું... તેવા દોષો ખાતર તેને બધાની વચ્ચે ઉતારી પાડવાથી કે કાઢી મૂકવાથી પ્રાયઃ સરવાળે શાસનને નુકસાન જ થવાનું છે.

  એટલે શાસનના હિત ખાતર પણ સહુએ થોડું સહન કરતાં શીખવું જોઈએ.

  જે લોકો (સાચી કે ખોટી) ટીકા કરીને કાર્યકરોનો ઉત્સાહ તોડી પાડે છે, તેઓ શાસનને ઘણું નુકસાન પહોંચાડે છે, અને તેના કારણે અશુભ કર્મો બાંધે છે.

- દરેક વસ્તુ કોઈ અપેક્ષાએ સાચી હોય, તો કોઈ અપેક્ષાએ ખોટી

પણ હોય.
જેમ પ્રભુની દ્રવ્ય પૂજાથી પુણ્ય બંધાય,
આ વાત શ્રાવકની અપેક્ષાએ સાચી છે,
તો સાધુની અપેક્ષાએ ખોટી છે.

❖ & ❖